# રામાયણદર્શન




- મહાત્મા શ્રી યોગેશ્વરજી

## NOTICE

### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copy of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * *

## e-book

| | |
|---|---|
| Title | : Ramayan Darshan |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 354 |
| Created | : August 15th 2009. |

* * *

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, do not feel offended and please let us know. We will welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## મહાત્મા શ્રી યોગેશ્વરજીના બે શબ્દો



શ્રી રામની રસમય હૃદયસ્પર્શી જીવનકથાને કવિકુળગુરૂ સ્વનામધન્ય મહર્ષિ વાલ્મિકીએ સૌથી પ્રથમ વિરાટ અક્ષરદેહમાં અંકિત કરી તે પછી પણ રામાયણની એ રસકથાએ કવિજનોનાં ને અન્ય સામાન્ય-અસામાન્ય માનવોના અંતરાત્માને આકર્ષ્યા છે અને અનુપ્રાણિત કર્યા છે. તો પણ એના પર પ્રમાણમાં ઘણા ઓછા કવિઓએ કલમ ચલાવી છે.

આપણે ત્યાં તુલસીકૃત રામાયણ તથા ગિરધરકૃત રામાયણનો મહિમા વધારે છે. બીજા કવિઓએ એની કથાને કવિતામાં ઉતારવાનો પ્રયત્ન નથી કર્યો. મારામાં કવિ તરીકેની કોઈ વિશિષ્ટ યોગ્યતા ના હોવા છતાં, મેં મારી અલ્પ મતિ તથા શક્તિ પ્રમાણે એ કથાને અક્ષરદેહમાં અંકિત કરવાનો પ્રયત્ન કર્યો અને શ્રીરામની કૃપાથી એ પરિપૂર્ણ થયો. એ પ્રયત્ન અન્યને ઉપયોગી થશે એવી આશા છે.

પ્રકાશકને પંદર હજાર પંકિતઓમાં પથરાએલી આવી વિશાળ કવિતાકૃતિને પ્રકાશમાં લાવવાની હિંમત કરવા બદલ ધન્યવાદ ઘટે છે. સાક્ષરરત્ન, સાહિત્યમર્મજ્ઞ, કવિતારસજ્ઞ શ્રીરામપ્રસાદ બક્ષીએ ઉંમર અને સ્વાસ્થ્યના વ્યવધાન છતાં, આ કૃતિને પોતાના પાંડિત્યપૂર્ણ પ્રેમપ્રસાદને પાત્ર ઠરાવી એને માટે એ પણ અભિનંદનના અધિકારી છે.

**- યોગેશ્વર**

## ‘રામાયણદર્શન’ની પ્રરોચના

પ્રાચીન ભારતમાં ઈતિહાસની દ્રષ્ટિ નહોતી એવું જે પાશ્ચાત્ય વિદ્વાનોનું કહેવું હતું તે માત્ર રાજા અને રાજ્યના ઉદય અને સંઘર્ષ અને અસ્તના તથા સમાજના ક્રમિક વિકાસવિસ્તારના કાલક્રમાનુસારી વૃત્તાન્તની અપર્યાપ્તિ પરત્વે હતું. વસ્તુતઃ પ્રાચીન ભારતની ઈતિહાસભાવના એ પ્રકારના વૃત્તાન્તોથી ભિન્ન પ્રકારની હતી. ઈતિહાસ એટલે પ્રાચીન ભૂતાર્થનો- બની ગયેલી ઘટનાઓનો- વૃત્તાન્ત નહિ, પણ પ્રાચીન માનવજીવનનું અને માનવ વ્યવહારોનું, આજની જનતાને માર્ગદર્શક બને તેવું વિવિધ પ્રસંગને અનુરૂપ ઊચિત વર્તનનું, માનવનો ઉત્કર્ષ સાધે એવા આચરણનું, બોધલક્ષી નિરૂપણ એવી ઈતિહાસ પરત્વે વિભાવના હતી. આ વિભાવનાનાં ઉત્તમ પરિણામો છે, રામાયણ અને મહાભારત એ ઈતિહાસકાવ્યો.

ઈતિહાસ પરત્વે ભારતમાં આ ભાવના પ્રવર્તતી હશે એમ કહીએ તે સાથોસાથ ઈતિહાસ દ્રષ્ટિનો સર્વથા અભાવ તો અહીં નહોતો એ પણ કહેવું પ્રાપ્તકાળ છે. ઐતિહાસિક ઘટનાઓ, રાજાની વંશાવલિઓ, ઈત્યાદિની સવિસ્તર નોંધ આપણે ત્યાં રાખવામાં આવતી હતી. ઉપરાંત કલ્હણે, ઈસ્વીસનની બારમી સદીમાં પોતે રચેલ 'राजतरंगिणी' ના ઉત્તરાર્ધમાં કાશ્મીરની તવારીખ અને તત્કાલીન પરિસ્થિતિનું વર્ણન આપીને ઈતિહાસ રચનાનું નિદર્શન આપ્યું છે.

'राजतरंगिणी' પદ્યબદ્ધ છે, રામાયણ અને મહાભારત પણ શ્લોકમાં અને અન્ય વૃત્તોમાં છે. અર્થાત રામાયણ મહાભારત પણ ઈતિહાસકાવ્યો છે, પણ એ કાવ્યો હોવા છતાં ઈતિહાસ તો છે, મમ્મટે કાવ્યપ્રકાશમાં કાવ્ય कान्तासम्मिततया उपदेशयुजे છે એમ કહીને, વેદાદિશાસ્ત્ર પ્રભુસંમિત છે અને ઈતિહાસ સુહૃત-સમ્મિત છે એવો ભેદ કહ્યો છે, તે પ્રમાણે આ ઈતિહાસ કાવ્યોની સુહૃત્સંમિતતા અને કાન્તાસંમિતતાનો સમન્વય થયો છે.

રામાયણ અને મહાભારતની આ વિશિષ્ટતા છે. એ ઈતિહાસ છે અને કાવ્ય-મહાકાવ્ય પણ છે. એ 'સુહૃત્સંમિત' ઉપદેશ આપે છે તે સાથોસાથ કાન્તાસંમિત ઉપદેશ પણ આપે છે, કારણ કે એ કવચિત કાવ્યનો રસાનુભવનો આનંદ આપવાનો ધર્મ પણ બજાવે છે અને એવો રસાસ્વાદ કરાવતાં કરાવતાં બોધ પણ સૂચવી દે છે.

આથી રામાયણ અને મહાભારત માત્ર ઈતિહાસ તરીકે નહીં પણ કાવ્ય તરીકે પણ ભારતીય જનોને પૂર્વવૃત્તનો તથા એમાંનાં પાત્રોના વર્તનનો પરિચય કરાવે છે. આને કારણે એમાં ઈતિહાસ તત્વ, કાવ્યતત્વ, અને સદ્ધર્મ તત્વ ત્રણેયનો સમન્વય થયો છે.

મહાભારતના કરતાં રામાયણની લોકપ્રિયતા વધારે વ્યાપક છે, એનું કારણ એ કદાચ માની શકાય કે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું જે દર્શન મહાભારતમાં થાય છે તેથી વિશિષ્ટ અને આદર્શ ને વધારે નિકટ એવું દર્શન રામાયણમાં થાય છે. પિતાના વચનને પાળવાની રામની અવિચલ નિષ્ઠા, રામસીતાનો અનેક પરીક્ષામાંથી પસાર થઈને અન્યૂન દીપ્તિથી દીપતો સ્નેહ, ભરતાદિનો આદર્શભૂત ભ્રાતૃસ્નેહ અને

વ્યાપક સમર્પણ ભાવના, અને રામનું એકપત્નીવ્રત, એ સંસ્કૃતિનાં, માનવ કૌટુંબિક અને સામાજિક જીવનનાં ઉન્નત પ્રદીપ્ત શિખરો છે.

આ રામાયણની કથાને ફરી ફરીને ગાવાનું આકર્ષણ અનેક કવિઓને થયા કર્યું છે. સ્વામી યોગેશ્વરજીને પણ 'રામાયણદર્શન' રચવાની પ્રેરણા થઈ તેનો ઉદ્‌ભવ એ પ્રકારનો છે એવું મને જણાય છે.

રામાયણની જે કથા વાલ્મિકી રામાયણમાં છે તેમાં અનુગામી રામાયણ કથાકારોની કથામાં કંઈક ફેરફાર થયા છે. દાખલા તરીકે અહલ્યા શીલા બની ગઈ હતી અને રામના પાદસ્પર્શથી ફરી પાછી નારી બની હતી, રામના ચરણસ્પર્શના એ પ્રભાવને યાદ કરીને ગુહે એઓ નાવમાં પગ મૂકે તે પહેલાં એમના ચરણોનું પ્રક્ષાલન કરવાનો આગ્રહ રાખ્યો હતો, 'રામ'નામ લખવાથી પથ્થરો સાગરમાં તર્યા હતા, શબરીએ રામને અક્કેક બોર તત્કાળ ચાખીને ખાવા આપ્યું હતું, એવું કંઠોક્ત કથન પછીની કૃતિઓમાં છે, પણ વાલ્મિકી રામાયણમાં નથી. વાલ્મિકી રામાયણ પ્રમાણે અહલ્યા પશ્ચાતાપથી અને તપશ્ચર્યાથી પરિપૂત થઈને તેજોમયી બની હતી અને રામલક્ષ્મણે આદરપૂર્વક એના ચરણની વંદના કરી હતી, શબરીએ ફળો રામને આપવાની ક્ષણે તત્કાળ ચાખીને આપ્યાં નહોતાં પણ પોતાના આશ્રમમાં ફળવૃક્ષોને રોપતી-ઉછેરતી વખતે એ વૃક્ષોનાં ફળો પોતે ચાખ્યાં હતાં અને એમાંથી મધુર ફળવાળાં વૃક્ષોનો ખાસ ઉછેર કર્યો હતો.

પુજ્ય શ્રી યોગેશ્વરજી આ રામાયણદર્શનમાં મૂળ વાલ્મિકી રામાયણને બહુધા અનુસર્યા છે એ જોઈને મને આનંદ થયો.

વાલ્મિકી રામાયણના આ કથાવસ્તુના નિરૂપણમાં શ્રી યોગેશ્વરજીએ અર્વાચીન દ્રષ્ટિનો પ્રક્ષેપ થવા દીધો નથી એ એમનો હેતુપૂર્વકનો નિર્ણય હોવા સંભવ છે. પ્રાચીન પ્રસિદ્ધ વસ્તુનો આધાર લઈને એનું નવું સ્વરૂપ ઘડતો આજનો કવિ એ વસ્તુને અદ્યતન વિચારસરણીનો ઓપ આપવા પ્રવૃત્ત થાય છે. જે ઘટનાઓ ભૂતકાળમાં બની હોય, જે માનવવ્યવહારો એ અંગે થયા હોય, જે મનોમંથનો એ વ્યવહારની પાછળ ચાલ્યા હોય, એનું આજની દ્રષ્ટિથી સમર્થન કરવાની, કે સમાધાન કરવાની ઉપરાંત એ મનોમંથનનું અર્વાચીન પદ્ધતિએ પૃથક્કરણ કરવાની એ રીત બહુધા પ્રચલિત બની છે. એ રીત શ્રી યોગેશ્વરજીએ સ્વીકારી નથી એ લક્ષયોગ્ય છે.

રામાયણની કથાનો આરંભ આ ગ્રંથમાં મૂળ રામાયણની રીતે કર્યો નથી. 'રામાયણદર્શન' નો આરંભ થાય છે સીતાહરણની રાવણકૃત યુક્તિના પુરોગામી શૂર્પણખાના રામ-લક્ષ્મણ જોડેના પ્રસંગથી. એ પ્રસંગનું વર્ણન શૂર્પણખાએ અહીં જે કર્યું છે તેમાં મૂળથી વિશેષ અને વિશિષ્ટ તત્વ એ છે શૂર્પણખાએ એ ઘટનાને જુદા રૂપે રાવણ પાસે રજૂ કરી છે. રામલક્ષ્મણ પોતા પ્રત્યે મોહિત થયા, એમની પ્રાર્થનાનો પોતે અનાદર કર્યો અને એથી ક્રોધ કરીને લક્ષ્મણે એના કર્ણનાસિકાનો છેદ કર્યો એમ શૂર્પણખાએ રાવણને કહ્યું છે. એનું આવું નિવેદન રાવણના ક્રોધનું અને વેરપ્રતિશોધનના નિશ્ચયનું કંઈક બલવત્તર કારણ પૂરું પાડે છે. અને એ વેર-પ્રતિશોધન કરવા માટે રાવણ સીતાનું હરણ કરવાનો નિર્ણય કરે છે.

રાવણને આ સાહસથી વારવા માટે મારીચ, મંદોદરી, વિભીષણ અને કુંભકર્ણ પ્રયત્ન કરે છે. પણ મારીચ છેવટે રાવણની,

પોતે આદેશેલું કાર્ય એ ન કરે તો એનો શીર્ષચ્છેદ કરવાની ધમકીથી ડરી જઈને રાવણને સીતાહરણના છલમાં સહાયતા કરવાને સંમત થાય છે. કુંભકર્ણ પણ એવું જ કરે છે. વિભીષણ તો રાવણને એણે આપેલો ઉપદેશ વ્યર્થ ગયો, રાવણે એને લંકા છોડીને રામ કને જવા કહ્યું ત્યારે, રાવણને તજીને રામની સેવામાં હાજર થઈ જાય છે. પણ મંદોદરી સતત રાવણને સમજાવ્યા જ કરે છે. એ એના પત્નીધર્મથી ચૂકતી નથી, તેમ રાવણે પોતાના બચાવમાં કરેલી દલીલોને સ્વીકારતી નથી, છતાં રાવણને ત્યજતી નથી.

મંદોદરીએ વારંવાર રાવણને આપેલા ઉપદેશમાં પુનરાવર્તન થયા કરે એ અનિવાર્ય છે. મંદોદરી રાવણને સન્માર્ગનો બોધ આપવાનું અવિરત અવિશ્રાન્તપણે ચાલુ રાખે છે તેથી પુનરાવર્તન સહજ પ્રકારે થાય.

આ મંદોદરીનું પાત્ર, અને સામે પક્ષે રાવણનું પાત્ર - આ રામાયણદર્શનની વિશિષ્ટ પાત્રસૃષ્ટિ છે. મંદોદરીનું આલેખન ખરેખરી મધુમૂર્તિ રૂપે થયું છે. એ સીતાને આશ્વાસન આપ્યા કરે છે, સત્યનો જય થશે જ એવી શ્રદ્ધાને પ્રદીપ્ત રાખ્યા કરે છે, રામ પ્રત્યેની નિર્વ્યાજ ભક્તિ વ્યક્ત કર્યા કરે છે. મંદોદરી સીતામિલનને પોતાનું અહોભાગ્ય માને છે તો સીતા પણ, મંદોદરીની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. આવા લંકા જેવા- રાવણના પ્રભાવથી વિકૃત બનેલા-સ્થાનમાં પણ મંદોદરી એ વિકૃતિથી અસ્પષ્ટ રહી છે, સાધ્વી રહી છે, ન્યાયબુદ્ધિથી યુક્ત રહી છે, સીતાની પ્રશંસક અને રામની પૂજક બની એ જોઈને સીતા મંદોદરીની પ્રશંસક અને ભક્ત બની જાય છે.

અને રાવણના મુખમાં પોતાના, સીતાહરણના વિચારનું અને કાર્યનું, તથા એમાંથી પરિણમતા યુદ્ધમાં પરાક્રમ કરવાના નિશ્ચયનું સમર્થન એના મુખમાં પ્રબળ શબ્દોમાં મૂક્યું છે. દુર્માર્ગે વળતો પુરૂષ પણ એ સન્માર્ગ છે એવું પોતે માનીને અને અન્યતર ચિત્તને સમજાવીને એમાં અવિચલ રહે છે - એટલું જ નહિ પણ એ સાચો માર્ગ છે એવી એની દ્રષ્ટિ હોય છે-એવું માનવચિત્તનું દર્શન માનસશાસ્ત્રની દ્રષ્ટિથી સમંજસ છે. આ છે અહીં આલેખાયેલા રાવણના પાત્રની વિશિષ્ટતા.

સીતાહરણની-એની પૂર્વની પ્રસંગપરંપરાથી કથાનો આરંભ કરતા આ 'રામાયણદર્શન' માં તે પહેલાંના કથા ભાગની ઉપેક્ષા નથી કરવામાં આવી, પણ રાવણવધ અને સીતાની પુનઃ પ્રાપ્તિ પછી કૌશલ્યા દ્વારા પૂર્વસ્મૃતિરૂપે એ પૂર્વકથાની પર્યાપ્ત રજૂઆત થઈ છે. એની વક્તા છે કૌશલ્યા અને શ્રોતા છે મંદોદરી.

અનેક મુખે અપાયા કરતો હોય અને એક મુખે એનો ઉત્તર અપાયા કરતો હોય એવી યોજનામાં સંવાદો માટે ઘણો અવકાશ રહે. અહીં મંદોદરી-રાવણના અનેક સંવાદો છે, વિભીષણ-મંદોદરીના અને વિભીષણ-રાવણના એ સંવાદો છે, રાવણ અને સીતાના સંવાદ છે અને અન્ય સંવાદો છે. એ સંવાદોમાં ભાગ લેતા પરસ્પર વિરોધી ઉભયપક્ષો પોતપોતાનું કથન યથાવત્ વિસ્તારથી, પોતપોતાની દ્રષ્ટિ પ્રમાણે યુક્તિપુરઃસર સબળ અને સમર્થ વચનોમાં રજૂ કરે એવી દ્રષ્ટિ રાખી હોવાથી સંવાદો લાંબા છતાં સારા નીવડ્યા છે.

અને રામાયણદર્શનમાં, કથાવસ્તુના અને તદ્ગત પાત્રોના સહજ વિવિધ પ્રકારને પરિણામે, માનવજીવનની મીમાંસા રજૂ કરવાના

પ્રસંગો કે અવસરો પણ વારંવાર આવે છે. આવી જીવનમીમાંસા સીતાના વિરહ વિરૂદ્ધ સંસર્ગ વિશેની વિચારણામાં, મંદોદરી-રાવણના વાદ-પ્રતિવાદમાં, સીતાના વિલાપમાં, મંદોદરીએ કરેલા નારીના નારાયણી રૂપે દર્શનમાં, અને અન્યત્ર, સભર ભરી છે.

પ્રકૃતિનાં પ્રસંગપ્રાપ્ત વર્ણનો, પાત્રોની આવી વૈચારિક અથડામણો, ભિન્નાભિન્ન મુખે ભિન્ન ભિન્ન દ્રષ્ટિનું સમર્પણ, પ્રસંગે પ્રસંગે તત્કાલીન પ્રસંગમાંથી સ્ફુરતો ઉપદેશ (બહુધા પાત્રમુખે, કવચિત કવિ મુખે), આ સર્વના થતા વાઙ્મય-સમર્પણમાં અલંકારોની સજાવટ-આવાં આવાં કારણથી 'રામાયણદર્શન'નો વિસ્તાર વધ્યો છે, અમુક અંશે કે અમુક પ્રકારે એ વિસ્તાર સમૃદ્ધ પણ બન્યો છે.

કથા વિસ્તારની, એમાંથી ઉદ્ ભવતા ઉપદેશ, સંવાદ, જીવનચિંતનની સાથોસાથ કાવ્યસાધક તત્વોની ઉપાસના પણ અહીં થઈ છે. રામાયણદર્શનમાં સારાં પ્રકૃતિવર્ણનો છે, જો કે એ તે તે પાત્રોની મનોદશાના ઉદ્દીપનવિભાવરૂપે આવે છે અથવા એની મનોદશાને પ્રતિફલીત કરતી પ્રકૃતિ ઘટનાઓના અથવા પ્રાકૃતિક ઘટનાઓથી થતી એની સૂચનાના સમભાવમય નિરૂપણ રૂપે આવે છે.

જિંદગીને સરિતા, ઉદ્યાન, વ્યોમ અને ધરતીની આપેલી ઉપમા (પ્ર. ૯-૧૦); ચંદ્રની ઉપમા, રોમરોમે થતા ચિંતનનું સિંધુના કરાલ ગર્જન જોડે સામ્ય, મંદોદરીની દશાના વર્ણનમાં યોજેલી ઉત્પ્રેક્ષા; નિસર્ગનું સુપ્ત યૌવના જેવું, વીણા જેવું વર્ણન (જેમાં 'નિસર્ગ'નો નારીજાતિમાં થયેલો પ્રયોગ જરા વિલક્ષણ ગણાય-એવો સ્ત્રીલિંગ પ્રયોગ અનેક સ્થળોએ થયો છે,) આવા અલંકારોમાં આ ગ્રંથમાં આરંભથી અંત સુધી પથરાયેલા છે.

આ અલંકારોનો આનંદ વાચક આ કાવ્યનાં તે તે પૃષ્ઠોમાં માણી શકશે તેથી હું અહીં અવતરણો ટાંકવાના વિસ્તારના ભયે (અને શ્રમને પણ) ટાળું છું, પણ એક અવતરણ આપવાના લોભને વશ થાઉં છું. એ છે 'મધુમૂર્તિ' નામના ૩૩મા પ્રકરણમાંની આ-સોનેટનો આકાર ધારણ કરીને આવતી- ચૌદ પંક્તિઓ :

એકાંત અર્ણવમહીં અતિગાઢ એવા
અંધારમાં વિહરતી લઘુ કો'ક નૌકા
ધીરે ધીરે અમોઘ નિજ નાવિક-પ્રેરણાને,
ગર્જે તરંગ મહમત્ત અસંખ્ય આગે

તોયે કરે નવ, ડગે નવ, હામ હારે
ના લેશ, દીપક તણા અતિમંદ તેજે
આગે બઢી સલિલનું ઉર સૂક્ષ્મ ભેદે

વિક્ષુબ્ધ ને પ્રબળ એમ જ વીચિમાળા
લાખો પ્રલોભન તથા વિપદા તણી એ
જોવા મળે જગતમાં, લઘુ જિંદગીની
નૌકા પ્રદીપ શુચિ-સ્નેહ તણો લઈને

શ્રદ્ધા થકી અણ આત્મબળે છતાંયે
ચાલ્યે જતી કુશળ નાંગરવા કિનારે.

અલંકારોના સુમનગુચ્છોથી સંપન્ન એવી રામાયણદર્શનની ભાષા અનેક વૃત્તોમાં અને માત્રામેળ છંદોમાં વેગભરી વહેતી રહે છે. એ ભાષામાં સંસ્કૃત શબ્દોની પ્રચુરતા હોય એ તો મૂળ કથાવસ્તુના સંસ્કૃત

વાણીમાં આવિર્ભાવનું, પૂ.યોગેશ્વરજીએ કરેલા એના સેવનનું અને એમના જીવનધર્મનું સહજ પરિણામ છે.

વાચકને આ વેગથી વહેતી વાણીનો લય ક્યાંક જરાક લથડતો જણાશે. એવાં સ્થાનોએ કંઈક શબ્દ બદલવાથી કે શબ્દનાં સ્થાન બદલવાથી, લયનું વહન અલ્પ ઉપાયે યથાવત્ જાળવી શકાયું હોત એવું મને લાગે છે.

ભાવાગત સંસ્કૃત શબ્દોમાંથી કોઈ કોઈની રૂપશુદ્ધિ યથાવત્ જળવાઈ નથી એ મુદ્રણને પરિણામે બન્યું હોય એ શક્ય છે, પણ ક્યાંક ક્યાંક એ દોષ મુદ્રણને શિરે નાખવો શક્ય નથી લાગતો. દાખલા તરીકે હ્રસ્વને સ્થાને દીર્ઘ ઈન્કારવાળો 'માતરીશ્વા', સેચન અથવા સિંચનને બદલે આવતો શબ્દ 'સીંચન' અત્રતત્ર દ્રષ્ટિએ પડતા શબ્દો 'ભસ્મિભૂત' અને 'અભીપ્સા' શુદ્ધ 'શુશ્રૂષા' રૂપ તજીને બહુધા 'સુશ્રુષા' રૂપે અને કવચિત 'શુશ્રુષા' રૂપે દેખા દેતું એ 'શ્રુ' ધાતુનું આદ્યવ્યંજનનો દ્વિર્ભાવ અને ધાતુના સ્વરનું દીર્ઘત્વ થઈને સિદ્ધ થતું ઈચ્છાવાચક નામ એ, વૃત્તની કે છંદની અપેક્ષાનું કે અનિવાર્યતાનાં પરિણામો હોય કે ન હોય પણ મુદ્રણ દોષો હોય એમ ઝટ માની શકાતું નથી. 'સાન્નિધ્ય' શબ્દ તો સર્વત્ર, વિના અપવાદે 'સાનિધ્ય' રૂપે જ આવીને ઊભો રહે છે.

'નિસર્ગ' અને 'ઉપહાર' એ બે શબ્દોના પ્રયોગ, અહીં સ્ત્રીલિંગના શબ્દો તરીકે થયા કરે છે તેનો બચાવ હૈમ વ્યાકરણીના અપભ્રંશને લગતા '**लिंगम् अतन्त्रम्**' એ સૂત્રથી થઈ શકે નહિ, છતાં એ લિંગ પરિવર્તનનું કારણ અતન્ત્રતા તો નથી જ, પણ લોકમુખમાં પ્રવેશી ગયેલા લિંગપરિવર્તનનું પરિણામ છે એ અહીં મારે કહેવું ઘટે.

શબ્દશુદ્ધિ પ્રત્યેના આદરથી પ્રેરાઈને મેં ઉપર નોંધેલા શબ્દોનો નિર્દેશ કર્યો તે એ કારણે કે આ સમયમાં મેં કેટલાક યુનિવર્સિટીએ દીધેલી એકાદ 'પદવી' ધારણ કરતા શિક્ષિત એવા ગુજરાતી બંધુઓને જોયા છે કે જેઓ (અંગ્રેજી શબ્દમાં પોતાનો જોડણીદોષ થાય ત્યારે શરમાય તે છતાં) 'ગુજરાતી જોડણી અમને ન આવડે' એમ કવચિત ગર્વથી નહિ વિના ખેદે, કહે છે એમને ઉત્તેજન મળે કે જરાક(એવી ભૂલ તો થાય એ પ્રકારનું) અનુમોદન મળે એવું ન બનવા દેવું જોઈએ.

અંતમાં કહો કે **मधूरेण समापयेत** એ ન્યાયે, પ્રકરણ 'પૂર્વસ્મૃતિ-૧' નું આ રૂપક અહીં આપું છું-અર્થસહાયક શબ્દો મોટા કરીને :

'**જીવ દશરથ** આ દશેન્દ્રિયના રથે
વિરાજેલો યુગોથી મુક્તિ પથે
વધે આગળ, કિંતુ એ ત્રિગુણાત્મિકા
સુમિત્રાદિ અસીમ સંમોહનમયી
ઈશની માયા મહીં મમતા કરી
બની નીચે બદ્ધ, શિવને વિસ્મરી,

**રામ-આત્મારામ** એના હૃદયમાં
રહી કેમ શકે, વસે **સીતા** વળી
**શાન્તિની** એના વિવશ શે જીવને,
અનુભવી અંતર અનંત અશાંતિને
બને મૂર્છિત એ વિષય વિષમાં મરે.'

અને મંદોદરીના મુખમાં આ 'રામાયણદર્શન'ને અંતે મૂકેલું આ વચન જેમ મંદોદરીનો તેમ આ ગ્રંથનો પણ અંતિમ સંદેશ હોય એવો ઉદ્‌ગાર છે :

વેદનામાં જે સીતા તો જીવી
ને વેદના લઈ થઈ વિદાય,
કિન્તુ આ સૃષ્ટિને સારુ શાશ્વત
સંદેશને ગઈ છોડી જીવવાને યુગોયુગ.

રામાયણના કથાવસ્તુના કોઈ અંશને આધારે અનેક નાટકો સંસ્કૃતમાં રચાયાં છે તેવું એક अनर्घराघन નામનું નાટક છે તેમાં સમગ્ર રામાયણમાંથી એક ઉપદેશ તારવીને આ એક શ્લોકમાં સમાવ્યો છે :

यान्ति न्यायप्रवृत्तानां निर्यज्चोङषि सहायताम
अपथप्रतिपन्न तु सोदशेङपि विमुंचति ।

આ ઉપદેશમાનવના વ્યવહારિક કે રાજકીય જીવનને સ્પર્શે છે. 'રામાયણદર્શન' માંથી જે બે અવતરણો એના સારતત્વરૂપે આપ્યાં તેમાંના પ્રથમમાં રામ પરમાત્માની કોટિએ પહોંચે છે, અને રામાયણદર્શનમાં વિવક્ષસંબંધિત મંદોદરીને અને વિભીષણને પણ રામનું એવું દર્શન થાય છે. અહીં રામ દિવ્યતામાંથી માનવતામાં અવતરે છે અને માનવતામાંથી દિવ્યતાપર્યન્ત આરોહે છે.

પરંતુ સીતાનું પદ માનવતામાં છે-માનવતામાં પણ નારીત્વમાં. અહીં મંદોદરી અને સીતા એ બે આદર્શ સન્નારીઓ છે-અને એમાંની મંદોદરીના મુખમાં મૂકેલું ઉપર ટાંકેલું વચન સીતાસંબંધી હોવા છતાં સમગ્ર નારીત્વને વિશેષે ભારતીય નારીઓને-અનુલક્ષતું ગણી શકાય એવું છે.

રામાયણકથાને સંસ્કૃતપક્ષપાતી શૈલીમાં આ ગ્રંથમાં આપી છે તે ધર્મ પરાયણ અને દેવવાણીરસિક વિદ્વદ્વર્ગને સવિશેષ આવકાર્ય બનશે.

**- રામપ્રસાદ પ્રે. બક્ષી**

* * * * *

## અ...નુ...ક્ર...મ


૧) આરંભ
૨) પ્રેમગોષ્ઠી
૩) શુર્પણખા
૪) મંદોદરી
૫) વિતર્કો
૬) મારીચની મુલાકાત
૭) સીતાહરણ
૮) સંવેદન
૯) જટાયુ
૧૦) રાવણ તથા સીતા
૧૧) અશોકવાટિકામાં
૧૨) મંદોદરીની મમતા
૧૩) સ્તુતિ
૧૪) મંદોદરીની ધન્યતા
૧૫) વિભીષણની શિખામણ
૧૬) વિભીષણ અને સીતા
૧૭) માયા
૧૮) જટાયુનો મેળાપ
૧૯) શબરી
૨૦) હનુમાન તથા સુગ્રીવ
૨૧) હનુમાન ને મંદોદરી
૨૨) સીતાદર્શન
૨૩) રાવણનો રોષ
૨૪) લંકાદહન
૨૫) મુદ્રિકા
૨૬) પુસ્કાર
૨૭) અહંકાર
૨૮) વિભીષણનો ત્યાગ
૨૯) રામદર્શન
૩૦) સેતુની રચના
૩૧) ત્રિજટાનો સંદેશ
૩૨) અંગદ અને રાવણ
૩૩) મધુરમૂર્તિ
૩૪) શિખામણ
૩૫) યુદ્ધ
૩૬) હનુમાન અને ભરત
૩૭) અમૃતક્યારી
૩૮) રાવણનો નાશ
૩૯) મંદોદરી અને રામ
૪૦) ખજાનો
૪૧) અગ્નિપરીક્ષા
૪૨) વિમાનમાં
૪૩) પુનર્મિલન
૪૪) ઊર્મિલા અને મંદોદરી
૪૫) ઉપહાર
૪૬) પૂર્વસ્મૃતિ-૧
૪૭) પૂર્વસ્મૃતિ-૨
૪૮) પૂર્વસ્મૃતિ-૩
૪૯) મંદોદરીની વિદાય
૫૦) પૃથ્વીપ્રવેશ


* * * * *

## (૧) આરંભ

રમી રહ્યું ચેતન જે ચરાચરે
સત્તા બની શાશ્વત જ્યોતિ સત્યની
પ્રકાશતું પાવન પ્રેરણા ધરી
આત્મા વળી દિવ્ય ત્રિલોકનો બની

રાજે બધે જીવન સર્વને ધરે
જેના થકી પ્રકૃતિની પરંપરા
પ્રાકટ્ય આ સંસૃતિના સ્વરૂપમાં
પામે અનોખા રસરંગ કે સ્વરે :

જેનું સદા પોષણ પામતાં વધે
વિલીન ને આખર થાય જેમાં :
વેદે કહી મંગલ - સત્ય - સુંદર
જેને વખાણ્યું રસ પૂર્ણ માનતા

આનંદકેરા અભિધાનથી વળી
નિર્દેશ જેનો વિવિધ સ્વરે કર્યો,
પ્રતીતિ જેની કરવા તપસ્વી
વિવિક્તસેવી બનતાં વિવેકી

આત્મામહીં નિત્ય કરી નિમજ્જન
જીવ્યા અનેરી શમસાધનાથી



પ્રશાંતિ પામ્યા વસુ દેવદુર્લભ
અમોઘ જે તત્વતણા અનુગ્રહે :
કાયા ધરે પર્વતની વિરાટ જે
લીલા કરે ક્ષુલ્લક ધૂલિના કણે,

કુલીશની વ્યક્ત કરે કઠોરતા
પુષ્પે હસે મંગલ મુગ્ધ માર્દવે :
ક્રીડા કરે શાશ્વત કાળથી ને
જેમાં રમે ભક્તમુનીંદ્ર કૈંયે,

વિમુક્ત સંપૂર્ણ વિશુદ્ધ જેને
સર્વજ્ઞ માને જન પ્રાજ્ઞ સર્વગ :
આરંભમાં એ શુચિ સત્યને સ્મરું
નમું, કરો એ અદકો અનુગ્રહ !

કલ્યાણકાજે જગના કદી કદી
એ ચેતના જ્યોતિ અખંડ સત્યની
શરીર ધારી પ્રકટે ધરાતલે
રક્ષા કરે સત્ય અનન્ય ભક્તની.

પરંપરાઓ નવલી જગાવે
સત્કર્મની શાશ્વત સત્ય ધર્મની

સંતાપ ને શાંત કરે જનોના
શમાવતાં સોમલને અમીથી.
એ મુક્ત કે પૂર્ણ રહી બતાવે
વિમુક્તિનો મંગલ પૂર્ણતાનો

સાર્થક્યનો મારગ માનવીને
કષ્ટો સહે શાંતિ અસંખ્યને ધરે.
જન્મે મહૂલી-વન-હર્મ્યમાં કદી,
સામ્રાજ્યના સુંદર સૂત્રધાર

કે લોકસેવાપથના પ્રવાસી
બની કરે શાશ્વત યોગદાન.
જોતાં જ લાગે જગથી અનોખા
જુદી જ કોઈ પૃથિવીતણા કે

કૃતાર્થતા કિન્તુ ધરે ધરાને
અલિપ્તતાથી વસતાં સદાયે.
સર્જે અનેરા ઈતિહાસને નવા
પદેપદે પાવન પ્રેરણા ભરી,

વિદાય લેતા પથ માનવીનો
પ્રશસ્ત આલોકિત પ્રેમથી કરી;
એ માનવીની શુચિ ચેતનાને
પ્રણામ પ્રેમે સ્મૃતિને રહ્યો ધરી.



પ્રણમ્ય લાગે મધુ આ વસુંધરા
જેની અનેરી અણમોલ ગોદમાં
વિલોલ ખોલે નિજ લોચનોને
દૈવી પ્રતાપી પુરૂષો પ્રશાંતિના

પ્રતીકશા નૂતન ને રસેભર્યા
ખેલો કરે જીવનના જુદાજુદા:
જે બદ્ધને દે અણમોલ મુક્તિ
સંતપ્તને શાંતિ અપૂર્ણતાથી

ઘેરાયેલાને પદ પૂર્ણતાનું
સૌ રિદ્ધિસિદ્ધિ ત્યમ શ્રેષ્ઠ ભુક્તિ.
પ્રશસ્તિ જેની કરતા કવીશ્વરો
પ્રશસ્તિને પાત્ર ગણી સદા સ્મરું,
પ્રણામ અને અતિઆદરે કરું.

પ્રત્યક્ષ દેવી જગદંબ વિશ્વની
ધાત્રી વિધાત્રી મુજને જણાય એ
ધારે સમષ્ટિ નિજ ગોદ સ્નેહથી

કલ્પોથકી દાખવતાં તિતિક્ષા
કારુણ્ય - માંગલ્ય - સહાનુભૂતિને
પરાત્પરા એ પરમાત્મચેતના -
પ્રતીક જેવી પરિપૂર્ણ પાવની.

અંગાંગ એનાં અદકાં અલંકૃત
સૌ સત્ય ને સુંદરના પ્રકાશથી,
એના જ ઉચ્છવાસસમી રહસ્યથી
ભરી કૃતાર્થાસમ નિત્ય હાસતી.

સંદેશ દે માનવને વિલોકવા
એનામહીં પૂર્ણ પ્રકાશ બ્રહ્મનો,
માંગલ્યનું મંદિર એ અનોખું,
આત્મા અસાધારણ દિવ્ય એહનો.

જેના થકી ગૌરવ ધારતી આ
યશસ્વિની કે બનતી ધરિત્રી
આનંદતી અંતરમાં અખંડ કૈં
માળા ગ્રથી મંગલ સ્વાદુ ગીતની

કૃતાર્થતામાં કરતી નિમજ્જન
સૌભાગ્યને પ્રાપ્ત કરતી સનાતન:
ચૈતન્યના શ્રેષ્ઠ સ્ફુલિંગ જેવો
સંવેદના - સ્નેહ - સહાનુભૂતિ ને

સૌજન્ય સત્કર્મસુવાસથી ભર્યો
કહી શકાયે નવ ક્યારથી કર્યો
કોણે મહામાનવ વિશ્વમાં ઘડ્યો
માહાત્મ્યથી મંડિત દેવતાસમો

સોહે ધરાથી ધરતી સદાયે
સોહાવતો સુકૃત તેમ શીલથી,
એને ય અંતે પળવાર વંદના
કરી ધરું અંજલિ પૂર્ણ પ્રીતની. (૧૦૦)



*****

## (૨) પ્રેમગોષ્ઠી

પ્રેમગોષ્ઠીમહીં લીન ઉદ્યાને નિજ રાવણ
સુવર્ણથી મઢેલા ને રત્ને જડિત હર્મ્યના
મધુ મંદોદરીસંગે વિરાજ્યો સુખ માણતો
રાત્રીના શાંત સમયે બળના ઘોર ગર્વના

પ્રતિનિધિસમો આત્મા પોતાનો ધન્ય જાણતો.
સોહી રહ્યું સમીપે ત્યાં શાંત સ્વાદુ સરોવર
મણિમંડિત સોપાને સુશોભિત કૃતાર્થ કો
શુચિ આત્મતણા દૈવી મૂર્તિમંત સ્વરૂપશું

પૂર્ણજીવનલીલાની સ્મૃતિ મિષ્ટ કરાવતું.
વહેતો માતરીશ્વા ત્યાં લહરીસાથ સ્નેહથી
કરતો મધુરી ક્રીડા પ્રેમભાવ જગાવતો
કમળોને હલાવીને ફરતો વનમાં બધે

કુંડળો કીમતી ન્યારાં મુગ્ધા મંદોદરીતણાં
હલાવતો ઉરે સ્રોતો માધુરીનાં વહાવતો;
રસીલી રજનીગંધા ખીલી સૌરભ રેલતી
રાગિણી અંતરાત્મામાં જાગી શાશ્વત સ્નેહની

છોડતી એકલી એને કિન્તુ ઉદ્યાન એહનો
આસ્વાદ પામતાં લાગે મંત્રમુગ્ધ બન્યું બધું. (૧૮)



પ્રકટ્યો એટલામાં તો પૂર્ણચંદ્ર પ્રસન્નતા-
મધુતામટકી જેવો સુધાકેરા નિધાનશો
ચારુતા ધરતાં ન્યારી જડચેતન સર્વને
નિસર્ગ ઊજવે જાણે પ્રેમથી મધુપર્વને,

હાલી ઊઠ્યાં દ્રુમો બોલ્યાં વિહંગો સ્વાગતસ્વરે
નવું વસ્ત્ર ધરી ઊભી ધરિત્રી નેહનિર્ઝરે
નિમજ્જન કરી કેવી અપ્સરાશી નિમીષમાં,
પ્રભાવિત બને છે ના રસથી કોણ વિશ્વમાં ?

વદી મંદોદરી કેવી પ્રકટી ચારુ ચંદ્રિકા,
નવજીવનની આવી ભરતી શાંત સૃષ્ટિમાં
વદ્યો રાવણ ચંદ્રિકા અધુના પ્રકટી નથી,
પ્રાણપ્યારી બની છે તું સાચી વાત રહ્યો કથી

નિહાળી તુજને નેહે ત્યારથી આત્મ માહરો
નવજીવન ધારીને લાગ્યો આનંદવા ખરે,
અંધારા આભમાં મારા ચંદ્રિકા તું પ્રકાશતાં
જ્યોત્સ્ના ઝગમગી દૈવી નવો રસ નવી પ્રભા

નવ્ય રંગતણી છૂટી છોળો જીવનધન્યતા
લભ્યો સહજમાં આત્મા એકાકી ને વિષણ્ણ આ. (૩૬)

આલોકિત કર્યો આત્મા, નવજીવન તેં ધર્યું,
મહિમાથી કરી દીધું મારું વ્યક્તિત્વ મંડિત,
મળીને મુજને સ્નેહે સરિતાસમ સિંધુમાં
સમાવ્યો શાંતિથી મારા આત્મે આત્મ અખંડિત.

મિષ્ટ આ રજનીગંધા જેમ નિત્યનવી ધરી
સ્નેહસૌરભ મારી આ કરતી ધન્ય જિંદગી,
સાર્થક્યદાન આત્માને અર્પતી અણમોલ તું,
મહોત્સવ કરે મારું અણુ ને પરમાણુ શું;

સુરાવલી નવી રેલી રસીલી રાગરાગિણી-
તણી સૃષ્ટિ કરી દૈવી મહાસંગીતની ધરી
સુધાપ્યાલી ભરી દેતી રસથી રોમરોમને,
વર્ણવી ન શકું પામ્યો કેવું સૌભાગ્ય શ્રેષ્ઠ એ



કલ્પના કર કે તારા વિના જીવનવાટિકા
કેવી નીરસ આ મારી હોત કારુણ્યથી ભરી
શુષ્ક આત્માવિહોણી ને પાશવી કાળદૂતિકા
સ્વર્ગ તારા વિના મારું શ્રેષ્ઠ કૈવલ્ય હોત ક્યાં ?

હોત આનંદ ક્યાંથી કે શાંતિસંતૃપ્તિ આટલી
વિનશ્વર જગે બીજી સંપત્તિની વિસાત શી ?
જગાવી જિંદગીકેરા રણમાં તેં વનસ્થલી,
સંજીવની બની આવી જાણે કે મૃતપ્રાયની.

ઉપકાર નહીં ભૂલું તારો જીવનમાં કદી
સાથ સ્વર્ગીય કે ન્યારો રસાસ્વાદ જરી ઘડી,
લંકાપતિ થયો કિન્તુ તારો તો પરિચારક,
સહવાસ બન્યો મારે માટે દર્દવિદારક. (૬૦)

બોલી મંદોદરી મીઠા સંવાદી સ્વરમાં મને
આવા શબ્દો કહી શાને લજવો છો કહો તમે;
પ્રશંસા આટલી મારી ઘટે ના કરવી ખરે,
તમારી સુશ્રુષા કેરો લહાવો મુજને મળે

અનુગ્રહ ગણું એને વિધાતાનો અમોઘ હું
ચહું કે રજનીગંધા ગંધ ને ચંદ્ર ચાંદની
પ્રદીપ જ્યોત મધુ ને મધુતા જેમ આપણે
સુખે સાથ વસી વિશ્વે યાવચ્ચંદ્રદિવાકરૌ

રમીએ રસના રાસ, વરાળો વિપ્રયોગની
કરે વ્યથિત ના કોદી, કામના એટલી કરું.
બોલ્યો રાવણ કોઈયે વિધાતા જગનો નથી,
સ્વાનુભવતણી સાચી કથા આજ રહ્યો કથી,

વિપ્રયોગ કરી કોઈ શકશે આપણો નહીં,
કાળ કે વિશ્વનો કોઈ નિયંતા જો હશે કહીં
પરાસ્ત તોય સંગ્રામે એહને હું કરી શકું,
બ્રહ્માંડભરમાં મારા સરખો ના મહારથી. (૭૬)

વિતાને વ્યોમના અભ્રો અસુરોસમ ઊમટ્યાં
કાળના પાર્ષદો જેવાં સહસા કૃષ્ણવર્ણનાં,
ચારુ ચંદ્રકળા પૂરી ઢંકાઈ પળમાં ગઈ,
નિશાની દિવ્ય જ્યોત્સ્નાની ધરામાં ન રહી કહીં.

ક્રીડા ઘોર કરી અભ્રે કરતાં ઘોર ગર્જના
ચપલા ચમકાવીને ક્રોધે ભ્રૂકુટિ તાણતાં
જાણે કહ્યું અરે મિથ્યાભિમાની ક્ષુદ્ર માનવી
તારા સામર્થ્યની વિશ્વે સાચેસાચ વિસાત શી ?

વર્ષતું આ નથી તોયે આવ્યાં વાદળ વ્યોમમાં
વ્યથાવિપત્તિનાં એવાં આવે વાદળ માનવી-
જિંદગીમાં ન જાણે કે ક્યારે આનંદ શોકમાં
પલટાય અને જન્મ મૃત્યુમાં ચપલા વળી



ચિંતાની ચમકે ક્યારે, મંદોદરી વદી રહી,
છતાં છે એટલી શ્રદ્ધા રજની શાશ્વતી નહીં.
મિથ્યાભિમાન મૂકીને મધુરી જિંદગીતણો
નમ્રાતિનમ્ર બનતાં કરી ઉત્સવ આપણો

કૃતકૃત્ય બનીએ ને લભીએ સુખ આત્મનું;
વિધાતાએ હઠાવ્યું આ કષ્ટ સત્વર આભનું.
વાદળાં વીખરાયાં સૌ પ્રકટી પૂર્ણ ચંદ્રની
કળા પુનઃ સુધાકેરું કરી સિંચન સૃષ્ટિમાં;

ચંદ્રિકાને થયું કે હું એકાકી ના અનંતમાં,
વિરાજું વ્યોમમાં હું તો મંદોદરી દિગંતમાં.
મુગ્ધ રાવણ એ દેખી દ્રશ્યને રસથી રહ્યો,
પરિતૃપ્ત ઉરે એકે શબ્દ ના એ પછી કહ્યો. (૧૦૦)

*****

## ૩. શૂર્પણખા

વીતી ગયા દિવસ એમ અનેક પ્રેમે
એ ધન્ય સાર્થક સુખી મધુ દંપતીના
કોઈ સુદીર્ઘ રસથી ભર સ્વપ્ન જેવા,
સર્વે પરંતુ દિન એકસમાન છે ક્યાં ?

પૃથ્વીપરે શરદ શાંત રસાળ આવે,
સંવેદના હૃદયમાં નવલી જગાવે,
રેલે નવીન રસ સિંચનથી સુધાના
સંજીવનીધન અસીમ નિસર્ગને દે;

ના એય શાશ્વત રહે કટુ કાળચક્રે
ખીલે વસંત અતિદારુણ ગ્રીષ્મકેરા
સંતાપથી સકળ શુષ્ક બને ધરા આ,
વર્ષર્તુનાં ગડગડે ઘન ઘોર પાછાં.

એવી જ જીવનતણી ઋતુઓ નિરાળી
સંતાપ-શાંતિ-સુખની મધુરી હવાની
વર્ષાદવાદળતણી રસથી ભરેલી
ને છેક નીરસ ધરે વિષને સુધાને,

સંજીવની સુખદ શાંત સમર્પતી તો
કોદીક યાદ જગવે જડ મૃત્યુકેરી.



છે જિંદગી સુભગ કો' સરિતાસમી આ
ધારી કદી સરળતા સરતી કદી ને
ઉન્મત્ત છેક બનતાં યમદૂતિકા-શી
કૈંને વિનષ્ટ કરતી હરતી વનશ્રી

સૂકાય થાય કૃશકાય અનંત વીર્યે
સંપન્ન તેમ બનતાં પ્રણયાર્દ્ર ગાય,
દોડે સદાય નિજ ધ્યેયતણી દિશામાં,
એકાદ ધન્ય દિન સિંધુમહીં સમાય.

કે સિંધુશી રત રહી નિજ કર્મમાંહી
ગાતી સનાતન સ્વરે ભરતી ભરીને
ઉન્મેષને અવનવા ઉરમાં જગાવે
ને ઓટને અનુભવે પળવાર પાછી. (૩૦)

વીણાસમી જગવતી મધુરા સ્વરોને
શાંતિ પ્રદાન કરતી ક્ષણમાં જ કિન્તુ
થોડાક કર્કશ કટુ સ્વરનીય સૃષ્ટિ
સર્જી અશાંત કરતી, મધુતાર તૂટ્યે

સંગીતહીન બનતી રસધાર ખૂટ્યે.
ઉદ્યાનશી મધુ કહો અથવા જગાવે

માળી બની કુસુમ માનવ એ મહીં કૈં
રંગીન રંગ-રસના રચતો કુવારા,
લીલોતરી અવનવી ધરતો ધરાને.
શોભી રહે સુખદ સ્વર્ગસમી બનીને

અત્યંત પ્રેરક મહાજનની થઈને
આનંદ દે પણ વળી સઘળાંય એનાં
પુષ્પો ખરે તૃણ સુકાય મટે કુવારા. (૪૩)

કે વ્યોમશી વિવિધ શાશ્વત જિંદગી આ:
રાસો રમાય શુચિ સુંદર સંધિકાના
રાત્રીતણા દિવસના નિત ને ઉષાના
એના અનંત અતિ અદભુત અંતરાત્મે

રેલાય રશ્મિ રવિનાં પરમ પ્રતાપી
ઢોળે હિમાંશુ રસધાર પ્રસન્ન મીઠા
તારાગણો ટમકતા જલદો જગાવે
ભાવો વળી અવનવા પળવાર પ્રાણે,
આધાર ત્યાં જ મળતો હલકી હવાને.

કે જિંદગી સહચરી ધરતીતણી આ:
ધારે યુગોયુગથકી મહતી તિતિક્ષા-
થી શાંતિસાથ જડચેતનને, અનોખી
કૈંયે સહે પ્રતિક્રિયા, પરિવર્તનોને



પેખે અને અનુભવે, રસરંગ એના
કો'દીય એકસરખા સ્થિર ના રહેતા.

એ શાંત જીવનમહીં પણ દંપતીના
કાળે અકલ્પ્ય કરવા ક્ષણવાર લીલા
રંગો નવા અભિનયો નવલા જગાવ્યા,
સંગીતના સુસ્વરને ક્ષણમાં શમાવ્યા. (૬૨)

શાંત રાજ્યસભામહીં
વિરાજેલા રાવણે
કહ્યું સૌને ત્રિભુવને
યશસ્વી મારી રહી

પરાક્રમગાથા વહી,
દેવદાનવ સર્વની
વીરતાથી વીરતા
મહારી અદકી થઈ,

લોકપાલો સદાના
રહ્યા સૌ સેવક બની,
આજ મસ્તક ગાજતું
અસાધારણ ગર્વથી. (૭૪)

વસે છે સાનંદ સૌ
સુખદ મુજ સામ્રાજ્યમાં

બનીને નિર્ભય બધે
સફળ કરતાં કામના;

સ્વર્ગસુખ એથી નહીં
અધિક અવનીમાં હશે
મહોત્સવ માંગલ્યના
સ્વપનમાંયે કે કશે.

હાક મારી વાગતી
ચતુર્દિશ, સંપૂર્ણ હું
સુખી આ સંસારમાં
અનુભવી કૃતકૃત્યતા

જિંદગીકેરા લઉં
અવનવા આસ્વાદને,
ભીતિ મારી લાગતી
દિવસરાત કૃતાંતને.

કોણ મારાશો સુખી
બલી જ્ઞાની વૈભવી
યશસ્વી બ્રહ્માંડમાં ?
ખરેખર કોઈ નથી. (૯૪)

શબ્દ સઘળા સાંભળી
સભાજન ઉલ્લાસમાં



રહ્યા અવગાહન કરી
શાંતિથી સંમત બની

પ્રશસ્તિ મંત્રી બધા
પ્રેમથી કરતા રહ્યા,
મદોન્મત્ત બની ગયો
વિશેષે રાવણ અહા !

ક્ષણિક પણ ઉલ્લાસ એ
સભાજન કેરો થયો,
મદ મહા રાવણતણો
લુપ્તપ્રાય વળી બન્યો

સભામાં તત્ક્ષણ યદા
પ્રવેશી ક્રંદન કરી
આર્ત શૂર્પણખા વદી
કાળ કેરી સહચરી: (૧૧૦)

અરે લંકાપતિ, તને
ગર્વ છે ભારે થયો
પ્રતિસ્પર્ધી જગતમાં
કિન્તુ છે પ્રકટી ગયો,

મહોત્સવ માણે છતાં
સુરક્ષિત ના લાગતો,

કેમ તું અદ્યાપિ ના
નીંદમાંથી જાગતો ?

દુર્દશા કેવી કરી
દુશ્મને જો ધ્યાનથી
નાસિકા ને કર્ણને
ઘોર છેદ્યાં બાણથી

તોય તું સમજી રહ્યો
સુરક્ષિત તુજને સદા
એથકી દીસે મને
અધિક કો આશ્ચર્ય ના. (૧૨૬)

સભાજન શોકિત થયા;
વધ્યો રાવણ રોષના
પાવકે પ્રજળી અરે
કોણ અપરાધી ચહે

મૃત્યુના મુખમાં જવા ?
મહારા સામર્થ્યનો
પામતાં પરચો કહે,
કોણ એ દોષિત વળી

કવણ સ્થાનમહીં રહે,
અંગભંગ તને કરી



કયા કારણથી કહે,
દેવ દાનવ માનવી
યક્ષ કે ગંધર્વ હો
તદપિ ઉગરી ના શકે
હવે કાયમકાજ કો.

કાળ એના મસ્તકે
છે કરાળ ભમી રહ્યો
એથકી પ્રવૃત્ત એ
આ કુકર્મમહીં થયો.

કિન્તુ કારણ તો મને
સર્વ ઘટનાનું કહે,
હૃદયમાં ને રોમમાં
રક્તની સરિતા વહે

ત્યાં લગી અપમાનને
નહીં આ વિસરી શકું,
હજી નષ્ટ નથી થયું
મહારું પૌરુષ બધું. (૧૫૩)

વદી શૂર્પણખા, તને
અંગભંગતણું કહે
કહું કારણ શું, અહીં

સ્વર્ગ કે અપવર્ગમાં
તથા મૃત્યુલોકમાં
સદાકાળ ત્રિલોકમાં
બધે પ્રકૃતિ એકશી
માનવીની દીસતી
દેવદાનવ સિદ્ધ કો'
મુક્ત એનાથી નથી.

નર ચહે નારી સદા
નાર નરને ચાહતી,
જડ નિસર્ગે ઓપતી
સતત એ વ્યાપારથી;

કો'ક પ્રાજ્ઞ જ કામના
પાશને તોડી શકે,
કો'ક મુનિસાન્નિધ્યમાં
વાસનાઓ ના ટકે,

શેષ સઘળા મોહના
અવનવા આવર્તમાં
ભ્રમિતચિત્ત બની ભમે
વિવશ પંગુસમા ફરે,
અનુગ્રહ માયારુપી
અપ્સરા ન કદી કરે. (૧૭૭)



આજ એકાકી જ હું
દંડકારણ્યે ગઈ
વહે જ્યાં ગિરિમાળની
મધ્યમાં ગોદાવરી

શાંત સ્વરથી મંદ ગતિ
ત્યાં પુનિત પંચવટીમહીં
નિહાળી મેં જોડલી
રામ ને લક્ષ્મણતણી

સંગમાં સીતા વળી
કોક સામ્રાજ્ઞી સમી
અધિષ્ઠાત્રી રસતણી
વિશ્વમાં ક્યાંયે નથી

સુખદ ને સર્વાંગસુંદર
નિહાળી નારીમહીં
રત્ન જેવી નાર એવી
સ્વપ્નજાગૃતિમાં ક્યહીં. (૧૯૫)

યોગ્ય તારે કાજ એ
સર્વ રીતે સુંદરી,
એહની આગળ નથી
અધિક કૈં મંદોદરી,

તારિકા ના ચંદ્રની
સમીપે સોહે જરી
તેમ સમતા ના શકે
એહની કોઈ કરી.

રામ ને લક્ષ્મણ મને
નિહાળી મોહિત થયા,
કામનાના શબ્દ કૈં
કુટિલ કલેશભર્યા કહ્યા,

કિન્તુ મારું ચિત્ત ના
એમને દેખી ચળ્યું
ધર્મમહિમા જાણતાં
વિપથગામી ના બન્યું,

કુપિત અતિ એથી થઈ
દુર્દશા મારી કરી;
કરી ક્રંદન ને વદી
રાક્ષસી રોષે ફરી:

દોષ મારો એટલો
જન્મજાત પવિત્રતા
તજી મેં મારી નહીં
પ્રલોભન પામ્યા છતાં.



ગર્વ તારા રૂપનો
તને છે ભારે ઘણો
તો કુરૂપ કરી દઉં
એમ બોલી બંધુ એ

દીન અબળા પર સજી
શસ્ત્રને તૂટી પડ્યા,
સહેજે જાગી નહીં
એમના દિલમાં દયા.

ઘોર તારા જીવતાં
દુર્દશા મારી થઈ
તહારું અપમાન એ
શરમ તારી શક્તિની;

ઉપહાસ એથી હોય શો
જગતમાં તારો કહે,
કલૈબ્ય પણ દુષ્કર્મનો
દંડ દેવાને ચહે

તો પછી સામર્થ્યનો
બની સૂર્ય પ્રકાશતો
યાદથી દર્શનથકી
બાહુબળથી ડારતો

કેમ તું બેસી શકે
લાલસા પ્રતિશોધની
જગાવી જંગે ચઢે
કવણ તો જીવી શકે ? (૨૪૩)

વદ્યો રાવણ તો પછી
હરાવી હમણાં જ હું
એ ઉભયને શૌર્યનો
સ્વાદ પૂર્ણ ચખાડતાં

દશા જીવિત કે પછી
મૃતમહીં હાજર કરું.
ઘોર મારા જીવતાં
અવદશા તારી કરી

જેમણે તે શેં શકે
વનમહીં સુખથી ફરી?
ચાલ તારા દેખતાં
નાશ એ અરિનો કરું,

એમને બંદીજ કે
બનાવી તુજને ધરું.
સ્વર્ણ સિંહાસનથકી
એમ રાવણ બોલતાં



થયો ઊભો ક્રોધથી
તપ્ત નેત્રે જોશમાં.
કિન્તુ શૂર્પણખા વદી
નથી લડવાને જવું

નથી દુસ્સાહસ તણા
ગ્રાસ અણધાર્યા થવું.
ધાર કે મોહિત બની
નિહાળીને એમને

હોય કોઈ સુંદરી
તદપિ એના પ્રેમને
તુચ્છકારીને કદી
દુર્દશા કરવી ઘટે ?

અધમ એ વ્યવહારની
પ્રશંસા ન થઈ શકે.
અયોધ્યાના રાજવી
દશરથતણા પુત્ર એ

રામલક્ષ્મણ સંગમાં
સુંદરી સીતા રહે
હરણ કર એનું હવે
બનાવી અર્ધાંગિની

રાખ તારા હર્મ્યમાં
સફળ તો જીવન બને.
તો જ મારી વેદના
સ્વલ્પ શાંત શકે થઈ,

લોચનો સંતપ્ત આ
રહે શીતળતા લહી;
હર્મ્યની શોભા વધે
રામનું જીવન વળી

બને શુષ્ક સ્મશાનશું
અસહ પરિતાપેભર્યું.
શૂરતા સંગ્રામમાં
મેં નિહાળી એમની

એટલે તો યુદ્ધની
યોજના કરવી નહીં,
પરાક્રમ પ્રતિકાર તું
ચાતુરીપૂર્વક કરી

સુખી કરવા જિંદગી
પામ રતિસમ સુંદરી. (૨૯૭)

બોલ્યો દશાનન પુરા મિથિલાપુરીમાં
ન્યારો પરાક્રમતણો પરચો નિહાળ્યો



સીતાતણા સુખદ શ્રેષ્ઠ સ્વયંવરે મેં
થોડોઘણો યુવક રામતણો, અરણ્યે
એ રામ લક્ષ્મણ અને નિજ જાનકીની
સાથે વિહાર કરતા ક્યમ એકલા ત્યાં ?

ભારે ઘમંડ બળનો ખલુ એમને તો,
સીતાય સુંદર છતાં અભિમાનવાળી,
મારો કરેલ ઉપહાસ કઠોર એણે
કેવો સ્વયંવરતણા મધુ મંડપે ત્યાં,

એની વિલુપ્ત સ્મૃતિ આજ પુનઃપ્રદીપ્ત
જ્વાળા સમાન મનમાં મુજ ઘોર જાગી
લાગી પ્રશાંત મુજ પ્રાણ પ્રજાળવાને
અંગાંગ વેદન અનંત જગાવવાને. (૩૧૧)

સીતાથકી જ લભતા રસ રામ શક્તિ
સીતાય રામવિણ છે મૃતપ્રાય જેવી,
એનુંય જીવન રહ્યું સુખ રામમાં તો
એનું કરી હરણ પ્રાણપ્રિયા બનાવું

દેખાય એ જ મધુમંગલ માર્ગ સાચો.
ત્યારે જ ચેન પડશે મુજને હવે તો
ત્યારે જ શાંતિ મળશે સુખ ત્યાં સુધી સૌ
રે'શે અપૂર્ણ મુજ વૈભવ આ અનંત

સીતા વિના રસવિહીન સમસ્ત મારી
ને જિંદગી પણ જણાય ખરે જ શુષ્ક
ભારે કર્યું વનમહીં અપમાન તારું
તેનો લઈશ બદલો નવ ત્યાં લગી હું

સૂઈ શકીશ દિનરાત કદી નિરાંતે
થોડાઘણા સમયમાં સહુ જાનકીને
જોશે નિવાસ કરતી ભવને મ્હારા,
તું ત્યાં લગી કર સદા સુખથી પ્રતીક્ષા

ત્યાગી નિરર્થક વ્યથા-ભય-શોક-ચિંતા.
બોલી પછી વચન શૂર્પણખા પ્રસન્ન,

સૌભાગ્ય શ્રેષ્ઠ સમજું જગમાં મ્હારું
તારા સમાન અતિ-ઉત્તમ બંધુ પામી
સંવેદનાસભર પંડિત શૂર દાની.

સામ્રાજ્યનો પતિ અધીશ્વર ઈન્દ્રકેરો
ઐશ્વર્ય-વૈભવ-યશે કૃતકૃત્ય જેવો
જન્મી જગે તુજ થવા મધુ પ્રેયસી એ
માધુર્યમૂર્તિ અતિસુંદર સત્ય સીતા,

એને સદેહ તુજ હર્મ્યમહીં નિહાળું
ત્યારે સમસ્ત બનશે મુજ શાંત પીડા. (૩૩૮)



*****

## (૪) મંદોદરી

સુણી સકળ એ કથા વચન શીઘ્ર મંદોદરી
વદી ઉડુગણે અસંખ્ય મધુ ચંદ્રિકાના સમી
જરી વિકળતા ધરી વદનને વિષાદે ભરી,
તમે મલિન યોજના પરમપ્રાજ્ઞ તોયે કરી

કરી હરણ લાવવા રતિસમાન સીતાતણું
વિચાર અભિનંદનીય નવ એ લગારે ગણું.
રહસ્ય શુચિ ધર્મનું ગહન સર્વ જાણો તમે
પ્રવીણ અતિ છો વળી સકળ ધર્મશાસ્ત્રોમહીં

અભિજ્ઞ મનુજોતણા સહજ શિષ્ટ આચારથી
સુશિક્ષિત સ્વયં સુસંસ્કૃત પ્રતાપ ને શીલથી
સુશોભિત છતાંય એ ક્યમ કરી શક્યા કલ્પના,
મહાજન જ ના રહે અડગ નીતિમર્યાદમાં

રટે ક્યમ કરી કહો સજગ મંત્ર આદર્શના
રહે ક્યમ શકે વણી સુકૃતમાં પછીથી પ્રજા? (૧૪)

વિનાશ અણમોલ થાય સઘળીય મર્યાદનો
મળે નવ સમાજને નિતનવીન ને પ્રેરણા
વ્યવસ્થિત રહી શકે પરમલોક આદર્શ ના
મનુષ્ય મૃતપ્રાય થાય સુખહીન સ્વચ્છંદમાં.



પ્રશાંતિ ન રહે જગે રસ રહે નહીં જીવને
ટકે નવ પ્રસન્નતા અભય શીલ કે સ્વસ્થતા
ચતુર્દિશ ફરી વળે અતિકરાળ આંધી અને
રહે ડગમગી કદી સુદ્રઢ કાય સામ્રાજ્યની.

નથી નયન આ પવિત્ર કૃતકૃત્ય કે દર્શને
બન્યાં સફળ ના થયા શ્રવણથી કદી કર્ણ આ
સુધાસ્વરતણા મળ્યો સુખદ સંગને પામવા
કદી નવ સુયોગ તો પણ સુણ્યો જરા રામનો

પવિત્ર યશ ત્યારથી ન તિલમાત્ર શંકા રહી,
વિચાર મુજ ચિત્તમાં સતત એ રહ્યો છે વહી,
નથી મનુજ રામ અન્ય સરખા, પ્રતાપી મહા
વિભૂતિ જનમી જગે વિરલ એમના રૂપમાં

પ્રશાંતિ ધરવા સમસ્ત જનને વળી પ્રેરણા
પ્રકાશ પ્રકટાવવા ગહન ઘોર અંધારમાં

પ્રદીપ પ્રકટ્યો પવિત્રતમ, શીલકેરી સુધા
સજીવન કરંત કૈંક મૃતને ઢળી વિશ્વમાં
અસંખ્ય દિવસો પછી પુનિત દેવતાલોકથી,
પ્રતિક શુચિ સ્નેહ શૌર્ય-રસ શીલ-સૌન્દર્યના

જણાય જગનાથ એ જનક મુક્તિમાધુર્યના
મને પરમસત્યવિગ્રહ સમાન સાક્ષાત એ
યુગેયુગ સમષ્ટિની સહજ ધર્મમર્યાદને
પ્રતિષ્ઠિત કરી જતા વિવિધ આસુરી શક્તિને

વિનષ્ટ કરતાં અસીમ સુખશાંતિને સ્થાપતાં
નવીન કરતા પ્રદાન નિજ કર્મથી પ્રેરણા.
બની સહચરી સદાય અવતાર સીતા ધરે
ભજે સતત રામને હૃદય તેમ અર્પે વરે,

રહે સુકૃત રામ સાથ કરતાં સદા છાંયશી
સમુજ્જલ કરે સમસ્ત વસુધા પ્રભાથી ભરે. (૪૬)

મળો મધુર રામને પુનિત મિત્રતાને કરો
વિચાર કટુતા-અનર્થ વિપરીત વિદ્વેષના
તજી ક્ષણિક મોહને અવનવીન ઔદાર્યને
ભજો સુખમયી ક્ષમા પરમપ્રીતિ કારુણ્યને.

વિરોધ કરશો નહીં સ્વપ્નમાંય એ રામનો;
પરિશ્રમ વિના કર્યા શિવ ધનુષ્યના ખંડ ને
પ્રશાંત સહસા કર્યો પરશુરામના ગર્વને
વળી રમતમાત્રમાં અધમ તાટકાને હણી

કરી અસુરથી વિહીન વસુધા વળી કેટલી
હશે પુરૂષરત્ન એ મનુજ સ્વલ્પ શક્તિ નહીં



સ્વયંવરમહીં ન સ્વાનુભવનો લહાવો મળ્યો
થઈ વિસ્મૃતિ એહની અશુભ ભાવ જેથી થયો?
બની જ ભગિની હશે વિવશ ઘોર કામાતુરા
વને પ્રથમ દર્શને, પ્રણયની અવજ્ઞા થતાં

હશે નિજબળે મથી ઉભય ભ્રાત સંહારવા
થઈ તરત ને હશે પરમદંડને પાત્ર હા !
ગયો સકળ ભૂતકાળ સ્મરવો નહીં એ હવે,
વિચાર શુભ વર્તમાન ભવિતવ્યકેરો કરી

પ્રજાહિતણો વળી પરમપૂત પ્રજ્ઞાથકી
પ્રયાણ કરવું સદાય વધવું વળી સત્પથે. (૬૬)

મંદોદરીનાં વચનો સુણીને
હસી રહ્યો રાવણ વ્યંગમાં ને
વદ્યો, કદી શૂર્પણખા સમાન
જો હોત છેદ્યાં તુજ નાક-કાન

તો થાત કેવી તુજને મને કે
પીડા જરી વાર વિચાર તો એ.
અસહ્ય તારા અપમાનકેરો
કર્યો નહીં મેં પ્રતિકાર હોત શું

વ્યથા બધી મૂકપણે નિહાળી
બેસી રહી નિષ્ક્રિય છેક હોત તું ?

પરંતુ એવા અપમાન કેરો
પ્રસંગ ના આવત સ્વપ્નમાંયે,
મર્યાદ પાળું નિત સ્ત્રીતણી હું
મંદોદરીએ મધુરા સ્વરે કહ્યું;

કામાતુરા ના બનતાં કદીયે
દ્રષ્ટિ કરી અન્ય મનુષ્યને મેં
પિતા તથા બંધુસમાન પેખ્યા
અજ્ઞાત ના શૈશવથી કથા એ. (૮૪)

છતાં ય મારી ભગિનીતણા એ
અસહ્ય ભારે અપમાનને હું
ભૂલી કદીયે ન શકીશ, એનો
લઈશ જ્યારે બદલો મહારો

સંતપ્ત આત્મા પરિપૂર્ણ ત્યારે
ત્યારે જ સંતૃપ્તિ પ્રશાંતિ પામશે.
વિદ્વેષની જ્વાળ મહાવિનાશિકા
તેમાં થતા ભસ્મ સદા સુરાસુર

તો રામ ને લક્ષ્મણની વિસાત શી,
જો હોય બંને જલવા જ આતુર
ભલે જલે તો લભતા અશાંતિને
એ આતતાયી જડ અજ્ઞ નિર્દય



મિથ્યાભિમાની નજરે નિહાળે
સ્ત્રીનું મહાસંકટ તેમ વેઠે
વિયોગ કેરી વસમી વ્યથાને. (૯૯)

*

કામાતુરા હોય કદાચ એ બની
દૈવી મહામાનવરત્ન રામ હો
ઘટે છતાં દુર્વ્યવહાર આવો
બલી બનીને કરવો નહીં કદી.

આ તો નરી કાયરતા, ન વીરતા,
સંસ્કારિતા માનવતા જરી ના,
અક્ષમ્ય ભારે પશુતા, જડે ના
કિલ્મિષની જોડ ખરે ત્રિલોકમાં.

સીતાતણા મોહમહીં પડીને
કુમાર્ગગામી અથવા બનીને
ભૂલ્યા હશે રામ સ્વધર્મ નીતિને
તેથી પિતાએ નિરુપાય એમને

આદેશ આપ્યો તજવા અયોધ્યા
અંતે હશે ભોગવવા મહાવ્યથા.
પરંતુ એ તો વનમાં ય શાંતિથી
સદ્ બુદ્ધિથી ના સરખા રહી શકે,

ના કાલિમા ચંદ્રતણી કદીયે
એને તજી કાયમ એકલી ટકે.
નિર્દોષ તું નિર્મળ સાવ ભોળી
સંમોહ પામી અતિ એટલે તો

એ દંપતીને અવતાર માને
ના કિન્તુ કોઈ અવતાર રામ
વિભૂતિ પૃથ્વી પરના પ્રદીપ
કે સત્યના વિગ્રહ વિશ્વનાથ,

સામાન્ય એ માનવ માત્ર નાના,
અરે નહીં માનવ માનવીના
સ્વરૂપમાં દાનવશ્રેષ્ઠ સાચા,
કરી શકે વર્ણન ના જ વાચા. (૧૨૭)

સીતાસમી સુંદર સ્ત્રી નથી મેં
સંસારમાં આજ સુધી નિહાળી,
તું સુંદરીશ્રેષ્ઠ છતાં ય એની
અમીમયી આકૃતિ છે નિરાળી

એ હોય દૈવી અવતાર તો ભલે
બની મહારી અણમોલ પ્રેયસી
સાનંદ અંતઃપુરમાં પ્રવેશે
સોહાવતાં આ નગરી વિશેષે.



વિરોધ એણે નવ રામનો કર્યો
સંવેદનાથી ઠપકો નહીં ધર્યો,
એને ય આપું અતિ દંડ ભારે
લાવું હરી શૌર્યસમેત ત્યારે

સંતૃપ્ત મારું ઉર આ જશે બની,
તું પ્રાણપ્યારી મુજ પૂર્ણ છે થઈ
છતાં ય મારા પ્રતિશોધભાવની
સંતુષ્ટિ સાચે કરવી હવે રહી. (૧૪૩)

નિરર્થક થશે નહીં ગહન યોજના મેં કરી,
લભી મદદ સ્વલ્પ હું સમયમાં જ મારીચની
જઈશ વન રામલક્ષ્મણ સમીપ સીતાતણી
લઈશ મુજ યુક્તિથી ક્ષણમહીં જ બુદ્ધિ હરી.

હરીશ બળ કે કળે ગગનપંથથી ને પછી
વધીશ સુખથી દિશા તરફ દિવ્ય લંકાતણી,
તને ખબર ક્યાં નથી મુજ સમીપ ના કાળયે
શકે સમરમાં સમસ્ત શુર સૃષ્ટિકેરા ટકી.

વદી વચન વેદના સહિત મ્લાન મંદોદરી,
બની મલિન ભ્રાંત બુદ્ધિ સઘળી તમારી રહી
વિચાર નહિ તો કરો નવ કદીય આવા તમે,
કરે હરણ માહરું પુરૂષ કોક તો તે ગમે

જરીય તમને ? ગમે ક્યમ કરી મને તે કહે,
મનુષ્ય નવ જીવતો જગતમાં રહી તે શકે,
કરી હરણનો વિચાર પણ કોણ વિશ્વે શકે
સુરાસુર મનુષ્ય કે મરણને ભજીને અરે !

વિચાર પરસ્ત્રીતણો પણ સદા કરો એહવો
બધા મનુજ માનતા પ્રિય અતીવ અર્ધાંગિની,
બધા પર થતી વળી પ્રતિક્રિયા મહાપ્રેમની
મમત્વ મધુ મોહની, પુરૂષ હો તમે અન્ય કે
વિમુક્ત નિયમો થકી પ્રકૃતિના નથી પ્રેમના.
શિખામણતણાં સમસ્ત વચનો ગયાં વ્યર્થ એ,
ન બુદ્ધિભ્રમ અંધ રાવણતણો જરાયે મટ્યો;

ચહે ભ્રમિતબુદ્ધિને બદલવા વિધાતા છતાં
બને સફળ ના, તમિસ્ર અતિઘોર રાત્રીતણાં
ટળી નવ શકે સમસ્ત જ્યમ શાંત તારાથકી;
વદી વચન ના પછી અધિક મ્લાન મંદોદરી. (૧૭૦)



*****

## ૫. વિતર્કો

પરમ પુનિત કેવી રાત એ પૂર્ણિમાની,
ગગન જલધિકેરા દેવના મંથનેથી
પ્રકટ ઘટ થયો હો દિવ્ય કોઈ સુધાનો
અનુપમ મધુ એવો લાગતો ચંદ્ર ન્યારો

સુખદ રસભરેલો, સુંદરી સ્વર્ગકેરી
રજતવસન ધારી શાંત સોહાગરંગે
સકળ હૃદય રંગી આભ-અંતઃપુરે આ
મદન સહચરીશી મત્ત જાણે પધારી.



કરુણ કવિતણું કે કો' મહાકાવ્ય જાગ્યું
અભિનવ રસ અર્પી ચેતના પ્રેરણાને,
વિમલ કમળ ખીલ્યું વ્યોમકેરા સરે કે
જગતહિતજ આત્મારામ એકાદ યોગી

નયન નિજ ઉઘાડી ઊઠતાં ધ્યાનમાંથી
અનુગ્રહરસ આત્માનો રહ્યા શો વહાવી ! (૧૪)

અખિલ જગત એના ઘેનમાં આજ ડૂબ્યું,
નવલતમ પિપાસા ધારતાં પૂર્ણ પ્રેમે
કુદરત રસકેરો સ્વાદ લે મંત્રમુગ્ધ
હૃદય કમલિનીશી ખોલતાં શાંત ગૂઢ

પરિમલ પ્રસરાવે પ્રાણપ્યારી કૃતાર્થ,
પવન પણ બજાવે મંજુ જાણે પખાજ,
હૃદય જલધિકેરું હાથમાં ના રહેતું,
પ્રબળ પ્રણયકેરી કૈં કથાઓ કહેતું

વિધુવદન વિલોકી ઊછળે મત્ત રાગે,
વિવિધ સ્વર સિતારે એહની આજ વાગે.
અસર પ્રણયકેરી થાય કાને કહો ના,
જડ પણ રસકેરી માધુરી મોહિનીમાં

હૃદય નિજ કરી દે અંતરાત્મા વિલીન
ક્ષણભર સુખ માણે થાય એને અધીન. (૨૮)

સકળ જગત નિદ્રામાધુરી માણતું આ
નયન પણ મળે ના મ્લાન મંદોદરીનાં,
વચન વિવિધ આવે યાદ વિદ્વેષવાળાં
અતિકુપિત સવારે રાવણે સંભળાવ્યા

રુદન હૃદયમાંહી વેદના એ જગાવે,
સુભગ સુમનકેરી સૌરભે દિવ્ય દ્રવ્યે
સભર સુખદ શય્યા ના જ આરામ અર્પે,
રસસભર શશાંકે દર્શને સ્પર્શને કે

અનલસમ પ્રજાળે અંગને પ્રાણને ને.
સુમન પણ બને છે વજ્ર જેવાં કદી તો
સુમનસમ બને ને વજ્ર કો'દી કઠોર,
અમૃત વિષ બને છે તેમ કો'દી સુધાની

ગરજ પણ સરે છે સોમલે, માનવીની
વિવિધ વિષયવૃત્તિ સર્જને સ્વર્ગ સર્જે
નરક પણ જગાવે તાપ ને છાંય બક્ષે,
સભર મધુ બનાવે જિંદગી ઉત્સવે આ

વ્યથિત કટુ કરી દે શાપ જેવી કદી તો
અમુલખ વર જેવી ચારુ કલ્યાણકારી;
ગહ્ન ગતિ ખરે આ ચિત્ત કેરી સદાની. (૪૭)

*

મંદોદરી પ્રકૃતિના રસને નિહાળી
બોલી મનોમન મને ક્યમ આજ રાતે
આનંદ ના રસ નહીં સુખશાંતિયે ના,
ખૂંચી રહી મૃદુલ કંટકશી પથારી.

આનંદ સર્વવિધ બાહ્ય જગે જણાય
આ કિન્તુ અંતર ભયાનક આગ લાગી
અંગાંગને જલવતી ક્યમ આજ મારે,
જાગી ગયો દવ સુકોમળ શાંતિક્યારે
કે આકરો હિમપ્રપાત થઈ રહ્યો કો'



કોડેભર્યાં કિસલયે નવજાત જેવા,
ભૂકંપ ઘોર અતિઘોર ઉરે થયો શો !
સંગીતના સ્વર કઠોર જણાય સર્વે
ને મર્મભેદક નિસર્ગતણા અનેરા;

શામેલ ના પ્રકૃતિના પરમોત્સવે હું
આજે થઈ શકું; સનાતન સિંધુ કેરું
આ શાંત ગર્જન થતું મુજ રોમરોમે
એવું જ ગર્જન કરાલ થઈ રહ્યું શું ! (૬૪)

તારાગણો સમ અશાંત ઉરે અસંખ્ય
ઊઠી રહ્યાં ત્વરિત આતુર અશ્રુબિંદુ,
કારુણ્યનો અસહ ઉત્કટ વેદનાનો
ગાઈ સુદુસ્તર રહ્યો કટુગીત સિંધુ.

નેત્રો મળ્યાં ઉભય આખર સુંદરીનાં,
વૃત્તિ શમી મનતણી અતિ આર્ત કલાંત,
ના કિન્તુ સ્વાનુભવ શાંતિતણો થયો ત્યાં,

પામી અતીન્દ્રિય દશા મન એ અશાંત
નિદ્રામહીં કરુણશી લવરી કરીને
બોલ્યું, જતા નવ તમે પ્રિય, રામ પાસે
સીતાતણા હરણની ખલુ લાલસાએ
લો પ્રાર્થના મધુરવી મુજ લક્ષમાં એ,

દુષ્કર્મ પાપ કરવું સ્વપ્ને ન છાજે.
જાગી ગઈ સ્વપ્નથી પ્રમદા પછી એ
જાગ્યો વળી વચન રાવણ એ સુણીને,
બોલ્યો નિરર્થક કરી લવરી રહી તું

ચિંતીત શોકિત ભયાતુર છે બની શું,
સીતાતણા હરણહેતુ હજી ગયો ક્યાં
ને જો જઈશ પણ તોય ન પાપ એમાં,
દુષ્કર્મ ઘોર કરતાં કટુ અંગભંગ

રામે કર્યું ઉચિત કેવળ સ્વલ્પ દંડ
એનો દઈશ હરતાં મધુ જાનકીને
ત્યારે જ શાંતિસુખ સાંપડશે અનંત.
વચન મધુર બોલી ભીત મંદોદરી એ,

શ્રવણ નિત કર્યું મેં પ્રાજ્ઞના સંગથી કે
અશુભ યદિ થવાનું હોય તો બુદ્ધિ ભ્રાંત
પ્રથમ સકળ થાયે ભ્રષ્ટ કે નષ્ટ સાચે.
શુભ અશુભ ગણી લે ગાઢ વ્યામોહ પામી,

અશુભ શુભ બતાવે સત્યનો કે અસત્ય-
હિત અહિતતણો કે ત્યાજ્ય ને ગ્રાહ્યનો ના
સુકૃત-દુષ્કૃત કેરા પારખે ભેદને હા !
તિમિરઘન છવાયાં ઘોર ચિત્તે તમારા



કિરણ સકળ પ્રજ્ઞાપૂત લાગે વિલાયાં,
વચન અશુભ એથી આમ બોલી રહ્યા આ
ક્ષિતિજતલ પર કિન્તુ માનવી કો' મળે ના
અશુભ નિજ કરી જે કર્મને શાંતિ પામે

મલિન પથ ગ્રહીને આત્મકલ્યાણ લાભે,
કુદરત પણ 'વાવે તે લણે'નો જ પાળે
નિયમ યુગયુગોથી, વર્ણવું શું વધારે,
વિબુધજન તમે તો ભક્ત સમ્રાટ મોટા

તદપિ ક્યમ તજો ના તર્કને ભ્રાંત ખોટા,
ચરણદ્વય ગ્રહીને વીનવું આજ પ્રેમે,
કલુષિત યશકેરી ના કરો કાય કેમે. (૧૦૭)
હૃદય પણ ન હાલ્યું લેશ લંકેશ કેરું;

અશુભ નવ થવાનું સ્વપ્નમાંયે મહારું
વચન મધુ વદીને સ્વર્ણપર્યંકમાં એ
શશધરરૂપ ભાળી મ્લાન મંદોદરીનું
વદનકમળ વિલોકી સ્વસ્થચિત્તે પડ્યો ત્યાં,
વિવિધ પણ વિતર્કો જાગવા દુષ્ટ લાગ્યા

શયન સુખદ કેમે શાંતસ્થાને થયું ના;
મલિન મન લહે છે શાંતિ આત્માતણી ક્યાં ? (૧૧૫)

******

## ૬. મારીચની મુલાકાત

નેત્રો મીંચ્યાં મૃદુલહૃદયા મ્લાન મંદોદરીએ
કિન્તુ પ્રાણે પ્રબળ પ્રકટ્યા ઊર્મિકેરા પ્રવાહો
ધારી રંગો નવલ જગવી ગાઢ સંવેદનોને
ગાતા ભારે વ્યથિત સ્વરથી આર્ત કારુણ્યગાથા

રોમેરોમે મથન કરવા શોષવા આત્મ લાગ્યા
ત્યારે એનાં નયનદ્વયથી શાંતિ ના સાંપડ્યાથી
લાગી અંતે સતત સરવા આકરી અશ્રુધારા,
અંગેઅંગે પ્રખર પ્રકટી વેદના-શોકજ્વાળા.

દીસે જ્યારે સરળ પથ ના જિંદગીના પ્રવાસે
ગર્જે ઘેરાં ઘન ગગનમાં ગાઢ અંધાર વ્યાપે,
વિઘ્નોકેરાં વિવિધ વરસે વાદળાં, વિદ્યુતોની
લીલા થાયે, અનિલલહરો લક્ષ ફૂંકાય, ભારે

ભૂકંપોથી દિલ ડગમગે, ઘોર પીડાપ્રપાતો-
કેરાં જાગે પ્રતિપળ મહાતાંડવો, પ્રાણ ત્યારે
પીડા-ચિંતા-ભય અનુભવે, રાગિણી વેદનાની
કોરી નાખી સતત પ્રકટે કાળજું અંતરાત્મે;

ત્યારે ત્યારે પણ નવ થવું જિંદગીથી હતાશ,
શ્રદ્ધા છોડી ખતમ કરવો ના જ પ્યારો પ્રવાસ;



આશાશ્રદ્ધા દ્વિગુણિત કરી હિંમતે ધૈર્ય સાથે
પૂરેપૂરું શરણ વિભુનું કિન્તુ સાનંદ લેવું,
બીજો કોઈ નવ સુખતણો શ્રેયકેરો ઉપાય,
દિવ્યાત્માના અનુગ્રહથકી દૈન્ય ને દર્દ જાય,
સંતાપોનું શમન બનતાં શાંતિ પ્રાણે છવાય. (૨૩)

*

મંદોદરીએ પણ માર્ગ મીઠો
કરી અખત્યાર અનાદિ એવો
આધાર લીધો શુચિ પ્રાર્થનાનો
એથી શમ્યો પાવક વેદનાનો

ને શાંતિ પ્રાણે પ્રકટી અનેરી
ફરી વળી વ્યાકુળ રોમરોમમાં
નવાં જગાવી રસચેતનાને
ભાવોર્મિની પાવન પ્રેરણાને.

ભાવેભરી રાવણકાજ એણે
ઊંડી કરી આતુર પ્રાર્થનાને,
સદ્ બુદ્ધિ અર્પો પરમાત્મ, એમને
જેથી ભરે ના ડગ દુષ્પથે એ
મૈત્રી કરે ના મધુ રામ સાથે

વિદ્વેષવહ્નિ નવ તો જગાવે
વિતર્કનાં વાદળ ઘોર એમના
ચિત્તે મળેલાં કરુણા કરીને
બધાં હઠાવો સઘળા શમાવો
માલિન્ય ને પાતક ખ્યાલભાવો.

મળી ગઈ આતુર આંખ આખરે
નિદ્રામહીં એમ અખંડ પ્રાર્થતાં.
એ સુંદરીનો શુચિ પ્રાણ પામ્યો
પ્રશાંતિ પાછો રસ દિવ્ય ચાખતાં. ૪૫

*



બ્રાહ્મમુહૂર્તમહીં જાગીને યોગી પરમાત્માનું ધ્યાન
ધરતા પ્રેમી પ્રમાદ ત્યાગી ગાતા મંગલ મધુરા ગાન;
આત્મવિચારથકી જ્ઞાનીઓ કરે આત્મનું અનુસંધાન,
વિલય પ્રાણનો કરી સાધકો થાય સમાધિસુખે ગુલતાન.

ભોગીજન ભોગમહીં મ્હાલે વૈરાગી વૈરાગ્યવિચાર
વિમળ જગાવી સંસારમહીં પરમાત્માને સમજે સાર.
મંગલમય એ બ્રાહ્મમુહૂર્તે રાવણ અરણ્યમાં આવ્યો,
પ્રસન્ન કરવાના અભિલાષે બહુવિધ ઉપહારો લાવ્યો.

મારીચે સત્કારી સ્નેહે હર્મ્યમહીં આસન આપ્યું,
કહ્યું કેટલે વખતે આવી દર્શનથી સંકટ કાપ્યું.

કુશળ સર્વજન છે લંકામાં ? આજ્ઞાનું પાલન કરતા ?
રવિની પાછળ નક્ષત્રસમા તુજ પાછળ દેવો ફરતા
પ્રણામ કરતા ડરતાં સૌયે, પ્રતાપ તારો દિવ્ય મહા,
હાક વાગતી કેવળ તારી દિગદિંગતમાં ત્રિભુવનમાં.

યાદ કર્યો પ્રેમથકી મુજને દીધો દર્શનલાભ વળી,
કૃતજ્ઞતાનું સ્મરણ કરીને હર્ષાશ્રુ રહ્યાં આજ સરી
કોઈ કામ પડ્યું છે મારું બ્રાહ્મમુહૂર્તમહીં કે આમ
રત્નજડેલા રથમાં બેસી આવ્યો કરવાને કૃતકામ.

રાવણ બોલ્યો દર્શન પામી કૃતાર્થ બનવાને આવ્યો,
અમુલખ ઉપહારો તુજ માટે દેવોને દુર્લભ લાવ્યો.
લંકાજન છે કુશળ સર્વયે કિન્તુ શૂર્પણખાનો શોક
અવર્ણનીય અસહ્ય જણાયે, રિપુજન જાગ્યો વનમાં કોક.

અપમાન કર્યું કામુક બનતાં એણે અતિભીષણ એનું,
પ્રતિકૂળ બન્યા સંજોગો સૌ સુખ સમજું એમાં શેનું ?
અપરાધી એ અરિને દેવા દંડ અસાધારણ માગું,
દિલ દાવાનલથી સહસા આ મારું જલવાને લાગ્યું.

શાંત થશે સળગાવી રિપુને શૂર્પણખાને શાંતિ દઈ,
કાર્ય એકલે હાથે કિન્તુ મારાથી ના શકે થઈ.
સહયોગ મળે શ્રેષ્ઠ તમારો સરળ કાર્ય તો મારું બને,
ઓથ અન્ય અવનીમાં આજે દીસે ના એકેય મને.

કહ્યું શીઘ્ર મારીચે મમતા મદ ને મોહે મત્ત બની,
અવગણી નથી કદી પ્રાર્થના તારી મેં સહયોગતણી;
પ્રિય તારાથી જીવન મારું અધિક નથી સાચે માન્યું,
તારા ઉત્કર્ષે ને સુખમાં સુખ મારું ઉત્તમ જાણ્યું.

ભિન્ન અંગ છે ભલે આપણાં આત્મા એક અખંડ અભિન્ન,
અવલોકી ના શકીશ તુજને વિષાદગ્રસ્ત, વ્યથિત કે ખિન્ન
સહયોગ કહે કેવો અર્પું સંતપ્ત હૃદય શાંત કરું
કેવી રીતે દિલદાવાનલ ઠારું, ચિંતા સર્વ હરું.

શૂર્પણખાની સ્વાનુભૂતિની શીઘ્ર સવિસ્તર કહે કથા
પછી વિચારું શાંત ચિત્તથી શમાવવાને ઘોર વ્યથા
વદ્યો દશાનન વચન પહેલાં અર્પો સહાયતા કેરું
સહેજ સાંત્વન મળે મને તો વેદન મંદ પડે ઘેરું.



વચનબદ્ધ મારીચ બનીને બેઠો આતુર છેક થઈ
નિશ્ચિંત બન્યો રાવણ ત્યારે ભીતિ ભાવિની સર્વ તજી
કથા વર્ણવી શૂર્પણખાની યોજના વળી ગુપ્ત કહી
વદ્યો, અહર્નિશ આ જ વેદના દિલને મારા રહી દહી

સીતાહરણ કરીશ શૌર્યથી શાંત થશે કેવળ ત્યારે,
સુવર્ણમય માયામૃગ બનતાં અરણ્યમાં ફરશો જ્યારે,
સીતારામ વિમોહિત બનશે ભ્રાંતબુદ્ધિ અથવા ભારે
સાનુકૂળ સઘળું ય થશે ત્યાં ભીતિ રહેશે ના મારે.

વચન સુણીને રાવણકેરાં વદ્યો શીઘ્ર મારિચ સપ્રેમ
સમજી શક્યો યોજના તારી મહાભયંકર તેમજ નેમ.
કિન્તુ યોજના કે આકાંક્ષા આદર્શ મને ના લાગે,
મહાવિનાશક ઘોર અમંગલ પડવાને આતુર આગે.

થઈ રહ્યો છે અજ્ઞાને તું પ્રતીત થાયે મુજને એમ,
સહયોગ તને પાપકર્મમાં કહે અર્પવો મારે કેમ ?
શૂર્પણખાની દુર્દશાથકી દુઃખ મને પણ થાય ઘણું
કિન્તુ વહ્નિ ના શમે વહ્નિથી, ઔષધ ના વિદ્વેષતણું

વિદ્વેષ ગણું; પંડિત છે તો સ્વસ્થ ચિત્તથી કર સુવિચાર,
દુસ્સાહસ કરવું ના છાજે મેં તો એ જ કર્યો નિરધાર.
સીતાહરણ કરીશ છતાંયે પ્રશાંતિ ના પામી શકશે,
સુખ ના સાંપડશે અંતરને તેમ સ્વસ્થતા ના ટકશે;

ઉપાધિ ચિંતા ભીતિ વેદના વહોરશે કાયમકાજે
ચિનગારી ચંપાશે તારા જીવનમાં ભીષણ સાચે;
સળગી જશે વળી એમાંથી સર્વવિનાશકશી જ્વાળા,
મનોરથોની તૂટી પડશે એકાએક બધી માળા.

અતુલિત છે સામર્થ્ય રામનું, મને સાંપડ્યો છે આસ્વાદ,
વિશ્વામિત્રતણા યજ્ઞમહીં જાણેલો મેં મહાપ્રતાપ;
કિન્તુ દંડકારણ્યમહીં હું સાથી સાથ ગયો હમણાં
ત્યારે એક જ શરસંધાને મટી ગઈ મારી ભ્રમણા.

મૃત્યુતણા મુખમાંથી નાઠો મહામુસીબતથી ત્યારે,
પાપકર્મમાં ભૂલેચૂકે પ્રવૃત્ત ના બનવું મારે.
સમસ્ત જીવન પલટાવીને તપવ્રતમાં જ વ્યતીત કરું
તે દિનથી હિંસાને ત્યાગી વનમાં વસું વળી વિહરું.

પરનારી માતાસમ માની વિદ્વેષતણો ભાવ તજી
તું પણ મૈત્રી કરુણા તેમજ સત્ય-ક્ષમા-પાવિત્ર્ય ભજી
અહિંસક બની જીવન તારું ઉજ્જવળ કર આદર્શ વળી
સમ્રાટ બની રહે પ્રેમથી પ્રજાતણો ઉત્કર્ષ કરી.

એ જ માર્ગ છે માંગલ્યતણો સત્કર્મતણો કે યશનો
જીવનના સાફલ્યતણો ને શાશ્વત શાંતિ તથા સુખનો.
રામતણો અપરાધ કરીને ઉગરી શકશે ના કેમે
બળ તારું ના કામ લાગશે, સલાહ આપું છું પ્રેમે.



લંકાપતિ બોલ્યો ક્રોધ કરી સલાહ ના માગી ન્યારી,
વચનબદ્ધ છો પ્રથમથી થયા સહાયતા કરવા મારી.
હવે ફેરવી વાળો છો પણ તમને હું છોડીશ નહીં,
આજ્ઞાપાલન કરવું ના હો તો પણ દો સપ્રેમ કહી,

તલવારથકી અલગ તમારું મસ્તક જેથી શીઘ્ર હરું,
રામ દૂર છે પરાક્રમતણો પરચો પણ તમને જ ધરું.
સર્વ વિચાર કરીને મેં જે મંગલ શ્રેષ્ઠ કર્યો નિરધાર
પલટાઈ તે શકે ન કેમે આવે શંભુ વિરંચી કાળ.

બેસી જાવ શીઘ્ર આ રથમાં કરવા પંચવટીપ્રસ્થાન
સીતાહરણતણી સમજાવું યોજના બધી ધરતાં ધ્યાન
સુણો તમે તે નહિ તો મારી તલવાર તણો ચાખી સ્વાદ
નષ્ટ બનો અત્યારે જેથી વિરમે સઘળો વાદવિવાદ.

*

નેત્રો મીંચી મધુર ધરતાં ધ્યાન મારીચ ત્યારે
બોલ્યો, મારું મરણ મુજને દીસતું પાસ આવ્યું
તોયે ઝંખું પરમસુખદા જિંદગીને અનેરી,
ના છોડાયે અકલિત મહામોહિની જિંદગીની

યોગી જ્ઞાની મુનિવર થકી તો મહારી વિસાત
શી સંસારે, હજુય ઉર ના ચાહતું કાળરાત
તેથી તો એ અડગ બનતાં ધર્મને ના ભજે ને
ના આલિંગે અશુભ ગણતાં મૃત્યુને આજ પ્રેમે.

ઇચ્છું ના હું તદપિ તુજને સાથ આપીશ આજે
આજ્ઞા તારી મલિન મનની આકરી પાળવાને
તારી સાથે ગમન કરતાં ભીતચિત્તે અરણ્યે,
મૃત્યુ મારું મધુર બનશે રામના હાથથીયે.

*

હસી ત્યારે પ્રેમે વચન મધુરાં રાવણ વદ્યો,
ન સંહારી કોઈ મનુજ શકશે એમ તમને;
તમારે તો માયામૃગ જ બનવાનું વનમહીં
મહારે બીજી સૌ રમત રમવાની છલતણી.

સીતાસંગે મુજ પુરમહીં પ્રેમ સાથે પ્રવેશી
સન્માનીને પ્રથમ તમને કૈં પુરસ્કાર અર્પી
મંત્રીકેરું શુચિ પદ ધરી ધન્ય સાચે કરીશ,
બ્રહ્માથીયે અધિક સુખને વૈભવોને ધરીશ.

*

મારીચ ચાલ્યો ભયભીત અંતે
લંકેશ સાથે રથમાં વિરાજવા;
લંકેશના કાળતણો વિનાશનો
અશાંતિનો વેદન કલેશ કેરો

અનર્થનો કે અપરાધ કેરો
ચાલ્યો મહાદ્દૂતજ ગુપ્ત રૂપમાં;
મિથ્યાભિમાની જડ કિન્તુ રાવણે
ધારી વિલોકી વદને પ્રસન્નતા. (૨૬૧)

*****



## ૭. સીતાહરણ

વાયુવેગે દિવ્ય ને
ગગનગામી રથમહીં
વધી આગળ રાવણે
જાનકીના હરણની
યોજના સઘળી કહી
જણાવ્યું, સહયોગની
કદર પૂર્ણપણે કરી
પ્રવેશી લંકામહીં
અનોખા બહુમાનથી
દેવદુર્લભ મહારું
અર્ધરાજ્ય સમર્પતાં
કરીને સમકક્ષ હું
સુખ રહીશ મહા ધરી. (૧૩)

ઈન્દ્રની ગણના નહીં તમારી પાસે હશે,
સુરાસુર કેરા મટી મદ સદા કાજે જશે,
શ્રેષ્ઠ સૂર્યોદય થશે અનેરા સદ્ ભાગ્યનો,
સાથ છે મારો પછી ભય લગારે ક્યાં રહ્યો ?

સલામત લંકામહીં
તમોને લાવીશ હું,
જ્યાં સુધી સંસારમાં



શ્વાસ શાંતિથકી લઉં
ત્યાં સુધી કોઈ નહીં
તમોને શકશે હણી,
કાળ છે સેવક પછી
રામ કે લક્ષ્મણ સમા
વિલાસી વીરોતણું
તનિક પણ સામર્થ્ય શું ?
ક્ષુધા કિન્તુ ક્ષુધાર્તની
માત્ર વ્યંજનની કથા
સાંભળી શમતી નથી,
તૃષા વાદળ વ્યોમનાં
વારિભર વર્ષાતણાં
વિલોકી ન જતી મટી;

ભીતિ આશંકા મટી તેમ ના મારીચની,
સ્વાનુભવની સ્મૃતિ બધી સળવળી મનમાં રહી,
કલ્પના ભવિતવ્યની અશુભ આત્માને દહી
મચાવી વિપ્લવ મહા અનલ-શી સળગી ગઈ. (૪૫)

એટલામાં રાવણે
કહ્યું, આ ગોદાવરી
શાંત ગતિ સાથે સરે,

શુદ્ધસલિલા એહનો
તટપ્રદેશ પવિત્ર શો
દીસતો સુવિશાળ આ,
રહેતું હૈયું નથી

વિલોકીને હાથમાં
પ્રાકૃતિક સૌન્દર્યની
અનોખી મધુરી છટા
શાંત પર્વતપંક્તિ ને

વિવિધ વૃક્ષોની ઘટા.
દંડકારણ્યે અહીં
શાંત સરિતાના તટે
ક્યાંક આશ્રમને કરી

સાધનારત આત્મના
લીન ધ્યાને સાધકો
સરળ મનના વાસતા.
સ્વર્ગ કે ગંધર્વના

લોકની વૈકુંઠની
કે પછી કૈવલ્યની
પણ વિસાત ન લાગતી
ધરિત્રી આગળ મને



ખરે દૈવી આપણી:
આટલું માધુર્ય ને
સનાતન સૌન્દર્ય ક્યાં,
હશે ક્યાં સુખ આટલું,

રંગરસ કે ચેતના -
તણાં ના ક્યાંયે હશે
સ્રોત સુમધુર આટલાં.

ભલે પરિતાપો અહીં ભીતિ ચિંતા યાતના
અલ્પતા અજ્ઞાનનાં આવરણ કે વાસના,
સ્વલ્પ સુખ દુઃખોતણી વિશેષે કપરી કથા,
મહોત્સવ બેચાર ને શેષ દિવસોમાં વ્યથા.

જિંદગી ક્યારેક ને
મૃત્યુની આવૃત્તિ તો
પ્રતિપદે આવ્યા કરે
વિષાદો વેદન ધરે;

પ્રચુરતા પીડાતણી
દીસતી છાયા નહીં
પ્રતિક્ષણ તોયે મને
સદાયે આકર્ષતી
આપણી અવની ગમે;

ધન્ય દર્શનથી થતાં
લોચનો, અનુરાગથી
અસાધારણ આદરે
એહને અંતર નમે.

કલ્પના ક્ષણ તો કરો
ધરિત્રી પર કે કદી
હોત ના નારી જ તો
રસ સનાતન હોત શો ?

કોણ માણત એહને ?
ચેતના એની બધી
સ્ત્રીથકી પ્રકટી અને
રહી સ્ત્રી જ થકી વધી.



સ્વર્ગ સહવાસે વસે એહના ચરણોમહીં
વિરાજે વૈકુંઠ ને મધુરતા કૈવલ્યની.
માત્ર દ્રષ્ટિપાતથી કરી દે સાફલ્ય એ
અનોખું જીવનતણું સમર્પે સામ્રાજ્યને.

આજ એની માધુરી માણવા મળશે મને,
લીન બનતાં લોચનો દિવ્ય સીતાના તને
મહોત્સવ કરશે અહા અંતરાત્મા ધન્યતા
અનુભવીને જિંદગી લભીને સાર્થક્ય આ. (૧૨૦)

ગહન પર્વતવૃક્ષથી
વીંટળાયેલા વને
રથ ઉતારીને પછી
શીઘ્ર આતુર રાવણે

પરિવ્રાજકનો સજ્યો
નિમીષમહીં વેશને
દીન મારીચે વળી
એહના આદેશથી

આસુરી માયાથકી
સ્વર્ગમૃગકાયા ધરી
સુવાસિત સુમનોભર્યા
મધુરવા ઉદ્યાનમાં

વિરાજેલી જાનકી -
સમીપે સહસા જઈ

વિહરવા માંડ્યું વને આર્ત ચંચલ લોચને
ચતુર્દિશ વિલોકતાં વિકળ ભીતિભર્યા મને
યોજના ઘડતાં નવી કલ્પનાઓ કૈં કરી
સુંદરીના ચિત્તને તરત દર્શનથી હરી. (૧૪૨)

સ્વર્ણમૃગને પેખતાં અવનવા આશ્ચર્યને
અનુભવી સીતા રહી અસાધારણ હર્ષને.

અનેરી અંતરમહીં ભાવની ભરતી ચઢી
આસુરી માયાતણી ખબર ના લેશે પડી,

રામને બોલાવતાં બતાવી એને વદી,
મહામૂલી સાંપડી આજ જીવનની ઘડી.
અયોધ્યા મિથિલા મહીં ચિત્રકૂટે કે વને
આજ લગ મૃગ આટલું નિહાળ્યું સુંદર નહીં,

ઊતર્યું અમરાપુરીના પવિત્ર પ્રદેશથી
વિહરવાને કાજ કે અન્ય દૈવી લોકથી,
આ ધરા પર દીસતું અનોખું આશ્ચર્ય આ,
ચિત્ત સંમોહિત બને દ્રષ્ટિપાતે કેમ ના ? (૧૬૬)

સજીવ બની આ ધરા એહને ધારી રહી,
સનાતન સૌન્દર્યની એહના ઉરથી વહી
ધાર મૂર્તિમંત આ
હરણના રૂપે થઈ
કે પછી કારુણ્યની રસતણી માધુર્યની
નિસર્ગતણા નેહની પુનિત પ્રતિમા કો' બની

અરણ્યે આહ્લાદને અનુભવી વિહરી રહી,
હશે ક્યાંય ત્રિલોકમાં મોહિની આવી નહીં.
સ્વર્ણમૃગ આ આશ્રમે હોય વસતું આપણા
તો રહે આશ્રમતણી મધુરતામાં ના મણા;



મને એને પામવા ગાઢ આકાંક્ષા થતી,
શીઘ્ર તો જીવંત કે મૃત તમે લાવો નકી,
કંચુકી એની બને સ્નિગ્ધ આસન કે પછી,
રહીને જીવંત એ પ્રકૃતિની ગોદે વસી

સુશોભિત સૌને કરે અતુલ કે મહિમા ધરે,
સદ્ય પકડો એહને, હૈયું એ મારું હરે.
સ્વર્ણમૃગને દેખતાં મંત્રમુગ્ધ બની ગયા
રામ; વચનો સ્નેહથી સભર સીતાને કહ્યાં;

મેંય આવા અનોખા નિહાળ્યું મૃગને અહીં
પ્રથમવાર જ મ્હારા દીર્ઘ જીવનની મહીં.
ચમત્કાર આ ખરે અતિસમર્થ નિસર્ગનો
કે પછીથી એહના પિતાશા પરમાત્મનો.

સ્વર્ણમૃગ જીવંત કે મૃત પરાક્રમથી ગ્રહી
આશ્રમે અધુના જ હું લઈ આવું છું અહીં
પૂર્ણ કરવા ભાવના પ્રબળતમ તારી બધી;
રામ ઉલ્લાસે રહ્યા ઉપવને આગળ વધી.

કિન્તુ મૃગ વનની મહીં દૂર એ દોડી ગયું
જાનકી ને રામને નિહાળી આતુર રહ્યું
કહ્યું ત્યારે લક્ષ્મણે થાય આશંકા મને
ઘોર વનમાં વસતા રાક્ષસે કૃત્રિમ તને

વિમોહિત કરવા હશે કપટકૃતિ આવી કરી,
અહર્નિશ અસુર રહ્યા મલિનમન સઘળે ફરી.
સ્વાનુભવ વનનો નથી આપણો ઉત્તમ અહીં
કરી દુસ્સાહસ જશો એટલે ક્યાંયે નહીં,

મોહિની મૃગની ઘટે આપણે તજવી ખરે
વ્યર્થ અવસર દુષ્ટ કે દાનવોને ના મળે.
એ જ લક્ષણ પ્રાજ્ઞનું વિચારી પગલું ભરે
નિરર્થક ના લાલસા કદીયે કોઈ કરે,

જલે પશ્ચાત્તાપના પાવકે જેથી નહીં
સ્વપ્નમાં યે છેવટે, સાવધાન સદા રહી
દુરાસક્તિને કહીં ના કરે, નિર્મમ રહે
પદાર્થો પ્રકૃતિતણા
વિવિધરંગી પેખતાં
આત્મજ્ઞાન ઉવેખતાં
વિષમયી વૃત્તિતણા પ્રવાહોમાં ના વહે.
પરમપ્રાજ્ઞ તમે બધું જાણતા તો યે થયા
કેમ તત્પર દોડવા સ્વર્ણમૃગ પાછળ બન્યા
કેમ મોહિત ? માનવી
પરમ માયા રંગથી
બની મોહિત દુઃખને
ભજે શાંતિ સદા તજે:



શાંતિ અક્ષય આપણી નષ્ટ ના આજે બને
એટલે સંકોચથી કહ્યાં થોડાં વચન મેં.
કિન્તુ સીતાને ગમ્યા શબ્દ લક્ષ્મણના નહીં,
વિષાદેભર એહણે વિરોધી વાતો કહી,

ધનુર્ધર રામે તદા કહ્યું, સ્વલ્પ જ વારમાં
સ્વર્ણમૃગને લાવતાં પુનઃ આવું છું અહીં;
અરણ્યે અસુરોતણા ગુપ્ત આવાસો ઘણા,
તમે ક્યાંય જશો નહીં એકલાં બંને અહા !

રાક્ષસો માયા કરી આશ્રમે આવે કદી
ચખાડી સામર્થ્યનો સ્વાદ તો સૌને ઘડી
મોકલી યમલોકમાં વિજયશ્રી લેજે વરી,
જાનકીને રક્ષજે સતત ભીતિ બધી હરી. (૨૮૪)

એમ બોલી રામ એ કરી શરસંધાનને
અરણ્યે આગળ વધ્યા ત્વરિત ગતિ સાથે સુખે,
એમને અવલોકતાં સ્વર્ણમૃગ મારીચના
પ્રાણમાં પરિતોષના તરંગો ઊઠ્યાં નવાં.

દૃષ્ટ લીધો રાવણે
શ્વાસ સાંત્વનનો વળી
સ્વપ્નને સાફલ્યનાં
નિહાળ્યાં રસથી ફળ્યાં.

સ્વર્ણમૃગ દોડી રહ્યું
રામ પણ દોડ્યા વને
અનુસરીને એહને
આર્ત ઉત્સાહિત મને;

પેખતાં પાછળ અને
કદી આગળ તો વળી
બનીને અદ્રશ્ય એ
મૃગ સુદૂર જતું રહ્યું

રામને ત્યારે થયું થાક છે લાગ્યો ઘણો
મનોરથ ફળશે નહીં મહારો સીતાતણો,
જીવતાં પકડી શકું સ્વર્ણમૃગ ના તો ભલે
સ્વાદ શરનો ચાખતાં મૃત્યુમુખમાં એ મળે. (૩૧૨)



કરી શરસંધાન એ
ક્ષણે છોડ્યું બાણને,
અસુરને વાગ્યું જઈ
તરત હરતાં પ્રાણને

ધરાશાયી એ બન્યો
કિન્તુ લક્ષ્મણનામના
કૈંક પોકારો કરી
કરુણ શાંત સ્વરે વદ્યો,

પ્રાણઘાતક આ બન્યું
બાણ એનો શોક ના,
એક દિન કાયા તજી
જવાનું સૌનેય હા !

તમોને માયાથકી
કિન્તુ લોભાવી શક્યો
એટલું સાંત્વન મને,
મહામેધાવી તમે

તોય ભ્રાંત બની ગયા
અજ્ઞજનની ભ્રાંતિમાં
તો પછી આશ્ચર્ય ના,

અજ્ઞ મિથ્યાને ગણી
સત્ય આસક્તિ કરે,
રૂપરંગતણા મમત્વે
બનીને પરવશ મરે. (૩૩૫)

*

ઈન્દ્રિયોના વિષયની ગૂઢ છે ગોદાવરી,
પંચપ્રાણ તણી તટે પુનિત પંચવટી કરી
વસે જીવાત્મા બને મોહ કે માયામહીં
લિપ્ત ત્યારે શાંતિને ગુમાવે સઘળી અહીં.

શાંતિ એ સીતા અને રામ જીવાત્મા જગે
જ્ઞાનને બદલે રહે અજ્ઞતા જેની રગે.
મિલનની મધુરી પળો વિરહની વિષમય ક્ષણો
અંતરાત્માને બની દર્દમય કરતી અહો !

રામ સમજ્યા તે પળે ભૂલ પોતાથી થઈ
ત્વરિત ગતિથી સ્વસ્થ એ વ્યગ્ર કિન્તુ જરી બની
વધ્યા પંચવટીતણી ધનુષ સાથ દિશામહીં;
અંતરે નર્તન કરી ભીતિ આશંકા રહી.

સાંભળી પોકારને જાનકી શોકે વદી,
રામના જીવનમહીં આ અમંગલની ઘડી
લાગતી મુજને, તમે જાવ લક્ષ્મણ વેગથી
રક્ષવા નિજ બંધુને, વિપત્તિ કોઈ નડી
સ્વર્ણમૃગને મારતાં
અરણ્યે છે એમને,
અસુર કૈં વસતા વને.
રામને સ્વપ્ને શકે વિપત્તિ નવ કો નડી,
અસુર હંફાવી શકે છળકપટથી ના કદી,

વદ્યો લક્ષ્મણ આશ્રમે તમોને એકાંત આ
છોડવા માટે થતો સહેજે સંકલ્પ ના;
રામના આદેશને અનુસરી આશ્રમ તજી
એક ક્ષણ પણ થાય ના જવાની ઇચ્છા, હજી



રાક્ષસોના કપટની જાણ ના તમને જરી,
રાત દિનની રાતનો દિન રહેતા એ કરી. (૩૮૯)
કુપિતસ્વર સાથે તદા શબ્દ સીતાએ કહ્યા,
સાંભળી લક્ષ્મણ તણાં અશ્રુ લોચનથી વહ્યાં,

રેખા આશ્રમદ્વારની સમીપે દોરી પછી
અરણ્યે લક્ષ્મણ ગયો જાનકી ત્યારે હસી.
હર્ષ કિન્તુ એહનો રહ્યો ક્ષણજીવી બની
જાગતાં ગંભીરતા ભીતિ ને એકાંતની;

એ જ વખતે રાવણે ગુપ્ત નિજ આવાસને
ત્યાગતાં ચારે તરફ વિલોકીને આશ્રમે
અહાલેક જગાવતાં આવતાં ભિક્ષાતણી
યાચના સહસા કરી વિજયની મુદ્રા ધરી. (૪૦૯)

જાનકી આગળ વધી તજી લક્ષ્મણરેખાને
રાવણે ત્યારે ગ્રહી વજ્ર કરથી એહને
ઊંચકી લીધી અને રથ ઝડપથી હાંકતાં
જણાવ્યું, આવી મને મધુર ભિક્ષા આપવા

પુરસ્કારરુપે તને હુંય તો ભિક્ષા ધરું
લઈ લંકામાં જઈ પ્રેમથી તુજને વરું.
સ્વામિની મારી કરી અતુલ શાંતિ વળી ધરી
સમર્પું કૃતકૃત્યતા; અરણ્યે આવા રહી

ઘોર સંકટ યાતના
વેઠવા માટે વ્યથા
જિંદગી તારી નહીં.
ભૂલથી તું રામની સહચરી સાચે બની
વિધાતાની ભૂલ એ સુધારી સઘળી લઈ
આજ અપનાવું તને પ્રેયસી મારી કરી,
પ્રયોજનથી એજ આ રાવણે તુજને હરી. (૪૩૩)

માહિતી રાવણતણી મેળવી સીતા રહી
ઘોર ક્રંદનને કરી, અશ્રુ અંતરથી વહી
લોચનોને ભીંજવી કપોલે દોડી રહ્યાં,
એહનું અંતર મહા
બન્યું વ્યાપ્ત વિષાદથી,
કંપતી કાયે કરુણ એહણે વચનો કહ્યાં:

નરાધમ ભિક્ષુક બની સ્તેન-શો આવ્યો વને
હરણ કરવા છળથકી રામ ને લક્ષ્મણ તને
કિન્તુ સ્વપ્નેયે નહીં જીવતો છોડી શકે,
દંડ તુજને આપશે ભયંકર કોદીક એ.

કરી દે સમજી જઈ મહારો પરિત્યાગ તો
વિચાર કરી ધર્મ કે નીતિની મર્યાદનો. (૪૫૫)
વિચાર કરીને જ મેં હરણ છે તારું કર્યું,
વદ્યો રાવણ શ્રેષ્ઠ આ ભાગ્ય છે મુજને વર્યું,



ત્યાગ તેનો શે કહે અજ્ઞ જેમ શકું કરી.
ઊજવું ઉત્સવ હવે સુવદના, તુજને વરી.

જાનકીએ છૂટવા શાંત પ્રતિકારો કર્યા
બાહુબળ આગળ છતાં સકળ એ નિષ્ફળ ઠર્યા
વિલાપ કરી ભાગ્યને દોષ એ ત્યારે દઈ
સ્મૃતિથકી અપરાધની અધિક વ્યાકુળ ને થઈ

રામલક્ષ્મણના રહી કરુણ પોકારો કરી
હૃદય રાવણનું છતાં રહ્યું લેશ ન પીગળી.
રામલક્ષ્મણ આ ભવે કહ્યું લંકેશે તને
હવે શકશે ના મળી, ચિત્ત તો નિર્મમ કરી
લગાડી મારામહીં પ્રેયસી મારી બની
શાંતિ મેળવ માનિની !

નિહાળી લક્ષ્મણ વદ્યા રામ સત્વર, કેમ તેં
તજ્યો આશ્રમ, જાનકી સુરક્ષિત છે, કેમ એ
રહી એકાકી શકી મૃદુલહૃદયા વનમહીં,
ભાવિનો શાને કર્યો તેં વિચાર જરી નહીં ?

સંભળાવી લક્ષ્મણે શાંતિથી સઘળી કથા
રોમરોમે રામના તદા વ્યાપ્ત બની વ્યથા;
સ્વર્ણમૃગ માયાથકી અસુર દુષ્ટ બન્યો હતો
અંતકાલે આખરે ભેદને એણે કથ્યો

જણાવ્યું રામે મને આ જ આશંકા થતી,
નિહાળી તુજને અહીં સ્વસ્થતા મારી મટી,
સુરક્ષિત લાગે મને જાનકી વનમાં નહીં,
અમંગલ કાંઈ બન્યું હૃદય કરુણ રહ્યું કહી. (૫૦૬)

સલીલ આ થંભી ગયાં
શોકથી સરિતાતણા,
લપાઈ ભાસ્કર રહ્યો
અભ્ર પાછળ આભમાં,

સમીરે છોડ્યો વળી
સદ્ય સ્વૈરવિહારને,
વિહંગો વેદનભર્યા
રહ્યાં આલાપો કરી,

ધૂલિધૂસર પર્વતો-
તણી પંક્તિ પીડને
પ્રકટ કરતાં પેખતી
દૂર શોકછલ્યા મને.

વિલોકે મૃગશાવકો વિષાદે ભર લોચને
અશ્રુની માળા લઈ, સ્ત્રોત શોકસ્વરે વહે;
કમળ કરમાઈ રહ્યાં સુમન સર્વ પડે ખરી,
નિસર્ગ બધીયે રહી રસ તજી કરૂણા ધરી. (૫૨૬)



એમ કરતાં જલ્પના આશ્રમે આવી ગયા
જાનકી ના દેખતાં તરત ને વ્યાકુળ થયા;
જાનકી. ઓ જાનકી કુમારી મિથિલેશની
સુંદરી સીતા વને ક્યાં વિહરવાને ગઈ ?

તજી આશ્રમ એકલી બોલ ઉત્તર આપ તો,
અરે છે તું આટલામાં કે પછી હરતાં કહીં
અસુર કોઈએ તને કષ્ટમાં નાખી કહે,
કહે તો મૃગલોચના, હૃદય આ તુજને ચહે.

આસુરી મૃગ એ મને લઈ દૂર છળે ગયું
એહને અવલોકતાં વિમોહિત અંતર થયું,
વળી લક્ષ્મણ ના રહ્યો એટલે એકાદ હો
અસુર આવ્યો આશ્રમે લેશ ના આશ્ચર્ય તો. (૫૫૦)

વૃક્ષવેલી, પ્રેમની તમે તો જાણો કળા
બતાવો તો ક્યાં ગઈ એ સુનયના નિર્મળા;
ના કહેલી તે છતાં અરણ્યે સ્વેચ્છાથકી
હતી આવી છાંયશી સમીપે મારી ટકી,

હતી જીવન પ્રાણ કે અનેરો આધાર એ
હૃદય મારું આત્મની મધુર મંગલ ગીતિ ને.
માહિતી તુજને હશે મધુર ઓ ગોદાવરી,
ક્યાં ગઈ કે જાનકી ગયું કોણ વને હરી,

સદા સિંધુદિશે વહે એટલે બે આત્મના
અનેરા અનુરાગનો લહાવો તુંયે ચહે.
જણાવો પર્વત, તમે વાટિકા ઓ પુષ્પની,
આર્ત આશ્રમની બની ધરિત્રી સાચે ઘણી;

વિહંગો, કાઢો જરી ભાળ એ લલનાતણી,
ખબર પંચવટી, તને લગારે એની નહીં ?
પ્રેમ કેવો એહને હતો તારા પર કહે
વિપ્રયોગે કેમ તો હાથમાં હૈયું રહે ?

કલાપી કરતાં કળા
અહર્નિશ આનંદતા,
આજ ખિન્ન બધા બન્યા
કિન્તુ સાંત્વન અર્પવા

માહિતી એની ધરો;
તમે પણ જાણો નહીં ?
વિલંબ પછી કાં કરો ? (૫૮૯)



રામ વ્યાકુળ અંતરે વિલપતા ફરતા રહ્યા,
પ્રેમપ્રશ્નોના નહીં ઉત્તરો કોએ કહ્યા;
લક્ષ્મણે જોયું બધે લોચને જલને લઈ
ભાળ ના મળતાં ઉરે વેદના વસમી થઈ.

કહ્યું એણે, આશ્રમે પ્રવેશીને રાક્ષસે
પ્રબળ બળથી નિર્બળા હરી સીતાને હશે.
છતાં શોક્તિ ના બનો, જિંદગી મારી હશે
ત્યાં સુધી સીતા ભલે સ્વર્ગપાતાળે વસે

ભાળ કાઢી એહની નષ્ટ રાક્ષસને કરી
તમારાં ચરણોમહીં સમર્પીશ સુખે ફરી.
છતાં શોક શમ્યો નહીં રામનો તિલમાત્ર એ,
સૂર્ય અસ્ત થઈ જતાં ભર્ગ દિવ્ય છવાય શે ?

તારલા સંતાપના વ્યથાનાં વાદળ વળી
અમંગલ ને અજ્ઞતા અંધકાર બધે મળી
આર્ત અંતરમાં રહ્યા નિનાદો કેવા કરી,
રામ મૂક બની ગયા પ્રણય નેનનમાં ભરી. (૬૨૧)

*****

## ૮. સંવેદન

સ્મૃતિ પ્રાણતણા પટપે પ્રકટી
અવિરામપણે દીલને મથતાં
કથની પ્રણયાર્દ્ર રસેભર મંગલ
જીવનની મધુરી કથતાં.

નયનદ્વય નેહનાં નીર ભરી
અતિ આદરનો મધુ અર્ઘ્ય ધરી
ટપકી રહ્યાં ઈન્દ્રધનુષ્ય નવાં
શુચિ આતમને અવકાશ કરી.

*

સંવેદનશીલ હૈયું રામનું થઈ
વહેવા લાગ્યું સહસા વેદના લઈ
નવાનવા ભાવો કેરી સરિતામહીં
સ્નાન કરવાને લાગ્યું જીવન લહી.

પુષ્પવાટિકાની પાસે આપણે અહીં
વિરાજેલાં એકવાર ત્યારે તેં કહી
કથા મને ભાવભરી આજે આવે યાદ,
પ્રશ્ન તેં પૂછેલો ત્યારે કરતાં વિવાદ

મિલનનું સુખ વધુ વિરહનું કે
જિજ્ઞાસા જાગી મહારા મનમહીં એ,



આપણો ધારો કે કદી વિપ્રયોગ થાય
એથી અનુરાગ મટી અંતરનો જાય ?

ઉત્તર આપેલો ત્યારે શાંતિથકી મેં,
વિયોગ ના સ્વપ્નમહીં થઈ શકે એ,
તો પણ માની લે કદી વિપ્રયોગ થાય
એથી અનુરાગ મટી અંતરનો જાય ?

અનુરાગ આકાશ-શો શાશ્વત ખરે
મંદ પડે કો'દી નહીં લેશ ના મરે,
યુગોયુગથકી એનો પુનિત પ્રવાહ
પ્રકટીને પ્રાણથકી વહેતો અમાપ

ગોદાવરી સમો સદા આનંદ ધરી
આચમન-સ્નાન-પાને કૃતાર્થ કરી.
વિરહ ને મિલન ના આપણે અધીન,
વિરહથી ચિત્ત બને નીરસ કે ખિન્ન,

મિલનની માધુરી છે વિરહથકી
વિશેષે આ વિશ્વ રહ્યું એનાથી ટકી.
વિરહની વ્યથા કદી વેઠવી પડે
અંતર આતુર બની તોય ના રડે,

આનંદનો અનુભવે એમાંયે આસ્વાદ,
અનુરાગતણો લેશ તૂટે નહીં નાદ.
ત્યારે મને જાણ હતી જરાપણ ના
વિરહ આપણો આવ્યો સંનિકટ આ,

આસ્વાદ આનંદતણો લભશે નહીં
અંતર વ્યાકુળ બની વિયોગમહીં.
ખબર હતી જરી ના આટલી બધી
જલદી જઈશ મને છોડીને કહીં,

અનુરાગ જો કે કદી લુપ્ત ના થશે
પ્રબળ બનીને રોજ રહેશે વહી
પરંતુ વિયોગ કેરી સહન થશે
કેમ કરી વસમી આ વિષમયી રાત,

કોણ જાણે ક્યારે પાછું મિલનતણું
પ્રકટશે જીવનમાં પુનિત પ્રભાત,
અંધકારતણા ઓળા વિદાય થઈ
પલટાશે ક્યારે પાછા પ્રકાશમહીં,

સોમલનો સિંધુ ક્યારે શમી જશે આ
સુધાની સરિતા ફરી રહેશે વહી ?
ઉત્તર તો આપ મને જાનકી જરી;
તનેય ના શાંતિ હશે જાણું છું કહીં;



સૌરભ સુમન છોડી ક્યાંય ના ટકે,
ચંદ્ર તજી ચાંદનીયે શકે ના રહી.
કોણ જાણે કયી દિશાપ્રદિશામાં તું
કોની સાથે ગઈ, કયું કારણ બન્યું,

ક્યા ને પ્રદેશમહીં વિરાજી રહી,
સમજી શકે સીમિત બુદ્ધિ પણ શું ?
તનેય વિયોગતણી વસમી વ્યથા
થતી હશે કાળજાની કપરી કથા

ક્રંદન કરાવતી ને કેટલી હશે,
મંથનો ભીષણ અતિ અસહ્ય તથા
થઈ રહ્યાં અંતરમાં અસંખ્ય હશે
સાંપડતી મારા વિના શાંતિ ના કશે,

આજ રહ્યો પ્રાણ તારો ક્રીડા કરી કેમ,
જીવન ટકાવી રહ્યો માત્ર હશે પ્રેમ. (૭૦)
વિધાતાય ક્રૂર મને દીસતો જરી
વિરહજ્વાળાને જેણે જગતે કરી

અંતર જલાવવાનું ઉચિત માન્યું,
કોણ જાણે કયું સુખ એમહીં જાણ્યું.
જુદાજુદા જન્માવીને જગતમાં જીવ
એકઠા કરી દે, કરે પ્રાણમહીં પ્રીત,

સ્વલ્પ ધરે સુખ અર્પે આનંદ લગાર
જીવનનું ચખાડે ને જરી નવનીત,
મોહ-માયા-મમતાની બાંધે મહાજાળ,
જીવનનો સમજાવે થોડોઘણો સાર,

સંતૃપ્તિનો પૂરેપૂરો લેવાય ના શ્વાસ
પરિપૂર્ણ સઘળીયે શમે નહીં આશ,
અધરે હજુ તો પ્યાલો કો'કનો અડ્યો,
કોઈયે એનો એકાદ ઘુંટડો ભર્યો,

કોઈ એના આસ્વાદમાં મગન બની
અન્ય પ્યાલો માગે પ્રાણે ઉમંગ વણી,
પૂરા થયા કોડ નહીં એટલામાં કો'ક
સંસ્કારોનાં આવરણો આવતાં અમોઘ

ઘેરી વળે વિયોગ કરાવે અતિઘોર,
શાંતિને હણીને ભારે મચાવતાં શોર
પ્રાણમહીં પ્રકટાવે સહસા જ શોક.
સુધામયી શીળી છાયા શીઘ્ર લે હરી,

અસહ્ય સંતાપ-અગ્નિજ્વાળથી ભરી
જીવનને જલાવી દે અકારણ એમ,
લાગે છે મને કે નથી વિધાતાને રે'મ.
વિયોગ ને યોગ તથા પતન-ઉત્થાન,



લાભહાનિ વિપત્તિ ને સંપત્તિ મહાન,
હર્ષશોક, જન્મમૃત્યુ, જય અને હાર,
દ્વંદ્વોકેરી વિવિધ આ મહાઘટમાળ
વિધાતાએ શાને કરી ક્યાંથી આવી આમ,
એક સરખો અર્પે ના અંતર આરામ. (૧૦૧)

*

વિલાપ કરી રહ્યા એ અંતરમાં રામ
ધ્યાન ધરી સીતાતણું સ્વાદુ અભિરામ
સ્મૃતિઓ હલાવી કેવી હૈયાને રહી
ભૂતકાળની કથાઓ સ્નેહની કહી.

પ્રથમ મિથિલામહીં આપણે મળ્યાં
લોચન લોચનમહીં સંવાદે ભળ્યાં
વીણા વાગી ઊઠી ત્યારે અનેરી કેવી
સ્વર્ગીય સુધાસરોદો સ્નેહના રેલી.

પૂર્વપરિચિત જાણે પુનઃ મળ્યાં,
કાળજાની કમનીય કરતાં કળા
મનનો મયૂર રહ્યો નર્તન કરી,
યાદ છે તને કે પછી ગઈ વિસરી ?

દેવતાતણા પામીને આશીર્વાદ મેં
સ્વયંવર મંડપમાં ધનુષને એ

અનાયાસ તોડી નાખ્યું કરતાં ક્રીડા
પરશુરામને એથી થયેલી પીડા

શમાવી મેં શૌર્યથકી સ્નેહથી વળી
અવિદ્યા મિથ્યાભિમાન મમતા હરી;
ધનુષ તૂટ્યું ત્યારે તેં આગળ વધી
ઉલ્લાસભરેલા ઉરે ભાવના બધી

કેન્દ્રિત કરીને કેવી કંઠમાં ધરી
મનહર માળા મારા મુજને વરી !
મારી જ છાયા મારાથી વિભક્ત થઈ
પરિપુષ્ટિ પામવાને પુનઃ મળી. (૧૨૫)

તારી એ અવસ્થાકેરું વર્ણન ન થાય,
મારા ભાવોનેય કયો કવિજન ગાય,
ગાવાનો વિષય નહીં વર્ણનતણો,
પ્રાણ પુલક્તિ બને સ્મરણે ઘણો

અલ્પકાળ અયોધ્યામાં સુખનો ગયો,
ઉત્સવ ના ચિરકાળપર્યંત રહ્યો
અરણ્યમાં આગમન આપણું થયું,
કાળચક્ર પલટાઈ સઘળું ગયું.

પાવન પ્રદેશ હતો ચિત્રકૂટનો,
વિચાર સ્વપ્ને ય ત્યાં ના આવ્યો દુઃખનો;



મંદાકિનીતટે કરી મહૂલી રહ્યાં,
સ્વર્ગસુખ શાંતિમહીં શાશ્વત લહ્યાં.

તારી સંનિધિમાં કદી વ્યાપતો ના કલેશ,
મહોત્સવ જીવનનો માણતો હમેંશ,
સામ્રાજ્ય અનોખું કોઈ સાંપડ્યુ હતું,
પળેપળ વૈકુંઠનું દર્શન થતું. (૧૪૧)

સંપત્તિ એ કિન્તુ શ્રેષ્ઠ લૂંટાઈ ગઈ,
ભાગ્યદેવતા એ આજ વેદના દઈ
મંથન જગાવી કેવું અંતરે રહ્યા,
સુખના દૈવી દિનો તો વેગથી વહ્યા

વિરહવ્યથાની કિન્તુ કપરી ક્ષણો
શોષી રહે જાણે મારો પ્રાણ સઘળો
કલ્પસમી સુદીર્ઘ સૌ લાગતી મને,
દાવાનલ લાગી ગયો ભીષણ વને.

મયૂર ને મૃગ તથા વત્સ અને ગાય
જેમને તું ખવડાવી નિત્યપ્રતિ ખાય,
વિષણ્ણ વદને કેવાં વિલોકે છે આજ,
વિષાદથકી ના ગ્રહે ઘાસ કે અનાજ.

ગોદાવરી સાથે સ્નેહે કરતી'તી વાત,
સૂનો થઈ ગયો એનો નીરસ કે ઘાટ;

પ્રકૃતિમાં પ્રસન્નતા ક્યાંય છે નહીં,
નિસ્તેજ બની વિષાદગ્રસ્ત આ મહી

વેદનાવરાળ કેવી ઠાલવ્યા કરે,
વિહંગોય સદા જેમ સ્વર્ગીય સ્વરે
આહ્લાદની અભિવ્યક્તિ કરી ના શકે,
સ્નેહ વિના જીવન ના કોઈનું ટકે. (૧૬૧)

*

ગોદાવરી એજ, એજ આહ્લાદક ઘાટ,
પર્વતોની એજ પંક્તિ પ્રવાહો પ્રપાત,
આશ્રમે એ વનસ્થલી પુષ્પવાટિકા
પંચવટી એની એ, આ એજ છે ધરા

પ્રકૃતિથી પૂર્ણપણે મંડિતા બની
સૌન્દર્ય ને માધુર્યને પ્રાણમાં વણી,
પ્રતીક્ષામાં ઊભી રહી કો'કની અહીં;
એનો એ છે દિવસ ને એની એજ રાત.

પરંતુ કશુંક લાગે ખોવાઈ ગયું,
અંતર એ સર્વકેરું વ્યાકુળ થયું,
ખૂટે છે કાંઈક એમાં, ચેતના ગઈ
વિલાઈ બધાની જાણે વિષાદમહીં

ડૂબી ગયું સઘળું એ, સ્નેહમૂર્તિ તું,
તારા વિના દીસે સર્વ સ્મશાનસમું. (૧૭૫)



જડ ને ચેતનને પડ્યો આટલો પ્રભાવ
તો પછી મારો તો ગાઢ અસામાન્ય ભાવ
અસર ના કેમ કરે પ્રાણને દહે,
દૂર છતાં શાને હજુ મુજથી રહે ?

*

તને વાત આવતી યાદ જાનકી, વાત આવતી યાદ ?

પ્રકૃતિપુરૂષ ગગનથી આવ્યાં સ્વર્ગંગાને ઘાટ,
ઊર્વીપટ પર ઉતર્યાં પ્રેમે રૂપ ધરી રળિયાત ... તને.

સંગીતથકી ભર્યા આત્મને જગવી અનહદ નાદ,
પ્રકૃતિ અંતે અદ્રશ્ય થઈ, પુરૂષ પાડે સાદ ... તને.

થયા નથી સંગ્રામ કે નથી જાગ્યા વાદવિવાદ;
ક્રીડા કરવાની શેષ હજુ અપૂર્ણ જીવનપાદ ... તને.

*

વનમાં વિરહી ઉરથી પ્રકટી
પ્રતિઘોષ અસંખ્ય પ્રગાઢ પડ્યા,
સુખપૂર્ણ શ્રીરામના અંતરને
વડવાનલ વેદના કેરા અડ્યા;

નિરખી રહી પીડિત પંચવટી
સરિતા અતિશોકિત તેમ બની,
ક્ષણ બે ક્ષણ અંજલિ અર્પી રહી
જડ આંખ દ્રવી જરી લક્ષ્મણની. (૨૦૧)

## (૯) જટાયુ

પ્રાણમાં સીતાતણા સંવેદના જાગી,
લક્ષ વીણા વિલાપોકેરી રહી વાગી;
દૂર પંચવટી ગઈ, ગોદાવરી તટયે
તિરોધાન બની ગયો દ્રષ્ટિતણા પટપે

રહ્યું ભીષણ વિપિન કેવળ, દંડકારણ્યે
દૂરદૂર થતું ગયું, દોડી રહ્યો રથ એ,
કિન્તુ મન આશ્રમમહીંજ રહ્યું વિહાર કરી,
ચારુ ચરણે રામના પ્રતિપળ સપ્રેમ મળી



અંતરાત્મા અનુભવીને અવનવા ભાવો
પ્રેમનો અપરોક્ષ લેતાં અલૌકિક લ્હાવો
સ્મૃતિતણા સરિતાપ્રવાહે કરીને રસસ્નાન
વિષાદભર્યાં કરૂણ લાગ્યો કૈંક ગાવા ગાન. (૧૨)

મધુર મુખ એ મધુર તેમજ અનોખી કાયા,
મધુર દ્રષ્ટિ માધુરી કે મોહિની માયા-
થકી ભરતી પ્રાણને, વાણી મધુર કેવી
પરિપ્લાવિત પ્રણયથી પાવન સુધા જેવી,

ચાલ મધુરી વાત મધુરી મધુરવી સ્મિતની
કળા, સુમધુર સ્પર્શ શીતળ, મધુર નીતિતણું

વિશદ ને કર્તવ્યપાલન એમની મધુરી
વસ્તુ સઘળી, મધુરતાની મૂર્તિ એ અવની
મધુર કરવા અધિક દૈવી દેશથી પ્રકટી
કો'ક ધન્ય પળે, મધુર છે એમની સ્મૃતિની

સુખદ સૌરભ, મધુર દર્શન, એમના સરખી
માધુરી સંસારમાં અન્યત્ર ક્યાંય નહીં.
મધુર સર્વ છતાં ખરેખર વિરહ ના મધુરો,
રસ બધો જીવનતણો એના થકી અધુરો. (૨૬)

વિરહ એ સંસારમાં પેદા કર્યો કોણે,
જન્મ એનો થયો માનવકાજ ને શાને,
અરે મિલન જ હોત જીવન હોત તો કેવું
રસેભર સુખથી છલેલું સ્વર્ગના જેવું

પરમ આશીર્વાદ સરખું, ધન્યતા કેરો
મહોત્સવ એમાં કરત માનવ સદા કેવો ?
વિરહ એ મારે જ માટે થયો આજ પસંદ,
વિલુપ્ત થયો રસ અનેરો ને મટ્યો આનંદ.

પ્રેમથી કેવાં રહેતાં આપણે વનમાં,
તમારા સંસર્ગમાં પ્રાસાદના મધુરા

પામતી સુખને સદા હું સૂર્યની જેવી
સાંપડ્યે સંગતિ લભે રસ ધન્ય પ્રાણ ધરા.

કિન્તુ વાદળ વ્યોમમાં જીવનતણા આવ્યાં.
તિમિર રજનીનાં વિરહની શીઘ્ર સૌ ફાવ્યાં,
ક્રૂર કાળે કરી દીધાં દૂર આપણને
નિમિત્ત કરીને અચાનક દુષ્ટ રાવણને

અને પેલા સ્વર્ણમૃગને; સ્વર્ણમૃગ જોઈ
સ્વસ્થતા કે બુદ્ધિને સઘળી રહી ખોઈ;
હઠ તમારી પાસ મેં શાને અરે લીધી,
અને લીધી દાદ તોપણ તમે કાં દીધી ?

પ્રેમના અતિરેકથી દોડી ગયા વનમાં
સ્વર્ણમૃગ પાછળ તમે ધારી મને મનમાં,
ગયા લક્ષ્મણ વિવશ બનતાં સાંભળી પોકાર,
માહિતી મુજને હતી ના ક્રૂર બનશે કાળ. (૫૦)

કાળ સ્પર્શી ના શકે તમને છતાં મારી
ભ્રમિત બુદ્ધિ ડગમગી ત્યારે અશુભ સારી,
પ્રથમથી જ પડત નહીં છૂટાં જરી વનમાં
કલ્પના કિન્તુ વિરહની ના હતી મનમાં.

હશો આશ્રમમાં પધાર્યા તમે લક્ષ્મણ સાથ,
હશે ના હૈયું તમારું રહ્યુ સાચે હાથ,



વિલપતા હજુયે હશો મારી તપાસ કરી
છેક શૂન્યમનસ્ક જેવા વનમહીં વિહરી.

પ્રેમનો એવો અનોખો પડે નિત્ય પ્રભાવ,
સહન પ્રેમાસ્પદતણો ના થાય લેશ અભાવ,
ધૈર્ય ધીર તણુંય થોડીવાર તો તૂટે
સંગ જ્યારે સુખદ સ્નેહીજનતણો છૂટે,

સિંધુમાં ભરતી પછીથી આર્ત આવે ઓટ,
સુધાકરની એહને પણ એમ લાગે ખોટ;

*

વિરહથી વરસાદ કેરા,
જગવતી સંતાપ ઘેરા
ધરિત્રીના હૃદયમાંથી રસ સકળ ખૂટે. (૬૭)

તો પછીથી આપણે તો માનવી ન્યારાં
જીવતાં જગવી પુરાતન પ્રેમની ધારા,
વિરહની ક્યાંથી સહીએ આમ ઘોર વ્યથા,
વર્ણવી શબ્દે શકીએ કરુણ કેમ કથા ?

અલગ કેમ રહી શકીએ લેશ હર્ષથકી,
વારિના વિણ મીનનો ના રહે પ્રાણ ટકી,
તોય મારો પ્રાણ હજુયે ટકે આશમહીં,
વિયોગ મને આપણો શાશ્વત જણાય નહીં.

તમે શોધી કાઢશો, મુજને ફરી મળશો,
વિરહના અર્ણવમહીંથી તારશો તરશો,
ત્રિલોકમહીં જે સ્થળે
રાખશે રાવણ મને
તમે ત્યાં પ્રેમે પહોંચી મમત્વે મળતાં
મુક્ત કરશો બાહુબળથી ધન્યતા ધરતાં
એ જ શ્રદ્ધાદીપિકા
નિત્ય પ્રાણપ્રકાશિકા
પ્રકટ અંતરમાં થઈ એથી હતાશ થવા
કશું કારણ ના જણાયે, વિરહમાં મરવા;
અંતરાત્મા અનુભવે આ કિન્તુ ના આનંદ
થતો ગૌરવ-રંગ-રસભર ગીતકેરો ભંગ

તરલ વીણાતાર તૂટ્યે માધુરી મરતી
ચેતના ટકતી નહીં ને ભાવની ભરતી
લેશ પણ ના ઊઠતી મારું હૃદય પણ એમ
થયું ખંડિત, શાંતિના સ્વર બજે એમાં કેમ ? (૯૧)

માહિતી ના ફરી ક્યારે મળી શકશું રામ,
અંતરાત્મા આર્ત ક્યારે પામશે આરામ,
મળીશું પણ એટલો તો છે મને વિશ્વાસ,
એ જ રાખીને મનમહીં મહામૂલી આશ
પ્રતીક્ષા કરતાં તમારી લઉં શ્વાસોશ્વાસ,



રસ વિયોગવ્યથામહીં આ
દીસતો મુજને જરી ના
જ્યોતિ જલતી થયો છે આધાર છેક ખલાસ,
પ્રાણ ધારું તદપિ રાખી એટલો અભિલાષ. (૧૦૦)

વિલાપ કરી ઘોર વ્યાકુળ જાનકી બોલી,
અરે રાવણ, વિવેકતણાં દ્વારને ખોલી
વિચાર જરી કેટલો અક્ષમ્ય આ અપરાધ
કરીને નાસી રહ્યો છે કલેશકૂપ અગાધ ?

નાર પરની માત જેવી જાણવી છાજે,
હરણ મારું અધમ કરતાં લેશ ના લાજે ?
મુક્ત કર હજુયે મને સ્વેચ્છાથકી અળગી
નહીં તો હાથે કરી
જશે માટીમાં મળી
રામ ને લક્ષ્મણતણી જ્વાળામહીં સળગી.

કહ્યું લંકેશે સગૌરવ અટ્ટહાસ્ય કરી,
માનવીહાથે કદી પણ ના શકીશ મરી,
તપસ્યાથી સાંપડી સિદ્ધિ મને એવી,
બની કાયા દિવ્ય મારી વજ્રના જેવી.

રામ ને લક્ષ્મણ નિરખવા ના કદી તુજને
મળી શકશે આ નયનથી આ વળી જન્મે,

હવે તો ચિરકાળ કાજે સંગિની મારી
બનાવીને શાંતિ અર્પું શાશ્વતી ન્યારી

બને જીવન તદા મારું સુખી શાંત કૃતાર્થ.
શૂરતા પ્રજ્ઞા બધીયે થાય મારી સાર્થ;
દેવતાય શકે મ્હારો કરી ના પ્રતિકાર,
કરી કોઈયે શકે ના તહારો ઉદ્ધાર.

વનમહીં વસવા વિહરવા તું નથી જન્મી,
કરું પટરાણી તને હું સુવદના તન્વી !
વિધાતાએ એટલા માટે જ આપ્યો યોગ,
લલાટે મારા લખાયો દિવ્ય તારો ભોગ,

સાનુકૂળ બની ગયું એથી બધું આજે
ઉગારીને વિપદવહ્નિજ્વાળથી સાચે
કર્યો મેં તારી ઉપર પ્રેમે પરમ ઉપકાર,
પછી મારું મન કહે સ્વપ્નેય શે લાજે ?

નથી પરનારી હવે તું, પ્રેયસી મારી
પ્રથમ દ્રષ્ટિએ બનાવી હૃદયમાં ધારી
મૂર્તિ તારી તેમ તું પણ હૃદય ધાર મને,
વેદના શાને પળેપળ પ્રાણ વ્યર્થ વણે,
વિધાન વિધાતાતણું મિથ્યા કદી ન બને. (૧૩૫)

*



કિન્તુ મારા માર્ગમાં કોણ આ આવી રહ્યું
અસાધારણ સાહસે સંગ્રામમાં પ્રેરિત થયું,
અરે કોને જિંદગી આજ છે પ્યારી નહીં,
કોણ મરવા માગતું અસહ અગ્નિની મહીં ?

એમ બોલી રાવણે
વિવશ બનતાં તે ક્ષણે
રથ ગગનમાં દોડતો
ઉતાર્યો પૃથ્વી પરે,

કહ્યું ત્યારે રોષથી
વીર્યવાન જટાયુએ,
નરાધમ, આ ઓળખી
જાનકી તત્કાળ મેં

અસાધારણ સિદ્ધિથી
ગમન આકાશે કર્યું,
ભાગ્ય ઉજ્જવળ મને તો
દીસતું તારું ફર્યું

એટલે તો સ્તેનની જેમ ક્યાંક રહ્યો જઈ,
વિકળ છેક જ જાનકી રામના વિરહે થઈ
તોય કરુણા કાળજે તહારા પ્રકટી નહીં;
આતતાયી જગતમાં જીવતો ન શકે રહી.

રામલક્ષ્મણને નહીં માહિતી તારી હશે
ગયા દૂર સુદૂર એ હશે આશ્રમથી કશે
એટલે તું સ્તેનશો હરણ સીતાનું કરી
વિરાજી રથમાં રહ્યો ગગનમાં આગળ વધી,

કિન્તુ મારા અંગમાં આત્મ છે ત્યાંલગ તને
રોકતાં વીર્યે વને દંડ ઘોર દઉં હવે. (૧૭૫)

વદ્યો રાવણ, તું મને દંડ શું આપી શકે,
દ્વંદ્વયુદ્ધે કો નહીં મહારી આગળ ટકે,
પ્રાણ પ્યારો હોય તો ઘોર દુસ્સાહસ કરી
વિના મોતે યુદ્ધમાં જવાને શાને મરી

બન્યો ઉત્સુક, જવા દે મને આગળ પ્રેમથી,
બનાવીશ તને સદા સુહૃદ મારો રે'મથી.
દ્વંદ્વયુદ્ધ મહીં તને કરું પૂર્ણ પરાસ્ત હું
તે પછી સીતાસહિત રામની પાસે જઉં

કે પછી કર્તવ્યને કાજ આજ ખપી જઉં,
સુહૃદ સેવક કે સખા રામનો ઉત્તમ થઉં,
કિન્તુ આમ જવા દઉં નરાધમ તુજને નહીં,
દ્રષ્ટિથી શાર્દૂલની બચે શ્યાલ કદી કહીં ?

ક્લૈબ્યથી યાચી રહ્યો શૌર્યવાન છતાંય તું
આજ ભિક્ષા મુક્તિની તજી લજ્જા સર્વ શું ?



શૂરવીર કદીય ના પ્રાર્થતા જીવનમહીં,
અજા છે તો પણ રહ્યો હસ્તિનાં વચનો કહી.
તો પછી સામર્થ્યનો અર્પતાં આસ્વાદ હું
તને સંહારી સુખે વાસ સ્વર્ગતણો દઉં,

એમ બોલી રાવણે રોષ સાથ જટાયુને
શીઘ્ર લીધો બાથમાં આદરી સંગ્રામને.
જાનકી એ યુદ્ધને નિહાળી ભયથી રહી,
લોલ લોચનથી રહ્યું ઝરણ વારિતણું વહી.

પરાક્રમને પેખતાં વીર્યવાન જટાયુના
દશાનન દુઃખી બન્યો અરણ્યે અસ્વસ્થતા
પામતાં એણે તદા ઘા કરી તલવારના
અંગ એક જટાયુનું તરત કાપ્યું ક્રોધમાં. ૨૨૭

કરીને ચિત્કાર એ પડ્યો ધરતી પર ઢળી
રામરામ સુધાસ્વરો પરમ પ્રણયે ઉચ્ચરી.
બનીને અસહાય એ નિહાળી સીતા રહ્યો,
સુરક્ષા ન શક્યો કરી વસવસો એનો થયો.

કિન્તુ કોઈયે હતો ઉપાય હવે તો નહીં,
સ્રોત જીવનનું રહ્યું મરણના મુખમાં વહી.
આપણી ઈચ્છા મુજબ સર્વ ના જગમાં થતું,
સુધા માગે એમને સાંપડે સોમલ કટુ.

શક્તિ સીમિત આપણી સ્વર્ગનું સર્જન ચહે
નિશાનીઓ નરકની તોય સંસારે રહે.

આપણું અસ્તિત્વ આ જ્ઞાન તેમજ કેટલું
અલ્પ કુંઠિત અર્ણવે માત્ર બિંદુ જ જેટલું.
સમુચ્ચય એનો કરી છતાંયે જીવનમહીં
લગનપૂર્વક યત્ન જો કરીએ સર્વે અહીં,

મળે તો પરિતોષ કે આપણે કાંઈ કર્યું
જે મળ્યું એ અન્યના શ્રેયને માટે ધર્યું,
જિંદગી જ્યાં લગ હતી ત્યાં લગી વિશ્વાસથી
પ્રેમથી, ઉત્સાહથી, ભાવના સુવિચારથી

ધપી આગળ તાપમાં છાંયડી ક્યાંયે કરી,
મૃત્યુની મહેફિલમહીં સુધા જીવનની ધરી,
કો'ક નિશ્ચેતનમહીં ચેતના સ્વલ્પે ભરી,
જગાવી મરુભૂમિમાં વનસ્થલી ક્યાંયે અહીં;

હસી સંતોષે જરી
મળી આપણને મહી;
થયા ના વરદાન તો
અમંગલ અભિશાપની

બની આવૃત્તિ કદી
તપાવીને તાપણી



ભાર હલકો ના કર્યો
ભાર તોય થયા નહી. (૨૭૯)

શક્તિ સીમિત આપણી
જ્ઞાન અલ્પ વળી ઘણું,
બાષ્પબિંદુ સમાન ને
આયુ આ જીવનતણું,

લઈ આશ્રય એમનો
તોય સર્જનવાટિકા-
મહીં થોડા પુષ્પની
સ્નેહથી સૃષ્ટિ કરી

વલ્લરીને દ્રુમ બની
રહીએ આશ્રય ધરી,
પ્રફુલ્લિત બનતાં પવન
તપ્તપ્રાણ નિરાશને

ધરીએ જીવન નવું
કલાંત કોઈ પાંથને,
સાર્થ તો સઘળું બને
મહીમંડળમાં નવી

લલિત લહરીઓ વહે
શાંતિ-સુખ-સમૃદ્ધિની. (૨૯૭)

વિતર્કતણા વમળમાં
પડ્યો એમ જટાયુ એ
ત્યાં સુધી રાવણ રહ્યો
વધી આગળ નભપથે
જાનકી સાથે રથે

બોલતાં તેં સુંદરી !
પ્રથમવાર જ વીર્યનો
નિહાળ્યો પરચો જરી.
તે ઉપરથી સહેજે
કલ્પના શકશે કરી
અતુલ બુદ્ધિતણી વળી.

વદી સીતા હોત જો સદ્ બુદ્ધિ તારામાં
તો કુકર્મ કદીય તારાથી કરાત જ ના,
હોત જો સામર્થ્ય તો ભિક્ષુક બની વનમાં



છળ કરીને મને હોત હરી નહીં ક્ષણમાં.

રામ ને લક્ષ્મણ તને અપરાધકેરો દંડ
આવશે દેવા, પ્રણય મારો પવિત્ર અખંડ
પરાજીત થશે કદીયે સ્વપ્નમાંયે ના;
રામ લક્ષ્મણ તમે ક્યાં છો રામ લક્ષ્મણ હા !

વનપ્રદેશો જળપ્રવાહો ઉપવનો જોતી
બની શૂન્યમનસ્ક જેવી જાનકી રોતી,
દોષ દેતી ભાગ્યને કરતી વિલાપ રહી,
દશાનનનું દ્રવ્યું પણ અંતર જરાય નહીં.

એક પર્વતશૃંગ પર જનમંડળી જોઈ
ભૂષણો નાંખ્યાં વિવિધ લોચન તરત લોઈ,
રામની મધુમૂર્તિમાં અંતર પરોવીને
ઢળી એક તરફ સતી બેહોશ જેવી એ. (૩૨૫)

*****

## (૧૦) રાવણ તથા સીતા

સમુદ્ર સુવિશાળ પાસ રથ શીઘ્ર લંકેશનો
સુવર્ણમય રત્નમંડિત યદા પહોંચી ગયો
વધી મરુતવેગથી સતત વ્યોમના પંથમાં
બન્યો પરમવ્યગ્ર શોકરત પ્રાણ સીતાતણો,

થયું તરત એહને જલધિમાં પડું આજ હું
શમે વિરહવહ્નિ સંકટ મટે વળી તો બધું,
પરંતુ મધુ ધ્યાન પ્રાણપ્રિય દિવ્ય શ્રીરામનું
કરી વિવશ જીવવા સકળ અંતરાત્મા રહ્યું.



સમુદ્ર સુવિશાળ શો વિરહનો રહ્યો ઊછળી
પ્રમત્ત નિજ તુંગ ભીતિભર કૈં તરંગો લઈ,
સમીપ કટુપંક્તિ પર્વતતણી મહાપીડની,
જણાય નવ આશ પંથ સુપ્રકાશ ક્યાંયે જરી,

ચતુર્દિશ તમિસ્ર ગાઢ ભરખી જવા સૃષ્ટિને
રહ્યું સતત ઊમટી વરસતાં વ્યથાવૃષ્ટિને. (૧૪)

દશાનન વદ્યો, સમુદ્ર સુવિશાળ આ રક્ષતો
પ્રશાંત તટપે વસી પરમરમ્ય લંકાપુરી
સમૃદ્ધ સુખદા વિશેષ નગરી અયોધ્યાથકી
સમુદ્ર કટિમેખલા સમ રહી સદાયે ટકી.

પ્રસિદ્ધ અમરાપુરી અવનવી વળી ઈન્દ્રની,
પ્રશસ્તિ કવિએ કરી નિતનવીન કૈલાસની,
ગણ્યું સુખદ સર્વથી મધુર શ્રેષ્ઠ વૈકુંઠને,
પરંતુ રસ ત્યાં નહીં અધિક લેશ લંકાથકી

ન ભોગ-સુખ-વૈભવો, મધુરતા ધરિત્રીતણી
કરી સકળ એકઠી અવનવી પુરી આ ઘડી.
વિસાત મિથિલાતણી તનિક દીસતી ના અહીં,
પુરાતન પ્રદેશ છે પુનિત ક્યાંય આવો નહીં,

તને સુખ ન સાંપડ્યું વિપિનમાં અયોધ્યામહીં
પરંતુ નિજ ભાગ્ય માન મુજ સંગ કે સાંપડ્યો,
બનીશ કૃતકૃત્ય તું ભવનમાં મહારા રહી. (૨૯)

*

વચનો વદી વ્યામોહમાં રાવણ વધ્યો આગળ જરા
કિન્તુ તરત સીતા વદી કરતો લગારે સ્પર્શ ના
જોજે મને, તારો જશે અભિલાષ માટીમાં મળી,
છું પતિવ્રતા મુજને બળે લાવ્યો ભલેને તું હરી,

પ્રાસાદમાં તારી બની કિન્તુ શકીશ રહી નહીં,
છો સિંધુ શોષાયે કદી કે સ્થૈર્યને ત્યાગે મહી.

સરિતા સરે ના, પુષ્પ સૌ ખીલે નહી, વર્ષા મટે,
રવિચંદ્ર પામે ઉદય ના, માનવ મટે પૃથ્વીપટે,
ભીષણ પ્રલય થાયે ભલે તો પણ નહીં સ્વપ્નેય હું
શ્રીરામની અર્ધાંગિની તારી નહીં જ બની શકું.

જોઈ હશે તેં સુંદરીઓ સ્વર્ગની ચંચળમના
ગંધર્વ કિન્નર યક્ષની દાનવતણી પ્રમદા મહા
કિન્તુ અમંગલ કલ્પના મારા વિશે કરતો રહ્યો,
છે અજ્ઞ મૂઢ વિમૂઢ પંડિત છતાંયે કોણે કહ્યો ?

લંકાપુરી તારાથકી ભારે અમંગલ છે બની,
ત્રિભુવનમહીં સાચે કલંકિત થઈ એ આજે ઘણી;
હજુયે વિચાર કરી મને શ્રીરામને સુપ્રત કરી
યશ મિત્રતા સુખ શાંતિને સાફલ્યને લેતાં વરી.

સાર્થક્ય સાધી ધન્ય થા,
શ્રીરામ સૌ અપરાધની
અર્પી ક્ષમા દેશે તને
કરુણાનિધાન મહામના. (૬૯)

દશાનન પરંતુ ના ચલિતચિત્ત એથી થયો,
હસી વિજયહાસ્ય શાંત સ્વરથી વળીયે વદ્યો,
નિરર્થક કરી રહી સ્મરણ ક્ષુદ્ર તું રામનું,
તને સુખ અસીમ ભાગ્ય મુજ સંગમાં સાંપડ્યું



છતાં નવ શકે લઈ પરમસ્વાદ એનો જરી,
મમત્વ અતિગાઢ રાગ હજુ વ્યર્થ બેઠી કરી.

કદી ગ્રહણ ચંદ્રને કરથકી કરી વામન
શકે વિવિધ સાધને અતિવિશાળ માપી નભ ?
ગણે જલધિવીચિમાળ જન કોણ ને કો કરી
શકે સકળ સૃષ્ટિને પ્રણય આર્દ્ર આલિંગન ?

વિસાત નવ રામની મુજ સમીપ દીસે જરી,
કદીય નિજ જીવને નવ શકે તને એ મળી;
તજી કરુણતા હવે પરમધ્યાન મારું ધરી
કૃતાર્થ બન ને પ્રશાંતિ લભ પ્રેમ સાથે વરી. (૮૩)

અપરાધ નથી કશો કર્યો મેં અમંગલ કર્યું કાર્ય નથી
અજ્ઞાનથકી તોપણ મુજને રહી રોષથી વચન કથી.
સાચા અપરાધી તો પેલા રામ અનાચારી લક્ષ્મણ
અંગભંગ કીધી શૂર્પણખા અહંકાર સાથે કે વન.

નારીની મર્યાદાકેરો લોપ કર્યો ઉભયે ત્યારે
તારી બુદ્ધિ નષ્ટ થયેલી મમતા કે મોહે ભારે
કહી શકી ના એક શબ્દ કે વિરોધનો એકાંતમહીં,
સ્ત્રીની આદરભાવભાવના યાદ રહી ત્યાં લેશ નહીં ?

દાંભિક નિર્બળ માનવ આપે બીજાને ઉપદેશ સદા
અનુસરે નહીં કિન્તુ એને સ્વેચ્છાપૂર્વક સ્વયં કદા.

કરી શકું છું તો પણ તુજપે આક્રમણ નહીં કદી કરું,
તારી સંમતિ વિના નહીં હું સ્પર્શતણો અભિલાષ ધરું.
વિશિષ્ટતા સમજું છું તારી તેથી તો ઉત્તમ વ્યવહાર
કરીશ તારી સાથ હમેશાં, લીધો એમ કરી નિરધાર. (૧૧૧)

રાજપ્રાસાદમાં તારે રહેવું નહિ હોય તો
અશોકવાટિકા મારી લંકાની અણમોલ છે
રાખીશ તુજને તેમાં, પ્રેમથી પરિચારિકા
કરશે પરિચર્યા ત્યાં અર્પશે સુખસાંત્વના.

પવિત્ર પ્રેમ ના કો'દી થાય નિષ્ફળ વિશ્વમાં,
વિશિષ્ટતા તને મારી જણાશે કાળ વીતતાં,
વિશ્વાસ છે મને અંતે પ્રેયસી બનવા થશે
સ્વયં ઉત્સુક તું મારી. વસશે હર્મ્યમાં રસે

મહોત્સવમયી મારી જિંદગી સઘળી બની
આહ્લાદી ઊઠશે રંગે ભાગ્ય એ અદકું ગણી.
વદી વ્યથિત જાનકી, વચન વ્યર્થ સર્વે વદી
પ્રમત્ત જ્યમ તું રહ્યો પ્રબળમોહરૂપે પડી,

ભલે વિહરતો સહસ્ર મધુરાં દિવાસ્વપ્નમાં
તને કુપિત છોડશે અસુરશ્રેષ્ઠ, શ્રીરામ ના.
ગ્રહી પ્રખર અગ્નિજ્વાળ સુખ સાંપડી ના શકે,
કરી સતત પાન સોમલતણું ન કોઈ ટકે,

વિનાશ પ્રતિ તું રહ્યો પ્રતિપળે હવે તો વધી,
તને નવ ઉગારશે તુજ અસીમ શક્તિ બધી. (૧૨૯)



*****

## (૧૧) અશોકાવાટિકામાં

લાવ્યો લંકેશ લંકામાં જાનકી જિંદગી સમી
પ્યારી ગણી દિવાસ્વપ્ને અતિઅદભુત રાચતો,
અશોકવાટિકામાંહી ઉતારી રથ આખરે
સગૌરવ વદ્યો મીઠું હસી મોહછલ્યા સ્વરે,

મમત્વ કેટલું તારે માટે અંતરમાં ભર્યું
કલ્પના કર કલ્યાણી, કરી સાહસ આજ હું
પ્રાણને હોડમાં મૂકી લાવ્યો તેથી તને અહીં,
તારા વિના ખરે મારી ક્યાંય આસક્તિ ના રહી;



પ્રવાહો પ્રેમના દૈવી પ્રકટી પ્રાણમાં રહ્યા,
સમાવવા તને ઝંખે અંતરે અંતરાત્મ આ
છતાં ધૈર્ય ધરી રાખું તને ઉપવને અહીં,
સેવિકા-સંગમાં કોઈ વિપત્તિ પડશે નહીં.

રાજપ્રાસાદ નાનો-શો સરોવરતટે બન્યો,
સજાવ્યો ભોગ-ઐશ્વર્યે રૂપરંગથકી ઘણો,
એમાં વિરાજતાં એને કર પાવન પ્રેમથી,
જિંદગી વેદના-ચિંતા-કષ્ટ ભોગવવા નથી. (૧૯)

સૌભાગ્ય શ્રેષ્ઠ તારું કે મારો સંગ મળી ગયો,
પૂર્વપુણ્યો તણો કોઈ પરિપાક જ કે થયો
લંકામાં આવવા માટે સાંપડ્યો કે સુયોગ આ,
દેવદુર્લભ છે સાચે પુરી કેરો પ્રવેશ હા !

પ્રાણપ્યારી બની મારી રહે આ શાંત સ્થાનમાં
વિસરી રામને ધારી મને કેવળ પ્રાણમાં,
કૃતકૃત્ય દિને એક તારા શ્રીમુખથી કહે
આત્મા મારો સદા માટે તમારો કે થવા ચહે,

મંદોદરી પ્રિયા મારી બનીને પરિચારિકા
પરિચર્યા કરે તારી પછી સંનિધિમાં રહે,
શેષ જીવનની ન્યારી સિતારી મધુગીતિને
પામતાં ધન્યતા માણે રસાસ્વાદ મહા લહે.

પ્રતીક્ષા કરતાં બેઠો બેસી તેમ રહીશ હું,
પ્રાકટ્ય એકદા મારી જિંદગીમાં પ્રભાતનું
થશે પ્રેમતણા તારા એમાં સંશય છે નહીં,
પવિત્ર પ્રેમકેરો ના પરાભવ થતો કહીં. (૩૨)

જણાવ્યું જાનકીએ કે પ્રતીક્ષા સ્વપ્નમાં કદી
જન્મજન્માંતરે તારી થશે સફળ એ નહીં,
પવિત્ર પ્રેમનો જાણ્યો મહિમા હોત જો જરી
આસુરી વૃત્તિથી તો તેં મુજને હોત ના હરી;

નારીની માન મર્યાદા શુચિતાનો કદી તને
હોત આદર તો આવ્યો હોત ના કપટે વને.
અક્ષમ્ય છે કરી બેઠો અજ્ઞાની, અપરાધ તું
અહંકારતણા તોયે બોલે ક્ષુલ્લક શબ્દ શું ?

રાજપ્રાસાદ છે જોયા, ભોગ-વૈભવ-રૂપ ને
રંગની માધુરી માણી જિંદગીમાં હમેશ મેં,
પ્રલોભન મને એનું ચળાવી ન શકે જરી,
અન્યથા નેહનિષ્ઠાને રામની ન શકે કરી;

સંકલ્પ રામના પ્યારા પુનર્મિલનનો સદા
ધારીને મનમાં જીવું સાધનાભૂમિ વાટિકા
માની, સંસ્મરણો કેરાં પ્રેમપુષ્પ પરોવતાં
વૃત્તિના સૂત્રમાં, પ્રાણે વેઠતાં વસમી વ્યથા.

રાજપ્રાસાદમાં મારો થશે કો'દી પ્રવેશ ના.
વિશાળ વૃક્ષની નીચે લેતાં આશ્રય નિત્ય આ
વિરાજીશ મહાધ્યાને ડૂબીને મુજ રામના,
આરાધના મહામૂલી આરંભી શુચિ આત્મમાં.

કષ્ટ હાથે કરી તારે હશે ભોગવવું જ તો
આનંદ તુજને અર્પી શકશે માનવી ન કો' ,
છાયા શીળી પરિત્યાગી તાપમાં જ વિરાજવું
સંતપ્ત બનવા તારે મારાથી તો કરાય શું ?



આદેશ આપતાં તોયે સેવિકાગણને જઉં
સેવાકાજે, તને શબ્દો સ્નેહકેરા વળી કહું,
ભૂષણો શ્રેષ્ઠ વસ્ત્રોને ધારતાં વેદના તજી,
વસજે હર્મ્યમાં મારા મને ભાવ થકી ભજી

આવીશ મળવા માટે પુનઃ પ્રેમભરેલ હું,
પ્રમદા આજથી મારી બની સૌન્દર્યમૂર્તિ તું;
લંકેશ એમ બોલીને સેવિકાગણને મળી
મંદસ્વરે મહામૂલી સુચના શાંતિથી ધરી

સીતાની સઘળી સોંપી સુરક્ષા વાટિકામહીં
વિરાજી રથમાં ચાલ્યો અંતે આનંદને લહી. (૬૬)

*

વર્ષર્તુ ના હતી તોયે સીતાનાં લોચનો થકી
ધારાઓ વેદનાકેરી એકાએક રહી વહી,

ગર્જના ઘોર આત્માના થઈ આભમહીં વળી
ચપલા ચંચલા કેવી ચિંતાની ચમકી રહી;
સમીર સુસવાટાથી ચતુર્દિશ રહ્યો રમી,
ધૈર્યની ધ્રૂજવા લાગી ધરિત્રી અબળા સમી;

છૂપાયો ચંદ્ર શ્રદ્ધાનો આશાતારકને વળ્યાં
વ્યથાનાં વાદળાં વીંટી, અતિગાઢ તમિસ્રમાં
પ્રકાશપથ પેખાયો જરાયે નવ, આત્મમાં
અવ્યવસ્થા રહી વ્યાપી, દોડ્યાં દળ અશાંતિનાં.

રામ રામ રટી સીતા ધરતીપે ઢળી પડી,
રાક્ષસી સેવિકાઓ સૌ દેખી વિહ્વળ-શી થઈ
દોડી આવી કરી પ્રેમે પરિચર્યા વળી રહી,
વિયોગિની લભે ક્યાંથી શાંતિ સ્વપ્નમહીં કહીં ?

થઈ જાગ્રત જાનકી અંતે વદી
મનોમન કારુણ્યથી, બંધે પડી
કયા અપરાધે મહાપાપે અહીં
માહિતી મુજને ખરે એની નહીં,

કિન્તુ જન્માંતરમહીં સાચે થઈ
મહાપાતક કો'ક મારાથી ગયું
દંડ એનો ભોગવી ભારે રહી,
પરમ પ્રાયશ્ચિત્ત આ એનું થયું.

સ્વર્ણમૃગની મોહિની ક્યાંથી મને
ઘેલછા લાગી અચાનક ત્યાં વને,
કરી આગ્રહ કે દુરાગ્રહ દૂર કાં
જવા દીધા રામને સૌમિત્રને ?

ભાન ભૂલી, બુદ્ધિ ભ્રાંત બની ગઈ
લુપ્ત પ્રજ્ઞા એ પળે ક્યાંથી થઈ.
ભાગ્ય પલટાયું બધું મારું હવે
પડી મૃગલી દાઝવા જાણે દવે. (૯૬)



કોણ જાણે રામ ક્યારે આવશે,
લોચનો ક્યારે વિલોકી કર્ણ ને
સુધાસ્વરને સાંભળી કૃતકૃત્યતા-
તણો મંગલ લાભ ક્યારે પામશે;

પ્રાણ નિશ્ચેતન બન્યો,
આત્મ એકાકી થયો,
શુષ્ક જીવનવાટિકા સઘળી બની,
વિલાઈ શ્રી એહની આજે ગઈ,
રહ્યા એમાં કાળદૂત રસે રમી,
કોણ જાણે પામશે ક્યારે અમી ?

સિંધુ આ સુવિશાળ ઘોર વિયોગનો
ઊછળે ગરજે કરાળ પ્રમત્તશો
કોણ જાણે સુદુસ્તર ક્યારે તરી
રહીશું પાછાં અમે પ્રેમે મળી.

કોણ જાણે ફરી ક્યારે શાંત એ
માધુરી મુખની પરમ માદક મને
માણવા મળશે, દિવસ એક જ થયો
વિયોગતણો તોય કલ્પસમો ગયો.

કોણ જાણે અંત ક્યારે આવશે
વ્યથા-પીડ-અશાંતિ ચિંતાતણો,

રાત ક્યારે વીતશે, ક્યારે થશે
સ્વર્ણ સૂર્યોદય અનેરો વસ્લનો ! ૧૧૮

રામની ચિંતા મને ભારે થતી,
વિયોગતણી વેઠશે વસમી વ્યથા
કેમ આત્મા એમનો પ્રેમળ મહા,
કેમ જીવન એમનું રહેશે ટકી ?

રંગ પ્રકૃતિના અસાધારણ બધા
સદા સંમોહન જગાવે અંતરે,
પ્રલોભન પૃથ્વીતણાં પ્રાજ્ઞોતણા
સંયમી જનનાય હૈયાને હરે.

કરીને આસક્ત મમતાજ્વાળને
જગાવી દૈવી દિવાસ્વપ્ને ભરે,
સ્વલ્પ આરંભે ધરે ઉષ્મા છતાં
દગ્ધ ભસ્મિભૂત પણ અંતે કરે.

કિન્તુ પ્રજ્ઞા માનવીકેરી બધી
કસોટીકાળે તજી એને જતી,
ધૃતિ, તિતિક્ષા, અડગતા, નિર્લિપ્તતા
અણીને વખતે જતી સઘળી મટી.

અન્ય માનવની કરું કાં કલ્પના,
વાસ્તવિકતા જિંદગીની એ થઈ;



અરે ભાગ્ય તનેય ભ્રાંતિ જગાવતાં
કાળજે કરુણા જરી આવી નહીં ?
હૃદય રાગભરેલ આમ રડાવતાં
અશ્રુ ઊઠ્યું એક ના અંતરમહીં ? (૧૪૦)

મહા મુજ અપરાધકેરી રામ હે,
સ્નેહ સાથે અર્પજો મુજને ક્ષમા,
તમે તો કરુણાનિધાન અનંત છો,
ગમે તેવી તમારી તોયે રમા.

*

જેમતેમ કરી એણે મન સ્વસ્થ પછી કર્યું,
પરંતુ સ્વાદ નિદ્રાનો સ્વલ્પે સાંપડ્યો નહીં;
પ્યારી પંચવટી પંક્તિ પેલી પર્વતની નદી
ગોદાવરીતણી ધારા શાંત સુંદર વલ્લરી

વૃક્ષપુષ્પતણી માળા કેડી વનતણી વળી
મયૂર મૃગ ગૌ નાની ન્યારી પર્ણકુટી તણી
ઝાંખી કરી રહી દૈવી આંખ અંતરની જરી,
પ્રશાંતિ પ્રેમમૂર્તિના પ્રાણને લેશ ના મળી

દેશકાળ તણું જાણે વ્યવધાન રહ્યું નહીં,
દીર્ઘકાળ સુધી સ્નેહે વનમાં વિહરી રહી,
વાર્તાલાપ કર્યા કૈં કૈં રામ-સૌમિત્ર સાથમાં,
વિરાજી શાંતિથી અંતે ચરણે નિજ નાથના. (૧૫૬)

અશોકવાટિકાથી એ વિરાજી રંગમાં રથે
ગયો રાવણ ઉલ્લાસે શીઘ્ર શૂર્પણખાગૃહે
સત્કારી સ્નેહથી ત્યારે સુમનાંજલિને ધરી
બેઠી શૂર્પણખા સામે પ્રશસ્તિ એહની કરી.

સમાચાર સુણી સર્વે અતિ ઉલ્લાસથી વદી,
ભાગ્યશાળી નથી તારા સમો કોઈય માનવી
સુંદરીશ્રેષ્ઠ તેથી તો સીતા એ સાંપડી તને
દ્વંદ્વયુદ્ધ વિના આજે, શાંતિ સાચે થઈ મને.

અપરાધતણો લીધો બદલો આજ તેં ખરો,
મનોરથ સદા સર્વે તારા જીવનના ફળો;
તારા વિના કરે મારી લાગણી કોણ આટલી,
કથા ન્યારી કહેવાયે ભાવથી ભર ભ્રાતની.

કર્યાં સુકૃત તેં ભારે તેથી તો ભાગ્યદેવતા
થયા પ્રસન્ન ને અર્પી સીતા લાલિત્યની લતા,
પરિપાક ખરે તારાં પુણ્યોનો પ્રકટી ગયો
એથી સુયોગ સોનેરી દેવદુર્લભ એ મળ્યો.

તાજો વિયોગ હોવાથી કરે ક્રંદન સુંદરી
અજાણ્યા સ્થાનમાં સ્નેહે રામલક્ષ્મણને સ્મરી
સ્વલ્પકાળમહીં કિન્તુ વેદના વિસરી જશે
નિરુપાય બની તારી પ્રેયસી પ્રેમથી થશે



ત્યારે અંતર આહ્ લાદે મારું આનંદશે ખરે,
શક્ય છે સઘળું વિશ્વે સાધવું બળ કે કળે.
બલિદાન મહા આપ્યું મારીચે અંતકાળને
સમીપ સમજી અંતે થયો પૂર્ણ કૃતાર્થ એ,

ઉજાળી જિંદગી એણે કર્યું મૃત્યુ સમુજ્જ્વળ,
પ્રશસ્તિપાત્ર પ્રજ્ઞા ને એનું શ્રેષ્ઠ તપોબળ.
ઈતિહાસમહીં એનો યશ અંકિત છે થયો
વદ્યો રાવણ સેવાથી જન્મ વ્યર્થ નથી ગયો;

સાનુકૂળ થતાં ભાગ્ય અનુકૂળ બધું બને,
વનસ્થલી રણે જાગે, પામે વૈભવ નિર્ધને,
આજ્ઞાંકિત બની જાયે સેવકો સઘળા ગ્રહો,
વિરોધી અવિરોધી ને વિષ થાય સુધા અહો ! (૧૮૮)

*

મદોન્મત્ત ગયો તરત પ્રેમે પછી
રમ્ય અતઃપુરમહીં મીઠું હસી,
વાત ને સંક્ષિપ્ત સઘળીયે કરી,
સુણી છેક વ્યથિત થઈ મંદોદરી
કહેવા લાગી તમે આ શું કર્યું,
એક સન્નારીતણા સુખને હર્યું,

છળતણો આશ્રય લઈ
વિવેકાંધ બની જઈ

કરી બેઠા ઘોર દુસ્સાહસ નરૂં,
કર્યો કાળ અશાંતિનો સાચે શરૂં.

શિખામણ મારી તમે માની નહીં,
કરી મૈત્રી મોહથી મારીચની
અમંગલને જિંદગીના ક્ષેત્રમાં
ઘોર વાવ્યું વાસનાના ઘેનમાં

દુર્વિચાર થયો જ તમને કેમ આ,
અને ધારો કે થયો તો એહનો
કર્યો આચારે અશુભ અનુવાદ કાં,
થઈ કેમ અનર્થકારક ભાવના ?

પ્રવૃત્ત થયા પાપપથ શાને તમે,
મહામુનિઓ દેવતા જેને નમે
કરી બેઠા રામનો અપરાધ એ
સુહૃદ સૌના જે ચરાચરને ગમે.

સ્વપ્નમાં ના અશુભ કરતા અન્યનું
તમે એનું અમંગલ આજે કર્યું
મહાપાતક કરી બેઠા મોહથી,
હરી સીતાને નહીં, જીવન હર્યું.

કલ્પના તો કરો કે કોઈ મને
હરી હોત ગયું કદી નગરે વને



પ્રતિક્રિયા તો તમારા પર થાત શી,
વધાવત તેને તમે અભિનંદને ?

પ્રશંસા તેની કરીને પ્રેમથી
હોત માની શક્યા મંગલ કર્મ એ ?

પાળવી પરસ્ત્રી તણી
ભોગને નશ્વર ગણી
સમર્પી દેતાં સમય પર જિંદગી
લાજમર્યાદા સદા આદરથકી,
શીખવે સૌ શાસ્ત્ર ઉત્તમ ધર્મને,
પરમપ્રાજ્ઞ છતાંય ભૂલ્યા મર્મને.

કો'ક સાધારણ પ્રજાજનથી થયું
કદીકાળ કુકર્મ આવું હોત તો
તોય આદરણીય લેશ પ્રશસ્તિને
પાત્ર હોત નહીં જ કોઈયે ગણ્યું,

તમે તો લંકેશ છો, સમ્રાટ છો
તો પછી અવનીતણા આદર્શ છો,
પ્રજાપાલક થઈને મારક બનો
રાજ્યશાસનમાં રહે તો સાર શો ?

સૂત્ર છે શાસનતણાં
જેમને હસ્તક વળી

પ્રજા જેઓને રહી
અધીશ્વર સાચા કરી

તે જ દુર્બુદ્ધિ કરે, મદને ભજે,
ન્યાય-નીતિતણા વિચાર બધા તજે,
લાલસા ને લોભ સ્વારથને સજે,
વ્યવસ્થા તો રાષ્ટ્રમાં ક્યાંથી રહે ?

સુરક્ષા સુખશાંતિ સમૃદ્ધિ ચહે
માનવી પણ એમને ક્યાંથી લહે,
અનલ નિત્ય અશાંતિના સૌને દહે.
છે મહાન જવાબદારી એમની,

પ્રજાહિતની એજ ઉત્તમ નેમની
તિલાંજલી આપી બને ઉન્મત્ત તો
પૂર્ણશ્રદ્ધા શાસને છે જેમની
એમના અંતર ન આનંદે કદી.
પ્રજાને ના સાંપડે સુખની ઘડી.

એમની દ્વારા પ્રજાને પ્રેરણા
મળે ક્યાંથી, શી મળે ? અવહેલના
સહજ માનવધર્મકેરી સૌ કરે,
શ્રેષ્ઠ ના આદર્શ કોઈને મળે. (૨૫૫)



વિલાસ નથી આપણા જીવનતણો
કદીયે આદર્શ કોઈએ કહ્યો,
શ્રુતિ તથા સ્મૃતિ મંત્ર અર્પે શ્રેયનો
ત્યાગ સંયમનો, ન કેવળ પ્રેયનો.

પૂર્વજો કેવા પ્રતાપી આપણા
તપોધન પાવિત્ર્યની પ્રતિમા સમા
ચરાચરમાં પેખતા પરમાત્મને
સુકૃતના સ્વામી સદા અધ્યાત્મનાં
સ્પંદનોથી પુનિત કરતા પ્રાણને
પ્રાપ્ત કરવા પ્રેમથી પરમાત્મને.

પરમશ્રેષ્ઠ પુલત્સ્ય મુનિના વંશમાં
તમે જન્મ્યા મહાપંડિત ને બન્યા,
કલંક્તિ એ વંશ દુષ્કર્મે કર્યો,
મર્મ ના પાંડિત્યનો લેશે મળ્યો,
લજાવ્યું જીવન તમારું આખરે,
મેળવ્યો યશ સર્વ માટીમાં ખરે. (૨૭૧)

શાંતિ વૈભવથી જ કેવળ ના મળે,
પ્રતિષ્ઠા પાંડિત્ય ને સામર્થ્ય કે
સૃષ્ટિના સામ્રાજ્યનું સુખ સાંપડે
અષ્ટ સિદ્ધિ, કદી સ્વેચ્છાથી વરે
તોય ના સાર્થક્ય જીવનનું કરે.

સમન્વય લૌકિક અને અધ્યાત્મનાં
પરિબળોનો સદાયે કરવો પડે,
હેતુ માત્ર શરીરથી ન શકે સરી,
અલંકૃત શુચિ આત્મને કરવો રહે.

કામનાના લાલસા મદમોહના
અસૂયાના દંભના વિદ્વેષના
બંધમાં બંધાયેલો જન ના કદી
પૂર્ણતાને શકે પ્રાપ્ત કરી ઘડી.



આસુરી ભાવો વિચારો વૃત્તિઓ
જ્યાં લગી જીવનમહીં તાંડવ કરે
દિવ્યતામાં પ્રતિષ્ઠિત ના માનવી
પાશવી પરતંત્રતાને પરહરે

ત્યાં લગી એ પંગુ વામન ક્ષુદ્ર છે
શ્રેષ્ઠ અધિકારી નથી ગૌરવતણો,
સુસંસ્કૃત સમજે ભલે અજ્ઞાનથી
અસંસ્કારી કિન્તુ કે પામર ઘણો.

ઉપાસક કૈલાસપતિ કેરા તમે
અનુગ્રહથી એમના પાવન થયા.
મર્મ ભૂલ્યા ધર્મનો કર્તવ્યનો.
પતિત તોય કુમાર્ગગામી કાં બન્યા ? (૨૯૬)

દશાનન હસી બોલ્યો, મારા કર્તવ્યનું મને
ભાન છે એટલે તો હું પહોંચ્યો દૂર ત્યાં વને,
પ્રજાપાલક છું સેવું પ્રજાની હિતભાવના
તેથી સહી શકાઈ ના સ્વલ્પ શૂર્પણખા-વ્યથા

રામને દંડ દેવાને સીતાહરણ મેં કર્યું
સમુજ્જવલ બન્યું મારું કુળ એના થકી તર્યું,
મર્મ પાંડિત્યનો જાણું શ્રુતિનિષ્કર્ષને વળી
આદર્શ માનવીને હું સર્વશ્રેષ્ઠ રહ્યો ધરી,

અભિનંદન તોયે તું અર્પતી મુજને નથી,
પરાક્રમતણી પ્રેમે પ્રશસ્તિ કરવાતણી
કલ્પનાય કરે ના કે તારું સૌભાગ્ય જાણતાં,
ક્લેશકારક કલ્યાણી, કટુ શબ્દ રહી કથી.

વિવેકી અન્ય નારીએ મારા સામર્થ્યની સુણી
કથા પ્રસન્ન બનતાં માળા પુષ્પોતણી ધરી
અભિનંદનની મીઠી વૃષ્ટિ હોત સુખે કરી,
એકે શબ્દ પ્રશંસાનો તને તો સાંપડ્યો નહીં.

મારું ભાગ્ય જ છે એવું જેને અંતરથી ચહું
જેની સંનિધિમાં સ્વર્ગસુખ સાર્થક્યને લહું
અભિનંદન અર્પે ના એજ એજ કરે નહીં
મારી કદર, ને જેને ચાહું સ્વપ્નમહીં નહીં

તેને જોયા વિના હો તે દૂર તોય સદા ચહે,
પ્રશસ્તિવચનો તેને કરી યાદ વળી કહે. (૩૧૮)

વ્યથિતવદના ને વદી મંદોદરી
અશ્રુ સાથે આર્ત આંખમહીં જરી,
પતિવ્રતા પ્રેરે સદા સત્કર્મમાં
ન્યાય-નીતિપંથે ચિરંતન ધર્મમાં

પ્રેમથી પતિને, પ્રશસ્તિ એહના
પાપની અપરાધકેરી ના કરે,
વિપથગામી ભ્રાંતબુદ્ધિ થાય તો
કદીયે અભિનંદનોને ના ધરે.

એક જીવનરથતણાં પૈડાં સમાં
સહાયક બનતાં પરસ્પર પ્રેમથી
લાગણી શ્રદ્ધા સમુન્નતિ-નેમથી
પુરૂષપ્રકૃતિનાં પ્રતીકો સૃષ્ટિમાં

સુધાસંચય તેમ સિંચનહેતુથી
પ્રયત્નો કરતાં નિરંતર સાધના
શાંતિસુખની પૂર્ણતાની સાધતાં
કરે ઉજ્જવળ ધન્ય જીવન એમનું

ગાન ગાતાં પ્રેયકેરું શ્રેયનું;
તમે વિસર્યા શ્રેષ્ઠ એ આદર્શને,



પ્રશંસા સ્વપ્ને પણ કરું કેમ હું ?
પાપને હું પુણ્ય શેં માની શકું,
અંધકાર પ્રકાશ શુચિ ક્યાંથી કથું
સત્ય કેમ અસત્યને જીવન મહા
મરણને માહાત્મ્યમય માની લઉં ? (૩૪૧)

નથી બગડી ગયું પૂર્ણપણે કશું ;
પાપ સર્વ કરે મનુજ બનતાં પશુ-
થાય બદતર કરે છે અપરાધ સૌ;
ત્રુટિરહિત ના રામસરખા લોક સૌ;

જાગતા જે જાણતા સુધરી જતા
સત્પુરૂષ તે પૂજ્ય પૃથ્વીમાં થતા,
પાપપંકમહીં જ લિપ્ત રહે બની
જિંદગીને રહેતા તે તો હણી.

દુર્જન સદા પુણ્ય સમજે પાપને
દોષને ગુણ ગણે શાંતિ અશાંતિને
શુભ અશુભને જણાવે જાણે વળી
તે જ તમને સુકૃત દુકૃતને કરી

ધર્મ ઘોર અધર્મને માની રહે,
એમની બુદ્ધિ કદી સત ના ચહે,
તમે સજ્જનશ્રેષ્ઠ પ્રજ્ઞાપૂત છો

રથમહીં પ્રસ્થાન સીતા સાથ તો
કરી સત્વર દંડકારણ્યે જઈ
પ્રશસ્તિ શ્રીરામની પ્રેમે કરી
સમર્પો અર્ધાંગિનીને એમની,

રામ સૌ અપરાધને ક્ષુલ્લક ગણી
ક્ષમા ધરશે તો તમોને ને પછી
અર્પતાં અભિનંદનો મીઠું હસી
પહેરાવી પુષ્પમાળા પ્રેમથી

વધાવીશ કરીશ કે સત્કાર હું,
એ દિવસ એ ક્ષણ થશે કૃતકૃત્ય શું !

*

કહ્યું તરત લંકેશે મારે એ કૃતકૃત્યતા
કલૈબ્યથી સાંપડેલી ના ભીતિથી પામવી કદી,
યશ ધૂલિમહીં મારે નથી મેળવવો હવે,
નાખવું દિલને પાછું નથી દારુણ કે દવે.

પ્રશસ્તિનો નથી ભૂખ્યો તારી બુદ્ધિ જ કેટલી,
પૂર્ણ ચંદ્રસમીપે કો ક્ષુદ્ર તારક જેટલી,
મોહિની તુજને લાગી હોય નિર્બળ રામની
સહોદરા સખી જેવી લાગતી હોય જાનકી

અર્પવા શાંતિ તો સ્નેહે રામની પાસ જા ભલે,
કહેતી હોય તો હર્ષે પહોંચાડું તને વને;



મિથિલેશકુમારી છો વેદના વહ્નિમાં જલે,
છોડી શકીશ ના એને હવે સંતોષવા તને;

પ્રાણપ્યારી છતાં તારી ના શિખામણ સાંભળું,
ગુરૂપદે પ્રસ્થાપીને શ્રેષ્ઠ સૌભાગ્ય ના હરું,
સાંપડ્યું રત્ન છે જ્યારે સહસા અણમોલશું
ભૂલેચૂકે પરિત્યાગી એને દીન નહીં બનું. (૩૮૨)

શીલવંત પવિત્ર કોઈ પૂર્ણ ના,
માનવીમાં રહે નિત્ય અપૂર્ણતા,
હરે કોઈ મનથકી કોઈ તને,
ભાવથી કોઈ કળે અથવા બળે;

હરણ કોઈનું રહેતું ગુપ્ત તો
પ્રકટ બનતું અન્યનું, સ્વેચ્છાથકી
હરે કોઈ કો'ક બળજબરી કરે,
કો'ક હરવાને ચહે ઘાટો ઘડે

તદપિ ના સંજોગ મળતાં ના હરે.
નથી અત્યાચાર કોઈયે કર્યો,
શ્રેષ્ઠતમ આવાસ મેં એને ધર્યો,
પાપબુદ્ધિ હોત તો બળ વાપરી

હોત કામુકતાતણી તૃપ્તિ કરી;
છૂટ આપી શાંતિ સાથ વિચારવા

કર્યું એમાં કહે પાતક લેશ ક્યાં ?
નાક કાન પવિત્ર શૂર્પણખાતણાં
કાપવામાં પાપ ના દીસે તને
એટલે તો શબ્દ એકેયે નથી
એ સંબંધી વિરોધી ઉચ્ચારતી.

દલીલો સઘળી તમારી વ્યર્થ છે
જણાવ્યું મંદોદરીએ પ્રેમથી,
તમારું અંતર ભર્યું થોડીઘણી
હોય જો સમભાવનાથી રે'મથી

મુક્ત સીતાને કરી દો શીઘ્ર તો
શીલવંત પવિત્ર કે સાચા બનો,
ગુલામીને કહે કોણ સ્વતંત્રતા,
ભીતિને માની શકાય પવિત્રતા ?

એક નારી જ નારીની દશાને સમજી શકે
મનને અંતરાત્માને હૈયાને પ્રેમના બળે,



ઉમંગ એહનો એની વ્યથાને ઓળખી શકે,
સહાનુભૂતિથી એને મૂલવે ન્યાય કે કરે,

પ્રાર્થું છું એટલે પ્રેમે કરી દો મુક્ત જાનકી,
બનો ના પ્રાજ્ઞ છો તોયે ઘોર પારધિ પાતકી.
દશા એની હશે કેવી મૃતપાય મૃગી સમી,
તમારા અંતરાત્માથી ખૂટ્યું કેમ બધું અમી ?

લાલસાયુક્ત ના કિન્તુ ચિત્ત લંકેશનું ચળ્યું,
અહંતાથી ભર્યું એણે અટ્ટહાસ્ય જરી કર્યું
ત્યારે મંદોદરી ધારી મૌન પર્યંકમાં પડી,
વિચાર્યું એહણે કોઈ ગતિ દુષ્કૃતની નડી.

સાંપડી સ્વસ્થતા લેશે ચિત્તને શાંતિ કે નહીં,
દીર્ઘકાળ સુધી નિદ્રા રીસાઈ અળગી રહી;
વિનાશકાળ આવે તે પહેલાં માનવીતણી
વિપરીત બને બુદ્ધિ, વદી એ વેદનામહીં. (૪૨૫)

*****

## (૧૨) મંદોદરીની મમતા

પ્રવાસે પૃથ્વીતણા
અંતરાય રહ્યા ઘણા,
મુસીબતકેરી નથી
દીસતી એમાં મણા.

ગુલાબો તો ક્યાંક છે,
કંટકો બહુધા રહ્યા;
મહોત્સવ ક્યારેક પણ
અધિક વ્યાધિ-વિષાદના

વિરોધી પવનો વહે,
પાશવી પ્રતિકૂળતા
ક્ષણિક ઉલ્લાસોતણા
ભવનને બક્ષે દહે.

પુણ્યવંત પ્રવાસ છે
સુખદ શ્રુતિ તોયે કહે.

*

પ્રવાસે જીવનતણા ના પ્રકાશ જરી મળે
પ્રયાસો કરવા છતાં હેતુ ના કોઈ સરે
નિરાશા વીંટી વળે માર્ગ ના જ્યારે જડે
વિધાનો અદ્રષ્ટનાં વિરોધી ભારે નડે,



અમંગલ ઓળા મહા આવરી અંતર રહે
પ્રાણ ના વિશ્રામને લક્ષ યત્ન કર્યે લહે,
સર્વવ્યાપક શ્રેષ્ઠ કે શક્તિનો આધાર લે
માનવી ત્યારે ચહે તેમ માગે શાંતિને.

પ્રાર્થના મિથ્યા નથી સુજ્ઞ માનવની થતી,
તેજરેખા તિમિરના પ્રાણમાં પ્રકટી જતી,
વાદળાં નૈરાશ્યનાં વિખેરાતાં આખરે
કપાઈ કંટક જતા પથારી ગુલ પર થતી.

પ્રવાસે પૃથ્વીતણા ઉત્સવોની ના મણા
રહેતી, સ્વર છૂટતા સુખદ ને સાર્થક્યના. (૪૨)

*

મંદોદરીએ પણ પ્રાર્થનાનો
આધાર લીધો અણમોલ આખરે
ત્યારે મળ્યું સાંત્વન સ્વલ્પ એને
ખીલી રહ્યું પદ્મ પ્રકાશનું સરે.

કારુણ્યભીના ઉરથી સુધાસ્વરે
બોલી, તમે છો પ્રસર્યા ચરાચરે
સર્વજ્ઞ ને સર્વસમર્થ સાચા
વેદો સ્તવે છે તમને વખાણતાં,

તો પ્રાર્થના અંતરની સુણીને
પ્રકાશનું દાન અમોઘ આપો
લંકેશને, વ્યાકુળ જાનકીના
વિયોગનું સત્વર કષ્ટ કાપો,

જેથી બને જીવન શાંત એનું
સુખે છલેલું મધુરું અનેરું;
દુર્બુદ્ધિ લંકેશતણી સુધારી
સૌભાગ્ય દો સન્મતિનું પ્રભો, તમે.

અશક્ય કાંઈ નવ છે તમારી
અનંત લોકોત્તર શક્તિ પાસે,
કરો કૃપા તો પગ પંગુ પામે
જન્માંધ ને મંગલ દ્રષ્ટિ મેળવે,

લભી રહે અજ્ઞ અનંત જ્ઞાનને,
પરાસ્ત પામે જય તેમ કીર્તિને.
વિયોગની પીડ અખંડ યોગના
ઉલ્લાસમાં પર્યવસાન પામે,

નૈરાશ્ય આશે પલટાય, મૃત્યુની
ભરાય પ્યાલી નવજન્મ-જામે.
કઠોર જ્વાળા પ્રિયના વિયોગની
દઝાડતી અંતરને જલાવતી,



મહારથીને તપસી-મુનીંદ્રને
ને ભક્ત-જ્ઞાનીજનને રડાવતી
તો જાનકીની કરવી કથા શી,
અત્યંત પ્રેમી મૃદુ આત્મ એનો

સહી શકે કેમ કરી વિયોગને
આધાર એને લવલેશ શેનો ? (૭૬)

હશે વ્યથાથી ભર છેક રામ
સીતાતણા દારુણ વિપ્રયોગથી,
બન્યું હશે નીરસ ને સ્મશાનશું
અરણ્ય સાચે મન એમને બધું.

આનંદથી નિત્ય અખંડ ઓપતું
વિશીર્ણ શોકે મુખ એ હશે બન્યું,
અંગાગમાહીં અવસાદ કેરું
થઈ હશે તાંડવ ઘોર શું રહ્યું.

ભેગા કરી દો પરમાત્મ, એમને
વિયોગના વેદનને શમાવી,
લો લક્ષમાં પ્રેમળ શીઘ્ર પ્રાર્થના,
સંતપ્ત એ અંતરને તપાવી

અશાંતિ અર્પો વધુવાર લેશ ના,
કરો પરિપ્લાવિત પ્રાણ પ્રેમમાં.

સૌભાગ્ય એવું મુજને સમર્પો
કે પામતાં દર્શન દિવ્ય એમનું
બની રહે લોચન ધન્ય મારાં
અનાદિ તૂટે જડ પ્રાણતાળાં,

કરી રહે જીવન આ મહોત્સવ
શબ્દો સુણી સ્નેહછલેલ એમના,
શુભાશિષો પ્રાપ્ત કરી અનેરી.
પ્રશાંતિ પામે કૃતકૃત્ય આત્મ આ.

ના ચાહના અન્ય ઉરે મહારા
કે વાસના ભૌતિક ભોગકામના,
સાનિધ્યને શાશ્વત સત્ય સ્નેહને
પામી લઉં દિવ્ય કદીક રામના

કૃતાર્થ તો જીવન કૈંક આ બને,
એ એક છે અંતરની અપેક્ષા.
મંદોદરી પ્રેમળ પ્રાર્થના કરી
રાતે રહી અદભુત યોગિનીસમી,

વિષાક્ત વાતાવરણેય એના
ખૂટી ગયું અંતરનું નહીં અમી. (૧૦૮)
વિષણ્ણ નેત્રે હૃદયે વિચારે
બીજે દિને શૂર્પણખા સવારમાં



જઈ પહોંચી મધુ વાટિકામાં
સીતાસમીપે હસતાં ગુમાનમાં
બોલી, મને શાંતિ મળી નિહાળી
વિશીર્ણ તારા મુખને વ્યથાથી.

*

અરણ્યે એકાંતમાં
રામ લક્ષ્મણ સાથમાં
રહેતી આનંદથી
રાવણે તુજને હરી

ઘોર અપમાનિત કરી
કુરૂપ ગુમાને મને
દંડ આ એનો મળ્યો
એમને તેમજ તને,

નાક-કાનવિહીન હું
આતતાયી બની
વેદના તિલમાત્ર ના
તે સમે તુજને થઈ;

કરેલો ઉપહાસ તેં
હાસ્ય કટુ કેવું હસી,
એટલે લંકામહીં
દૂર આજ રહી વસી. (૧૩૦)

ભયંકર દુષ્કર્મનું ફળ મળ્યું તુજને હવે
નિહાળી શકશે નહીં રામને, જલતાં દવે
ભસ્મિભૂત થઈ જશે યંત્રણા ભારે સહી,
ત્રિલોકે કોઈ કદી ઉગારી શકશે નહીં.

રામના સંસર્ગમાં સુખ તને શું સાંપડ્યું,
એમનું દુર્ભાગ્ય કો સદાયે તુજને નડ્યું;
સ્વયંવરમાં એમને રહી વરમાળા ધરી
એ ઘડીથી કષ્ટની લહાણી તુજને મળી.

અમંગલમાંથી કરી
મુક્ત તુજને રાવણે
અનુગ્રહિત કરી સદા
જિંદગી નૂતન ધરી.

નવા રસ આનંદની
શક્યતા સુખની વળી
એહના સહયોગથી
સાંપડી તુજને રહી,

અર્પવાં અભિનંદનો એહને તારે ઘટે,
સંસ્મરણ ઉપકારનાં કદી ના મનમાં મટે;
એહનો બદલો હવે પ્રેયસી એની બની
વાળ તું જીવનમહીં સુખી સામ્રાજ્ઞી થઈ. (૧૬૨)



જિંદગીભર વેદના
વેઠવા કરતાં ધરી
જિંદગી લંકેશને
શોકને સહેજે તરી
લભી લે કૃતકૃત્યતા;

ભૂતને ભૂલી કરે વર્તમાને મેળ જે
શ્રેષ્ઠ બુદ્ધિમાન છે માનવી આદર્શ એ.

વિચારી જો શાંતિથી મહારાં વચનો જરી,
ભાવના કલ્યાણની અંતરે મારા ભરી;
શિખામણ આપું તને કટુક એ લાગે ભલે,
સ્નિગ્ધ અંતર અન્યના કષ્ટને જોઈ જલે,

એટલે નિઃસ્વાર્થ આ માર્ગદર્શન મેં કર્યું ;
કરું મંગલ હું ભલે અમંગલ મારું થયું.
કહ્યું સીતાએ મને માહિતી કલ્યાણની,
રામની આ જિંદગી, રહેવાની રામની

પુંશ્ચલી સમજી શકે સતીને ક્યાંથી કહે,
દોહતાં નભ માનવી દુગ્ધને કોઈ ચહે
ચાહના એ શુદ્રને તો શે યથાર્થ બની શકે,
પ્રલોભન પાવિત્ર્યની સમીપે ન કદી ટકે.

કરી દે સંહાર છો યંત્રણા ભીષણ ધરે,
પ્રાણ નિષ્ઠા ત્યાગશે ચિત્ત તોય નહીં ચળે,
રામનાં ચરણોતણું ધ્યાન આત્મ સદા ધરે,
ટકે જીવન સર્વ આ પ્રણય-અમૃતના બળે

એ અમી-આસ્વાદને છોડશે ના ધ્યાનને,
હવે ના આકર્ષશે અન્ય કોઈ પ્રાણને.
વિષાદે પડવું નથી વધારે મારે હવે,
તપે રાવણ જંગલે જઈ ઘોર ભવોભવે
તોય પ્રાપ્ત કરી શકે મને જીવનમાં નહીં ;
શાંતિ સીતાએ ધરી વચન શ્રદ્ધાનાં કહી.

વિદાય થતાં રાક્ષસી તદા શૂર્પણખા વદી,
નથી તો લંકેશને કશી તારી પણ પડી;
શ્રેય કરવાને ચહું કિન્તુ તારા ભાગ્યમાં
અમંગલ જો હોય તો અધિક શબ્દો શું કહું ?

બજાવ્યું કર્તવ્ય મેં બજાવીશ હજી વળી;
મોહિની તુજ મનમહીં દીસતી રામે ભરી
એટલે બુદ્ધિ બની ભ્રાંત છે તારી બધી,
વ્યથા વ્યર્થ વિયોગની અકારણ તેમજ વધી. (૨૩૧)

*

સીતા વિચારી મનમાં રહી કે
છે નામ આદર્શ અશોકવાટિકા



જણાય આહ્લાદકતા જરી ના
છતાં, બની ભીષણ શોકવાટિકા
જલાવતી અંતરને મહારા
જગાવતાં અદભુત ઝેરજ્વાળા.

ના સ્વસ્થતાનું અણમોલ દાન દે
ના સાંત્વના તેમજ સ્વલ્પ સીંચી
દે પ્રેરણા નૂતન ચેતનાને,
પીડી રહી વ્યાકુળ નિત્ય પ્રાણને.

ક્યારે થશે સત્ય અશોકવાટિકા
યથાર્થનામા સમજી શકું નહીં,
વિશ્વાસ છે કિન્તુ મને અનોખો
વિપત્તિ કો' કાયમ ના શકે રહી.

વીતી રહી ભીષણ વેદનામાં
ચિંતા વિષાદે ક્ષણ જાનકીની,
માળા રહ્યું અંતર કૈં પરોવી,
બની ગઈ એ જડ ભૂમિ ભીના.

મંદોદરી મ્લાન મુખે પ્રવેશી
ઉદ્યાનમાં વેદન સાથ ત્યારે
સીતા સમીપે અતિમંદ ચાલે
આવી પહોંચી રમણીય દ્વારે

છોડી દઈને નિજ પાલખીને
બેઠી ધરાપે પરિપૂર્ણ પ્યારે.

ઊગી ન હોયે પરિપૂર્ણ ચંદ્રિકા
સલક્ષ્મ, ખીલી નવ હોય પદ્મિની
શેવાળથી સુંદર વીંટળાઈ,
વિષાદઘેરી રતિ દેહ ધારી

નવો ન હોયે વનમાં પધારી,
સૌન્દર્ય માધુર્ય સમેત ના હો
જાણે વનશ્રી પ્રકટી અનેરી,
રહી વિચારી શુચિ એમ જાનકી.

*

મંદોદરીને પણ એમ લાગ્યું
સીતા નથી આ રસની, વિયોગની
વ્યથાતણી કે પરિપૂર્ણ પ્રીતિની
સૌન્દર્ય પાવિત્ર્ય તથા વિષાદની
દેવી ધરાપે પ્રકટી સુનીતિની. (૨૯૮)

અશ્રુભીની આંખથી પૂર્ણ પીડિત પ્રાણથી
વિલોકી કલ્પી વ્યથા વદી સત્વર સુંદરી;
રામ ને સીતાતણા સુખદ દર્શનની હતી
અભીપ્સા અંતરમહીં દિવસરાત વધ્યે જતી.



સાંભળ્યો યશ રામનો અંતરાત્મા ત્યારથી
બની આતુર ઝંખતો મિલનની પળ પ્યારથી.
કોણ જાણે રામને નિહાળી ક્યારે થશે
લોચનો કૃતકૃત્ય આ અંતરે આનંદશે,

એ દિવસ દૈવી ઘણો દૂર દીસે છે મને,
સુકૃત એવાં ના કર્યાં પુણ્ય ન્યારાં આ તને;
લાભ દર્શનનો મને પૂર્વના પુણ્યે મળ્યો,
અચાનક તારો અહીં યોગ કો' મંગલ થયો,

કિન્તુ કો'દી કલ્પના
કરેલી આવી નહીં
કરુણ સ્થિતિમાં આમ કે
અરણ્યે એકાંતમાં
વ્યથા તેમ વિષાદમાં
આમ મળશું આપણે. (૨૯૮)

વિધાતાની યોજના સુનિશ્ચિત આવી હશે,
કોણ લેશ વિધાનને ભાગ્યના ટાળી શકે;
કલ્પનાયે હોય ના, હોય ઈચ્છાયે નહીં.
છતાં માનવ વિશ્વમાં નિત નિમિત્ત બની રહી

કર્મ કરતાં ભોગવે કર્મફળને કૈં વળી,
કાળચક્ર અનંત આ ગહન રોજ રહ્યું ફરી. (૩૧૦)

હર્મ્યમાં કોદી વસે માનવી તેમજ વને,
ક્ષુધાર્ત કદી તો વળી ભાવતાં ભોજન જમે,
હસે તેમ રડે લભે જયપરાજય લાભ ને
હાનિનો અનુભવ કરે વિયોગી યોગી બને.

વિરોધાભાસે ભરી જિંદગી આ આપણી,
છાંય શીળી તો કદી મળે તીખી તાપણી;
સુધાપાન કદીક તો કદી વિષની વેદના,

થાય અનુભવ કાળનો કદી મળતી ચેતના;
એમ ક્રીડા કાળ આ અહર્નિશ કર્યા કરે,
છતાં જેઓ સ્વસ્થતા સર્વદા મનની લહે
તેજ જ્ઞાની, એમનાં હૃદય દર્શનને ચહે.



પતિ કરે તે સોસવું સદા પત્નીને પડે,
સહપ્રવાસતણાં બધાં સંકટો એને નડે;
હરી લંકેશે તને એ મહા અપરાધની
આજ માગું છું ક્ષમા કરુણ હું મંદોદરી.

એમની અર્ધાંગિની જ્યારથી પ્રેમે બની
ન્યાય-નીતિ પથે જ મેં પ્રેરણા પાવન ધરી
યત્ન જીવનને કર્યો એમના અજવાળવા,
આસુરી સંપત્તિનાં આવરણને ટાળવા,

ત્યારથી કર્તવ્ય એ અનેરું મારું ગણી;
વિરોધ કર્યો મેં છતાં એમણે માન્યું નહીં,
હરણ કરતાં પાશવી શાંતિ મુજ સઘળી હણી.

શિખામણ આપી રહી મુક્ત કરવાને તને
જવાને પ્રેમે વળી રામની પાસે વને
નથી સાંભળતા છતાં હામને હારી નથી,
રોજરોજ રહીશ હું પૂર્ણ શ્રદ્ધાથી કથી.

કદી તો અંતરમહીં જાગશે સંવેદના,
પ્રવાહો પ્રકટી જશે સૂક્ષ્મ સાચા સ્નેહના,
કદી તો અપરાધનો થશે પશ્ચાતાપ યે,
પ્રયત્નો કરતી સદા ધારતાં વિશ્વાસ એ.

ઊર્મિલા જેવી મને
વહાલી ભગિની ગણી
કહેજે પ્રેમે કથા
બધીયે સુખદુઃખતણી;

મળી છું આજે તને
તોય લાગે છે મને
કેટલાયે જન્મથી
આપણે સાથે રહી

કરીએ ક્રીડા જગે

ભરી રસ આત્મામહીં;
ફરી આજેયે મળ્યાં
અવનવીન પ્રદેશમાં

દીર્ઘ સમયે તે છતાં
અનુભવી સંકોચ ના
રાખતી અંતર જરા,
પ્રાર્થના પ્રેમે કરું,
ભાગ્ય માનું લેશ જો
વ્યથાને તારી હરું. (૩૮૮)

વ્યથા ઘોર વિયોગનાં
વિરોધાભાસી વળી
અન્ય આવે વાદળાં
વ્યોમમાં જીવનતણા,

ડરાવે ગર્જે કદી
તોય ભીત થવું નહીં
માનવું કે વાદળાં
શકે ના શાશ્વત રહી.

સૂર્યના નવતેજથી વિખેરાઈ એ જતાં,
તેજ કેરાં તાંડવો તરત ત્યાં સુંદર થતાં,
તેમ ચિંતા-વેદના-વિષાદતણાં વાદળાં



જશે એક દિવસ હઠી રામનો અનુગ્રહ થતાં
મહોત્સવ જીવનમહીં થશે નૂતન દિવ્ય કો,
રામ મળશે ને થશે વિજય પાવન પ્રીતનો.

શબ્દ સીતાકાજ સૌ
સુખદ ને મંગલ થયા,
બની અમૃતવર્ષણે
શાંત તપ્ત બધી ધરા;
સાંપડી સંજીવની
સહજ કો’ મૃતપ્રાયને,
અંધકારાવૃત્ત કે
એકલા આવાસમાં

મધુપ્રકાશ પ્રદીપિકા
પુનિત કો પ્રકટી રહી;
પૂર્ણ પીડિત પાંથને
પંથની પ્રાપ્તિ થઈ,

લલિત લહરી ગ્રીષ્મના
રહી હૃદયમહીં વહી. (૪૨૨)

થયું એને પ્રેમની
મધુરતા પાવિત્ર્યની
આ મહાદેવી અહીં

મળી ક્યાં લંકામહીં,

આસુરી સંપત્તિના
વિષસભર સામ્રાજ્યમાં
સુખદ ધાર સુધાતણી
અચાનક ક્યાંથી ઢળી,

અનીતિમહીં નીતિની
તમિસ્ત્રે નવ તેજની
રમ્ય રેખા શાંતિની
પ્રકટ આ ક્યાંથી થઈ;
કમલિની કાદવમહીં
કળાથી કમનીય શે

પ્રફુલ્લી ખીલી રહી,
રસે ભરતાં આત્મને
ચંદ્રિકા ક્યાંથી હસી
અમાવસ્યાના નભે,

થયો પ્રાદુર્ભાવ શે
વીરડી કેરો રણે ?

ધન્ય દર્શન થાય શે આ મહાદેવીતણું,
ભાગ્ય મારું કે મહા ચમત્કાર જ આ ગણું;
અપ્સરા ભૂલી પડી અનોખી કો સ્વર્ગની ?



અપ્સરાના અંતરે હોય ના આવું અમી,

ઉદાત્ત વળી ભાવના
મળે અનુકંપા નહીં.
અનોખું આશ્ચર્ય આ
નિરખવા મુજને મળ્યું,

સનાતન સાકાર આ
સત્વ જીવનનું થયું,
વિશદ વર્ષાવાદળી
કો'ક આવી વ્યોમથી
ધરાતલ પર સૃષ્ટિને
સુખદ કરવા શાંતિની. (૪૬૦)

એક શૂર્પણખા અને અન્ય આ મંદોદરી,
કેટલું અંતર અહા દીસતું અંતરમહીં,
પાનખર છે એક તો અન્ય દિવ્ય વસંત છે,
ગરલ એક અમીતણો ઓઘદ્ય અન્ય અનંત છે;
અમાવાસ્યા એક તો અન્ય પૂર્ણિમા સમી,
એક રણ વેરાન તો વિમળ અન્ય વનસ્થલી;

નરક ક્ષુદ્ર સદેહ એ
સ્વર્ગ સુંદર સ્વાદુ આ,
મૃત્યુ એ આ ચેતના

ઘોર તમ એ આ પ્રભા.

આ મનુષ્યસમાજના
સભ્યતાના દ્વિવિધ એ
ધ્રુવજ ભિન્ન સ્વભાવના
કહ્યા દાનવદેવ બે.

દેવના દર્શનથકી
અંતરે આનંદના
ઊછળે અર્ણવ સદા,
કરે દાનવ તો વ્યથા. (૪૮૪)

*

વિચારતાં સાંત્વન એમ પામી
બોલી વ્યથાથી શુચિ જાનકી એ,
હરી મને રાવણ અજ્ઞ લાવ્યો,
જરાય તારો અપરાધ ના છે.

જણાય તું તો સુપવિત્ર સાધ્વી
આદર્શવાદી નિત નીતિન્યાયની
મર્યાદને મંગલ માન આપતી
મનુષ્યના તેમજ કષ્ટ કાપતી

શ્રીરામ પ્રત્યે મધુ પ્રેમ ધારી
સોહાવતી સુંદર આ ધરાને
જન્મે અને દિવ્ય અનેક કર્મે



કાયા કરી છેક કૃતાર્થ તારી.

એથી જ આવાં વચનો વદે છે
ને સાંત્વના અંતરને ધરે છે,
કથા વ્યથાની મુજ સાંભળીને
વિલાપ સાચો ઉરથી કરે છે.

એથી જ તારાં મધુ લોચનોથી
વિષાદનાં અશ્રુ અહીં સરે છે,
પીડા મને છે પણ પીડ પામી
અનંત આહે ઉરને ભરે છે.

સ્વભાવ દૈવી જનનો જણાવ્યો
દૈવી જને શુદ્ધ ઉદાત્ત એવો,
પ્રેમાર્દ્ર કારુણ્યભરેલ કોમળ
સંવેદનાશીલ સદાય અંતર

પીડા નિહાળી પરની સુણીને
દ્રવે રડે યત્ન કરે પ્રશાંતિ દે,
સુખી કરે સાંત્વન તેમ અન્યને
અર્પે, લહાવો શુચિ કર્મનો લે.

છે આત્મ એવા અણમોલ દુર્લભ,
છે એમનું દુર્લભ દિવ્ય દર્શન,
સંસર્ગ એથી પણ સ્વાદુ એમનો

ને એમનું સખ્ય સદા સુદુર્લભ;

સહાયતા ના કરુણાય એમની
સૌને શકે પ્રીત અનંત સાંપડી,
જો પૂર્વનાં હોય અસંખ્ય પુણ્ય
સદ્ ભાગ્યનો સૂરજ સાનુકૂળ

તો સાંપડી સર્વ સુયોગ એ શકે
સુદીર્ઘ ને કાળ સુધી સદા ટકે.
સત્કર્મની માહિતી ના મને જરી
પ્રતીતી ના પાવન પુણ્યની વળી

સદ્ ભાગ્ય યે ના અનુકૂળ મારું
સંસર્ગ શ્રેયસ્કર તોય ચારુ
અચિંત્ય તારો અણમોલ સાંપડ્યો
એ દૈવનો દિવ્ય પ્રસાદ જાણું.

અસહ્ય છે રામવિયોગની વ્યથા
અકલ્પ્ય છે તો પણ યોગ એમનો
થશે કદી એ અભિલાષ સાથે
તજ્યો નથી વ્યાકુળ તપ્ત પ્રાણ આ.

પુનર્મિલન તણી ધરી આશ જીવન છે ટક્યું,
અંધકાર અનંત હો રાજ્ય સઘળે રાતનું
કિન્તુ એને ભેદતાં પ્રકાશી ભાસ્કર રહે



સૃષ્ટિકેરા સ્નેહની કથા કોડભરી કહે,

રામ એમ પ્રકાશતાં પુનઃ જીવનમાં કદી
રાત ગાઢ તમિસ્રથી ભેદતાં કલેશે ભરી
રશ્મિ રસમય રેલશે ચેતના નૂતન ધરી,
આવશે આનંદની શાંતિની સુખની ઘડી. (૫૪૮)

આશ જો સંસારમાં
સ્વલ્પ સુખદા હોત ના
કોણ ધારત પ્રાણને
મધુરતા પણ હોત ક્યાં,
કેમ ચાલત ચક્ર આ
યોગ તેમ વિયોગનું

પતન ને ઉત્કર્ષનું
જય પરાજયનું વળી
જન્મમૃત્યુ — લાભનું
હાનિ તેમજ ભોગનું ? (૫૫૮)

*

લંકેશના પ્રાણમહીં પ્રકાશ
પ્રજ્ઞાતણો જો પથરાય પાવન
તો સાંપડે શાંતિ અસીમ સત્વર
કૃતાર્થ મારી સહુ થાય આશ.

તમિસ્ર ત્યાં કિન્તુ પ્રગાઢ છે ભર્યું,

ચૈતન્ય એનું અણમોલ ને મર્યું,
અર્ધાંગિની અદ્ ભુત એહની તું,
સંયોગ સંસ્કારતણો થયો શું !

ક્યાંથી મળ્યું દુર્લભ રત્ન આવું
એને, કરે પુણ્ય અનેક ત્યારે
મળી શકે સુંદર સંગ તારો;
આહ્ લાદતો આતુર આત્મ મારો.

મંદોદરી સ્નેહસમેત બોલી,
મળી તને હું મુજ હૈયું ખોલી,
લંકેશને એ સમજાવવાને
કરું પ્રયત્નો અવિરામ પ્રાર્થના

વિશ્વાસ છે એ નહિ થાય નિષ્ફળ;
પીડા પડે ભોગવવી, વિષાદનાં
વિઘ્નોતણાં વાદળ ઘોર આવે,
ચિંતા સતાવે દિલને જલાવે,

ભમે ભલેને જય કે પરાજય,
અંતે થશે શુદ્ધ અસીમ સ્નેહનો
સદ્ ભાવનાનો બલિદાન ત્યાગનો
નિષ્ઠાતણો તેમજ સત્યનો જય.

ના આસુરી શક્તિ શકે નમાવી



દૈવી બળે લેશ ભરેલ આત્મને,
પ્રલોભનો — ભીતિ — નિયંત્રણોયે
ને યંત્રણા શસ્ત્ર કરે પરાસ્ત ના
શકે ડગાવી લવલેશ કે કદી
સંનિષ્ઠ કે સત્ય પવિત્ર પ્રાણને.

આનંદ છે દર્શનથી મળ્યો મને
પવિત્ર મારો વધુ પ્રાણ ને થયો,
થઈ રહ્યો છે અફસોસ એટલો
સંયોગ આ દારૂણ છેક સાંપડ્યો.

મેળાપ કો'દી સુખની ક્ષણોથી
દુર્દિન કે સંકટની ક્ષણોનો
થઈ પડે છે ઉપયુક્ત મંગલ,
બની રહે જીવનમાં ચિરંતન.

મળીશ તેથી તુજને ફરીથી
અર્પીશ સ્નેહે લવલેશ સાંત્વના,
જાણું નહિ સિંચન વારિકેરું
કેવું થશે દગ્ધ બન્યું બધું ત્યાં

સ્વધર્મ મારો સમજી છતાંયે
આવીશ તારા સુપવિત્ર દર્શને;
ભાવે ભરાઈ ઉર છેક આવતાં

બોલી શકી ના વધુવાર શબ્દને.

વદી ત્યારે જાનકી, જ્યાં વિશેષે આસુરી
વસે વિચરે માનવી ઘોર પશુશા પાતકી,
સુરાપાન કુકર્મમાં રહે રત કૈંયે વળી,
રહેતી લંકેશની સાથ ત્યાં કેમ જ કરી

પદ્મિનીશી પંકમાં ચંદ્રિકાશી વ્યોમમાં,
શીલ ને સંસ્કારિતા સદા અક્ષય રાખતાં,
જીવતી મરુભૂમિમાં મધુરવી મંદાકિની
બની પાપવિનાશિની શાંતિ ને સુખદાયિની,

ઉદાત્ત સદા ભાવના પ્રાણમાં ક્યાંથી ભરી
શ્વાસ લેતી ઈશને પરમ પ્રેમથકી સ્મરી ? (૬૨૪)

શાંતિથી મંદોદરી
વદી ત્યારે, માનવી
બધે એકસમાન છે
દેવદાનવશા વસે,

ક્યાંક દૈવી તત્વની
બહુલતા તો આસુરી
સંપદાનાં આકરાં
ક્યાંક તાંડવ દીસતાં;



અહીંયે લંકામહીં
દેવશા માનવ વસે
કિન્તુ દાનવ દેખવા
મળે નિત્ય ચતુર્દિશે.

સદ્ ગુણો લંકેશમાં
છે અસંખ્ય અનંત ને
બાહુબળ ભક્તિ ભલે
પરમ છે પાંડિત્ય હા !
અહંકાર પરંતુ ને
સ્વાર્થ કામુકતા તણા
આવરણથી પ્રાણના
પટ સકળ દૂષિત થયા. (૬૪૪)

ઈશની જ કૃપાથકી રહેતી લંકામહીં
પદ્મિનીશી પંકમાં લિપ્ત ના બનતી કહીં.
શરણ સર્વેશ્વરતણું સ્મરણ ને સ્નેહે છલ્યું
ઉગારે કષ્ટોથકી સદા એવું સાંભળ્યું,

સ્વાનુભવ એનો કરું પરમ પુનિત પ્રકાશના
સાચવી સંબંધને વિમળ લંકામાં ફરું.
રામની જ કૃપાથકી જ્યોતિ નિર્મળ જ્ઞાનની
અંતરે જાગી ગઈ વાસના સઘળી હણી,

દેવદુર્લભ દિવ્ય ને લભી તારું દર્શન,
થશે કો'દી અંતરે અનેરું અમીવર્ષણ.
મુક્ત કરવાને તને કદી રામ પધારશે,
આ જ લંકા એમનાં ચારું ચરણો ધારશે,
કૃતાર્થ થશે લોચનો એમનું દર્શન કરી,
શ્રવણ લભશે ધન્યતા સુધામય શબ્દો સુણી,

બીન જીવનનું બજી ઊઠશે મધુરા સ્વરે,
સાધશે સંવાદિતા અંતરાત્મા એ પળે,
પામતાં કૃતકૃત્યતા મહોત્સવ મનડું કરી
નૃત્ય કરતાં ચરણમાં રહેશે ધનને ધરી. (૬૮૦)

નેહેભરેલાં નયને નિહાળી
સીતા રહી એ શુચિ સુંદરીને;
વ્યથા ભરેલી ઉરમાં છતાંયે
ખીલી રહ્યું મેઘધનુષ્ય પ્રીતે.

પ્રણામ પ્રેમે વિનયે કરીને
સૌન્દર્ય માધુર્ય ઉરે ભરીને
મંદોદરી આખર મંદ ચાલે
ચાલી હરાઈ મનને હરીને. (૬૮૮)



*****

## (૧૩) સ્મૃતિ

બેચાર બિંદુ વરસ્યે વરસાદકેરાં
સંતપ્ત અંતર વિયોગમયી મહીનું
ગ્રીષ્મે પ્રશાંત નવ લેશ બની શકે ને
ના સાંત્વના પણ લભે, વધુ વ્યગ્ર થાય,

એ તો ચહે સતત મૂશળધાર વૃષ્ટિ-
કેરા પ્રપાત પ્રણયે ઉભરાયલા કૈં
એનો લહી સુખદ સ્વાદ બને કૃતાર્થ,
સાભાર સાર્થ મધુ મંગલ ગીત ગાય.

મંદોદરીવચન એમ જ જાનકીની
કેમે શક્યાં નવ વિયોગવ્યથા શમાવી,
અર્પી રહ્યાં સહજ સાંત્વન તોય પ્રાણે
સર્વે રહ્યાં કરુણ જ્વાળ વળી જગાવી;

સ્વપ્નેય ચાતક તણી ન મટે પિપાસા
વર્ષા વિના વિપુલ કેવળ વાદળીથી.

*

લાગી વિશેષ રડવા સ્મરણે અનેરા
પોકારવા મધુર મંગલ રામનામ
ત્યારે સમીપ ત્રિજટા પ્રણયાર્દ્ર આવી
બોલી મમત્વમય લોચન વારિ લાવી:



કલ્પાંત ના કર હવે વધુવાર પુત્રી-
જેવી તને નિરખતાં મધુ વાટિકામાં
મારુંય અંતર રડે પ્રણયે જલે છે
દીસે ઉપાય પણ અન્ય વિકલ્પ કે ના.

શ્રીરામ એક દિન પ્રેમથકી પધારી
લંકેશને નિજ બળે સમરે હરાવી
સાચે વિમુક્ત કરશે તુજને અહીંથી
ને અર્પશે સહજ શાંતિસુધા સદાની.

અર્પી શકાય મુજથી નવ મિષ્ટ મુક્તિ,
સ્ફૂરે નહીં સુખદ મંગલ અન્ય યુક્તિ,
લાચાર છે મન બન્યું પરતંત્રતાથી,
અર્પી રહી તનિક ધીરજ સાંત્વનાથી. (૩૦)

*

હોત પૂર્ણ સ્વતંત્રતા તો તને મુક્ત કરી
એક ક્ષણમાં હોત આજે શાંતિ પૂર્ણ ધરી,
રામની પાસે હરખથી પહોંચાડી દેત,
લોચનો મારાં લહાવો દર્શન તણો લેત.

કિન્તુ આ પરતંત્રતાની આકરી બેડી
સદાયે જકડી વળી રૂંધી રહી કેડી

પ્રગતિની સત્કર્મની, અણમોલ આશ્વાસન-
વિના કૈં અર્પી શકું ના નાર હું નિર્બળ.

હૃદય છે રાવણતણું નિર્દય કરાળ કઠોર,
ઊડતી એમાં નથી સંવેદનાની છોળ,
રામથી નહિ તો તને એ કરત દૂર નહીં,
યોજના એની બધી
ત્યાં જ પંચવટીમહીં
વિલોકીને વેદના અધુરી જ જાત રહી.

હાથ તુજને સ્પર્શવા આગળ ન હોત વધ્યા,
ચરણ તુજ આવાસમાં ચાલ્યા ન હોત કદા,
કામનાં કરતાં પહેલાં હૃદય હોત રડ્યું,
અશુભ ઘડતાં ઘાટ સાચે બંધ હોત પડ્યું.

આસુરી ભાવો શમ્યા તને જોઈ કેમ ના,
પ્રવાહો પાવિત્ર્યના કાં ન પ્રકટ્યા પ્રાણમાં
આસુરી વૃત્તિ હશે એની પ્રબળ એવી
હોય પથ્થરવજ્રને કો'દી દયા કેવી ? ૫૪

સુશ્રુષા ને સુરક્ષા સોંપી મને તારી
ભાગ્યની છે એટલી સાચે જ બલિહારી;
દેવદુર્લભ નિત્ય મુજને થાય છે દર્શન,
એટલે તો થાય અંતર અમીનું વર્ષણ.



વેદના તારી છતાં જોવાય ના કેમે;
સ્મરે તું દિનરાત પ્રતિપળ રામને પ્રેમે
એ નિહાળી હૃદય મારું રહે રોજ રડી,
વિધાતાને વેદનાની નથી લેશ પડી.

વિહાર મટ્યો મધુરવો પંખીતણો વનનો,
સાંપડે ના સ્વાદ એને સુધામય સ્વરનો,
પીંજરે બંદી બનીને પાંખ ફફડાવે
મુલાકાતી તેમ માલિક મળે સમજાવે,

ધરે ભોજન તોય એને સ્વલ્પ શેં ભાવે,
સ્નેહ કે સ્વાતંત્ર્યને ક્યાંથી કહો લાવે,
સુહૃદની સ્વર્ગીય ને શીતળ સુધાછાયા
પ્રાણપ્રિય પ્રેમી ઉરોની માધુરી માયા

કેમ ભૂલી એ શકે ક્યાંથી મળે શાંતિ
મટે મુખની અંગની એની બધી કાંતિ.

રામના સાનિધ્યનું સુખ સ્વર્ગમાં ન મળે,
શાંતિ એવી સનાતન કોઈ કદી ન ધરે,
છતાં માતસમાન મુજને માનજે તારી,
વિપત્તિ તારી ગણું છું વિપત્તિ મારી.

શાંતિ તુજને અર્પવા સઘળા કરીશ પ્રયાસ,
અવનવો ઉત્સાહ રેલી તેમ સીંચી આશ

શુષ્ક જીવનવાટિકામાં સ્નેહથી તારી,
અમોઘ હશે એ જ સુંદર સાધના મારી. (૮૦)

સુવાસિત સુમનો કદી બે ચાર ત્યાં ખીલે
તપ્ત ધરતી રસતણી ઉપહારને ઝીલે,
અમીમય અંકુર વળી એકાદ પણ ફૂટે,
વિહંગતણા કંઠથી સ્વર્ગીય સ્વર છૂટે,

નવી લહરી ચેતના ત્યાં જો જરી જાગે,
સાધના સાર્થક મહારી તો મને લાગે.
વૃક્ષ શૂન્યમનસ્ક આજે તો બધાંય બન્યા,
વાયુ મગ્ન વિષાદમાં કે વ્યથિત પૂર્ણ થયા,

ધરિત્રી તારા વિરહથી થઈ છે રસહીન,
આભનો આનંદ ચાલ્યો, બધુંય બન્યું દીન.
રાક્ષસીઓનાય પ્રકટી કાળજે કરુણા,
પ્રાણ માનવપ્રકૃતિતણો પીગળે તો ના ?

વ્યથા અનુકંપા બધાંની જશે વ્યર્થ નહીં,
મૂક અંતરમાં અરે શક્તિ અનંત રહી;
શાંતિ સાંપડશે તને શ્રીરામનું દર્શન
શીઘ્ર મળશે પરમ પાવન ને સુખદ સ્પર્શન.

જાનકી એને નિહાળી પરમ પ્રેમથકી
મધુથકીયે મધુર વચને શાંતિ સાથ વદી,



માતૃહૃદયે લાગણી આવી સદાય રહે,
માત કેવળ સ્નેહભીના શબ્દ આમ કહે. (૧૦૦)

આસુરી લંકામહીં દર્શન થયું તારું
મધુરવી મંદોદરી કેરું વળી ન્યારું
રામનો અનુગ્રહ ખરેખર એ મહા માનું,
કો'ક પુણ્યોદય થયેલો પૂર્વનો જાણું.

સ્વર્ણમૃગ પાછળ છતાં એ રામ કેમ ગયા ?
કાં ન પ્રકટી દશાનનના દિલે લેશ દયા ?
ફરી ક્યારે મને મળશે રામ એ મારા,
શમાવીને સુધારસથી વિરહની જ્વાળા

ફરી ક્યારે શાંતિ ધરશે, દિવસ એ ન્યારા
પરમસુખના આવશે જીવનમહીં ક્યારે ?
વહાવી અંતર અનેરું અસ્ખલિત ધારે
અબોલ બની આખરે એ આર્ત ઉદ્ ગારે.

*

મંદોદરી સ્મરણ એ સમયે કરીને
સીતાતણું વ્યથિત અંતરમાં થઈને
લાગી વિચાર કરવા નિજ હર્મ્યમાં કે
સામાન્ય સ્ત્રી નવ ખરેખર સર્જને એ.

સીતા સમાન પ્રમદા પૃથિવીપટે આ
બ્રહ્માંડમાં મધુરમંગલ કે મળે ના,

સૌન્દર્ય ત્યાં નવ મળે શુચિતા, જણાયે
માધુર્ય પ્રેમ નવ નિર્મળ નીતિનિષ્ઠા,

છે અંગસૌષ્ઠવ નથી પણ આત્મ કેરી
એમાં કળા અવનવી નવ પ્રાણ કે ત્યાં,
સૌના સમન્વય સમાન થયા પ્રસન્ન
એને ઘડી પરમપ્રેમથકી વિધાતા.

આશ્ચર્ય એ અવનવું અવનીતણું આ,
સૃષ્ટિતણી સુખમયી નવજાત શોભા,
માધુર્યમૂર્તિ મધુમંગલશી મહીની,
સ્નેહાળ ને સહનશીલ રસાળ પૃથ્વી-

કેરી પવિત્ર પ્રતિમા પ્રકટેલ જાણે
શ્રીરામનો શુચિ ભરી અનુરાગ પ્રાણે.
બ્રહ્માંડની સુખદ સુંદર સ્વામિની કે
સંદેશ સ્નેહમય ઉચ્ચ સુણાવવાને

જન્મી જગે પ્રણયને પરમાત્મકેરા
હૈયે ભરી રસ સનાતન રેલવાને.
એની શકાય સમતા ન કરી કશાથી,
એને ધરાય ઉપમા પણ ના કશાની,

એ સર્વથી પર સનાતન શ્રેષ્ઠ સારો,
એની સમીપ સઘળું અતિ અલ્પ લાગે.



એ એકમાત્ર ઉપમા નિજ આત્મકેરી
પૂરી પ્રતિકૃતિ અમીમય ને અનેરી. (૧૪૦)

*

ચંદ્રની સમતા કરું પણ કાલિમા ચંદ્રે
કમલિની કોમલ કહું પણ ભ્રષ્ટ એ ભૃંગે,
સરિત એક સ્વરૂપમાં ના સદાકાજ રહે,
કદી શુષ્ક બને કદી ને બની મત્ત વહે.

તિતિક્ષા ધરતીસમી પણ ધરા તો જડ છે,
સુખદ વર્ષાશી ન વર્ષા છતાં શાશ્વત એ;
ઉષાસંધ્યા સ્વાદુ તો પણ રોજરોજ વિલીન
થાય વ્યોમે, વ્યોમ સુંદર કિન્તુ દીસે દીન.

પ્રથમવાર થયેલ દર્શન એહનું એને
તોય અંતર ઊભરાયું અવનવા પ્રેમે,
થઈ અંકિત દિવ્ય મૂર્તિ રોમરોમમહીં,
ધન્યતાની નવી લહરી રહી લલિત વહી.

અમર દર્શન એ બન્યું પ્રેરક મહાન વળી
સરસ શાશ્વત કૈં રહ્યું સંદેશ દિવ્ય ધરી,
એ મુખાકૃતિ, આંખ એ, એ અમીમયી વાણી,
પ્રીતિ એ શ્રીરામની નિષ્ઠા અચળ ન્યારી,

ભાવના પાવિત્ર્યની શ્રદ્ધા પરમભક્તિ,
સ્મૃતિપટે વિહરી રહી શુભ આત્મની શક્તિ. (૧૫૮)

મધુર દિવસો યાદ આવ્યા ભૂતકાળતણા,
યુવાનીના ઉષઃકાળે પ્રવેશી લંકા-
મહીં રાવણ સાથ બેસી મૂલ્યવાન રથે
હતો કેવો સમય ત્યારે અસાધારણ એ ?

હતી બુદ્ધિ મલિન ના લંકેશની આવી,
રહેતાં અનુરાગ અંતરમાં ઉભય વાવી,
સ્વર્ગસુખનો અનુભવ થતો સદા જીવનમાં,
અસંતોષ હતો જરીયે ત્રુટિ કશીયે ના.

આજે એ લંકેશનું પણ મલિન ચિત્ત બન્યું,
હરણ એથી જાનકીનું અશુભ છેક થયું,
અમંગલ લીધું વહોરી ઘોર અજ્ઞાને
વાસનાને વધારીને પાશવી પ્રાણે.



સુખી સર્વપણે હતું જીવન સકળ મારું
કિન્તુ સહસા દુઃખ એમાં અનોખું આવ્યું,
વેદના સીતાતણી જોવાય ના કેમે,
પ્રથમ મેળાપે જ અંતર ભરાયું પ્રેમે.

એવા વિચાર કરતાં નિજ હર્મ્યમાં એ
મંદોદરી કરુણ પ્રાણથકી પ્રવેશી,
સીતાતણી સ્મૃતિ રહી અવિરામ એના
ક્રીડા કરી અવનવી અણમોલ આત્મે.

બેચાર બિંદુ ટપક્યાં નયનોમહીંથી,
પ્રેમાળ અંજલિ ધરી હૃદયે અનેરી
સંવેદના અનુભવી ક્ષણવાર એમ;
પ્રાર્થી રહી પુનિત એ પ્રમદા સપ્રેમ. (૧૮૨)

*****

## (૧૪) મંદોદરીની ધન્યતા

યોજનાઓ ના ફળે કોઈ,
બેસવું રોજે રહે રોઈ,
જણાયે પ્રતિકૂળતા કેરા
પવન ફરતા ચતુર્દિશ ફેરા,

વેદનાકેરી મહાજ્વાળા
જલાવે અંગાગને, ધારા
ઢળે સોમલની સતત ભારી
જિંદગીનો રસ બધો મારી;

પ્રકાશતણું કિરણ ના ક્યાંયે
દીસતું હો, સ્વલ્પ કે છાંયે
તપ્ત અંતરને મળે વિશ્રામ-
સ્થાનનું સૌભાગ્ય ના અભિરામ:

એ સમે પણ અંતરાત્મે જે
ચેતના અકબંધ રાખે ને
હતોત્સાહ કરે નહીં જનને
ધરે અક્ષય ધૈર્યના ધનને

તિતિક્ષા ઉત્સાહ ને હિંમત
વીર્ય ચૂકવવા વળી કિંમત



સમર્પણની ત્યાગની સાચી
અહર્નિશ આદર્શમાં રાચી;

પ્રેરણા દે ભીતિને ટાળે
મૃત્યુને પણ સમયસર મારે,
માનવી જેનાથકી જીવે
પાય અવનીમાં અમી પીવે;

શુષ્ક જેના વિના હોત ધરા
આત્મકેરી લુપ્ત થાત કળા,
જે મહાદેવી જગત પર આ
કરે શાસન યુગયુગોથી હા !

અનુપ્રાણિત આત્મને કરતી
જગાવે અંગાંગમાં ભરતી,
ભાવનાની ચેતના કેરી
વગાડે નૂતન વળી ભેરી,

સુરાસુર સાક્ષર-નિરક્ષરની
રાય-રંક પવિત્ર ને શઠની
સહચરી એ આશ છે સાચે
માનવી એના થકી રાચે.

આશ અંતરમાં ધરીને એ
જીવતી મંદોદરી પ્રેમે
દશાનન પાસે જઈ બોલી
હૃદય પોતાનું જરી ખોલી,

દિવ્ય સીતાનું કર્યું દર્શન,
કર્યું એની સાથ સંભાષણ;
કૈં દિવસથી અંતરે મારા
પ્રબળતમ પ્રકટેલ આકર્ષણ

થઈ એ સાર્થક સમસ્ત ગયું,
પૂર્વનું કોઈક પુણ્ય ફળ્યું.
સ્નેહની દેવી જ છે સીતા,
મૂર્ત કરુણાની મહાગીતા,

એહના અવલોકને લોચન
સફળતા પામી ગયાં તત્ક્ષણ. (૫૦)

દશા કરુણ દેખતાં કરુણ ચિત્ત મારું બન્યું,
દ્રવ્યું હૃદય વેદનામય અશાંત ભારે થયું,
સુકોમળ કરાળ ક્રંદન કરી રહ્યું કાળજું,
શકી તનિક સાંપડી નવ પ્રશાંતિ એને હજું.

દ્રવ્યું દિલ કઠોર કિન્તુ હજુયે તમારું નહીં,
થઈ અસર ના જરીય તમને તમે પ્રાજ્ઞ છો



છતાં અબુધ જેમ વર્તન કરી રહ્યા નીતિને
તિલાંજલિ ધરી ગ્રહી પથ અનંત સંતાપનો

અને પ્રખર પાપનો ભ્રમિતચિત્ત સાચે બની,
દયા દિલમહીં જરાય પ્રકટી નહીં, ના રહી.
કહ્યું તરત રાવણે અસર શી થવાની હવે,
પડે સમજ પ્રાજ્ઞ તોય નવ લેશ આજે મને,

કઠોર ઉર તો દયારહિત છેક સીતાતણું
કર્યું હરણ મેં છતાંય નવ લેશ એથી ચળ્યું.
મને ખબર છે પવિત્રતમ નીતિમર્યાદની
વળી પરમ ધર્મની ગહન પુણ્ય ને પાપની

ગ્રહ્યો પથ પ્રશસ્ત મેં પુનિત શાશ્વતી શાંતિનો,
નથી મનમહીં રહ્યો અશુભ સ્વલ્પ સંદેહ કો' ,
છતાં ઉર અશાંત તપ્ત તુજ ઘોર અજ્ઞાનથી
થયું મલિન ભાવથી અસર વ્યર્થ કે ભીતિથી. (૭૦)

શબ્દ એવા દશાનન કેરા
સુણીને મંદોદરી બોલી,
સુધાના નામે તમે હાથે
કરી સોમલને રહ્યા ઘોળી,

ધર્મ જેને માનતા એથી
અધર્મ કર્યો અધિક છે જગમાં,

છાંય સમજો જેહને શીળી
તાપ તીખો તે ભરે રગમાં;
સ્વર્ગ જાણ્યું નરકને જ તમે
ભ્રાંતિથી અજ્ઞાનથી કેવળ

શાંતિ ઘોર અશાંતિને માની,
હાનિને લાભ જ રહ્યા જાણી.
પરમસત્ય અસત્યનો હિતનો
અહિતનો કે મોક્ષ બંધનનો

ત્યાજ્યનો કે ગ્રાહ્યનો જાણે
ભેદ પ્રજ્ઞા પુનિત સૌ કાળે;
ગઈ એ પ્રજ્ઞા તમારી ક્યાં
અંધકારાવૃત્ત આ પથમાં

ધપો દુસ્સાહસ કરીને કે,
અમંગલ જોવાય મુજથી શે ? (૯૦)

વાત હિતની સ્વાર્થની મારી એમ લાગે છે નહીં માનો
શબ્દ સઘળા શિખામણકેરા પ્રલાપસમા નિરર્થક જાણો.
તો પછી નિષ્ક્રિય સાક્ષી હું તમારા દુષ્કર્મની બનતાં
અશ્રુ સારું એકલાં રોજે વેદનાને અંતરે વણતાં ?

ઘોર ગર્તામાં પતનકેરી તમે પડવાને પ્રયાણ કર્યું,
શ્રેયને કેવળ તમારા ના કિન્તુ લંકાના સમસ્ત હણ્યું,



ધર્મ મુજ અર્ધાંગિનીકેરો કેમ મારે ભૂલવો ત્યારે,
કેમ દેવું વરસવા પ્રેમે હિમ ભયંકર શાંતિના ક્યારે ?

તમારી પ્રજ્ઞા જગવવાને
જાનકીને મદદ કરવાને
મેં કર્યો નિરધાર છે આજે
સ્વલ્પ પણ બલિદાનને કાજે.

મુક્ત સીતાને નહીં કરશો
રામનો સંસર્ગ ના ધરશો
ત્યાંસુધી પર્યંકને ત્યાગું
પથારી ના રેશમી માગું,
અલંકારો કરું ધારણ ના,
તજું સૌ પકવાનને પણ હા !

કાલથી અનશન કરું પ્રેમે
જલ લઈ સપ્તાહ લગ કેમે,
નથી બીજી શક્યતા કોઈ,
રહી એજ વિકલ્પને જોઈ.

શાંતિ સાંપડશે લગીર મને
એ થકી સામર્થ્ય સ્વલ્પ તને
તોય રામતણા અનુગ્રહથી
સફળતા સાચે રહીશ લભી. (૧૨૪)

દશાનન મિથ્યાભિમાન થકી
વદ્યો ત્યારે અટ્ટહાસ્ય કરી,
હવે સમજ્યો ચાતુરી તારી
યોજનાઓ સ્વાર્થની સઘળી.

ત્યાગની બલિદાનની આપે
આજ અનશનની વળી ધમકી
ભીતિ કિન્તુ કદીય ના લાગે
મને ધ્રૂજે જરી ના ધમની.

કરે છે સહયોગ સન્નારી
અનુજ્ઞા પતિદેવની પાળી
એહના આનંદને કાજે
શાંતિ કે સંતૃપ્તિસુખ માટે;

મદદ તારે પણ ઘટે કરવી
મને હિંમત યોગ્ય છે ધરવી;
જાનકીના ચિત્તને તારે
ઘટે કરવું વશ જરી પ્યારે

પ્રેયસી જેથી બને મારી
યોજના એવી મહાભારી
ઘટે ઘડવી શાંતિથી ન્યારી;
વાત એ વિસરી ગઈ છે તું,



મને ને ઉપદેશ આપે શું ?
કિન્તુ ના આશ્ચર્ય થાય જરી
ભ્રમિત તારી બુદ્ધિ છેક બની,
પુણ્ય તારું સૌ સમાપ્ત થયું,

ફરે જ્યારે કાળચક્ર બધું
તદા ફરતું દીસતું સઘળું. (૧૫૦)

ભલેને અનશન કરે વેઠે
વ્યર્થ કષ્ટો જાનકી પેઠે,
ફરે ભૂષણહીન તોયે શું ?
ચલિતચિત્ત બનું ન સ્વપ્ને હું.

સમજપૂર્વકનો મહારો માર્ગ
તજીશ નહીં કદીયે અનુરાગ;
રત્નને હાથે કરી ખોઉં
નથી એવો અજ્ઞ અંધ અભાગ.

કષ્ટ ભોગવવું જ હોય અનંત
હોય મરવાનું જ તેમ પસંદ
તો પછી નિરુપાય છું સાચે,
વસ્ત્ર ન ટકે તાંતણે કાચે.

લેશ દ્રષ્ટિદોષ ના મારો
કિન્તુ સીતાનો તથા તારો,

દૂર કરવો તે ઘટે તારે
શાંતિ જેથી લભે સંસારે.

એમ રોષે દશાનન બોલી
દોષ સઘળો સ્ત્રી ઉપર ઢોળી
ગયો બીજા ખંડમાં જલદી
ધ્રૂજવીને ધરિત્રી બળથી. (૧૭૦)

કઠોર ઉપવાસની અવનવી કથા સાંભળી
વિભીષણ વિવેકયુક્ત નિજ રાજપ્રાસાદથી
દશાનનગૃહે જઈ કરુણપ્રાણ મંદોદરી-
સમીપ અનુરાગ આદરથકી પહોંચી વદ્યા :

કૃતાર્થ ધરતી થઈ સકળ દિવ્ય લંકાતણી
લભી સુખદ શાંત સંનિધિ સદા તમારી વળી
અલંકૃત બની ધરી નિજ ઉરે તમોને, બધી
પ્રસન્ન સુખમાં નિમજ્જન કરે નિહાળી પ્રજા.

છતાં વ્રત કઠોર કેમ સહસા તમે આદર્યું
થયે પ્રકટ પિતૃકુલ તો તમારું તર્યું
શુભાગમનથી પરંતુ મધુભૂમિ લંકાતણી
ખરે અધિક સંપદા પરમશાંતિ શ્રીને લભી

અનંત મહિમામયી સકળ સૃષ્ટિમાંહી બની.
તમે જ શુચિ પ્રાણમાં પરમવેદનાને વણી



મહાન બલિદાન કાજ બનતાં છતાં ઉત્સુક
કર્યો અવનવીન કેમ નિરધાર આજે અહીં ?

સુકોમળ શરીર આ તપ કરી શકે કેટલું,
અખંડ હિમપાતને કમલિની સહે એટલું;
નથી ઉમર આ કઠોર તપ ત્યાગ કે યોગની,
નથી ત્રુટિ જરીય, પૂર્ણ સરિતા સરે ભોગની

છતાંય સુખ ના સનાતન અસીમ શાને મળ્યું,
અનંત અણમોલ કે અમૃત શે તમારું ટળ્યું;
પડી ખબર એટલે ખબર કાઢવા આવવા
થયું મન મને, અશાંત ઉર કૈંક મારું બન્યું. (૧૯૪)

સુંદરી સંકોચ સાથ ઘડી
વિચારી સસ્નેહ શીઘ્ર વદી,
પ્રશંસા મારી કરી પ્રેમે
લેશ કિન્તુ યોગ્ય ના એને,

તમે ગુણિયલ ગુણોકેરું ગાન
નિત્ય કરતા દોષ ના લો ધ્યાન
છતાં મારી અલ્પતા જાણું
એટલે ઉલ્લાસ ના માણું.

ધન્ય લંકા તમારા જ થકી
વિશેષે અભિરામ ધન્ય થઈ,

પ્રજા પૂજ્ય ગણે સદા તમને,
મહોત્સવ કરતી પ્રસન્ન મહી
તમારાં સત્કર્મને ભાળી
તમોને ગૌરવથકી ધારી.

ત્યાગનો કે યોગનો તપનો
સ્થૂળ કોઈ કાળ ના નિશ્ચિત,
લગન એના અંતરે લાગે
ભાવનાને અનુભવે ને ચિત્ત

એજ સાચો સમય છે એનો;
સુકોમળ કાયા ભલેને હો
સહે તેમ ટકી શકે છે એ
હોય જો વિશ્વાસ સાચો તો.

નથી તપ કે યોગસાધન આ,
મને ગમ એની જરાયે ના,
અલ્પ આહુતિ આત્મની આ તો,
પ્રેમકેરી ગૂઢ સૌ વાતો.

અતિકરાળ વિયોગની જ્વાળે
પડી જીવન જાનકી ધારે
રડે પ્રાર્થે સદા પોકારે
ધર્મ શો છે આપણો ત્યારે ?



મૂક સાક્ષી સર્વના બનવું
કૈં નિરખવા છતાં ના કરવું ?
સૂક્ષ્મ સંવેદનભર્યું હૈયું
તોય વેદન ધ્યાન ના ધરવું ?

આસુરી વૃત્તિ દશાનનની
સહેજે પલટાય ના કેમે,
બન્યું અંતર દયાહીન બધું
થાય ના ઝંકૃત જરી રે'મે;

એટલે આ માર્ગ મેં લીધો,
ભાવના ઉત્તમ બધી મારી
કદી તો ફળશે બની ન્યારી
રામનાં ચરણોમહીં મારી

આટલી આરાધના માનો,
સત્યકેરી સુરક્ષા માટે
આટલો પુરૂષાર્થ કે જાણો. (૨૪૦)

અનુભવું આનંદ હું એનો
વિષાદ કરો તો તમે શેનો ?
પીગળે લંકેશનું અંતર
પ્રાર્થના એવી કરું પ્રતિપળ,

કરે શું એથી વિશેષ કહો
એક નારી અજ્ઞ કે નિર્બળ ?

તમે પણ લંકેશના મનને
બદલવા કાજે કરો શ્રમને
આશ રાખું એટલી આજે
જાનકી-નિર્દોષને કાજે.

સાંપડે સંતોષ કે જેથી
આપણા કર્તવ્યના થોડા
અનુષ્ઠાનતણો અને ઝંખે
દિલ નહીં પ્રતિફળતા પેખી.

આસુરી શક્તિથકી દૈવી
બળતણો મહિમા વિશેષ કહ્યો,
જય લભે દૈવી જ અંતે તો
એ મહીં સંદેહ કૈં ન રહ્યો.

પ્રબળ છે ઉત્તમ ખરે આત્મા
અતિ પ્રબળ છે કિન્તુ પરમાત્મા,
એમનો આશ્રય લઈએ તો
સફળ થાયે મનોરથ ના શો ?

આજ કે કાલે સફળ કરશે
એજ જીવન અવનવું ધરશે,



હઠાવીને પંથના કંટક
દૂર કરશે સર્વનું સંકટ. (૨૬૬)

વિભીષણ બોલ્યા તમારા આ
પરમપ્રેરક શબ્દ છે સઘળા,
ભાવ મારા પ્રાણમાં પ્રકટ્યા
સાંભળીને એમને અદકા.

માર્ગદર્શન નવ્ય આજ મળ્યું,
જાડ્ય જીવનનું સમસ્ત ટળ્યું,
અલૌકિક પ્રકટ્યો નવીન પ્રકાશ
આશ જાગી ને વધ્યો વિશ્વાસ.

ધન્ય છે જીવન તમારું આ
ધન્ય છે કુળ ધન્ય ને વસુધા
ધારતી તમને નિરંતર જે,
ધન્ય માતપિતા અને લંકા

એમનું ગૌરવ ગવાયે શે;
પરમ છે સૌભાગ્યશાળી એ.
પ્રાર્થના સંયુક્ત સહકારે
હઠાવી શકશું મહાકાળે,

ભાવના વિજયી થશે અંતે
પથિક પાવન પામશે પથને.

કિન્તુ કષ્ટ સહો નહીં આવું
પ્રાર્થના છે એટલી મારી,
અંત આ ઉપવાસનો આણો,
યંત્રણા છે એહની ભારી.

દશાનન જો માનશે તો તો
મનાવીશ પ્રયત્નથી કેમે;
વિભીષણ એવું કહી ચાલ્યા
વિદાય લઈ છેવટે પ્રેમે.

મૂર્તિ મધુ મંદોદરીકેરી
રમી નયને ઉરે તેમ રહી,
અલૌક્કિ અનુરાગ આદરની
અંગઅંગે વિમળ ગંગ વહી.

ધન્ય છે મંદોદરી સાચે
ધન્ય છે આજે હ્રદય નાચે
મળી તમને; મૂક એ ઉદગાર
પ્રકટ પ્રાણમહીં થયા તત્કાળ. (૩૦૦)



*****

## (૧૫) વિભીષણની શિખામણ

લંકેશને મળી સ્નેહે કહ્યા શબ્દ વિભીષણે,
ભાવિ લંકાતણું લાગે લેશ ઉજ્જવળ ના મને;
વ્યોમમાં વાદળાં વ્યાપ્યાં તેમ વાદળ વેદના
વિષાદ કે વિપત્તિનાં વ્યાપ્યા માનવપ્રાણમાં,

અમંગલતણી આંધી ઊઠી ઘોર દિગંતમાં,
ક્યારે વિનાશની વર્ષા વરસે એ કળાય ના.
તમારા હાથમાં સૌની સુરક્ષા છે છતાં તમે
પીડાગ્રસ્ત પથે કીધું પ્રતિકૂળ પ્રયાણ શેં ?

મંદોદરી સદા વેઠે સીતા માટે મહાવ્યથા,
દિલદ્રાવક બંનેની તમે જાણો બધી કથા;
પ્રાજ્ઞ છો તે છતાં શાને હજુ જાગ્રત ના થતા,
કષ્ટ સર્વતણાં શાને નથી સત્વર કાપતા ?

કરી હરણ સીતાનું અપરાધ કર્યો મહા
પરિમાર્જન કિન્તુ એ અપરાધતણું કરો,
વિમુક્ત કરતાં એને પૂર્ણ આદરભાવથી
રામ પાસે પહોંચાડી સર્વ સંકટને હરો.

પંડિતોય કરે કો'દી અપરાધ પરંતુ એ
પ્રાયશ્ચિત કરે એને ઓળખી, અજ્ઞ ને જનો



દોષને ગુણ માનીને વારંવાર કર્યા કરે,
બંનેનો ધર્મગ્રંથોએ પાડ્યો છે ભેદ એટલો. (૨૦)

મંદોદરી સીતાકેરા ધર્મને સમજી કરે
ઉપવાસ, વિચારીને યાતના એહની જરી
સહાનુભૂતિ દર્શાવી અર્પો આનંદ સર્વને
નગરી ઉજવે જેથી પ્રેમે પુનિત પર્વને.

સમૃદ્ધ, આપણી લંકાપુરી દિવ્ય યશસ્વીની
ત્રિલોકમાં અનેરી ને અનોખી સુપ્રસિદ્ધશી
સર્વોત્તમ મહામૂલી સ્વર્ગવૈકુંઠથી વળી
આનંદદાયિની જાણે જનની સુખશાંતિની;

પુલત્સ્ય મુનિનું કેવું કુળ પાવન આપણું
મહિમામય સંસારે સનાતન યશેભર્યું,
સમલંકૃત સત્કર્મે શીલે શુચિ સુવાસિત
સમસ્ત સૃષ્ટિની સાચી સેવા સારુ સમર્પિત;

માતાપિતા વળી કેવાં અસાધારણ આપણાં
સુશિક્ષિત સુસંસ્કારી સદા નિર્મળ આત્મનાં;
ભૂલેચૂકેય તજતાં નીતિના નિયમો નહીં,
સેવતાં સ્વપ્નમાંયે ના આસુરી કર્મને કહીં,

સીધાં સાદાં ભલાં ભોળાં સેવાધર્મપરાયણ
કરતા કૈંક લોકોનું કલેશકષ્ટવિદારણ
કરો સ્મરણ એ સૌના ભૂતગૌરવનું જરી
પ્રકાશ પ્રેરણા દૈવી રહે કે ચેતના મળી

વધે ગૌરવ એ નાતો ઘટે સ્વલ્પયે નહીં
આપણી કૃતિથી આજે રહ્યો છું એટલું ચહી.
વિજ્ઞપ્તિ એટલી મારી તમારાં ચરણો મહીં
સ્વીકારી સ્નેહથી એવું પ્રેમપૂર્વક દો કહી

આનંદ જે થકી મારા થાય અંતરને જરા
અશાંતિની શમે જ્વાળા સહસા પ્રકટેલ આ,
વિયોગ રામ-સીતાનો મટે ને રામદર્શને
કૃતકૃત્ય બની જાયે લોલ લોચન આપણાં,



મૈત્રી રામતણી પામી બને ઉજ્જવળ જિંદગી
સુરાવલી સદા છૂટે સુધાસભર પ્રીતની.
ઉપહાસભરેલું ને કરીને સ્મિત રાવણે
જણાવ્યું, આટલી બુદ્ધિ તમારી વિકસી હશે

તે તો આજે જ મેં જાણ્યું, ઉપદેશ તમે કર્યો
અનોખો એ છતાંયે ના હિતકારક કે નવો.
પ્રભાવિત થયું એથી મારું મન નહીં જરા.
ચપલાચમકારોથી ચળે જેવિધ ના ધરા.

ખદ્યોત લક્ષ વનમાં લગાડી આગ ના શકે,
સદા મૃગજલે પ્યાસી પાંથનો પ્રાણ ના ટકે,
મિષ્ટ ભોજનના ચિત્રે ક્ષુધા સ્વપ્નેય ના શમે,
સંતપ્ત મન છોડીને છાયા શીતળ ક્યાં રમે ?

શાંતિથી સાંભળી લીધાં વચનો ઉપદેશનાં
ઉપકાર મહામોંઘો મારો એ એટલો ગણો;
અજ્ઞ કિન્તુ નથી એવો મિથ્યા એ ઉપદેશને
અનુસરું ધરી ધ્યાને નિમંત્રીને વિનાશ કે. (૬૪)

વાંચ્યાં વિચાર્યાં સહુ ધર્મશાસ્ત્રો
મેંયે અને અદ્ ભુત સાર જાણ્યો,
અધ્યાત્મના ઉત્તમ ધર્મનીતિના
આદર્શને જીવનમાં ઉતાર્યો.

સમ્રાટ છું પ્રાજ્ઞ મહાતપસ્વી
સામર્થ્યશાળી બડભાગ ને ધની;
કૃપા લભ્યો શંકરની અનેરી
ઉપાસના ખ્યાત ત્રિલોકમાં કરી

બન્યો યશસ્વી જગમાં અનન્ય;
મેં તો કરી ઉજ્જવળ જિંદગીને
પરંતુ તાર્યું કૂળને કરીને
માતાપિતાને પણ છેક ધન્ય. (૭૬)

પુલત્સ્યની પુણ્ય પરંપરામાં
પ્રકાશ મેં શાશ્વત શ્રેષ્ઠ રેલ્યો
ઉદ્ધાર સૌ પૂર્વજનો કરીને
કૃતાર્થ કીધો મુજ સ્થૂલ ફેરો

વસુંધરાનો; સહુ દેવદાનવો
મારા બન્યા સેવક; કાળનીયે
વિસાત કાંઈ મુજ પાસ ના છે
તો રામની શી પરવા મ્હારે;

મૈત્રી ચહું સ્વપ્નમહીંય શાને;
હજાર યત્નો કરવા છતાંયે
હણી શકે સોમલ ના સુધાને.

આવે ભલે મુજ સાથ મૈત્રી-
ની ઝંખના અંતરમાં લઈને
વિદાય ને થાય પ્રસન્ન ચિત્તે
સીતા સમર્પિત મને કરીને. (૯૧)

કર્યો નથી મેં અપરાધ કોઈ
પછી રહી ક્યાં લવલેશ શક્યતા
સુધારવાની ગુણમૂર્તિ હું તો
મારામહીં છે તિલમાત્ર દોષ ના.



બળે કળે રત્નસમાન સ્ત્રીને
પ્રેમે હરીને ઘર લાવવામાં
વીરોતણું ભૂષણ છે ખરે રહ્યું,
અયોગ્ય એમાં ન કશુંય મેં કર્યું.

મિથ્યાભિમાની જનના ઘમંડને
ગાળ્યો જરી બુદ્ધિબળે અનંત મેં;
સ્વયંવરે જે ઉપહાસ મારો
પુરો થયેલો અતિશે અકારો

તે શલ્ય જેવો નિત સાલતો'તો,
એનો અને શૂર્પણખાતણો મેં
છે દંડ દીધો અપમાન કેરો.

સંતોષ એથી મુજ આત્મને મળ્યો,
આહ્‌લાદ ભારે ઉરને વળી થયો;
ભલે ગણે દોષિત અજ્ઞ કો' મને
કરી સુરક્ષા સઘળીય મેં પુરે

સીતાતણી, સાધન સર્વ એને
સ્નેહે ધર્યાં ભોગ તથા વિલાસનાં,
છતાંય એ નિત્ય વિલાપ જો કરે
ના ભોગવે વ્યર્થ અશાંતિમાં મરે

તો દોષ એમાં નવ લેશ મારો;
ના ચિત્ત મારું ધમકીથકી ચળે. (૧૧૬)

સામર્થ્ય છે, બધા મારા સંજોગો સાનુકૂળ છે,
પ્રસન્ન ભાગ્યની દેવી મારાપે પરિપૂર્ણ છે,
અસહાય એકલી સીતા છેક નિર્બળ છે છતાં
અત્યાચાર કર્યો મેં ના એહના શીલભંગનો

પ્રયત્ન કે કર્યો કો'દી મોહથી લવલેશ ના,
સૌજન્ય શ્રેષ્ઠ એ મારું નિરખો ન તમે ભલે,
પ્રશંસનીય ગણશે ગુણગ્રાહી જનો જગે
મંદોદરી મહારાણી લંકાની મુજ પ્રાણની

ઉપવાસ કરી મિથ્યા યંત્રણા ભોગવી રહી
સીતાનો પક્ષ લીધો છે નિરર્થક જ એહણે
વિશુદ્ધ વિસરી મારા અનેરા સત્ય સ્નેહને,
ચિંતા વ્યાપી ગઈ એને સીતા કે પ્રેયસી થતાં

પોતાનું માન ઘટશે એટલે વેઠતી વ્યથા,
પરંતુ સ્થાન ને માન એનું ના ઘટશે કદી,
એના વિના જણાયે ના સુખ જીવનમાં ઘડી.

સમજાવી જરી એને અર્પો સપ્રેમ સાંત્વના
પ્રકાશ પ્રગટે જેથી એના આતુર આત્મમાં. (૧૩૩)



પીડાગ્રસ્ત પથે કીધું પ્રતિકૂળ પ્રયાણ ના;
ભાવિ લંકાતણું લાગે વિનાશક જરાય કાં ?
વિનાશની કદી વર્ષા વરસી શકશે નહીં,

વિપત્તિના વળી વહ્નિ શકશે ન કદી દહી;
અમંગલતણી ઊઠી આંધી સ્વલ્પ નહીં કહીં,
ભીતિ ભ્રાંતિ ઉરે મિથ્યા તમારા પ્રકટી રહી.
લંકાને ભય ના કોઈ મુજ જીવનમાં રહ્યો,

સામર્થ્યવાન સૃષ્ટિમાં મને સર્વથકી કહ્યો
પછી સંશય છે શેનો ? સંશયાત્મા સદા કરે
અયોગ્ય સંશયો તર્કો વિના મૃત્યુ વળી મરે.
વિચારી હિત લંકાનું સીતાને દો શિખામણ

પ્રેયસી એ બને જેથી મહારી સ્નેહભાજન,
ભીતિ ચિંતા પરિત્યાગી કરો ઉત્સવ આજ કે
સોહાવી શ્રેષ્ઠ લંકાને જાનકીથી વિશેષ મેં.
ગણો ગૌરવ એનું ને બહુમાન મને ધરો

સુધાસિંચનથી મારા સ્વલ્પ સંતાપને હરો,
વીતે છે વેગથી મીઠી મૂલ્યવાન બધી પળો.
વિભીષણ વધારે ના વદ્યા એ વચનો સુણી
રાજપ્રાસાદથી ચાલ્યા વિચારી સહસા વળી,

*

વિપરીત થયેલા હો વિધાતા તો જ પંથને
નીતિનો માનવી ત્યાગે વેઠે કષ્ટ અનંત ને.
ગર્જના ગગને ઘોર થઈ એજ ક્ષણે રહી,

અભ્ર-આવરણે દૈવી દેખાયો સૂર્ય ના કહીં,
ચપલા ચમકી ઊઠી રોષથી રક્ત લોચને,
અમંગલ રહ્યું વીંટી એકાએક જ વ્યોમને. (૧૫૮)

*****

## (૧૬) વિભીષણ અને સીતા

વિભીષણ વ્યથાભીના વિષાદગ્રસ્ત અંતરે
અશોકવાટિકામાંહી બીજે દિન પ્રભાતમાં
સીતાને મળવા માટે પ્રવેશ્યા ભાવથી ભર્યા
વાટિકા મધુરી ત્યારે ડૂબી સહજ શોકમાં

એમને સઘળી લાગી; હતી કાયા પરંતુ ના
અસ્તિત્વ આત્મનું એમાં જણાયું ચેતનાપ્રદ
વાણી મંજુ વિહંગોની સંભળાઈ નહીં જરી,
સમીરલહરીયે ના રહેલી પૂર્વશી સરી,

ધરા સ્તબ્ધ બની શોકે થઈ સંતપ્ત સૌ રહી,
હાલ્યાં વૃક્ષતણાં પર્ણો શુભાગમનથી નહીં.
સરોવરતણી શોભા વિલાઈ સઘળી ગઈ,
કમળો કરમાયેલાં ખીલી લેશ શક્યાં નહીં;

સૂર્ય શોકિત-શો વચ્ચે વચ્ચે છૂપાય વેદના
શમાવવા જરી જાણે શ્યામ વાદળની મહીં.
સંવેદનથકી હાલે મૂક પ્રકૃતિ તો પછી
વિવેકયુક્ત પ્રેમી શે રહે અસ્પૃશ્ય માનવી ?

*

વિભીષણ સીતાસમીપે સ્નેહથી આવ્યા,
આંખડીમાં અશ્રુમાળા મધુરશી લાવ્યા,



પ્રણામ કરી પ્રેમપૂર્વક પેખવા લાગ્યા,
દર્શનથકી દિવ્ય જાણે જગતમાં જાગ્યા

માતતાત સમસ્ત ભરતાં વિશ્વને પ્રાણે
શિવશિવાના દિવ્ય પ્રકૃતિ પુરૂષના નામે
વેદમાં વખણાય જે તે ઉભયમાંથી એક
ધરાતલ પર તત્વ પ્રકટ્યું સગુણ બનતાં છેક
દેહ સીતાનો ધરીને કહેવામાં એમ
થાય ના અતિરેક.

સૃષ્ટિનું સૌન્દર્ય સઘળું થઈને સાકાર
એક સ્ત્રીમાં પુનિત પ્રકટ્યું કે ગ્રહ્યો અવતાર
પરમ માધુર્યે સનાતન શીલ ને સ્નેહે,
ચેતના પરમાત્મની સીમિત બની દેહે

વિરાજી આ વાટિકામાં વૃક્ષપાસ રહી,
વેદના કારુણ્ય કેન્દ્રિત પૂર્ણ કે બનતાં
બન્યું મૂર્તિમંત યુગયુગનું અહીં વનમાં;
વિભીષણ એવા જ શબ્દો રહ્યા સ્વગત કહી. (૩૨)

*

વદ્યા સ્નેહે, વિભીષણ હું ભ્રાત રાવણનો
તમારા દર્શનથકી સાચે કૃતાર્થ થયો;

તમારો ને રામનો યશ સાંભળેલો મેં
ત્યારથી અનુરાગ આદરને જગાવીને
સેવતો'તો આશ કે કોઈક ધન્ય દિને
દિવ્ય દર્શન લાભ મળશે મૂલ્યવાન મને.

આશ આંશિક આજ એ પૂરી થઈ મારી,
મધુમયી મૂર્તિ રસીલી રામની ન્યારી
પેખવાનું ના મળ્યું સૌભાગ્ય લોચનને
તમારી ઝાંખીથકી પણ થયાં સાર્થક એ.

પરમ સુકૃતના જ પરિણામે મળે દર્શન
દિવ્ય આત્માનું સુધાનું સાંપડે વર્ષણ
જિંદગીના પ્રવાસે કોઈકને ક્યારે
કો'ક આત્મા એમને જોતાં વળી વારે



સમાગમ એવા અલૌકિક આત્મનો ન્યારો
લાભ સેવાનો લભાયે સહજ ના સારો,
ઈશના અનુગ્રહથકી અવસર મળે એવો
અસાધારણ પ્રેરણાપદ મહોત્સવ જેવો. (૫૦)

કર્યાં સુકૃત મેં નથી જીવનમહીં ભારે,
પુણ્ય પણ જાણું નહીં કે કરાયાં ક્યારે,
લાલસા દર્શનતણી મનમાં હતી કેવળ,
કહો સુકૃત તો કહો એને ભલે એકલ.

આસુરી ને વિરોધી વાતાવરણમાં હું
સાવધાનીથી સદાયે શ્વાસને ધારું,
પંક છે ચોપાસ એમાં વસીને મારા
ઊર્ધ્વ પંકજ જેમ રાખું હૃદયને ન્યારા.

લિપ્ત લંકાના બનીને વિષયથી આત્મા
કદી ભૂલે ભાન ના, ભૂલે ન પરમાત્મા
ધ્યાન એનું નિરંતર જીવનમહીં રાખું,
પુણ્ય એજ ગણાય તો શું વધારે ભાખું ?

સાંભળી મેં તમારી ને રામની કથની
થઈ પૂર્ણ પ્રતીતિ સાચે ત્યારથી મનની
અલૌકિક કે છો તમે જનનીજનક જગના
પધાર્યાં પરિત્રાણ માટે ભરીને રગમાં

સત્યની નિષ્ઠા પ્રખરતમ માનવીનો પ્રેમ,
અન્યના કલ્યાણ કેરી એક રાખી નેમ.
ત્યારથી સંસર્ગની ઈચ્છા વળી જાગી,
બન્યું અંતર કોણ જાણે કેમ અનુરાગી. (૭૦)

એટલું અનુકૂળ મારા ભાગ્યને માનું
વિધાતાનો અનોખો કે અનુગ્રહ જાણું
સાંભળ્યું કે તમારું મેં મધુર મંગલ નામ,
યશકથાએ સાંભળી આદર્શ ને અભિરામ

ત્યારથી પુલકિત બનીને પૂર્ણ મારો પ્રાણ
તમારું જ અખંડ લાગ્યો એક ધરવા ધ્યાન.
કલ્પના ના લેશ કે આવા વિચિત્ર સ્થળે
આટલી જલદી કરુણ આવી અસીમ પળે

દશામાં પ્રતિકૂળ આવી તમારું દર્શન
થશે મુજને તેમ કરશે અધિક આકર્ષણ.

દૈવની પણ યોજના આગળ મનુષ્યતણું
બળ નથી કૈં ચાલતું છો હોય પ્રબળ ઘણું;
વિવેકી જન સર્વ કાળે સર્વ સ્થળમાં સ્વસ્થ
રહેતા કોદીય બનતા નથી પીડાગ્રસ્ત,

દોષ દેતા દૈવને ના, બનો ના જ હતાશ,
ત્યાગતા ના કષ્ટથી અંતરતણો અભિલાષ,
બડબડાટ કરે નહીં દુઃખી બને ના તેમ,
સહન કરતા સંકટોને સર્વ અવિચલ જેમ.

રાવણે અપરાધ ભારે કર્યો રામતણો,
પૂર્ણ પંડિત તોય છે એને ઘમંડ ઘણો,
ખૂબ સમજાવ્યો છતાં માને નહીં મદમાં
ભરી ભ્રમણા અજ્ઞતા કે એહના ઘટમાં.

રત્ન છે મંદોદરી લંકાતણું ન્યારું,
ત્રિભુવને એવી સુનારી અન્ય ના ભાળું,



એય સમજાવે છતાં લંકેશ ના માને,
ઘોર પથ તમિસ્ત્રકેરો તેજનો જાણે.

છતાં યત્ન સદા કરીશું નિરાશા તજતાં
ધૈર્યથી હિંમતથકી શ્રીરામને ભજતાં,
રામ આખર એક દિવસે પધારી પ્રેમે
મુક્ત કરશે બાહુબળથી તમોને કેમે. (૧૦૦)

લોચનો છલકી ઊઠ્યાં સીતાનાં સ્નેહથી ભર્યાં,
વદી એ, વચનો આજે તમે જે પ્રેમથી કહ્યાં
સાંભળી એમને લાગે મને કે મુજ ભ્રાતનો
મેળાપ મધુ ઓચિંતો થયો પ્રેમાળ તાતનો.

લાગણી આટલી રાખે અન્ય કોણ અહીં કહો,
સહાનુભૂતિના શબ્દો સંભળાવે વળી અહો,
પીડા પરતણી પેખી લેશ ભોગવતા વ્યથા
પુરૂષો આપણા પૃથ્વીપટે દીસે વિશેષ ના.

એક રત્ન નિહાળ્યું મેં દૈવી મંદોદરીતણું,
અન્ય રત્ન તમોને હું ખરે લંકામહીં ગણુ;
પ્રસન્નતા થઈ પેખી તમને વેદનામહીં,
વિયોગની મહાજ્વાળા દિનરાત રહી દહી

તમારા દર્શને તોય સ્વલ્પ સાંત્વન સાંપડ્યું,
આભ મસ્તકે મારા એકાએક બધું પડ્યું

આશ્વાસન છતાં પામી તમારા શબ્દ સાંભળી,
પળવાર ગઈ મારી પીડા અંતરની ટળી.

લંકેશ જો નહીં માને મૃત્યુના મુખમાં પડી
વિનષ્ટ તો થશે અંતે રામના હાથથી કદી,
શ્રદ્ધા છે મુજને આવી રામ ઉદ્ધારશે મને,
રહેશે દૂર કાયાથી પ્રાણ ના દીર્ઘકાળ એ. (૧૨૦)

વિભીષણ વદ્યા ત્યારે, તમારો યશ સાંભળ્યો
થયો સાર્થક એ આજે સત્ય સંપૂર્ણ કે ઠર્યો;
વારંવાર નહીં આવી શકું દર્શનકાજ હું
વ્યથા એની થતી કિન્તુ થોડોશો પરતંત્ર છું.

લોકમર્યાદકેરો ને દશાનનતણો કરી
વિચાર દૂર વસવા છતાં અંજલિને ધરી
સદા આદરની મારા યાદ નિત્ય કરીશ ને
રહીશ મનથી પાસે દેહ દૂર રહે ભલે.

રઘુનંદન આવીને નિજ પાવન સ્પર્શથી
પાવની મહિમાભીની ભૂમિ લંકાતણી કરી
કરશે તમને મુક્ત એ ઉલ્લાસક્ષણે વળી
મળીશ તમને પ્રેમે સુમનાંજલિને ધરી.

કહીને એમ ચાલ્યા એ ભક્ત સંપૂર્ણ સ્નેહથી,
ટપક્યાં બિંદુ સીતાને નિરખી કૈંક નેનથી. (૧૩૪)



*****

## (૧૭) માયા

સીતાના અંતરતમમાંથી
આર્ત અશ્રુની ગંગા ચાલી,
રામ રામ પોકારો એના
પીડિત પ્રાણથકી
નીકળ્યા પીડિત પ્રાણથકી

એ સાંભળતાં ત્રિજટા એને
ધૈર્ય અર્પતાં બોલી પ્રેમે,
વિષાદ છોડી હિંમત રાખી
શાંતિ સહિત વનમાં
વાસ કર શાંતિ સહિત વનમાં.

કલ્પાંત કર્યે કશું વળે ના,
વ્યર્થ બને ચિંતીત હવે કાં ?
જ્યાં લગ હું છું ત્યાં લગ તુજને
દુઃખ નહીં પડશે
લેશ પણ દુઃખ નહીં પડશે.

શક્તિ નથી મારામાં એવી,
પરાધીન છું નિર્બળ જેવી,
રામ પાસ નહિ તો પહોંચાડી
દેત તને પ્રેમે



ક્યારથી દેત તને પ્રેમે.
પ્રાર્થના કરું કિન્તુ ભાવે
દશરથનંદન જલદી આવે,
દંડ દઈ રાવણને તુજને
નવજીવન અર્પે
રામ એ નવજીવન અર્પે.

શ્રદ્ધા છે મુજને તો ન્યારી,
પરાક્રમે રાક્ષસ સંહારી
વ્યથા બધીયે વિયોગકેરી
દેશે એ ટાળી
એક દિન દેશે એ ટાળી.

આજ સ્વપ્ન મુજને છે આવ્યું,
સાગરપાર કરીને લાવ્યું
રામતણો સંદેશ અનેરો
કોઈ તુજ માટે
શૌર્યથી કોઈ તુજ માટે.

સ્વપ્ન યથાર્થ થશે સઘળું આ,
દૂત પધારી કોઈ પ્રેમે
આશ્વાસન આદરથી અર્પી

શાંતિ તને ધરશે
સ્વલ્પ પણ શાંતિ તને ધરશે.

પધારતાં શ્રીરામ પછીથી
પાવન કરશે ભૂમિ અહીંની;
માટે શોક પરિત્યાગીને
હિંમત ધર, દેવી !
ધૈર્ય ને હિંમત ધર, દેવી !

રાત રહે ચિરકાળ ના કદી;
વિયોગની પણ રાત આ પડી
ઘડી બે ઘડી પછી પ્રકાશે
પલટાશે પાછી
દિવસમાં પલટાશે પાછી.

સરિતા શુષ્ક બનેલી જેવી
મત્ત મેહને બનતી સેવી
કૃતાર્થ બનશે તેવી તુંયે
અમૃતરસ રેલી
આખરે અમૃતરસ રેલી.

વદી જાનકી આશ મને એ
અતૂટ ને વિશ્વાસ સદા છે,
તેથી તો આત્માને ધારી



જીવું છું આજે
વ્યથામાં જીવું છું આજે.

નહિ તો અનશન ઘોર કરીને
હોત મૃત્યુને ખરે વરીને
ધન્ય બની બલિદાન દઈને
મોંઘેરું પ્રેમે
પ્રાણનું મોંઘેરું પ્રેમે.

એમ કહી ધ્યાનસ્થ બની એ.
રૂપ રામનું ધ્યાન ધરીને
લીન બની અંતે
જાનકી લીન બની અંતે. (૭૦)

*

રાવણે મંદોદરી સમીપે પહોંચી જઈ
એજ સમયે ક્રોધથી કહ્યું કૈંક, અભાગિની
સ્ત્રી હશે તારા સમી અન્ય કોઈયે નહીં
રાજરાણી જે બની ભોગ- ઐશ્વર્યે છલ્યા
વિલાસી જીવનમહીં હશે શોક કરી રહી.

સાંપડી છાયા છતાં તાપમાં તપતી સદા,
સમીપે સરિતા છતાં વ્યર્થ મરતી પ્યાસમાં;
ઊછળે અર્ણવ અહીં અહર્નિશ આનંદનો
સ્વાદ લેતી તે છતાં વ્યથાગ્રસ્ત વિષાદનો;

કમલના વનમાં વસે ભ્રમર રસ તોયે કશે
ના લભે તેવી દશા કરુણ છે તારી અહ્ય !
સહે વ્યર્થ જ વેદના, કષ્ટ મિથ્યા ભોગવે,
અકારણ રોઈ રહી પડીને પરિતાપમાં,

કો'કની ચિંતા લઈ મસ્તકે શાને ફરે ?
જાનકી ન સહોદરા સખી કે તારી ખરે
છતાં સ્વેચ્છાથી મહા વેદના જ્વાળા મહીં
પૂર્વગ્રહ સાથે પડી સતત આજ જલી રહી.

શું સર્યું ઉપવાસથી, વ્યર્થ સૂકાઈ ગઈ;
શિખામણ આપે મને કિન્તુ જ્ઞાન તને નહીં;
ક્લેશ શાને ભોગવે, પ્રવાસે જીવનતણા
નથી સાથી ભોગ કે વૈભવો કેરી મણાં,

સર્વ રીતે ભાગ્ય છે સાનુકૂળ સદા છતાં
લહાવો એનો લઈ અનુભવે આનંદ ના.
શાંતિથી મંદોદરી વદી પૂર્ણ વ્યથાભરી,
લહાવો શાને લઉં ઘોર અજ્ઞાને મરી,

ભોગવૈભવ કે કશું ચિરસ્થાયી ના જગે;
અવિદ્યાના પ્રવાહો વહેતા જેની રગે
એ જ આસક્તિ કરે, અહંકારમહીં મરે;
ભોગથી જીવનતણો હેતુ અંતિમ ના સરે.



ભોગને જીવનતણું ધ્યેય જે માની રહ્યા,
વિનશ્વર વિષયોમહીં સ્વર્ગસુખ જાણી રહ્યા,
નીતિના પથને તજે પ્રેમ ધર્મ ક્ષમા દયા-
ને ભજે ના તેમને પ્રાજ્ઞ પંડિત ના કહ્યા.

જાનકી ન સહોદરા સખી કે મારી છતાં
પ્રાણમાં પ્રકટી રહ્યા પ્રવાહો કૈં પ્રેમના
એહને માટે થતી અનોખી સંવેદના
અંતરાત્મા અનુભવે અવનવી આત્મીયતા.

માનવી નિજ કષ્ટની ભોગવે ભારે વ્યથા
ચાલતી એ શાશ્વતી જગતમાં સઘળે પ્રથા,
અન્યનાં કષ્ટોથકી પ્રભાવિત કિન્તુ બની
વેદનાને ભોગવે વિરલ જન કોઈ અહ્ય !

અંગ અનશનથી ભલે સ્વલ્પ સૂકાઈ ગયું
આત્મબળ મારું છતાં વધ્યું કે સુદ્રઢ થયું.
તમારા સદ્ ભાગ્યની શુષ્ક છે સરિતા થઈ
એટલે તો મલિન સૌ તમારી બુદ્ધિ બની,

ધર્મના પથનો કર્યો ત્યાગ ને પરનારમાં
રહ્યા આસક્તિ કરી પુણ્યનો પથ પરહરી.
દશાનન બોલ્યો, નથી પુણ્યનો પથ પરહર્યો,
સાર ધર્મતણો સદા પ્રતિપદે મેં તો ગ્રહ્યો,

વાસના મુજને નથી આક્રમણ નહિ તો કર્યું
જાનકી પર હોત મેં ભીતિ આશંકા તજી.
ભીતિ આશંકા નથી થતી કામુકને કદી,
પૂર્ણ કરતા વાસના મૃત્યુના મુખમાં પડી;

એ જ છે સંસ્કારિતા વિલક્ષણતા કે હજી
ભ્રષ્ટ કરવા ના કર્યો યત્ન મેં એને કદી;
ભાવના પ્રતિશોધની તૃપ્ત હું મારી કરું,
ચહે સીતા સ્નેહથી તો ભલે એને વરું. (૧૮૪)

કષ્ટ ના એને ધરું કિન્તુ એ સ્વેચ્છાથકી
કષ્ટ કાયમ ભોગવે સહાય પછી શી કરું ?
હશે જ્યાં લગ પ્રાણ આ ત્યાં સુધી છોડીશ ના
એહને; મિથ્યા તજી ભાવ દર્દવિષાદના

સરિતમાં સૌભાગ્યની સ્નાન કર કૃતકૃત્યતા
માણતાં મુજ આત્મની શ્રેષ્ઠ સામ્રાજ્ઞી બની.
સુખ સમર્પ્યું મેં તને ભાગ્ય ભોગવવાતણું
છતાંયે ના હોય તો દોષ ના દેતી મને.

દશાનન એવું વદી ગયો રાજ્યસભામહીં
પ્રકાશ થયો પ્રાણમાં જડ સમાન જરા નહીં.
વિચારો મંદોદરી તદા સહજ કરી રહી,
શબ્દ સત્પુરૂષોતણા લેશ છે મિથ્યા નહીં;



હરણ સદ્-બુદ્ધિતણું પ્રથમ માનવની થતાં
દીસતું પ્રતિકૂળ પણ સદાયે અનુકૂળ સૌ,
સૂર્ય શીતળ ચંદ્રશો સિંધુ સરિતાશો વળી
સરિત દીસે સિંધુશી, હલાહલ લાગે અમી

અમીમાં આભાસ ને થાય સોમલનો કદી,
પતનને ઉત્થાન એ માનતાં જાયે પડી,
મલિન મન દુશ્મન બની રહેતું એને નડી,
સુહૃદને દુશ્મન ગણે સુહૃદ સમ રિપુને ચહે,
પરાજયને જય તથા પરાજય જયને કહે.

દ્રષ્ટિ ને વૃત્તિ બધી એમ બદલાઈ જતી,
અનોખી લીલા સદા અંતરાત્મામાં થતી;
છેવટે સુખશાંતિનું થતું પૂર્ણપણે હરણ,
જિંદગીને ભક્ષતું અમંગલ સાચે મરણ,
મૂઢ માનવ માનતો
મરણને મોહાંધ એ
અજ્ઞ જીવન જાણતો.

વ્યથાતુર વદને છતાં પ્રેમથી મંદોદરી
જાનકી પાસે પછી સહજ સંકોચે ગઈ.
પુષ્પને અર્પણ કરી એહનાં ચરણોમહીં
નેહભીનાં નેનને નિહાળી વાણી કહી

એહણે, જોઈ તને થાય છે મુજને વ્યથા,
ખરેખર દયનીય કે કરુણ છે તારી દશા.
કષ્ટ ભોગવ ના છતાં વધારે, જીવનમહીં
શાંતિ રાખ વિવેકની મદદથી વસતાં અહીં;

રામને માટેય આ સ્વસ્થ તનને રાખવું
ઘટે તેમ ટકાવવું મૃત્યુમુખ ના નાખવું.
જાનકી બોલી સુધાસભર સ્વર સાથે પછી,
શકું રઘુનંદન વિના શાંતિથી ક્યાંથી વસી,



અંગ લંકામાં છતાં આત્મ મારો એમના
સ્વરૂપે ક્રીડા કરે ચારુ ચરણોમાં ફરે.
ભોગવૈભવ લેશ ના આત્મને આકર્ષતા
રામના દર્શન વિના દીસતું સાર્થક્ય ના;

જિંદગી નીરસ બની નિરાનંદ - અશાંતિની
એક આવૃત્તિ સમી જડ સ્મશાનસમી થઈ.
રામના વિણ અંગનો પ્રાણનો ઉપયોગ શો,
કોણ જીવે, ના રહે અર્થ જીવનનો કશો. (૨૭૮)

લોલ લોચન હો છતાં રામને ન વિલોકતાં
મુગ્ધ ના બનતાં કદી હોય સાર્થક ના થતાં,
અંગની શોભા ભલે સદાને માટે બને
કિન્તુ બડભાગી જરી સફળ ના લાગે મને.

કાન મંગલ નામને પ્રેમ ગૌરવ ગાનને
હોય સાંભળતા નહીં સુધાસ્વાદ સુખદ લહી;
નાસિકા સૌરભ સદા રામની માણે નહીં,
વિષયના વિષની રહે વરાળો એમાં વહી;

જપે જિહ્વા લેશ ના રામને નવ કે સ્તવે;
અલંકૃત કર સેવતા પૂજતા ના હો ભવે;
ચરણ નિત્ય પ્રદક્ષિણા એમની કરતા નહીં;
અરે જીવનનું બધું એમને સ્વાર્પણ કરી

એમને માટે જ ના અર્ઘ્ય ભાવતણો ભરી
હોય વપરાતું; અને અંતરે અંગાગમાં
એ જ માત્ર રમે નહીં, શાંતિ તો ક્યાંથી મળે,
એમને ગૌરવતણાં કવણ અધિકારી ગણે?

રામવિણ મહિમા મટ્યો બધોયે જીવનતણો,
એહને જીવન કહું અંક કે મૃત્યુતણો,
તફાવત ના લાગતો મૂળભૂત જરી મને;
સર્વ સમજાઈ જશે વિરહના વચનો તને. (૩૧૮)

*

આશ્વાસન આપીને એને
મંદોદરી ઘડીભર પ્રેમે
બોલી, પવિત્ર પ્રેમતણું આ
ચિત્ર ખરે ન્યારું;

તેં તો કુળ તારું તાર્યું.

જન્માંતરના પુણ્યોદયથી
સંગતિ રામતણી તું પામી,
કો'ક સાંપડે સન્નારીને
શુચિ એવા સ્વામી
સર્જને શુચિ એવા સ્વામી.

વિપ્રયોગ યોગે પલટાશે
પ્રાર્થું હું પણ એ વિશ્વાસે,
કૃતાર્થ કરશે રામ મને પણ
જીવું એ આશે
આજ તો જીવું એ આશે

રામનામની મંગલ માળા
રોજ ફેરવું નેહે ન્યારા,
દૂર વસી મહિમા રામતણો
ભર્યો ઉરે મારા
સદા મેં ભર્યો ઉરે મારા.

ભૂમિ આસુરી લંકાકેરી
પામી પદરજ કદી અનેરી
કૃતાર્થ બનશે, વિરહરાત આ
ટળી જશે ઘેરી
એકદા ટળી જશે ઘેરી.

બંનેનાં લોચન છલકાયાં,
અંતર અદ્ ભુત રસમાં નહાયાં;
યુગયુગના આતમ અનુરાગી
છોડીને કાયા
મળ્યા ત્યાં ગાઢ કરી માયા. (૩૪૮)



*****

## (૧૮) જટાયુનો મેળાપ

પ્રસન્ન વન સર્વદા સભર સ્વાદુ સૌંદર્યથી
કરંત રસસૃષ્ટિ દિવ્ય અમરાપુરીની અહીં
પ્રદાન કરતું નવીન સુખ પ્રાણને દર્શને
પ્રસન્ન નવ દીસતું સભર શાંતિથી આજ એ

વિષાદરત છે બન્યું વિરહની વ્યથાથી ભર્યું,
મને સુખ સમર્પવા નવ સશક્ત દીસે જરા;
બધે વિષમ વેણુ પત્રવિટપે વળી પુષ્પપે
ધરાહૃદયમાં અખંડ અવિરામ વાગી રહી.

ગઈ મધુરતાતણી પરમમૂર્તિ ક્યાંયે તજી
વળી કળ ન એટલે હજુય લાગતી એહને,
મને જ નહિ કિન્તુ વિશ્વભરનાં બધાં તત્વને
રહ્યો વસવસો થઈ દિવસરાત સર્વ સ્થળે.

વદ્યા સ્વગત રામ મૂક જગના પદાર્થો તને
ભજે સતત પ્રાણ કેમ નવ તો મહારો ભજે ? (૧૪)

*

સમસ્ત મધુરતાથકી તુજ હતું મઢેલું મહા.
હતાં સુખદ લોલ લોચન સુધાછલેલાં જરાં,
મુખાકૃતિ પ્રસન્ન પ્રેમરસથી રસેલી વળી
પ્રશાંતિપ્રદ મિષ્ટ વાણ મધુ ચાલ તારી હતી.



હતાં સકળ રોમ કો'ક નવજાત સૌંદર્યનાં
સુડોળ કમળોસમાં મધુભર્યાં અનેરાં નવાં,
હતી મધુરતાતણી જ મધુમૂર્તિ તારા રુપે
થઈ પ્રકટ વિશ્વમાં રસ ભરી અનોખો બધે.

જડ્યા સ્મરણ અંતરે તુજ અસંખ્ય એ જાગતાં
ભરે વિરહકાળમાં અસહ સૂક્ષ્મ સંવેદને
છતાં સકળ લાગતાં સુખદ, એમને છોડવા
જરાય મન ના થતું, પ્રબળ થાય સર્વે ભલે

સમસ્ત મધુ તો વ્યથા વિરહનીય મીઠી કહું ?
વિધાન વિભુનું વળી સુખદ સર્વ રીતે ગણું ? (૨૮)

*

જલ્પના કરીને એમ સૌમિત્રની સાથ
અરણ્યમાં આગે વધ્યા જાનકીના નાથ;
પદેપદે પેખવાનો પ્રયત્ન કરી
પ્રતિપળે હિંમતને ધૈર્યને ધરી

કરવા સર્વત્ર લાગ્યા નેહે નિરીક્ષણ
વ્યથાભર્યા નિસર્ગને સુણાવી વચન.
કોમળહૃદયા તને નિસર્ગ, કહી
પ્રેમમયી છતાં શાને કઠોર થઈ ?

વિલોકી વિષાદ વ્યથા વ્યગ્રતા રહી,
હૈયુ તિલમાત્ર તારું હાલતું નહીં;
સ્નેહમૂર્તિ સીતાને ના પ્રકટ કરે,
અંતરને આનંદ કે શાંતિ ના ધરે;

ધારણ કરે પ્રચંડ પર્વતમાળા,
જ્વાળામુખી જલે ઝેરી અંતરે તારા,
શીતોષ્ણ સહે સદાયે, સૂર્યચંદ્રનાં
વિરોધાભાસી વ્યક્તિત્વો વીંટાઈ વળ્યાં,

એમની વચ્ચે શાંતિનો શાશ્વત લે શ્વાસ,
વજ્રવૃત્તિ કરી લાગે મારે માટે ખાસ.

*



જટાયુનો માર્ગ મહીં મેળાપ થયો
રામદર્શનથી એને આનંદ મળ્યો;
અંતકાળે આ દર્શન તમારું થયું
ભાગ્ય એને લોકોત્તર મહારું ગણું. (૫૦)

રાવણે કરી છે મારી દુર્દશા આવી,
એની સાથે દ્વંદ્વયુદ્ધે શક્યો ના ફાવી;
સીતાને હરીને ગયો દક્ષિણ દિશે
કામક્રોધ ધારી ભારે હૃદય વિશે.

અંતકાળ આવી ગયો દીસે છે સમીપ,
દેહધારીને જવાનું એક દી' નિશ્ચિત,

કિન્તુ સેવા આટલી મેં તમારી કરી
સીતાતણી માહિતી આ અલ્પશી ધરી.

એથી થઈ રહ્યો મને સ્વલ્પશો સંતોષ;
પરાર્થે મૃત્યુનો નથી થતો અફસોસ.
અન્યને તનિક પણ સહાય કરે
જીવન તે તારે તથા પોતેય તરે;

શાંતિથી હવે આ તજી તનને દઉં,
વિવેકીને વાત નહીં વિશેષ કહું.
માનવનું ધાર્યું તમે સામાન્ય શરીર
સૃષ્ટિના સ્વામી પરંતુ મહાબલવીર

ઓળખી શકે તમને ધન્યજન કોક,
કેમ શકે જાણી અજ્ઞ અવનીના લોક ?

વેદોએ પ્રશસ્તિ પુરા પ્રેમથી કરી,
ઋષિમુનિ ધ્યાન રહ્યા તમારું ધરી,
યોગી જુએ અંતરમાં જપતા જપી,
શ્રદ્ધાસમન્વિત વળી તપસ્વી તપી

આરાધે અનેરા અનુરાગથી સદા
પામતા જે તત્વ નિદિધ્યાસને કદી
પરમ તે તત્વ તેમ અનન્ય ખરે
સંશય થતો એમહીં લેશ ના મને.

તમને પ્રજ્ઞાથી પૂત ઓળખી લેશે,
ચિત્ત ચારુ ચરણોમાં ચોંટાડી દેશે,
અશાંતિ કે કલેશથી એ બનશે વિમુક્ત,
અંતરાત્મા બની એનો રહેશે સંતૃપ્ત. (૮૦)

વિદાય લઉં છું હવે વંદન કરી
અંતર અનન્ય ભક્તિસંપત્તિ ભરી;
સદ્ ગતિ છે દર્શનથી સાંપડી મને,
અન્ય શ્રેષ્ઠ ગતિ મારું મન ના ગણે.

નિહાળતાં રામતણું રસમય રૂપ
તજી દીધું તન ગતિ મેળવતાં ગૂઢ;
લોચનો ભીંજાયા રામલક્ષ્મણતણાં,
ભાવોદ્રેકથી વધુ ના વચનો કહ્યા.

છતાં બોલ્યા રામ તારા સુકૃતે તને
સર્વોત્તમ ગતિ કરી પ્રદાન ખરે;
હિતસાધકનું સદા કલ્યાણ થતું,
અકલ્યાણ ભૂલેચૂકે એનું ના બને.

મંગલ કર્યું તેં મારું સર્વપણે આજ,
મૃત્યુને વધાવ્યું કેવું દિવ્ય કરી કાજ;
એને લીધે અમૃતત્વ તુજને મળ્યુ
યશસ્વી થઈ ગયો તું બ્રહ્માંડતણા



શ્રેષ્ઠતમ ગૌરવને કર્યું સંપાદન
મંગલ સર્વ પ્રકારે તુજને વર્યું.
આવું ધન્ય મૃત્યુ મળે કોઈને જગે
પ્રકટે પવિત્ર પ્રેમ જેહની રગે. (૧૦૦)

*

સપ્રેમ પરિપૂર્ણ ઉત્તરક્રિયા કરી એહની
અમોઘ અણમોલ અંજલિ પ્રસન્નતાથી ધરી
વધ્યા સજલ-નેત્ર રામ વનમાં પછી આગળ
ભરી હૃદયમાં અનંત રસયુક્ત રત્નાકર.

વ્યથા ઉરમહીં અસહ્ય પ્રકટી રહી વાધતી,
અરે મધૂરમૂર્તિ મંગલમયી પ્રિયા જાનકી,
તને વનમહીં બધેય અવિરામ શોધી રહ્યો
સમાગમ છતાંય ના સુખદ શાંત તારો થયો;

વિહંગ દ્રુમ વલ્લરી સુમનપંક્તિ પદ્મો મૃગો,
પ્રસન્ન શુચિ સ્રોત મસ્ત સરિતા તથા પંક્તિઓ
પ્રશાંત ગિરીની અસંખ્ય અલિમંડળો કોકિલા
મયૂર મદયુક્ત, વ્યોમ રવિ વાયુ પૃથ્વી વળી

અનુગ્રહ કરી કહો પુનિત જાનકી ક્યાં ગઈ,
રહ્યા વિવિધ આર્ત દાશરથ સ્નેહશબ્દો કહીં.
સમાગમ થશે નહીં સુખદ જાનકીનો મને
કદીય મુજ જીવને વરપ્રદાયક લક્ષ્મણ ?

સમસ્ત જગના પદાર્થ નયનો સમીપે રહ્યા
થયા રસવિહીન કિન્તુ સહુ એક સીતા વિના.
કહ્યું તરત લક્ષ્મણે, સુખદ દિવ્ય સીતાતણો
સમાગમ થશે અવશ્ય તમને, મને, સ્વપ્નમાં

કદી ન તિલમાત્ર સંશય થઈ રહ્યો એમહીં,
રહી ન શકશો તમે અલગ સર્વકાળે કહીં.
હશે ગગનમાં અનંત અમરાપુરે લોકમાં

વિભિન્ન પૃથિવીપરે જલધિમાં ગમે ત્યાં છતાં
નિરાશ બનશો નહીં; વિવિધ સંકટોને સહી,
પુનર્મિલનથી પ્રસન્ન બનતાં બધી જિંદગી
કૃતાર્થ બનશે પ્રશાંતિસ્વર રેલશે છેવટે;
વિયોગ વિપરીતતા નવ હણી શકે સ્નેહને.

સમાગમ અહીં જ આ પૃથ્વીપરે જીવને
થશે ઉભય પ્રેમપૂર્ણ ઉરનો; ન શંકા મને. (૧૩૦)

*****



## (૧૯) શબરી

વિષાદભીના અતિવ્યગ્ર રામ
સૌમિત્ર સાથે વધતાં અરણ્યે
આવી પહોંચ્યા અભિરામ આશ્રમે
સાધ્વી પવિત્ર શબરીતણા ને
પ્રભાવ એનો અણમોલ જાણતા
એમાં સુખે સાદર કે પ્રવેશ્યા.

સમીપમાં શાંત સરોવરે કરી
સમાધિની સૃષ્ટિ સુખાંત કેવી,
કેવાં વળી પદ્મ રહ્યાં પ્રફુલ્લી
એના ઉરે પ્રેમળ રશ્મિ રેલી

ક્રીડા કરે અદ્ ભુત શી દિવાકર,
સત્કારતાં સુસ્વરથી વિહંગો
માણી રહ્યાં જીવનનો મહોત્સવ;
પુષ્પો નવો જ્ઞાનપ્રકાશ પામી

પ્રસન્ન કો' સાધક-સાધિકાશાં
સુગંધ રેલી અવિરામ ધન્યતા-
તણા અનોખા ધ્વનિને જગાવતાં
ખીલી રહ્યાં નૂતન રંગ ધારી.



સમીરની સ્નેહથકી છલેલી
દેવાંગનાશી લહરી નિહાળી
એ સર્વને સત્વર જાય વારી;
આરંભતી નર્તન પ્રાણ ઢાળી.

સૌન્દર્ય જો આશ્રમનું અનેરું
સૌમિત્ર ચિંતા વસમી વ્યથાઓ
પ્રવેશતાં વેંત જ શાંત થાય,
પ્રભાવ આ અદભુત પૂર્ણ ન્યારો

એમાં રહેતાં અણમોલ કોઈ
યોગીકેન્દ્ર કેરો ઋષિનો જ દીસતો.
પવિત્ર દૈવી પરમાણુ શ્રેષ્ઠ કો'
મુનીંદ્ર કેરાં જડચેતને ભળ્યાં

આ આશ્રમે એમ જ લાગતું મને,
એ શાંતિ બક્ષે ક્ષણમાં જ આત્મને
કરે અનુપ્રાણિત ને જગાવે
સંસ્પર્શથી શ્રેષ્ઠ સુષુપ્ત ચેતના. (૩૪)

નિમીષમાં સ્નેહસમેત ત્યાં તો
આવી પહોંચી શબરી તપસ્વિની

પુષ્પોતણી મંગલ માળ સાથે
ને એમને આદરથી સમર્પી
હર્ષાશ્રુનો અર્ઘ્ય ધરી ઢળી પદે !
બોલી જરા ગદ્ ગદ કંઠથી, પ્રભો !

પ્રેમે પધારી મુજ આશ્રમે આ
કૃતાર્થ જીવનને તમે ધરી,
સૌભાગ્યની શાશ્વત સીંચતાં સુધા
આ વાટિકા શુષ્ક બધી રસે ભરી,

સંગીતથી વંચિત આ સિતારને
સ્વર્ગીય ન્યારા રસશબ્દથી કરી,
વર્ષોતણી તીવ્ર મહાતપસ્યા
તથા પ્રતીક્ષા મુજ છેવટે ફળી. (૪૮)

નવ પુણ્યથી મળી શકે
પળ આ અણમોલ આત્મને
સહસા સુર કે મુનીંદ્રને
અતિદુર્લભ જિંદગીતણી.

તપ કૈં ન કર્યું, ન પુણ્યનો
પણ સંચય સ્વલ્પ મેં કર્યો,
ક્ષતિથી અતિ અજ્ઞભાવથી
મુજ આત્મ સદાય છે ભર્યો;



શુભ તો પણ સાંપડ્યું મને
કૃતકૃત્ય અમોઘ દર્શન,
મધુ કેવળ એ અનુગ્રહ
મુજ જીવનનો સનાતન. (૬૦)

પરબ્રહ્મ તમે પરાત્પર
શુચિ ચેતનતત્વ વિશ્વના
પ્રકટ્યા પરિત્રાણ હેતુથી
અભયંકર પૂર્ણ ચિદ્ ઘન.

તમને નવ માનવી મળે
નવ થાય કૃતાર્થ ત્યાં સુધી
ઘટમાળ અશાંતિ-કલેશની
શકતી નવ મૃત્યુની મટી.

જડ જીવ ન જાણતો સદા
પરિપૂર્ણ શુચિ સ્વરૂપને,
મળવા મથતો નહીં તથા
ભજતો નવ વિશ્વભૂપને.

નિત સંસૃતિચક્રમાં ભમે
હસતાં રડતાં પ્રસન્નતા
અવસાદ તમિસ્ત્રતેજમાં
શુભ સંપદમાં વિપત્તિમાં

જય તેમ પરાજયે સુખે
અસુખે રત દ્વંદ્વમાં રમે.

શુચિ પૂર્ણ કરી અનુગ્રહ
મુજને પરિતોષ અર્પવા
અતિઆતુર આત્મ સ્નેહના
સલિલે ક્ષણમાં જ તર્પવા

મુજ આશ્રમમાં પધારતાં
કરતાં મુજ સર્વ પાવન
સરિતા કૃતકૃત્યતાતણી
જગવી શુચિ આત્મઆંગણ.

એવું વદીને શબરી સમર્પી
શ્રીરામ ને લક્ષ્મણને શુભાસન
વિરાજતા સ્નેહસમેત સામે
જોઈ રહી શાંતિથકી સનાતન. (૯૦)

*

રામે કહ્યું દર્શનથી તમારા
આનંદ મારા અવસન્ન આત્મને
પૂર્ણેન્દુપ્રાકટ્ય સમાન સાંપડ્યો,
વિવિક્તવાસી પુરૂષો તપસ્યા-

સંલગ્ન કૈં મેં વનમાં વિલોક્યા
પરંતુ સ્ત્રીરત્ન પ્રશાંતિપૂર્ણ



ના અન્ય આવું હજુયે નિહાળ્યું
સમસ્ત આ જીવનમાં કૃતાર્થશું
જેનું મળ્યે મંગલ માત્ર દર્શન
આહ્લાદતાં અંતર દિવ્યતાના
સંગીતસૂરે સઘળું છવાઈ
બની રહે શાંત પ્રશાંત પાવન.

આદર્શ સંતો ખલુ સંસૃતિના
સૌંદર્ય સાચા શુચિ પ્રાણ જેવા,
સંસર્ગ શ્રેયસ્કર એમનો થતાં
અશક્ય કાંઈ જગમાં રહે ના.

વિનમ્રતાથી શબરી વદી કે
તમે ધરો વ્યર્થ મને મહત્તા,
છે કોણ આખા અવનીતલે કહો
મહાન, કોની વધુ છે વિશિષ્ટતા ?

આદર્શ છો એક તમે જ વિશ્વમાં,
બીજા તમારા ગ્રહ કે ઉપગ્રહો-
સમા તમારાં જયગાન ગાતા,
આત્મા તમે, અન્ય શરીરના સમા.

જ્ઞાની જ જાણે મહિમા તમારો
થોડોઘણો તેમજ ઓળખી શકે;

જ્ઞાની મહર્ષિ મુનિશ્રી મતંગે
મને કહેલું તપના પ્રભાવે
આ આશ્રમે કે પરમાત્મકેરા
પ્રતીકશા લક્ષ્મણ સાથ રામ

પ્રેમે પધારી શબરી, અનોખું
આતિથ્ય તારું રસસાથ માણી
કૃતાર્થ કો'દી કરશે ભવિષ્યમાં
સર્વોત્તમા સદગતિને સમર્પતાં.

શ્રીરામ એ લક્ષ્મણ સાથ ધર્મની
મર્યાદને શાશ્વત સત્ય સ્થાપવા
પૃથ્વીપરે છે પ્રકટ્યા સવિતૃશા;
પ્રકાશ એ પ્રેમભરેલ રેલી

અનેકના અંતરમેલ ધોઈ
સાર્થક્ય સાધી જગના તમિસ્ત્રને
યુગો સુધી સૂક્ષ્મરુપે વિદારશે
વિપત્તિનાં વાદળ ઘોર ટાળશે.

મહાપ્રતાપી મુનિશ્રેષ્ઠના એ
શુભાશિષે દર્શન દિવ્ય પામી
આજે તમારું મુજ જિંદગીમાં
ન્યારા તમારા જ અનુગ્રહે કે.



સુધામય શ્રેષ્ઠ સ્વરૂપ કેવું
ન્યારું તમારું સુખધામ જેવું,
એને નિહાળી મન મુગ્ધ મોહિત
બની રહે પૂર્ણપણે અસંશય. (૧૪૦)

વાણી સુણી સ્પંદનસાથ પ્રાણ
આહ્લાદતાં નૃત્ય અખંડ શું કરે,
બની જઈ લીન રસે સમાધિના
ચાંચલ્ય ત્યાગી મન સ્હેજમાં મળે.

*

રઘુનંદન શાંતિથી વદ્યા શબરી, કૃતકૃત્ય છો તમે,
મુનિવર્ય મહા મતંગની અણમોલ શુભાશિષો વડે
અતિદુસ્તર ઘોર અર્ણવ નિજ જીવનનો તમે તર્યાં;
તપ સર્વ કૃતાર્થતા વર્યાં સુકૃતો સઘળાં વળી ફળ્યાં
પદ પ્રાપ્ત થયું અમોઘ આ સુરદુર્લભ એટલે અહા !

*

મહિમા મુજ સ્વલ્પ છે છતાં
અનુરાગભરેલ અંતરે
અદકો સવિશેષ માનતાં
પરબ્રહ્મપ્રતીક જાણતાં

બહુમાન તમો રહ્યાં કરી,
પણ જીવનના પ્રવાસમાં

અશુભે શુભ તાપછાંયમાં
અમૃતે વિષની વરાળમાં,
મધુ મંગલ નીતિતત્વને
વળગી સમ લાભહાનિને
સમજી પગલાં ભરું સદા;

પરવા પરમાત્મના પદે
પરિપૂર્ણ વિરાજવા નથી,
સુર કે સુરશ્રેષ્ઠયે થવા
મુજને નવ ચાહના થતી,

પરિપૂર્ણપણે મનુષ્યની
શુચિ સુંદર સાધના કરી
કૃતકૃત્ય મનુષ્યના પદે
ચિરકાળ થઉં પ્રતિષ્ઠિત

અભિલાષ અવશ્ય એટલો
મુજ જીવનમાં સદા રહ્યો,
દિનરાત સમસ્ત સાધના-
સરિતા મુજ સાધ્યની દિશે
સરતી અવિરામ ગીતિથી;
જગમાં બસ માનવી બનું
સુખ એ શુચિ ભાગ્ય તો ઘણું. (૧૮૦)



શબરી સ્વરથી સુધાછલ્યા
વચનો પરિતોષનાં વદી.
પ્રતિમૂર્તિ વિનમ્રતાતણી
અભિમાન કરી શકે કદી ?

મહિમા નવ વ્યક્ત છો કરો
મુજને પણ શ્રેષ્ઠ છે મળ્યો
મધુદર્શનલ્હાવ આજ આ
સહસા જ ત્રિલોકનાથનો.

ચરણે નવ કૈં સમર્પવા
ધનવૈભવરત્ન મૌક્તિક,
ઉરના પરિપૂર્ણ પ્રેમનાં
શુચિ સુંદર પુષ્પ કેવળ.

ફળસંગ્રહ ભાવથી કર્યો
ચરણે કૃતકૃત્ય એ ધરું,
વનમાં બહુમૂલ્ય અન્ય શી
સુખકારક શુશ્રુષા કરું ?

*

આતિથ્ય પ્રેમે કરવા પછીથી
ફળો કર્યાં અર્પણ ભાતભાતનાં,
છોડી રહ્યા સુસ્વર શાંતિકેરા
સિતારના તાર સમસ્ત આત્મના.

*

રામે વખાણ્યાં ફળને બધાંયે
સ્વાદિષ્ટ આવાં ફળ સૃષ્ટિમાં મેં
નથી નિહાળ્યાં, ન ખરે હશે થતાં
પાતાળમાં સુંદર સ્વર્ગમાંયે.

ફળોમહીં આ શુચિ સ્નેહકેરી
સુધા ભળી નિર્મળ પ્રાણમાંથી
આસ્વાદ એથી મળતો અનેરો;
વિશિષ્ટ સૌયે મધુભાવનાથી

સરોવરે સુંદર એટલામાં
મૃગો તથા હસ્તિ મૃગેન્દ્ર સાથે
પીતા નિહાળી જળ રામલક્ષ્મણે
આશ્ચર્યને વ્યક્ત કર્યું જરાક

ત્યારે વદી ઉત્તમ એ તપસ્વિની
કે દ્રશ્ય આવાં દિનરાતનાં કૈં
સામાન્ય છે અદભુત આ અરણ્યે;

યોગીજનોના તપના પ્રભાવે
પેદા થયેલાં પરમાણુ સર્વ આ
પ્રદેશમાં પાથરતાં અહિંસા.

સ્વભાવથી હિંસક કે વિરોધી
પ્રાણીમહીંયે અભિજાત પ્રેમનાં



જગાવતાં સ્પંદન શાંતિ આપે,
માલિન્યકેરા થર કૈંક કાપે.
એ દિવ્ય યોગીજનની કૃપાથી
પામી લઈ ઉત્તમ આર્ષ દ્રષ્ટિ
મેં જિંદગીને કૃતકૃત્યતા ધરી
સાનિધ્ય સર્વોત્તમ આજ મેળવી.

મને હતી જાણ તમે પધારશો
તમિસ્ત્ર મારું સઘળુંય ટાળશો,
અનુગ્રહે સિદ્ધિ પ્રશાંતિ અર્પી
સંતપ્ત આ અંતરને ઉગારશો.

*

પ્રતીચિના અંતરમાં અનોખાં
તમિસ્ત્રનાં તાંડવનૃત્ય ચાલે,
જ્વાળામુખી ભીષણ વેદનાના
જલી રહે શાંતિ સમસ્ત ટાળે

આત્મા વિષાદે ભર ગૂંગળાતાં
બને અધીરો કરતાં પ્રતીક્ષા
પ્રસન્નતાનું પ્રકટે પ્રભાત
ત્યારે પ્રકાશે પ્રણયે પ્રભાકર.

સંસિદ્ધિના સ્વર્ણ પ્રભાતકેરું
પ્રાકટ્ય ના જીવનમાં સહેલું,

એની પ્રતીક્ષા કરવી પડે ને
પડે સદાયે તપવું પહેલું,
તમિસ્ત્ર પીડા અવસાદ વેઠે
એને થતું દર્શન સત્યકેરું. (૨૪૪)

*

સુણી કથા સુંદર જાનકીની
એણે જણાવ્યું, નવ જાનકી સદા
રહી શકે દૂર વિયોગ વેઠતી;

લંકામહીં શાંત અશોકવાટિકા-
તણી વિરાજી વટવૃક્ષછાંયમાં
સ્મરી રહી એ તમને જ એકલી;

વિનાશ લંકેશતણો કરીને
વિમુક્ત એને કરશો અવશ્ય
એ ભાવિને સ્પષ્ટ શકું નિહાળી;

માટે બની હિંમતવાન સ્વસ્થ
હવે કરો દક્ષિણમાં પ્રયાણ,
નિહાળશો પર્વત ઋષ્યમૂક
સુગ્રીવ એના પર ધર્મપ્રાણ;

સ્થાપી અનોખી દ્રઢમૂલ મૈત્રી
એ શોધમાં ઉત્તમ જાનકીની
સેવા તમોને સઘળી સમર્પશે,



એથી થશો પૂર્ણપણે કૃતાર્થ
એ ભાવિ છે નિશ્ચિત ને મહાન. (૨૪૨)
પ્રસન્નતાપૂર્વક રામ બોલ્યા,
મિથ્યા થશે શબ્દ નહીં તમારા-
શી સિદ્ધ સંપૂર્ણ તપસ્વિનીના;
સ્નેહે કરી વૃષ્ટિ શુભાશિષોની
મારી પરે એ બડભાગ મારું;

મારોય આત્મા મુજને કહે છે
મળી રહેશે પ્રિય મૈથિલી મને;
શશાંકને કેમ તજે ધરિત્રી
વર્ષા વળી નૂતન નિત્ય મેઘને,

સમુદ્ર છોડે ક્યમ વીચિમાળા
ને વૃક્ષને સ્નેહભરેલ છાયા,
બ્રહ્માંડમાં વ્યાપક બ્રહ્મકેરો
સહી શકે કેમ વિયોગ માયા,

સંબંધવિચ્છેદ સુગંધ પુષ્પનો
ને તારિકા કેમ કરે પ્રકાશનો
કાયા વળી કાયમકાજ આત્મનો ?

*

વચનો મધુ લક્ષ્મણે કહ્યાં
સુણવા શુભ ભક્તિતત્વને,

સુણતાં જ તપસ્વિની વદી
લુછતાં રસપૂર્ણ નેત્રને.
મહિમા પરિપૂર્ણ ના શકું
સમજી શુભ ભક્તિતત્વનો,
અવતાર ન અક્ષરે થતો
અનુભૂતિપ્રધાન મર્મનો.

પરમાત્મતણા વિયોગમાં
રત આતમ ભક્તિસેતુથી
અતિદુસ્તર ક્લેશસિંધુને
પરિપૂર્ણપણે સુખે તરી

સુખશાંતિ અસીમ મેળવે
કૃતકૃત્ય સદા જતો બની. (૨૯૨)

*

ચિરકાળ સમુદ્રમંથને
રત દાનવદેવ મંદરા-
ચલ ક્ષીરસમુદ્રમાં મુકી
વિષ તેમજ અન્ય રત્નને
લભતાં કૃતકૃત્ય સૌ થયા,

વિભુના વરદાનથી વળી
સહુને શુભ સાંપડી સુધા,
અથથી ઈતિ સાંભળી કથા



મધુમંગલ આત્મજ્ઞાનના
શુભ સંયત યોગ-યાગના
પરિણામરુપે પ્રકાશતી
વરદા ચિરશાંતિકારિણી
ત્યમ સર્જનની સુધાસમી
અતિ અદભુત ભક્તિ પ્રાણથી. (૩૦૬)

*

પય પ્રેમથકી જમાવતાં
શુચિ સંયમપૂર્ણ પાત્રમાં
પરિવર્તન પૂર્ણ પામતું
દધિમાં દધિ તેમ મંથને
તપતાં અનલે અને ધૃતે
ક્રમ એમ વિચારતાં થતી
સહસા શુભ ભાવના મને.

ધૃત ભક્તિતણુંય એમ આ
શુચિ સંયમપાત્રમાં સદા
બનતું, પરમાત્મભાવને
ભજતાં દધિ ધ્યાનનું થતાં
મધુ માખણ આત્મજ્ઞાનનું
મળતાં મળ ને તપે જતાં. (૩૨૦)

*

એ ભક્તિના કૈંક કહ્યા પ્રકારો

પરંતુ ભક્તિ નિત બે પ્રકારની
લાગે મને દર્શન એક આપતી
યુગોતણાં બંધન કલેશ કાપતી,

ને અન્ય એ દર્શનના સિવાયની
સંસારની ક્ષુલક કામના ભરી
પ્રદીપ જેમાં પરમાત્મભાવનો
જાગે નહીં પૂર્ણપણે ચિરંતન,

સંવેગ જેમાં પરમાત્મનો ના,
રાગાત્મિકા જે ન થતી ક્ષણેક્ષણ.
સંતોતણી સંગતિથી વધે એ
ને મંત્રકેરા જપથી સદાયે;

શ્રીરામની સંનિધિમાં કહી શકું
વિશેષ એથી વચનો કહો શે ?

*

શ્રીરામને વંદન પ્રેમથી કરી
કહ્યું, હવે જીવનમાં ન કોઈ



છે કામના શેષ રહી મહારા
સંસર્ગને પ્રાપ્ત કરી તમારા.

પદ્માસને પ્રેમથકી વિરાજી
તપસ્વિની એ નિજ દિવ્યશક્તિથી
શ્રીરામના મંગલ મંત્ર ઉચ્ચરી
કાયા તજીને પરબ્રહ્મમાં મળી.

શ્રીરામ ને લક્ષ્મણ અશ્રુભીની
આંખે દઈ અંજલિ એહને રહ્યા,
શાસ્ત્રોક્ત સર્વે કરતાં ક્રિયાને
અરણ્યમાં આગળ એકલા વધ્યા

ત્યારે બની આશ્રમ મંત્રમુગ્ધ
વિદાય અર્પી વસમી રહ્યો જરી
શુભાશિષો કૈંક અમોઘ અર્પી
વળી રહી સૂક્ષ્મરુપે તપસ્વિની.(૩૫૦)

*****

## (૨૦) હનુમાન તથા સુગ્રીવ

વિહાર વનની વાટે કરતાં રઘુનંદને
જણાવ્યું, સારસો-હંસો-ચક્રવાકો સુયુગ્મ સૌ
મોહમગ્ન બની કેવી કરતાં કેલિઓ અહીં,
હસ્તિ ને હસ્તિની ડૂબ્યાં રસની મોહિનીમહીં,

મકરંદ રહ્યા માણી ષટ્પદો પંકજે રમી,
દોડતી દ્રુતવેગે આ સરિતા સિંધુની ભણી,
મંત્રમુગ્ધ બન્યું દીસે પ્રભાવે વન કામના,
આવા કાળમહીં કોનું ચિત્ત ચંચળ થાય ના ?



જણાવ્યું લક્ષ્મણે, સાચે વન માદક છે બન્યું
સ્નેહીજનોતણી મીઠી કૈંક સંસ્મૃતિથી ભર્યું
પવિત્ર જેમના કિન્તુ પિતા માતા પતિવ્રતા
એવા સંતાનના ચિત્તે કદી ચાંચલ્ય થાય ના,

સદાચારતણી પાળી મર્યાદા સ્વાત્મસંયમે
અરણ્યે નગરે સર્વે સમયે સ્થિતિ એ કરે.
મનેય ઊર્મિલાકેરી સ્મૃતિ સ્નેહમયી થતી
નિર્વાસનિક ચિત્તે એ કિન્તુ પાવિત્ર્ય પ્રેરતી,

શીલસ્વાર્પણની દૈવી પ્રતિમા મુજ અંતરે
આવિર્ભાવ કરી ન્યારા ગાઢ આદરભાવનો
અનુપ્રાણિત આત્માને કરે સંવેદનાથકી;
માહિતી મુજને મારી પરીક્ષા કરતા તમે

પરિપ્રશ્નથકી આવા, નિત્ય નિર્લિપ્ત કિન્તુ ના
તમારા કામનો થાય સ્વલ્પ સંસ્પર્શ ચિત્તને.
રઘુનાથ વદ્યા ત્યારે, ધન્યવાદ અનેકધા
અર્પું અંતરથી આજે, પ્રકટ્યા તુજ પ્રાણમાં

પાવિત્ર્યના પ્રવાહો સૌ દેવદુર્લભ લાગતા;
મનેય સ્મૃતિ જાગે છે રોમાંચક રસેછલી
મિથિલેશકુમારીની કિન્તુ સ્વપ્નેય ચિત્ત ના
બને વિપથગામી કે ભ્રાંત કામુક લેશ આ. (૨૮)

*

વિદ્યુલ્લેખાતણાં નૃત્યો શમ્યાં સંમોહિની ધરી,
શમ્યા જલદના અંતે કર્ણમંગલ કૈં ધ્વનિ,
બેચાર બિંદુ ટપક્યાં પૃથ્વી ઉપર પ્રેમનાં;
દિવ્યલોકતણા કોઈ દૂતશા પ્રલયંકર

ફૂંકાતાં પવનો આત્મા ક્ષુબ્ધ પ્રકૃતિનો થઈ
નવ્ય સંવેદને રંગે રસરાસ રહ્યો રમી;
વર્ષાના વાદળાંવાળું વ્યોમ સ્વચ્છ બની ગયું,
સ્વર્ણરશ્મિ થયું પાછું પૂર્ણ પ્રાકટ્ય સૂર્યનું.

વ્યથાનાં વાદળાં એવી રીતે જીવનવ્યોમનાં
વિખેરાશે નવા રે'શે અનિલો આખરે રમી,
વિપત્તિવિદ્યુતો ગેબી ગગડાટ ભયંકર
આર્તિઆક્રંદના સર્વે શમશે આકરા ધ્વનિ,

વદ્યો આત્મ વિલોકીને વ્યોમ, નૂતન દીપ્તિથી
છવાશે શાંતિથી યોગે પ્રિયના એમ જિંદગી. (૪૨)

*

ઋષ્યમૂક પર્વતપંક્તિની પાસ પહોંચી ઉભય ગયા,
ભાવતરંગો વિવિધ ઊછળી અંતરમાં તત્કાળ રહ્યાં.
શબરીના સંસ્મરણે જાગ્યું સુખદાયક શુચિ સંવેદન,
પ્રેમપરિપ્લાવિત પ્રાણથકી કર્યાં મનોમન કૈં વંદન.

પરમપ્રતાપી પુરૂષસિંહ ત્યાં અતિ આદર સાથે આવ્યા,
સૌરભભીની સુમનમાળને પ્રેમપ્રતીકરૂપે લાવ્યા.
માળા કંઠ પરે પહેરાવી અશ્રુસહિત અનુરાગથકી
અભિવાદન કરતાં નેત્ર ભરી મૂર્તિ નિહાળી અમૃતમયી

ભાવવિભોર બની ભાવજગે ડૂબી એ સહસા જ ગયા,
જ્ઞાત અને અજ્ઞાત આત્મની ખાય કદી ના પ્રેમ દયા.
સૂક્ષ્મ કર્મસંસ્કાર એમહીં વીણાવાદન મધુર કરે,
અભિનવ રાગે રસે અનોખા સ્મરતાં કે મળતાં જ ભરે.

પૂછ્યું રામે તમે કોણ છો, નિવાસસ્થાન તમારું ક્યાં ?
દર્શનથી આનંદ અર્પતા સામાન્ય પુરૂષ લાગો ના.

પુરૂષસિંહ પ્રેમથકી બોલ્યા, અંતર્યામી પૂર્ણપણે
જાણો છો સઘળુંય છતાંયે પૂછો અજ્ઞસમાન મને.

તમારા જ અદભુત અનુગ્રહથી સ્વલ્પ શક્યો તમને જાણી,
વિરમી ગઈ સુદર્શન પામી આરંભે એથી વાણી.
બ્રહ્મપુત્ર હનુમાન ખરે હું વેદશાસ્ત્રનિષ્ણાત જરી
સકળકળાપારંગત સેવક સુગ્રીવતણો શ્રેષ્ઠ વળી.

ઋષ્યમૂક પર્વત પર કરતા નરપુંગવ સુગ્રીવ નિવાસ,
પરિચારક પોતાનો માન્યો મને અનુગ્રહ કરતાં ખાસ.
સ્વાગત કરવા શ્રેષ્ઠ તમારું આવ્યો હું પર્વત પરથી,
કેવળ દર્શનથી પ્રાણમહીં ધારા પ્રેમતણી પ્રકટી. (૯૦)

સ્મૃતિઓ ઊઠી સળવળી બધી સુષુપ્ત સ્નેહસભર શાશ્વત,
અભિનવ રાગરાગિણી સાથે અણુઅણુમાં જાગ્યું ધ્રુવપદ;
તમારો જ છું તમારો હતો ભક્ત તમારો શ્રેષ્ઠ રહીશ,
યાવચ્ચંદ્રદિવાકરૌ નહીં અલગ તમારા થકી થઈશ.

કેટલાય દિવસોથી જાણે મારો આત્મ થયેલ વિભક્ત
આજ અચાનક મળતાં તમને બની શક્યો સુખમય સુસ્વસ્થ.
બોલ્યા રઘુનંદન ભાવથકી અમે રામલક્ષ્મણ વનમાં
સીતાના અન્વેષણ માટે વિચરી રહ્યા ભરી મનમાં

પરમવેદના ચિંતા નિશદિન; કથા કહી સંક્ષિપ્ત પછી;
વારિભરેલાં લોલ લોચને હનુમાન નમ્યા વચન વદી:

સેવામાં સુગ્રીવ તમારી સ્વાર્પણ સઘળુંયે કરશે,
સન્મિત્ર તથા સેવક બનતાં વિષાદ પૂર્ણપણે હરશે.

શ્રમિત ઉભય અત્યંત દીસતા વનમાં નિત્યવિહાર કરી;
અનુગ્રહથકી અમોઘ આપના જાય સુદુસ્તર સિંધુ તરી,
અતિક્રમણ કરે અગ્નિનુંયે પરિકમ્મા પૃથ્વીકેરી
નિમીષમાં જ કરી લે, બાંધે અનિલલહર ચંડ અનેરી,

પંગુ તેમ પર્વત ઓળંગે, અશક્ય તો તમને ન કશું
છતાં મને સેવાનો અવસર અર્પી કિંચિત આજ પ્રભુ !
વિરાજમાન બનો ગરદન પર પહોંચાડું પર્વત પર શીઘ્ર,
પ્રતીક્ષા હશે પ્રતિપળ કરતા પુરૂષરત્ન સ્નેહે સુગ્રીવ. (૧૩૦)

*



પહોંચી પર્વતે સર્વે વીર સુગ્રીવને મળ્યા.
હનુમાને કહી થોડી રામલક્ષ્મણની કથા,
વર્ણવી રઘુનાથે સૌ સંયમે વસમી વ્યથા,
જણાવ્યું શીઘ્ર સુગ્રીવે સાંત્વના અર્પતાં તદા,

કૃતાર્થ દર્શને આજે આપના દિવ્ય હું થયો,
આહ્ લાદ સાંભળી સર્વે વેદનાની કથા ટળ્યો;
હશે જીવન મારું આ સેવી સસ્નેહ ત્યાં સુધી
પ્રશાંતિ અર્પવા કાજે સર્વકાંઈ કરીશ હું.

બ્રહ્માંડના ગમે તેવા દેશે સીતા હશે છતાં
લાવવાના પ્રયત્નોને અમે સૌ કરશું બધા.

વ્યથાનાં વાદળાં નિત્ય દુઃખદાવાનલો નથી,
વિયોગ ના ટકે નિત્ય, જ્ઞાની એવું રહ્યા કથી.

વિશ્વાસ વચનોમાં એ રાખી સુદ્રઢ વાલિએ
અન્યાય છે કર્યો તોયે વસું પર્વતપે અહીં,
રાજ્યલક્ષ્મી હરી સ્ત્રીને હરી નૈરાશ્ય તોય ના
વ્યાપતું મુજને જીવું ભીતિથી ભર જિંદગી.

કથા સુગ્રીવની સર્વે સાંભળી સાંત્વના ધરી
રઘુનંદન બોલ્યા, જે મિત્રતા આપણી થઈ
સૂર્યની સત્ય સાક્ષીએ નષ્ટ તે બનશે નહીં,
વાધશે નિત્ય; કરવા સ્નેહયુક્ત સહાયતા

સમર્પીશ બધું મારું માણતાં કૃતકૃત્યતા.
સંસારમાં કહ્યા કૈંયે સંબંધો કિન્તુ મિત્રનો
સંબંધ સર્વથી ન્યારો વિલક્ષણ વળી કહ્યો;
કનિષ્ઠ મિત્ર સુખના સમયે સખ્ય સાચવે,

મિત્ર મધ્યમ પોતાને જરાયે દુઃખ ના પડે
ત્યાં સુધી સાચવે પ્રીતિ, અને ઉત્તમ મિત્ર તો
સુખ ને દુઃખમાં લાભે હાનિમાં હર્ષશોકમાં
પરિત્યાગે નહીં કોદી, પ્રતિક્ષણ-સ્થળે ભજે.

પ્રેરે પ્રગતિના પંથે કરતાં શ્રેયસાધના;
એવા મિત્ર મળે વિશ્વે આપણા આ વિશેષ ના. (૧૬૦)

કથા સંક્ષિપ્ત સુગ્રીવે દુર્દશાની પછી કહી;
બંને હૃદયના જેવા કિષ્કિંધા નગરે રહી
હતા આનંદ કરતા અમે ત્યાં એકદા મહા
મયનો સુત માયાવી લડવા મધરાતમાં

પહોંચ્યો કિન્તુ સંગ્રામે વાલિ આગળ ના ટક્યો;
પીછો પકડવા એનો અમે ઉભય ઊપડ્યા;
ગુફામાં ઘોર ગિરિની પ્રવેશી એ ભયે ગયો
ત્યારે વાલિ વદ્યો આવું બે સપ્તાહમહીં નહી

તો પછી જાણજે મારો સર્વનાશ ગયો થઈ.
પ્રતીક્ષા ચાર સપ્તાહો સુધી મેં પર્વતે કરી,
રક્તધારા નિહાળીને ગુફામાંથી રહી વહી
અનુમાન કરી લીધું આખરે વાલિનાશનું,

ગુફા બંધ કરી આવ્યો નગરે, હિત સાધવા
પ્રજાનું મુજને ત્યારે રાજ્યકેરી ધુરા ધરી.
પહોંચ્યો વાલિ વિજયી બની કિન્તુ પુરે પછી;
મને મારી હરી મારી પત્નિ તેમજ સંપદા,

ભયભીત બની એથી વસું પર્વતપે અહીં,
આ પ્રદેશે પહોંચી ના શકે એ પૂર્વશાપથી.

*

રઘુનંદન બોલ્યા એ શઠનો એક જ શરથી થશે વિનાશ,
સુહૃદ તથા શરણાગત કેરા તોડું સૌ સંકટના પાશ



સુગ્રીવે સસ્નેહ જણાવ્યું, એક દિવસ પર્વત પર આ
અમાત્ય સાથે હતો વિહરતો ત્યારે વ્યોમપથે સહસા
વિલપતી જરી નારી દીઠી, રામરામ કારુણ્યસ્વરે
અમને દેખી વસન એહણે નાખ્યું તરત ગિરીન્દ્રપરે.

સુગ્રીવે એ વસન બતાવ્યું; વિલોકતાં વેંત જ રામે
ઓળખી લઈ હૃદયપ્રદેશે લગાડતાં એને પ્રેમે
કહ્યું સુકોમળ સ્વરે જાનકી છોડી આ ઉપવસ્ત્ર ગઈ,
દેવી ભાગ્યતણી આખર આ અલ્પવાર અનુકૂળ થઈ

સીતાની સંનિધિને બદલે વસ્ત્રતણું દર્શન આપે,
પ્રશાંતિ કિન્તુ મળે કેમ કરી વિરહ જ્યાં લગી ના કાપે.
ક્ષણ બે ક્ષણ વસનને દેખી મૂક બની રઘુનાથ ગયા,
પરંતુ વિધિને વ્યથા વિલોકી આવી ના પરિપૂર્ણ દયા.

કહ્યું શીઘ્ર સુગ્રીવે વ્યોમે દિવ્ય રથે આગળ વધતી
દેવીએ ભૂષણ પણ દીધાં ત્યારે પર્વત પર પટકી.
એય સાચવી રાખ્યાં છે મેં ઔત્સુક્ય થકી આજ સુધી,
સ્મરણ થાય છે એ ઘટનાનું દિવસો વીત્યા તોય હજી.

ક્ષણ બે ક્ષણમાં આભૂષણ એ રઘુનંદનચરણે રાખ્યાં,
નિહાળતાં વેંત જ રઘુનાથે મર્મભર્યાં વચનો ભાખ્યાં:
લક્ષ્મણ, આ આભૂષણને તું શકે ઓળખી પૂર્ણપણે ?
સીતાનાં કે અવર કો'કનાં, કહી બતાવ યથાર્થ મને.

કહ્યું લક્ષ્મણે કુંડલદ્વય કે ઓળખાય કેયૂર નહીં,
સીતાચરણ સુશોભિત કરતાં નૂપુરની સ્મૃતિ શેષ રહી.
વંદન ચરણોમાં કરવાની ટેવ મને અણમોલ પડી,
સીતાનાં જ નૂપુર છે આ તો સંશય એમાં લેશ નહીં.

જાણો છો મુજને કાં પૂછો, વિરહવેદના ઘોર લઈ
જાનકી વિના જાય કહો કો' કાળજે ક્રંદન તીવ્ર ભરી ? (૨૩૪)

*

સુગ્રીવે રઘુનંદન કેરો શિરોધાર્ય આદેશ કરી
વાલિ સાથ સંગ્રામ છેડવા પ્રસ્થાન કર્યું ગગનભણી.
મુષ્ટિપ્રહાર પરંતુ વાલિનો થતાં વિકળ આવ્યો પાછો,
આશીર્વાદ અર્પતાં રામે પુનઃ પહોંચ્યો આશભર્યો
માળા પુષ્પતણી પહેરીને;



અતુલિત બળ વાલિતણું કિન્તુ સહન થયું સંગ્રામ નહીં
ત્યારે રામે બાણ લગાવ્યું શીઘ્ર વાલિના હૃદયમહીં.
અતિઘાયલ એથી બનતાં એ ઢળ્યો ધરા પર ને બોલ્યો,
ધર્મધુરંધર છતાં તમે આ અધર્મકળશ શિરે ઢોળ્યો

રઘુનાથે તત્કાળ જણાવ્યું અધર્મરત તું ધર્મતણી
સારવાતને શકે ન સમજી, બુદ્ધિ ભ્રમિત પરિપૂર્ણ બની.
તારા કુકર્મથી જ થયો છે વિનાશ આજ ખરે તારો,
અપરાધ નથી કૈં મારો.

મસ્તક પર મૃદુ કર મૂક્યો ત્યાં અવિદ્યા બધી દૂર હઠી,
નવલ પ્રેરણાને પામીને વાલિ રહ્યો કૈં વચન વદી.

*

સંતો સ્તવે છે જેમને શ્રુતિસ્મૃતિ રહ્યાં મહિમા કહી,
યોગીન્દ્ર ભક્તપ્રવર ભજે દિનરાત નિદિધ્યાસન થકી,
સંસારની સ્થિતિ વિલય ને સર્જનતણા કારણ કહ્યા,
આધારથી જેના રહે છે ગગન ને ટકતી ધરા,

જે પુરૂષ પ્રકૃતિનો લઈને સાથ રાસ રમે સદા
એ પરમપુરૂષ પ્રકટ તમે પૃથ્વી પરે પૂરણ થયા.
જે સાંખ્યયોગ ઉપાસનાના ધ્યેય આરાધકતણા
આરાધ્ય, સેવે દેવતા કે તપસ્વી જેને ઘણા,

વ્યાપક ચરાચરમાં ચરાચરના રુપે વિલસે વળી
જે તિમિરથી પર પૂર્ણ ને વિજ્ઞાનઘન સૌંદર્યની
પ્રતિમાસમા, બ્રહ્માંડને શાશ્વત રહ્યા ચેતન ધરી,
છે સ્થૂળ તેમજ સૂક્ષ્મ કારણકાર્ય જીવન સર્વના
એ પરમપુરૂષ પ્રકટ તમે પૃથ્વીપરે પૂરણ થયા.

જે એક કિન્તુ અનેક બનતા, એક તોયે જેમને
બહુધા વદે વિદ્વાન વર્ણવતા વિવિધ વચને તથા,
સંપત્તિસિદ્ધિભુક્તિ મંગલમુક્તિના દાતા વળી
આનંદદાયક શાંતિકારક ટાળતા ચિંતાવ્યથા,

જે સર્વ રીતે શરણ અર્પી ધન્ય માનવને કરે,
અજ્ઞાન-ભીતિ-વિષાદને અનુગ્રહથકી જેના તરે,
સત્યં પરં ને ભર્ગ માની જેમને વેદે સ્તવ્યા
એ પરમપુરૂષ પ્રકટ તમે પૃથ્વીપરે પૂરણ થયા.

કાપો બધાયે કલેશને ને સૂક્ષ્મતમ સઘળી હણી
તૃષ્ણા વિષયની વાસના દો મુક્ત દર્શનથી કરી;
સમજી શક્યો ના એટલે અજ્ઞાનજન્ય વિરોધને
કરતાં વિનષ્ટ થયો અને પામ્યો અપાર અશાંતિને,

અર્પો ક્ષમા એની મને એ એક પ્રેમળ પ્રાર્થના,
ના અન્ય જીવનમાં કરી મેં તપસ્યા આરાધના;
છો પરમપુરૂષ પ્રકટ તમે પૃથ્વીપરે પૂરણ થયા. (૨૯૦)

*

વાલિએ એમ બોલીને છોડી સત્વર કાયને,
લક્ષ્મણે રામની આજ્ઞા-અનુસાર પુરે જઈ
મંત્રીમંડળની સાથે પરામર્શ કરી લઈ
સુગ્રીવનો કરી દીધો અભિષેક પછી સુખે.

જણાવ્યું ધન્ય સુગ્રીવે, રઘુનંદનના કૃપા-
કટાક્ષથી શકે લક્ષ્મી - રાજ્યશ્રી - કીર્તિ સાંપડી
વિજયશ્રી વરી, સર્વે શકાયે સંકટો તરી,
છતાંય અજ્ઞ ના લેતાં દૈવી આશ્રય એમનો



વિપત્તિ વેઠતા કૂદે વહ્નિમાં વેદનાતણા
એથી વિષય શો વિશ્વે વધુ વિસ્મયનો અહો !

*

વર્ષર્તુના દિનો રામે વીતાવ્યા ગિરિમાળપે,
સદ્ ભાગ્ય ગિરિએ માની દેવદુર્લભ શ્રેષ્ઠ એ
મહોત્સવ કર્યો જાણી કૃતકૃત્ય બની રહી,
સ્વાનુભૂતિ કહેવાયે રસની શબ્દમાં નહીં. (૩૦૪)

*

સૌંદર્ય નવલ ધાર્યું આખા વિમળ વને વર્ષુર્તુમહીં,
અભિનવ રસની મધુર રંગની સરિતા રહી બધેય વહી.
નૂતન યૌવનવતી સુંદરી સૂતી હોય સહાસ પ્રસન્ન
એકાએક જ ઝંકૃત બનતી વીણા કોઈ હો અવસન્ન

એવી નિસર્ગ નિત્યનવલ ને છલી સુખે સઘળી દીસે,
પ્રાણતણાં પરમાણુ એહનાં પરિપ્લાવિત પાવન પ્રીતે.
ધૂપ છાંયના આટાપાટા વ્યોમ તથા પૃથ્વી ખેલે,
સોળ કળાએ ખીલે રવિ તો કદીક ના કિરણે રેલે.

અનિત્યતા અવનિમંડળના પદાર્થંકેરી થાય પ્રતીત,
જ્ઞાનીઓનાં ઉપરામ થતાં વિચાર કરતાં કો'દી ચિત્ત.
ઘોર છવાતાં ઘનમંડળ સૌ અધીરશાં ગગડી ઊઠે,
ચપલાના ચમકાર ચાલતા વ્યોમ સકળ જાણે રૂઠે

કદીક શીતળ છૂટે લહરી કદીક તન બનતાં સંતપ્ત,
જેમ અચળતાને ના પામે માનવ વિષયોમાં અનુરક્ત.
બિંદુ પડે બેચાર કદી તો પ્રલયંકર વર્ષા વરસે,
દિવસો સુધી પ્રતિક્ષા ખૂટે તોય થાય ના જળસ્પર્શે;

જીવનમાં સુખશાંતિરંગ ના સ્થાયી, રસ પણ નિત્ય નહીં,
આખીયે ઘટમાળ પ્રેરણા અર્પી એ જ અખંડ રહી.
તડાગ સરવર નૂતન સલિલે સાર્થક દીસે છેક થયાં
અનુગ્રહ પામી સાધકકેરાં ચિત્ત જેમ પરમાત્મતણા.



નવલ પલ્લવે સોહે શાખા સદ્-ગુણયુત શ્રેયાર્થી જેમ;
ધૂલી દબાઈ ગઈ ધરાપે, વધતાં ભક્તિ ટકે મળ કેમ ?
પત્રપુષ્પ-વિટપે ને વૃક્ષે નવલ ચેતનાને ધારી
સંતસમાગમ જેમ બધીયે નીરસતા નાખે મારી.

સત્ય જેમ ઢંકાયે સ્વાર્થે તૃણથી ત્યમ ઢંકાયો પંથ;
વિષમતા મહીંયે વૈરાગી સમો સમીર વહે બળવંત
નર્તન કરતા મયૂર કેવા પરની સંપત્તિ પેખી
જેમ હર્ષતા ગુણજ્ઞ માનવ પરહિતરત નિર્મળ એવા.

વિરહાતુર અંતરમાં વાગી વિહ્વળતાકેરી વીણા
મિલનતણી અભિલાષા જાગી પીડિત પ્રાણે અવનીના.
કારુણ્ય સ્વરો એના છૂટી દિગ્દિગંત સર્વત્ર રહ્યા;
કોના અંતર અનુરાગથકી આપ્લાવિત ના થાય જરા ? (૩૬૮)

ગગડાટ શમ્યા અંતે ઘનના ઘોર ને નવા
ફૂંકાયા પવનો મીઠા સ્નેહસંયુત સૌરભે
ભરેલા, જલદો સર્વે સેવા સન્મિત્રના સમાં
કરીને વિખરાયાં ને વિદ્યુતો શાંત સૌ બની

ગઈ વ્યોમગૃહે, વર્ષા મહારાસતણી કરી
પૂર્ણાહુતિ શમી, ધારી દિવ્ય નૂતન વસ્ત્રને
વિમોહિત કરી ઊભી મન મુગ્ધ નિસર્ગ આ,
વર્ષર્તુ મટતાં આવ્યા દિવસો શરદર્તુના.

મહામંથનથી ચિંતા, વિપત્તિ, વેદનાથકી
સંતાપથી વધી આગે પુરૂષાર્થી જનો સદા
સંસિદ્ધિ છેવટે પામે શાંતિ કે કૃતકૃત્યતા,
સેવેલાં સ્વપ્નને સર્વે કરે સાકાર ધૈર્યથી,

નવા રસ નવા રંગે આનંદે; નવ પ્રેરણા
પામતાં જિંદગી સોહે સફળા શરદર્તુશી. (૩૮૨)

*

સુગ્રીવે સેવકોને સૌ જાનકીકાજ મોકલ્યા,
વિભિન્ન એ દિશે ચાલ્યા શૌર્યની પ્રતિમાસમા;
હનુમાન તથા બીજા સેવકો ગિરિગહ્વરે
પહોંચીને કથા સર્વે કથતા કરુણ સ્વરે

નૈરાશ્યવદને થોડા વિરાજ્યા વેદનાભર્યા,
સંપાતીએ અનોખા ત્યાં ઉદ્ ગારો એમના સુણ્યા.

ગિરિગહ્વરથી આવી શાંતિસાથ બહાર એ
સંપાતીએ જણાવ્યું કે મારા બંધુ જટાયુએ
સીતા ને રામને માટે પોતાની જિંદગી તજી
જાગે આદર એ માટે મારાં અંતરમાં હજી.

દિવ્યદ્રષ્ટિથકી જાણું ભૂતભાવિ સમસ્ત હું.
મનવાણીથકી હર્ષે હમેશાં પ્રભુને ભજું;
સીતાની શોધનો ભારે પરિશ્રમ કરો તમે
ગિરિ ત્રિકૂટપે કિન્તુ વસી લંકાપુરીમહીં

બેઠી ઉદ્યાનમાં સીતા વૃક્ષની શાંત છાંયમાં
રામને રટતી આત્મા જોડતી નિત્ય રામમાં,
વિષાદમગ્ન એને ત્યાં રાખી નિર્દય રાવણે;
વૃદ્ધાવસ્થામહીં બીજી ના સહાય શકું કરી

પરંતુ આટલી સાચી માહિતી તમને ધરી.
પરિત્યાગ કરી પૂરો હૃદયસ્થ વિષાદનો
પાર સાગરને શૌર્યે રામાનુગ્રહથી કરે
રામકાર્ય કરીને તે જયને કીર્તિને વરે. (૪૦૪)

*

સંપાતીના શબ્દ સુણીને કરવા લાગ્યા સર્વ વિચાર,
કોણ સુદુસ્તર વિશાળ એવા કરી શકે સાગરને પાર ?
સંપાતીએ કહ્યું સ્નેહથી જામવંત અંગદ બળવાન
યોદ્ધા અસંખ્ય અન્ય વળી છે પવનતનય કિન્તુ ગુણવાન



નિર્મિત આ ઉત્તમ યશ માટે, એ જ પ્રાપ્ત કરતાં સાફલ્ય
સફળમનોરથ પાછા ફરશે સાગરને તટ નિસ્સંશય.
કેમ મૂક હનુમાન તમે છો, તમારા વિના કોણ કહો

સંકટસાગર પાર કરી દે,
તમિસ્ત્રમાં શુચિ તેજ ભરીને
યશ શ્રી વિજય પૂર્ણ ધરે,
અશક્યને પણ શક્ય કરી દો
વળી કરો કૃતકૃત્ય વરે.
રામકાજ અવતાર ધરો છો
મહિમાન્વિત પુરૂષાર્થ કરો છો
પ્રતિયુગ સ્વેચ્છાસાથ તમે.

પવનસુત વદ્યા ગૌરવપૂર્વક ગર્જના કરી સિંહસમા,
ગોપદજેમ અબ્ધિ ઓળંગી સંહાર કરી રાવણનો
તોડું સીતાનાં બંધનને, સાગર ગરજે શૌર્યતણો. (૪૩૨)

સંપાતી અર્પી અભિનંદન બોલ્યા, કરશે સઘળું રામ,
તમે તો પહોંચી લંકામાં અર્પો સીતાને સાંત્વન.

*

સંભાળ કાઢવા માટે મળ્યો આદેશ રામનો
શિરોધાર્ય કરી એને શીઘ્ર લંકામહીં જજો.
વચનોને સુણી સર્વે જયકાર કરી રહ્યા,
જય સુગ્રીવ શ્રીરામ હનુમાન વળી મહા !

સંપાતીએ કહ્યું મારું કાર્ય પૂર્ણ થઈ ગયું,
સુખ સત્કર્મના મીઠા અનુષ્ઠાનતણું મળ્યું;
હવે જીવું જગે કે ના જીવું તોય નહીં કશું.
સુષુપ્ત ચેતના દૈવી માનવીની અનંત જો
થાય જાગ્રત વિઘ્નોનો અબ્ધિ પાર કરાય તો
ચિંતા ભીતિ ટળે જૂની જડતા પ્રાણની મટે,
અવિદ્યાથી મળે મુક્તિ, મૂળભૂત સ્વરૂપમાં
પ્રતિષ્ઠિત બને આત્મા પામી સ્વાદ પ્રશાંતિનો. (૪૪૮)

*****

## (૨૧) હનુમાન ને મંદોદરી

કોણે કર્યાં જગતમાં અંતર માનવનાં મમતાવાળાં
અને કરી તો એમાં જગવી પવિત્ર પ્રેમતણી ધારા
વિભિન્ન સંવેદન પ્રકટાવ્યાં સુધાસભર વિષમય કોણે,
સંયોગતણા સર્જન સાથે વ્યથા વિયોગતણી ભારે

કોણે જન્માવી જીવનમાં ભરી ચેતનાને પ્યારે ?
જન્માવી તો પણ જીવાડી સુદીર્ઘ કાળ સુધી શાને ?
રાગરાગિણી કોણે રેલી શાશ્વત રાગતણી પ્રાણે ?



નાનાસરખાં અંતર જનના જડ નિશ્ચેતન સર્વ મનાય
છતાં એમહીં સ્રોત ઊર્મિનાં પ્રકટે કેવાં તથા સમાય;
ચેતન રેલે જીવનમાં ને રસની સુખની સૃષ્ટિ કરે,
નિષ્પ્રાણ કરે નીરસ જીવન સુખ ને શાંતિ સમસ્ત હરે;

કોણે ઘડ્યાં અંતરો એવાં શાસન સૌના પર કરતાં
પ્રાજ્ઞ અજ્ઞ ને રાયરંકના ભેદભાવને પરહરતાં ?
કોણ કહે છે જડતત્વોનો સાધારણ એ છે સંઘાત,
કોઈ ચિન્મય સત્તાકેરો ઝીલીને એ નિત્યપ્રપાત.

સંજીવન પામે સ્વર રેલે ધરે હર્ષ ને શોક સદા,
સૂત્રધાર સરખાં તોયે ના પકડાતાં પળવાર કદા
મોટામોટા મુનિવરથી કે પંડિત પ્રાજ્ઞથકી કોઈ,
યોગી યતિ પણ પૂર્ણ એમનો શકે નહીં મહિમા જોઈ. (૩૮)

વિયોગનાં વાદળ વ્યોમમહીં એકાએક ધસી આવ્યાં,
પૂર્ણચંદ્રનાં રશ્મિ અનેરાં રિપુની આગળ ના ફાવ્યાં,
રજની દુઃખમહીં ડૂબીને કરવા લાગી ગાઢ વિષાદ;
પરંતુ ત્યાં તો શીઘ્ર સાંભળી એના ઉરનો આર્ત નિનાદ

વાયુ વહારે આવે એની સાંત્વનનું સંગીત લઈ,
સ્વલ્પ સમયમાં હઠે વાદળાં વ્યથા બધીયે જાય ટળી.
પ્રકટી ઊઠે પુનઃ ચંદ્ર ને રજની રંગભરી રળિયાત
રજતવસન ધારી આનંદો પ્રાપ્ત થતાં પ્રિયતમ સાક્ષાત.

સંયોગ નથી સ્થાયી તો ક્યાં વિયોગ પણ શાશ્વત જગમાં,
અનાદિકાળથકી રક્ત વહે સંમિશ્રિત અવનીરગમાં.
સીતાના પણ એમ શુભેચ્છક કો'ક પધારીને પ્રીતે
સહાયતા કરશે એને ને પોતાની અદભુત રીતે

રામ છેવટે વિયોગકેરી વ્યથા કરી દેશે સૌ શાંત,
જીવન એનું કૃતાર્થ બનશે પ્રાપ્ત કરી પોતાના કાંત.
વિપ્રયોગનો વખત છતાં આ વચગાળાનો વિષય ખરે,
પ્રાણ પડીને એમાં નિશદિન સીતાકેરો મૃદુલ મરે.

વ્યથા થાય છે મુજને એથી ઉપાય કિન્તુ નથી કોઈ,
અશ્રુ એહનાં અવલોકીને હૃદય રહે મારું રોઈ.

મંદોદરી વિચારો કરતી ઉપવનમાં એવા ફરતી
એના સંસ્પર્શથકી બનતી પવિત્રતમ સઘળી ધરતી.
ચારુ ચાંદની બધે છવાઈ અમૃતરસ અદકો ભરતી
જડચેતનને હર્ષ અર્પતી પીડા તેમજ પરહરતી,

અલિપ્ત આત્મા કિન્તુ એહનો અનુભવતો આનંદ નહીં;
સૌરભવંતો વાયુ રહેલો જો કે ચારેપાસ વહી
સુખોપભોગતણી સામગ્રી પ્રચુર પડેલી હર્મ્યમહીં
તો પણ વાગી વેદનવીણા સતત રહેલી ગૂઢ કહીં. (૯૦)

કોણ કહે છે બાહ્ય પદાર્થો ભરે અંતરાત્મે ઉલ્લાસ,
કોણ કહે છે અનુકૂળ કરે વિષયો આત્મિક દિવ્ય ઉજાસ,
આધાર રહેતો મન પર પણ, એ જ હોય અનુકૂળ નહીં,
એનો રસ કોઈ કારણથી વિલુપ્ત જાય સમગ્ર થઈ,
રાજભવનમાં સ્વર્ગલોકમાં શાંતિ શકાયે તો ન લહી.



*

વિચારચક્ર ચાલતું એવું એના ચિત્તમહીં ઘેરું
એ સમયે પામીને દર્શન પવિત્રતમ પંડિતકેરું
આશ્ચર્યચકિત બની ગઈ એ પ્રણામ પ્રેમે શીઘ્ર કરી
સન્મુખ થઈ ઉપસ્થિત બોલી સુધાસ્વરે સદ્-ભાવ ભરી:

*

હર્મ્યે તમે પંડિતરાજ, ક્યાંથી
અજ્ઞાત આવાસતણા પધાર્યા
આ દિવ્ય ઉદ્યાનમહીં, છવાયો
આહ્લાદ મેળાપ થકી તમારા.

જોયા પહેલાં તમને કદી ના;
નિહાળતાંવેંત જ ભાવ પ્રાણમાં
પવિત્ર મારા પ્રકટી છતાં રહ્યા,
જાગી રહી પાવન પૂજ્ય ભાવના.

ક્યાંથી પધાર્યા કરવા અનુગ્રહ
શા કાર્યકાજે કૃતકૃત્ય નિર્મળ,
પ્રખ્યાત છે નામ કયું તમારું,
સૌ જાણવા ઉત્સુક ચિત્ત મારું. (૧૨૦)

પ્રાસાદ લંકેશતણો અનેરો
સમૃદ્ધ સૌ ભોગથકી ભરેલો
એમાં પ્રવેશી શુભ કામનાની
સંતૃપ્તિ પામે સઘળાય માનવી;

ના રિક્ત હસ્તે કદીકાળ કોઈ
પાછા ફરે યાચક વ્યાધિગ્રસ્ત
કે દીન ને હીન; પ્રશાંતિ પામે
સેવાથકી સર્વ અશાંત ત્રસ્ત.

અર્ધાંગિની રાવણની અનેરી
મંદોદરી મંગલ નામ મારું;

પ્રણામ પ્રેમે તમને કરીને
કરી રહી સ્વાગત પૂર્ણ સ્નેહથી.

સૌભાગ્ય સૂર્યોદય માનવીનો
સોળે કળાએ પ્રકટી પ્રકાશે
કૃપા અનોખી પરમાત્મકેરી
કૃતાર્થ કે આત્મ કરે કદાયે

ત્યારે જ આ જીવનના પ્રવાસે
સંસર્ગ કો સત્પુરૂષોતણો મળે
કે સાથ મીઠો સહયોગ સાંપડે
છે સાંભળ્યું એમ અનેકવાર મેં.

પૂરી કૃપા છે પરમાત્મકેરી
ના એમ સ્વપ્નેય કદી શકું કહી,
સૌભાગ્ય સૂર્યોદય ના મહારો
સોળે કળાએ પ્રકટી શક્યો હજી,

કૃતાર્થતાના સ્વર અંતરાત્મે
રેલ્યા નથી જીવનના પ્રવાસમાં
છતાં થયું દર્શન આ તમારૂં,
સૌભાગ્ય સર્વોત્તમ એ મહારૂં.

કરે પ્રશંસા સ્વમુખે કદી ના
પોતાતણી સત્પુરૂષો વિનમ્રતા-



ની મૂર્તિ જેવા, ગુણ અલ્પ અન્યના
નિહાળતા લક્ષમુખે વખાણતા

અમીમયી આકૃતિ તોય એમની
ના શ્રેષ્ઠતાને નિત ગુપ્ત રાખતી
કરાવતી દર્શન દિવ્ય એમનું
મહત્વ લોકોત્તર તેમ ભાખતી.

કૃતાર્થતા દર્શનથી તમારા
જાગી રહી આતુર અંતરાત્મમાં,
આહ્લાદ ને શાંતિસમીરની નવી
પેદા થઈને લહરી પ્રસન્ન ત્યાં
રમી રહી મંગલ રાસ ન્યારો,
પ્રશાંતિ પામે રસ પ્રાણ મારો.

*

શુભાગમનનું પ્રયોજન તથા સેવા મારે યોગ્ય કહો,
અતિથિ બનીને ઈચ્છા હો તો પ્રાસાદમહીં ભલે રહો.
પંડિતપ્રવર વદ્યા શાંત સ્વરે સ્નેહથકી મારો સત્કાર
કર્યો તમે તેને માટે હું અભિનંદન અર્પું ક્ષણવાર. (૧૭૦)

પરિચય પામી આજ તમારો મને થાય છે પરમાનંદ,
શબ્દ સુધામય શાંત સુણીને જાગે આદરભાવ અનંત.
શીલતણી મેં કથા તમારી સ્વલ્પ સાંભળી કદી કદી,
પૂજ્યભાવ પ્રકટેલો પ્રાણે ગુણાનુરાગે જરી ઘડી.

સત્યકથા એ આજે લાગે સિંધુતણા બસ બિંદુસમી.
રશ્મિ એ તો એક જ વિધુનું, અમૃત અલ્પ ન પૂર્ણ અમી.
કૃતકૃત્ય થયો મળી તમોને લંકાની ધરતી પર આજ,
તમારા સમા ધન્ય આત્મથી ટકી રહી લંકાની લાજ.

શીલવતી સામ્રાજ્ઞી જેને તમારાસમી શ્રેષ્ઠ મળી
તે સામ્રાજ્ય સમૃદ્ધિસુખને રહે ન યશને કેમ વરી ?
ત્રિલોકમાં માહાત્મ્ય એહનું પ્રસરે અમુલખ કેમ નહીં,
પ્રજા એહની પરિતાપથકી પીડિત કેમ શકે જ રહી ?

ધનવૈભવની નથી કામના અતિથિ થવાને ના આવ્યો,
સ્વાર્થભાવ ક્ષુલ્લક ના કોઈ એકાએક અહીં લાવ્યો;
પરપીડાથી પીડિત બનતાં વ્યથા ટાળવાને પરની
અર્ણવ પાર કરીને આવ્યો અદભુત કૈંક કરી કરણી.



સંસર્ગ મને શ્રેષ્ઠ સાંપડ્યો સૌભાગ્ય ગણું એ મારું,
જન્માંતરસત્કર્મ ખરેખર અનુકૂળ થયું છે ન્યારું.
સરસ્વતી લક્ષ્મી બંનેના સુભગ સમન્વય સમાં તમે,
દર્શન દિવ્ય કરીને નેહે અંતર વારંવાર નમે. (૨૧૦)

શ્રીરામતણા અનુગ્રહથકી અવસર અમોઘ પ્રાપ્ત થયો,
સંગ શ્રેષ્ઠ આત્માઓ કેરો દુર્લભ કે અણમોલ કહ્યો.
સેવક છું સુગ્રીવતણો ને ભક્ત રામનો ક્ષુલ્લક છું,
ગુપ્તવેશમાં નગરે આવ્યો વાયુવેગથી સહસા હું,

બ્રહ્મકુળમહીં પ્રકટ થઈને લભ્યો પૂર્ણ વેદતણું જ્ઞાન,
નામ મહારું મહાવીર કે પવનતનય મંગલ હનુમાન.
સીતાવિરહવ્યથિત શ્રીરામે સર્વોત્તમ સોંપ્યું જે કાજ
સિદ્ધ કરી જો શકું એહને રહી શકે તો જ ખરે લાજ.

હરણ કર્યું લંકેશે એવી મળી માહિતી છે મુજને
ભાળ કાઢવા આવ્યો એથી મળવાને માટે નૃપને.
સીતા ક્યાં છે કહો તમે તો, કુશળ તો હશે લેશ નહીં;
અલગ લઈને રામચંદ્રથી શકે ન કોઈ કુશળ રહી.

સામ્રાજ્ય મળે વૈભવ વરસે લભે ભોગ ઐશ્વર્ય વળી
રામવિયોગીને તો પણ એ શકે સ્વલ્પ ના શાંતિ ધરી.
સ્વર્ગમોક્ષ વૈકુંઠલોક પણ રામ વિના નીરસ લાગે,
જાણે તે જ રહસ્ય હ્રદયમાં રામપ્રેમ જેના જાગે.

રામચરણના અનુરાગથકી પ્રાણ ટકે તો પણ કેમે;
સ્નેહમૂર્તિ એ સીતાકેરું દર્શન કરવું છે પ્રેમે.
મંદોદરીતણાં લોચનથી વારિ વહેવાને લાગ્યાં,
અંતરમાં શબ્દો સાંભળતાં સંવેદન મધુરાં જાગ્યાં. (૨૫૦)

પરમાત્માએ પ્રાર્થનાતણો પ્રત્યુત્તર મુજને આપ્યો,
કલેશ અસાધારણ અંતરનો એકાએક અહા કાપ્યો,
અનુગ્રહતણી વર્ષા વરસી મારા પર આજે ન્યારી;
ઘોર તમિસ્ત્રે પ્રકટી ઊઠી તેજરેખ કોઈ ભારી

રામતણું દર્શન તો મળશે દિવ્ય કોણ જાણે ક્યારે
સુણશે શ્રવણ કરીને ઉત્સવ શબ્દ સુધામય ને પ્યારે,
ભાગ્યોદય જીવનમાં એવો નથી આજપર્યંત થયો
સંપર્ક છતાં સત્પુરૂષોતણો શાંતિપ્રદાયક શ્રેષ્ઠ મળ્યો,

રામભક્તનું દર્શન દૈવી વિના પરિશ્રમ હું પામી
એ પણ ભાગ્ય મહાન ગણું છું બોલી સામ્રાજ્ઞી નામી.
દુષ્કર્મ કર્યું છે લંકેશે મને વેદના તેથી થાય,
સમજાવું તો પણ સમજે ના, બની ગઈ છેક જ અસહાય.

હવે મને શ્રદ્ધા પ્રકટી કે સીતા મુક્ત થશે સાચે,
બંધાશે કાયમ માટે ના શૈલ કદી સૂત્રે કાચે.
સીતા રામતણા જ રટણમાં લીન વેદનાને વેઠે,
વસે અશોકવાટિકામાંહી દ્રુમ નીચે મૃતની પેઠે.

મળો તમે ત્યાં જઈ એહને આશ્વાસન અર્પો પ્રેમે
આહ્લાદતણું પ્રકટે જેથી ઈન્દ્રચાપ હૈયે કેમે.
પ્રેમપ્રણામ રામને મારા શતશત અંતરના કે'જો
ગૂઢ સત્ય સંદેશ સ્નેહનો એકાંતે તેમજ દેજો

વિના વિલંબ પધારીને કે વિપ્રયોગ સીતાકેરો
સદ્ય હણો, કૃતકૃત્ય મહારો સફળ કરો જીવનફેરો.
હું પણ ક્ષુલ્લક ભક્ત તમારી દર્શનનો અભિલાષ કરું,
વસીને વિષમ વાતાવરણે પરબ્રહ્મતણું ધ્યાન ધરું.

સૌભાગ્ય લભ્યા શ્રેષ્ઠ તમે તો કરો રામની કે સેવા,
મળે અનુગ્રહ કદી મને પણ આશીર્વાદ ધરો એવા.
શૂર્પણખાને મળવા માટે લંકેશ ગયા છે હમણાં
નીરવતા લાગે છે એથી રાજભવનના કણકણમાં.

અર્ણવ ઓળંગીને આવ્યા કેવી રીતે અહીં તમે
સમજાય નહીં વિચાર કરતાં રહસ્ય એ અતિગૂઢ મને.
હનુમાને સપ્રેમ જણાવ્યું વિનમ્રતાપૂર્વક ત્યારે,
ક્ષુદ્ર માનવીમાં મારાશા યોગ્યતા નથી તલભારે

છતાં શરણ શ્રીરામતણું મેં સ્વાભાવિક સાચું લીધું
જીવન મારું સ્વામી સમજી એમને જ અર્પી દીધું,
સંબંધ કર્યો એક એમનો શ્રદ્ધા તેમજ પ્રેમથકી,
નિર્બળતા ને ક્ષુદ્રતા કદી ત્યારથી નહીં લેશ ટકી.

પ્રતાપ પરમાત્માનો ન્યારો જેણે જીવનમાં ન્યારો
અનુગ્રહનો આસ્વાદ અલ્પયે બડભાગી બનતાં માણ્યો
અશક્ય કાંઈ રહે ન એને કલેશ સતાવે ના કોદી,
સર્વ દિશામાં વિજય મેળવે ચિંતા ભીતિ સદા છોડી. (૩૩૦)

પર્વતને પણ પાર કરી દે વિહરે વિસ્તૃત વ્યોમમહીં,
અવરોધો કે શોક-બંધનો એને સારું શકે ન રહી.
જેના આશ્રયથી ભવસાગર સુદુસ્તર છતાં પાર થતો
એના અનુગ્રહથી ઓળંગી સ્થૂળ સિંધુ પણ ભક્ત જતો.

રામના જ અનુગ્રહથી પામી સામર્થ્ય કર્યો સાગર પાર;
સ્વામી શાશ્વત જાણ્યા સાર.
એમની જ કરુણાથી પ્રકટી પ્રાણે પ્રેમતણી ધારા
સાર્થક્યતણા સંવાદી સ્વર છૂટ્યા જીવનમાં મારા.

એનું કૈં આશ્ચર્ય મને ના આશ્ચર્ય થતું કિન્તુ એક
ઘોર આસુરી વાતાવરણે વસે રામરિપુસમ લંકેશ
એવા લંકાનગરે વસતાં તમે જગાવી પાવન પ્રેમ
અનાસક્ત સરવરમાં શેંવિધ ટકી રહ્યાં પદ્મિની જેમ ?

વિષમ વિરોધી વિષમય કૈંયે વાયુ વહેતા વિષયતણા
મોટામોટા મુનિજનનાં મન ચંચળ એથી થતાં ઘણાં,
તમે અચંચળ સૌની વચ્ચે કેવી રીતે કરતાં વાસ,
ઉપાસના છે ઔષધ કોઈ મંત્રયોગ એહનો ખાસ ? (૩૯૨)

મંદોદરી હસીને બોલી, તમે મહાવિદ્વાન વળી
કૃપાપાત્ર શ્રીરામતણા છો છતાં રહ્યા કાં પ્રશ્ન કરી ?
ઉપાસના એવી કોઈ ના મંત્રપ્રયોગ વળી જાણું,
ઔષધનું પણ જ્ઞાન મળ્યું ના મને કશું એવું ન્યારું;

પરમાત્માનો કર્યો સદા મેં જીવનમાં જાગી સંબંધ,
લીન બની છું આત્મજ્ઞાનમાં ગૌણ ગણી વિષયોની ગંધ;
આત્મજ્ઞાનનો પ્રકાશ દૈવી જેના પ્રાણમહીં પ્રકટે
વિકાસ એનો વ્યવધાનો કે વિરોધમાંયે ના અટકે,

નિર્મમ ને નિર્લિપ્ત બનીને જીવે એ સંસારમહીં,
વાવાઝોડાં વિષયોકેરાં એને કરે અશાંત નહીં.
પરમાત્માની પરમકૃપાથી જ્ઞાન પૂર્ણ પ્રકટે એવું
નિષ્ઠા એની નિત્ય લભાયે મોહતમિસ્ત્ર ટળે ઘેરું.

વિષયોથી ના ભ્રાંત થવાયે પ્રલોભન પછી કૈં ન કરે,
દરિદ્ર એ ના રહે જેહને પારસ અમુલખ દિવ્ય મળે.
નગરમહીં કે વસે વનમહીં એકાંકી સૌની સાથે
ઈન્દ્રિયોને પ્રાજ્ઞ સદાયે સંયમના સૂત્રે નાથે,

જાગ્રત રહે ચલાવે કો'દી શાસન રાજ્યતણું તોયે
ભ્રાંત બને ના દુષ્કર્મ કરે ભૂલેચૂકે ના કો'યે.
લંકામહીં વસું છું તો પણ મન મારું લંકામાં ના,
વિહાર કરતું પરમાત્મામાં વિહંગ આતમકેરું આ,

વાયુ વિઘાતક એથી મુજને વિકૃત અસર ના લેશ કરે
પરમાનુગ્રહ પરમાત્માનો હર્મ્યમહીં પણ લેશ મળે.
દર્શન પામી ધન્ય બની છું, પુનઃપુનઃ કરતાં વંદન
અંતરના અંતરતમમાંથી અનેક અર્પુ અભિનંદન. (૪૧૦)

હનુમાન વદ્યા પ્રેમે ત્યારે, અભિનંદન અર્પું તમને;
રામકૃપાથી મળ્યો તમારો શાંતિપ્રદાયક સંગ મને,
મહિમામયી તમારા સ્પર્શે ધરિત્રી મને આ લાગે,
દર્શન માત્ર કરીને પ્રાણે પુનિત ભાવનાઓ જાગે.

દ્વિવિધ લાભ લંકામાં પામ્યો સંગ તમારો શ્રેષ્ઠ મળ્યો
માહિતી મળી સીતાકેરી, અનુગ્રહ રામે દિવ્ય કર્યો.
હવે જાનકીના દર્શનથી સફળ કરું મારાં લોચન,
સંગ શ્રેષ્ઠનો સદા કહ્યો છે દુર્લભ ને સંકટમોચન.

પુનઃ મળીને તમને પ્રેમે બનીશ હું ક્યારેક કૃતાર્થ;
આજ આગમન મારું નગરે બની રહેશે છેક જ સાર્થ.
કહ્યું રાજરાણીએ પડતા લંકેશતણા હાથ નહીં
નહિ તો નષ્ટ કરી દેશે એ મનની મનમાં જશે રહી.

રામકૃપાથી લેશ આવશે આંચ તમોને નહીં કદી
તો પણ સાવધ સદા રહેજો સંકટ કે ના રહે નડી.
હનુમાને તત્કાળ જણાવ્યું મળ્યે રામનો પ્રેમપ્રસાદ
ચોદિશ વરસે સાફલ્યતણો મંગલ મિષ્ટ મહા વરસાદ.

એ જ રક્ષશે સ્વામી નિશદિન સામર્થ્ય વળી એ ધરશે,
કરાવશે પ્રેરક સઘળુંયે યશ કૃતિનો ધરશે મુજને.
લીલા અદભુત અને અનોખી સમજી કોણ શકે જગમાં,
સમજે કેવળ અલ્પ સ્વલ્પ હો ભાવ ભર્યો જેની રગમાં.

એમ કહીને મંદ ચાલથી પ્રણામ કરતાં એ ચાલ્યા,
મંદોદરીતણા પ્રાણતણાં પરમાણું પ્રેમે હાલ્યાં. (૪૫૪)

*

માર્ગે જતાં સુંદર હર્મ્યમાંથી
શ્રી રામના મંગલ મંત્ર સાંભળી
સાશ્ચર્ય સ્નેહે અતિ તેમ આદરે
ધીરે પ્રવેશ્યા હનુમાન એમાં.

વિલોકતાંવેંત સમાદરે કર્યા
વિભીષણે નમ્ર પ્રણામ એમને
કરી વળી સ્વાગત સ્નેહથી કહ્યું,
સદ્‌ભાગ્યથી દર્શન દિવ્ય આ મળ્યું.

પ્રસન્ન બોલ્યા હનુમંત ત્યારે,
શ્રીરામના ભાવિક ભક્તકેરા
સંસર્ગથી શાંતિ મળે અનેરી
આનંદમાં સ્નાન કરાય ભારે.

લંકામહીં મંગલ મંત્ર રામના
રટી રહ્યા અદ્‌ભુત આદરે તમે,
નિહાળતાં થાય ખરે પ્રસન્નતા
રસાર્દ્ર મારું ઉર નેહથી નમે. (૪૭૦)

ભક્તોતણું દર્શન જિંદગીનો
ન્યારો લહાવો અણમોલ લાગે,
એનાથકી સૂક્ષ્મ સુષુપ્ત ચેતના
કે પ્રેરણા મંગલ શ્રેષ્ઠ જાગે,

પરંતુ એ તો મુજને કહો કે
લંકામહીં પ્રેમ પવિત્ર રામનો
ક્યાંથી જગાવ્યો નિત ને વધાર્યો
ઉવેખતાં કૈં પ્રતિકૂળતાને ?

વિભીષણે શાંત સ્વરે જણાવ્યું,
લંકા તથા વિશ્વ વિશાળ કોદી
સંપૂર્ણરીતે અનુકૂળ ના બને,
દૈવી તથા દાનવ વૃત્તિઓ બધે,

રમાય ને રાસ અનંત સત્ય ને
અસત્યના, પંકજ પંકકેરી
ઝાંખી થતી શુદ્ધિ અશુદ્ધિની વળી,
સર્વત્ર ખેલે ત્રિગુણાત્મિકા આ

ખેલો નવા પ્રકૃતિ વાસનામયી;
પ્રમાણમાં ભેદ ભલે રહેતો
પરંતુ બ્રહ્માંડમહીં બધેયે
વ્યાપાર છે શાશ્વત એક જેવો.

અનેકધા ભીષણ વિશ્વમાં આ
તજી દઈ ભીષણતા વિચારો-
ભાવોતણી તેમજ કર્મકેરી
બધા પ્રકારે બનતાં વિભીષણ

જો માનવી શાશ્વત સ્નેહ બાંધે
શ્રીરામ સાથે નિજ જિંદગીનું
સાધી શકે શ્રેય ખરેખરું તો
પ્રસાદ પામી પરિપૂર્ણ શાંતિનો.

લંકા પછી બાધક ના બની શકે
ને સ્થાન કોઈપણ કાળ કોઈ
વિક્ષેપ એના પથમાં શકે કરી;
સંસિદ્ધિનો સ્વાદ મહા રહે મળી.

*



ધન્ય વિભીષણ ધન્ય તમોને બોલ્યા ભક્તપ્રવર હનુમાન,
ધન્ય જન્મ માતપિતા કુળ ને પવિત્ર ધન્ય તમારો પ્રાણ.
રામકૃપા વિણ કોઈ જગમાં બની વિભીષણ શકે નહીં;
રામકૃપા કિલ્મિષને નાખે દોષ તથા દૌર્બલ્ય દહી.

શરણાગત પર રામકૃપાનો વરસે અમૃતમય વરસાદ,
સદા સાંપડે ઘટઘટવાસી દિવ્ય રામનો આશીર્વાદ.
બડભાગી સત્કર્મી કોઈ માનવ વિરલ શરણ લેતા,
રામચરણમાં વળી સમર્પી પોતાનું સઘળું દેતા.

પ્રતિકૂળ સ્થળે રામકૃપાથી થઈ જાય અનુકૂળ બધું;
પ્રાજ્ઞ તમે છો ભક્ત તમોને કહેવાનું શું હોય વધુ ?
પરિચય પામી પવનસુતતણો વિભીષણે વંદન કરતાં
કરુણાસ્વરે કહ્યું મારાશો ભાગ્યવાન કો’ ત્રિભુવનમાં

જેને રામતણા સેવકનો સહસા દર્શનલાભ મળ્યો
પુણ્યપ્રદાયક સત્સંગ વળી પ્રેરક પાવન પરમ થયો.
સુદુર્લભ કહ્યું શાસ્ત્રે દર્શન સહજ લભ્યો હું સંતતણું;
રામચરણના અનુરાગીને રામતણી પ્રતિમૂર્તિ ગણું.

સીતાને સાંત્વન અર્પીને રામચંદ્રની પાસ જઈ
પ્રણામ મારા શતશત કહેજો બિરદની જરી યાદ દઈ.

શ્રીરામતણો આશ્રય પામી કૃતાર્થ બનવાને માગું,
અર્પો આશીર્વાદ મને કે મહામોહમાંથી જાગું

સંતોના આશીર્વાદથકી જીવનકેરું શ્રેય સધાય,
દુઃખ કલેશ કે ગ્રંથિ બધીયે શીઘ્ર અવિદ્યાતણી કપાય.
એમ કહીને હનુમાનતણા ચરણોમાં પ્રણિપાત કર્યા;
ભાવભરેલાં લોચનમાંથી અશ્રુપુષ્પ અણમોલ ખર્યાં. (૫૫૦)

*****

## (૨૨) સીતાદર્શન

કરતાં સ્મૃતિ રામની વધ્યા
હનુમાન પ્રસન્ન માર્ગમાં,
મધુમંગલ ભાવથી ભર્યું
મન લીન થયું વિચારમાં

કૃતિ વિશ્વતણી વિચિત્ર આ
શુભ ને અશુભે બધી ભરી,
શુભ સ્વલ્પ છતાં કદીકદી
સુખ દર્શનથી રહે ધરી.

રચના રસરંગ રૂપની
નવ એકસમાન સૃષ્ટિની,
ધરતી ત્રિગુણાત્મિકા ધરા
ઉપહાર અનંત વૃષ્ટિની,

સુખ શીતળ છાંય અર્પતી
ધરતી કટુ કલેશને કદી,
ભરતી રસ મિષ્ટ યોગથી
ગમગીન વિયોગથી ઘડી

કરતી, જયશ્રી પરાજયે
પ્રિય લાભ અલાભથી વળી



શુચિ દારૂણ જન્મમૃત્યુથી
પળવાર પ્રતિક્રિયા કરી.

*

ના સ્થૈર્ય જીવન તથા જગમાં જરીયે,
ના એકશા અભિનયો ચિરકાળ ચાલે,
જે વૃક્ષ વંચિત બને મૃદુ પર્ણથી તે
આ કાળચક્ર ફરતાં પળવાર ફાલે.

જીવી શકે નવ ઉષા વધુ વ્યોમમાંહી,
દૈવી પ્રભાકરતણું નિત દાન દેતાં
લેતી વિદાય બનતી ઉદરે વિલીન
આહ્લાદતાં અવનવીન નિસર્ગકેરા;

ને પ્રભાકર પ્રસન્ન ટકે સદાયે,
એનાય શાસનતણા કરુણાંત સાથે
સંધ્યાતણી પ્રકટતી સુરતા ગુલાબી
વ્યાપી જતી કરુણ શોકિત કાળરાત્રી

આવી બહાર નિજ વ્યોમવિતાનમાંથી.
આ ચંદ્રતારકતણી પણ રાસલીલા
ક્યાં ચાલતી દિવસરાત, ઉષા સજીને
સૌંદર્યના નવલસાજ પ્રતીચિભાલે

પ્રજ્ઞાસમી પ્રકટતી પળવાર પાછી
ચૈતન્યથી ચમકતાં તજતાં ઉદાસી.
વૈવિધ્ય જીવનમહીં પણ એહવું આ
દીસે સનાતન સદા, ચિરશાંતિ એમાં

શ્રીરામના અનુગ્રહે જ લભી શકાય,
ના અન્ય શ્રેય-સુખ-ઉન્નતિનો ઉપાય. (૪૨)

*

અભિધાન અશોકવાટિકા
પણ શોકથકી છવાયલી
ચિરકાળતણા વિયોગના
અતિવેદનથી ઘવાયલી

હનુમાન ક્ષણેક શાંતિથી
પરમાદરથી નિહાળતા
ઉરથી અભિવાદનો કરી
રસસાથ રહ્યા વિચારતા

મુજને કૃતકૃત્ય લાગતી
મધુમંગલ વાટિકા ખરે,
અતિદુર્લભ ભાગ્ય એહનું
સહસા નવ સર્વને મળે.



વસતી જગમાત જાનકી
હૃદયે નિત એહના અહીં;
વિમલા રસમૂર્તિ રામની
ઉરમધ્ય હશે રમી રહી.

ધરતી શુચિ શાંત સ્પર્શથી
બનતી વધુ પાવની વળી
સહવાસ સુધાછલ્યો લભી
વધુ દિવ્ય હશે સુધાભરી.

જડ શૂન્યમનસ્કશા મને
સઘળાય પદાર્થ લાગતા;
ખલુ પ્રકૃતિનેય પીડતી
પ્રિયની કરુણા તથા વ્યથા.

રટતી નિજ રામને હશે
સ્મરતી દિનરાત જાનકી,
વિરહાતુર માત્ર આશમાં
મૃદુ પ્રાણ રહ્યો હશે ટકી. (૭૦)

*

ચાલ્યા જરીક કરુણાનુભવે પછીથી
પૂર્ણેન્દુના પરમશાંત પ્રકાશમાંથી
રસ્તો કરી, તરત મંગલ મિષ્ટ ત્યાં તો
શ્રીરામ રામ સ્વર સુંદર સંભળાયા.

એથી બની પરમભાવવિભોર ચાલ્યા
એની જ શાંત સુખદાયક ને દિશામાં,
દીઠી સહર્ષ વટવૃક્ષ અડી વિરાજી
કારુણ્યમૂર્તિ અતિભીષણ ત્યાં નિશામાં.

રોમાંચ અદભુત થયાં, ઉરમાં અનેરા
ભાવો થયા પ્રકટ દર્શન દિવ્ય પામી,
ભીનાં બન્યાં નયન, આદરસાથ આત્મા
અંગો રહ્યાં સકળ ને ક્ષણવાર નામી

ઉદગાર ત્યાં જ વિરહાતુર સંભળાયા,
કેવી ખરે ગહન છે પરમાત્મમાયા
આરંભ મંથનતણો મુજ જિંદગીના
થોડો થયો નવ થયો વિષ ત્યાં જણાયું,

પીવું પડ્યું હરખથી મુજ રામને એ,
મારુંય અમૃત ચિરંતન ને હણાયું.
પ્રેમે વસ્યાં વનમહીં પણ દૈવથી એ
જાણે થયું સહન ના સુખ સ્વલ્પ જેવું,
સંયોગને બદલતાં અમને વિયોગે
નાખ્યાં અસહ્ય, મુજ દારુણ ભાગ્ય એવું. (૯૨)

*

રજની રમણીય ચાંદની રમણીય શશાંક તેમ આ
નભ છે રમણીય તારલા રમણીય સમસ્ત ને ધરા



પ્રતિમા રમણીયતાતણી રસની પણ રામ છે નહીં,
રમણીય કશું ન દીસતું મનને ખલુ એટલે કહીં.
રસની ન પ્રધાનતા બધે મનનું જ મહત્વ લાગતું,
મન નીરસ તપ્ત હોય તો જડ સર્જન શુષ્ક ભાસતું.

રસથી ભર પૂર્ણિમાતણી
શુભ શાંત પ્રશાંત રાત આ
રસહીન ખરે થઈ પડી
ભરતી ઉરને અશાંતિથી.

અતિવ્યાકુળ વેદના થકી
કરતી મુજને અસ્વસ્થ હા !
સ્મરણો મનને સતાવતાં
પ્રણયાર્દ્ર પવિત્ર રામનાં.

સુખશાંતિ પ્રસન્ન પૂર્ણિમા રસથી જન અન્ય મેળવે
મુજને સુખશાંતિ કિન્તુ ના તિલમાત્ર કઠોર એ ધરે.
વરસી કિરણે સ્ફુલિંગને મૃદુ અંતરને જલાવતી,
રવિની સ્મૃતિમાં રડી રહી વિરહાતુર રાત લાગતી. (૧૨૦)

ખલુ જીવન ભારરૂપ આ રઘુનંદન રામના વિના
મૃતપ્રાય સમસ્ત છે બન્યું, નવ ચેતન લેશ પ્રાણમાં.
સુખ સંનિધિના સિવાય ના, સ્થિરતા પણ છે નહીં જરી,
નવ હર્ષ કૃતાર્થતા વળી રસ જીવનનો રહ્યો મરી

મધુ દર્શન રામનું કદા મુજને મળશે ખરે હવે
સમજી ન શકાય લેશ એ, જલતું દિલ આજ તો દવે.
રઘુનંદન રામ પ્રાણ હે મુજ જીવનચેતના મહા;
રટતા કરુણાર્દ્ર જાનકી ક્ષણવાર અવાક્ બની અહા !

હનુમંત અનંત આદરે રસસાથ રહ્યા નિહાળતા,
રઘુનંદન રામ ઉચ્ચર્યા સ્વર સન્મુખ છેક આવતાં.
સુણતાં સ્વરને સુધાછલ્યા અતિવિસ્મિતચિત્ત જાનકી
પ્રણયે ભર તંદ્ર ત્યાગતાં હનુમંત રહી નિહાળતી.

છે કોણ રામપદપંકજ ભૃગ જેવા
ચિત્તે અખંડ સ્મરતું પ્રિય રામને આ
મંદોદરીસમ વિભીષણપેઠ પ્રેમે
સીતા થકી ન સમજી કરુણાર્દ્ર કેમે.



પૂછ્યું આદરથી એણે, રામના સુખદ સ્વરે
સંતપ્ત આત્મને સ્વલ્પ શાંતિથી કોણ આ ભરે ?
સુધાસિંચનને દૈવી સઘળે કરનાર છો
તમે કોણ રહો ક્યાં કે પધાર્યા ક્યાંથકી કહો.

હનુમાને કહ્યું પ્રેમે પ્રણિપાત કરી ફરી,
રામનો ભક્ત છું નાનો આવ્યો રામકૃપાથકી
કરતાં સિંધુને પાર શોધતાં તમને અહીં,
હેતુ સિદ્ધ થયો મારો માતા હે, તમને મળી.

કિષ્કિંધા રાજ્યના સ્વામી સખા સુગ્રીવ રામના
ક્ષુદ્ર સેવક છું હું તો એમનો, હનુમાનના
પ્રખ્યાત નામથી, આવ્યો સંદેશો રામનો લઈ,
નિહાળી તમને મારા શાંતિ અંતરને થઈ. (૧૬૦)

તમને શોધતા આવ્યા રામ લક્ષ્મણ સાથમાં
મહામૂલો થયો ત્યારે મને મેળાપ એમનો,
જોતાવેંત ઉરે મારા પ્રકટી પ્રેમભાવના,
બન્યો સેવક સ્વેચ્છાથી ત્યારથી એમનો અહા !

તમને શોધવા માટે અનુજ્ઞા એમની લભી
એમની જ કૃપાથી આ પ્રવેશી પુરમાં અહીં
મળવા તમને આવ્યો ઉર આશાથકી ભરી
મનોરથ મહામોંઘા ભાવિ જીવનના કરી.

*

દયનીય દશા નિહાળતાં મુજ અંતર આર્ત છે બન્યું
સુખ જીવનનું સમસ્ત ને ક્ષણમાં જ વિલીન છે થયું.
રડતું ઉર વજ્ર-શું છતાં સહસા કરુણાથકી દ્રવી,
અનુભૂતિ અભૂતપૂર્વશી અતિગૂઢ થઈ રહી નવી.

વચનો પ્રણયાર્દ્ર સાંભળી ઉર વેદનપૂર્ણ છે બન્યું,
મુજ ભાગ્ય અનંત આજ મેં શુભ દર્શનનું ખરે ગણ્યું
સુરદુર્લભ ને અમોઘ છે ખલુ દર્શન દિવ્ય આપનું,
સહુને નવ સાંપડી શકે અણમોલ પ્રકાશ આપતું.

શુચિ સુકૃત હોય તો જ આ મધુદર્શન સાંપડી શકે,
રસપૂર્ણ કૃતાર્થ લોચનો સુખ તેમજ શાંતિને લહે

વિલાપ ન સહાય આજ મુજથી તમારો જરા
રહે હૃદય હાથ ના કરુણ ને નિહાળી દશા,
લઈ તરત રામપાસ તમને પહોંચી જઉં,
ધરી ધન સહર્ષ રામપદ રામકેરું દઉં;

અનુગ્રહ મળ્યો મને પરમ રામનો એટલે
શકાય સઘળું કરી મુજથકી છતાં રામની
મને અધિક કાર્યકાજ નવ છે અનુજ્ઞા મળી,
ઉપાય નવ એટલે અધિક કો' શકાશે કરી.

તમારી ભાળ કાઢીને પાછા છે ફરવા કહ્યું
એટલે તમને દેખી દિલ વ્યાકુળ છે થયું
તોય શાંત કરી એને સ્વસ્થતા ધરવી રહી,
વિકલ્પ અન્ય એકેયે દીસતો અધુના નહીં. (૨૦૦)

જલદી પણ રામ આવશે તમને મધુ મુક્તિ આપવા
રવિ જેમ નિશા વિયોગની કિરણે કમનીય કાપવા.
યમદ્વાર મહીં પહોંચશે સમરાંગણમાં દશાનન,
કુળ નષ્ટ કરી સમસ્ત ને પુર ઉજ્જડ ઘોર કાનન.

વિરહે વધુ વાર ના હવે જલવું પડશે વ્યથા લઈ,
સુખ રામ સમર્પશે ખરે નિજ સંનિધિ સ્વર્ગદા દઈ.



રઘુનંદન રોજ ને ક્ષણે ક્ષણ યાદ વને રહ્યા કરી,
વિરહાતુર એમનેય ના ચિરશાંતિ કદી રહી મળી.

જલતા અનલે સદાય એ નિજ અંતરમાં જલી રહ્યા,
દિવસો સુખના વિયોગમાં દુઃખદર્દતણા બધા થયા.
યુગશી ક્ષણ દીર્ઘ દીસતી ધરતી રસ લેશયે નહીં,
તન છે પણ ચેતના તજી તનને સઘળી ગઈ કહીં.

તમને સ્મરતા સદાય એ મધુ ધ્યાન વળી ધર્યા કરે,
કથતાં શુચિ સ્નેહની કથા જલ નેહલ નેત્રથી સરે.
વધુ વર્ણન માત, શું કરું, તમને વધુ જાણ રામની;
સમજે ઉર શબ્દ ના કરે પણ વર્ણન પૂર્ણ પ્રેમનું.

કરશે ન વિલંબ લેશ એ રઘુનંદન માહિતી મળ્યે,
તમને સુખશાંતિ અર્પવા કરશે સઘળા પ્રયત્નને,
સઘળીય કથા સુણાવતાં હનુમંત પ્રસન્નતા ધરી
રસસાથ રહ્યા નિહાળતા પ્રણિપાત પુનઃપુનઃ કરી. (૨૪૦)

કરુણાર્દ્ર પવિત્ર જાનકી વચનો પ્રણયે વદી પછી
હૃદયે મુજ મૂર્તિ રામની મધુમંગલ દિવ્ય છે વસી
નવ તે હઠશે વિયોગમાં નવ દૂર થશે અશાંતિમાં,
તન લંકામહીં પડ્યું છતાં મન છે મુજ માત્ર રામમાં.

શકશે નવ અન્યનું થઈ મનડું અનુરાગપૂર્ણ આ,
સ્વપ્ને પણ ભ્રાંતિથી કદી ભજશે ઉર તેમ અન્ય ના

પ્રિય રામ વિના અશાંતિમાં દિનરાત અકાળ હું મરું,
મધુ દર્શન એમનું થતાં ઉરના કટુ ક્લેશને તરું.

નવ વર્ણન વેદનાતણું પરિપૂર્ણપણે કરી શકું,
સ્મૃતિ ભૂતતણી સદા કરી મુખમાં જડ મૃત્યુના ટકું.
નવ શાંતિ જરીય રામને પણ પ્રાપ્ત થતી હશે વને,
નવ સંશય શુદ્ધ સ્નેહમાં પળવાર થઈ રહ્યો મને

સુખશાંતિતણો ઉપાય તો કરવા પ્રિય એમને કહો,
મુજ જીવનને ટકાવવા રસ સાથ વિશેષ જો ચહો.
દિન મંગલ આજનો બન્યો મુજ જીવનમાં પવિત્ર આ,
ખલુ રામકૃપા વિના મળી શકતા શુચિ રામભક્ત ના.

તમને મળવા થકી મળી મુજને ક્ષણવાર સાંત્વના,
નવ કિન્તુ વ્યથા શકે શમી વચને ભરપૂર પ્રાણમાં,
અભિનંદન પૂર્ણ આદરે તમને હનુમંત અર્પતી,
શુભ માહિતી રામની લભી ઉરને લવલેશ તર્પતી.

હનુમાન વદ્યા, નથી જરી અભિનંદનપાત્ર માત, હું,
પરિચારક ક્ષુદ્ર રામનો શરણાગત મંદબુદ્ધિ છું.
મુજને અભિનંદનો નહીં પણ આશિષ આત્મની ધરો,
શુચિ સેવક સર્વદા રહું પદ પ્રેમ જગાવતાં ખરો.

નવ રામ તજે મને કદી નવ ત્યાગ કરો તમે વળી,
સુખ સંગતિમાં સદા લહું મમતા મનની બધી ભરી.

સહસા જ પ્રકાશ ત્યાં થયો અતિ સુંદર વાટિકામહીં,
હનુમાન શક્યા રહસ્યને સમજી ઝટ એહના નહીં.
ભયભીત જરીક જાનકી કરુણાર્દ્ર સ્વરે તદા વદી.
સુખશાંતિતણી હતી મળી મુજને મુજ ભાગ્યથી ઘડી; (૩૦૦)

પણ દૈવ ન શાંતિ આપવા મુજને ચિરકાળ આ ચહે,
ઘટના સહસા પ્રકાશની કટુ તો પણ સત્ય એ કહે.
પરિચારક સાથ આવતો મળવા મુજને દશાનન,
તમને પકડી સકોપ એ ધરશે યમદ્વાર રાવણ.

હનુમાન વદ્યા નથી મને ભય રાવણનો ખરે જરી.
ભય રામકૃપા મળ્યે જતો શરણાગત ભક્તનો ટળી.
બળ રાવણમાં ભલે હશે મુજને પણ બુદ્ધિ છે મળી,
દ્રુમપે અતિસૂક્ષ્મ રૂપને ક્ષણમાં જ ચઢી જઉં ધરી.

વચનો પણ એહનાં સુણું, નવ કૈં શકશે મને કરી;
વદતાં હનુમાનજી પછી અતિસૂક્ષ્મ સ્વરૂપને ધરી
દ્રુમપે ક્ષણવારમાં ચઢ્યા; પરિચારક સાથ રાવણે
રસસાથ કર્યો પ્રવેશ એ રમણીય પ્રશાંત કે સ્થળે. (૩૨૪)

*****

## (૨૩) રાવણનો રોષ

અહંકારે હોય દેહ ધર્યો,
મોહ મમતા વાસના સ્વાર્થે
કામક્રોધે કે શરીરમહીં
બની હો સાકાર ખેલ કર્યો,

દીસતો રાવણ હતો એવો
પ્રકટ જાણે કાળના જેવો
મહાભીષણ; આસુરી બળની
સમુચ્ચય પામી કળા સઘળી

વ્યક્ત એના સ્વરૂપે જાણે
જન્મ પામેલી ધરાતલની.
પ્રથમ નજરે નિહાળી એને
રહેતી ના લેશ શંકા કે

માનવીની મળી છે કાયા
કિન્તુ એની અનોખી માયા-
થકી લાગે એહણે ધારી
ભયંકર દાનવતણી છાયા.

ધરા એને ભારરૂપ માની
ધ્રૂજતી પદસ્પર્શને પામી,



અશાંત જતી પુનિત પ્રાણ બની
અમંગલ સંસર્ગને જાણી.
પદાઘાતે ધરિત્રી જાણે
ધ્રૂજવીને વાટિકા મધ્યે

જાનકી પાસે પહોંચીને
ભાવ ભરતાં પ્રેમના પ્રાણે
વદ્યો વાણી મધુરવી, પ્યારી
કુમારી મિથિલેશની ન્યારી !

વિચારી જો કોણ મારી જેમ
વિશ્વમાં આવો કરીને પ્રેમ
ઝંખના તારી કરે દિનરાત
ના જુએ પ્રેમે કરે ના વાત

તોય અંતર અર્પતાં આસન
ચહે તારા પ્રેમનું પ્રાશન,
સ્મરે મારી જેમ કોણ તને
અનેરા અનુરાગસાથ રટે,

કોણ તારું ધરી કેવળ ધ્યાન
ચહે બનવા પ્રણયમાં ગુલતાન ?

મૂર્તિ મનહર મનમહીં ધારી
અન્ય સઘળી કામના મારી

કોણ આરાધે તને હરરોજ,
બની ભૃંગસમાન ચરણસરોજ-
સ્વાદ પામે કહે બીજો કોણ,
કોણ તારા પ્રેમરસ કેરો

બની ચાતક તપે માત્ર જપે
કોણ તુજને પ્રાણ કરતાંયે
વધારે પ્રિય માનતાં તારી
પ્રતિને ઝંખે સતત ન્યારી ?

ત્રિલોકમહીં અન્ય એવો કોણ
પ્રેમપૂર્વક જે મહારી જેમ
સુખી કરવા સદાકાળ ચહે,
તને શબ્દો સુધાસભર કહે. (૫૦)

કરે તું ઉપહાસ, ના બોલે
હૃદય તારું ના જરી ખોલે,
ગુમાન થકી ઘોર અજ્ઞાને
શુભેચ્છકને ના જરી જાણે,

તિરસ્કારે કરી બેસે ક્રોધ,
તોય તારે કાજ રસનો ધોધ



જગાવી અંતરમહીં આવું,
પુષ્પ પુલકિત પ્રેમનાં લાવું;

કોણ એવા આદરે આવે,
અવનવી અંગાંગમાં ભરતી
ભરીને અંતરતણી ધરતી
સજાવીને સ્નેહના સાજે

પ્રિયાની આરાધના કાજે
કોણ માળા પુષ્પની લાવે ?
પૂર્વના પુણ્યોદયે તારા
મળ્યો તુજને સંગ આ મારો,

ભાવ મારા અંતરે જાગી
ગયો તારે કાજ ને ન્યારો;
કર્યાં તે સત્કર્મ કૈં એવાં
સ્વામિની કરવા તને માગું,

રાજ્ય લંકાનું ચરણમાંહી
હૃદય તારું જીતવા ત્યાગું,
કલ્પના તો કરી જો થોડી
ઉપેક્ષાવૃત્તિ બધી છોડી

પ્રેમની અંતરમહીં મારા
વહે છે કેવી પ્રબળ ધારા.

તને મારું રોમરોમ ચહે,
કથા કેવી પ્રેમપૂર્ણ કહે;

ભરીને અંતર અમર અનુરાગ
કરે નિશદિન એક તારી માંગ.
મૃદુલ કાયા છેક છે તારી
કિન્તુ તું નિષ્ઠુર છે નારી,

એટલે તો નેત્ર ઢાળીને
ધરાને બેઠી નિહાળીને.
સુંદરી તારાસમી કોઈ
જડ હ્રદયની ના હશે જગમાં

જે કરે સત્કાર ના સ્નેહે
તિરસ્કારે શ્રેય ના સમજે
જિંદગીનું અનેરું સાચું
અર્પતાં ઉપદેશ યે કેમે,

અર્પવાનું હ્રદય દુર રહ્યું
કિન્તુ ના બોલે તથા નેહે
નિહાળે ના અવજ્ઞા કરતાં;
જાય એ વર્તન જરા ન સહ્યું

જરી તો જો સુધામય તારી
દિવ્ય દ્રષ્ટિ પ્રેમથી ઢાળી,



નેન મળતાં નેનને મારી
સિતારી અંતરતણી ન્યારી
રેલશે સંગીતસ્વર સ્નેહે
ચેતના પ્રકટાવતાં દેહે.

એ મધુરવી દ્રષ્ટિને માટે સદા
બનીને આતુર અહા ઝંખી રહ્યો
વસે એમાં સ્વર્ગ કે કૈવલ્ય ને
પરમધામ તણો બધો મહિમા કહ્યો.

સુધાસભર સ્વરે જરી તું બોલ તો
ઊછળે ઉરમાં પરમ આહ્લાદનો
ઓઘ; ઉત્સવ જિંદગી મારી કરે,
સુખ અજર એવું ન સંસારે મળે.

ગમે તેવો તોય હું છું માનવી
મનોરથને સેવતો અભિલાષની
ગૂંથતો માળા નિરંતર નેહથી
અનુભવીને પિપાસાને પ્રાણની;

મનેયે સંવેદના સ્પર્શી જતી,
પ્રતિક્રિયા સૌંદર્યની મુજ પર થતી;
માણતું માધુર્યને મારુંય આ
જાણતું મન ભેદ ઉત્તમ ભાવના.

મને પણ છે હૃદય, ઊર્મી એ મહીં
વિવિધરંગી પ્રતિક્ષણ જાગી રહી;
વજ્રદિલનો કુસુમકોમળ છું છતાં,
માહિતી તુજને કદાચ મળી નહીં. (૧૨૦)

પ્રેમમંદિર પ્રાણનું મારું બન્યું
એહની આરાધ્યદેવી હું કરું
નિરંતર આરાધના તુજને ધરું,
સાર શાશ્વત જિંદગીનો એ ગણું

રામનો આધાર રાખીને રડે,
વેદનામાં વ્યર્થ સ્વેચ્છાથી પડે,
ભાગ્ય છે અનુકૂળ સઘળુંયે બન્યું
પૂર્વગ્રહ તારા છતાં તુજને નડે

નિરર્થક આશામહીં બેસી રહી
વિયોગતણા વહ્નિમાં ભારે જલી
પ્રતીક્ષા કર ભલે આજીવન તથા
અકાળે જા મરી અજ્ઞાને છતાં,

રહ્યો છું સંશયરહિત શબ્દો કહી,
રામ સ્વપ્નેયે તને મળશે નહીં.
માહિતી મળશે પહેલાં તો નહીં
રામને તારી અને મળશે કદી



સુદુસ્તર સુવિશાળ સાગરને તરી
કે કરીને પાર તોપ ણ ના અહીં
પહોંચી શકશે તને છોડાવવા
બાંધવાનું સિંધુને છે સહેલ ના. (૧૪૦)

માનવા ખાતર છતાંયે માન કે
આવશે લંકાપુરીમાં રામ એ
તોય ના ચિંતા કશી ભય ના જરી,
રહેશે આહાર અસુરોને મળી.

શ્રેય તારું થવામાં મારી રહ્યું,
માન તું વિશ્વાસથી મારું કહ્યું,
પ્રિયતમા જો પ્રેમથી મારી બની
શ્રેષ્ઠ પદ તો પ્રતિષ્ઠા તુજને ધરું,

સુંદરી મંદોદરી વિશ્વે છતાં
એહને પરિચારિકા તારી કરું.
ભાગ્ય જ્યારે અનુગ્રહ કરવા ચહે
મર્મ ત્યારે માનવી જો ના લહે

અભાગી એના સમો સૃષ્ટિમહીં
માનવી તો અજ્ઞ કોઈયે નહીં
નથી સાધારણ પુરૂષ, સમ્રાટ છું,
પરમપંડિત ને મહાબળવાન હું,

ત્રિલોકે કોઈ નથી મારા સમો
વિકલ્પો કરતાં છતાં દિનરાત તું
વ્યર્થ ભોગવતી વ્યથા ચિંતા તથા
વિષાદે ડૂબી અકારણ આમ શું ? (૧૬૦)

*

રાત આ રસથી છલી રળિયામણી
તારલાની છાપવાળા વસ્ત્રને
પહેરી આવી ગગન અંધારની
જનેતા જેવી, મધુર આ ચાંદની

સુધાસિંચન સર્જને કરતી વળી
કળા છે કમનીય કેવી ચંદ્રની;
લલિત લહરી સુમનની સૌરભ ભરી
વહેતી કરુણા ભરી ભગવંતની

જિંદગીની નિશામાંયે એમ તું
ચંદ્રિકા પેઠે ચમકતાં ચાંદની
ચારુ અમૃતમય અનેરી રેલતાં
શાંતિ પાથર, ચેતના ભર, ધન્યતા-
ની લલિત લહરી બની પ્રેમે વહી
કરી દે સાર્થક સદા મારું સકળ.

ચંદ્રિકાના સુધામય સ્પર્શે અકળ
કરીને ઝંકૃત રસેભીનાં હૃદય



તજીને તંદ્રા નયન ખોલી બધાં
સ્નેહના સુસ્વર સનાતન છોડતાં

કલામય સરવરતણાં પેલાં કમળ
બનીને કૃતકૃત્ય પૂર્ણ કૃતજ્ઞતા-
નું પ્રદર્શન કરીને દેખે ગગન
પ્રેમપ્રતિમાને રસે બનતાં મગન.

હૃદયસરમાં પ્રાણકેરા પદ્મને
ચંદ્રિકા બનતાં સુધામય સ્પર્શથી
કરી દે ઝંકૃત, સિતારી છેડતાં
રોમરોમે રસીલી સંવાદની
કે બને જીવન બધું સ્નેહે સફળ,
વ્યથા થાય વિયોગની સઘળી વિફળ.

*

વદી સીતા શાંતિથી, જ્યારે
માનવી હો અભાગી ત્યારે
અમંગલ સેવે વિચારો આમ,
અહં-મદ-મમતા-ભયંકર કામ

તેમ સેવે ઘોર દુર્ગુણને,
પરિત્યાગે નીતિ શ્રેષ્ઠ તમામ.
નથી સાધારણ પુરૂષ, સમ્રાટ,
પરમપંડિત ત્રિભુવને વિખ્યાત,

ત્રિલોકે તારાસમો તોયે
ભ્રાંતબુદ્ધિ હશે નહીં કો’યે
જે નિહાળે અજ્ઞશો પરસ્ત્રી
વાસનામય અંધ લોચનથી. (૨૦૦)

શ્રેયને સમજી શકે ના તું;
ઉપાયો લાખો કરે તોયે
સ્વલ્પ સમજી શકે સ્વપ્નમહીં
ભાનુનો મહિમા ઉલૂક નહીં.

દિવ્ય છે મંદોદરી કેવી
પરમસુંદર અપ્સરા જેવી,
સદ્-ગુણી એ પૂર્વના પુણ્યે-
થી પ્રાપ્ત તને મહાદેવી.

કિન્તુ માણે હંસ મૌક્તિકને
ગમ પડે એની નહીં બકને,
તેમ મહિમા એહનો જાણ્યો
તેં નથી તેથી પ્રલાપ કરી

રહ્યો આવા, વિષયલોલુપતા-
ને ભજી ભાવો જઘન્ય કરી.
લક્ષણો મોહાંધ મૂઢતણાં
ભ્રાંત વ્યાધિગ્રસ્તના સરખાં



હોય છે વિપરીત હીન બધાં;
વાત એ પીડિત સમાન કરે
કિન્તુ પગલાં મૂર્ખને મળતાં
પ્રતિપળે અવિવેકયુક્ત ભરે. (૨૨૦)

કરે દાવો તેજનો તોયે
તમિસ્ત્રેજ સદાય ગાઢ ભમે,
અન્યને ઉપદેશ આપીને
મોહકૂપે સ્વયં રાસ રમે.

રામના સામર્થ્યની તુજને
માહિતી ના, રામ એ મુજને
કાઢશે શોધી ગમે ત્યાંથી,
સુદુસ્તર ને સિંધુને બાંધી

કાળનો તુજને બનાવી ગ્રાસ
વિરહનો અંતે કરીને નાશ
મુક્તિ ધરશે મને આ વનથી,
મને તો શંકા જરાય નથી.

હવે વીત્યા એટલા દિવસો
વધારે ના વીતવા બાકી,
અસ્ત્રશસ્ત્રોની સતત વર્ષા
રામ કરશે સમરમાં તાકી

મૂઢ, ત્યારે આશ જીવનની
જણાશે સ્વપ્નેય લેશ નહીં;
મદ બધોયે લુપ્તપ્રાય થશે
રુધિરનો રહેશે પ્રવાહ વહી. (૨૪૦)

ક્રોધ વ્યાપ્યો દશાનન વદને સુણી
જાનકીના શબ્દ એ શરના સમા,
વદ્યો તુજને માનિની, મારી નથી
લાગતી અજ્ઞાનને લીધે તમા

એટલે મિથ્યાભિમાનથકી વદે
ભ્રાંત વચનો પ્રલાપો મિથ્યા કરે,
ભાગ્ય ફૂટેલું જ હોયે પાંથનું
મેળવે ના શૈલ્ય તો છાયા મળ્યે.

સ્નેહથી કૃતકૃત્ય કરવાને તને
પ્રયત્નો મેં અવનવા કૈંયે કર્યા
કિન્તુ અમૃતવર્ષણો ના મેઘના
કૃતઘ્ની મરુભૂમિની આગળ ફળ્યાં.

હવે તારા રામની પાસે તને
દંડ દેતાં મોકલી આજે રહ્યો,
એમ બોલી તાણતાં તલવારને
મારવા તૈયાર એ રાવણ થયો.



ક્રુદ્ધ નેત્રે નિહાળી હનુમાન એ
કરુણ દ્રશ્ય વ્યથામહીં ડૂબી રહ્યા,
થયું કે નીચે જઈ લંકેશને
પછાડું પૃથ્વી ઉપર છોડી દયા

યમસદનમાં મોકલી પળમાં દઉં
જાનકી સાથે પછી પાછો જઉં
રામને ચિંતા રહે જેથી નહીં
જાનકીની વેદના ન ટકે કહીં,

કિન્તુ વચનો રામના સર્વે સ્મરી
ધર્મ સેવકનો વિચારીને લઈ
સ્વસ્થતા ધારી કરીને રામને
પ્રાર્થના બેસી રહ્યા નિરુપાય એ. (૨૬૮)

રાવણે તલવાર કાઢી મ્યાનથી
છતાં સ્વસ્થ રહી વિરાજી જાનકી
શાંતિથી બોલી મને તલવારની
શસ્ત્રની કે ભીતિ લેશ ન લાગતી;

મૃત્યુ નિસ્સંશય કદીપણ આવશે,
આવવાનું આ પ્રકારે હોય એ
તોય ના ચિંતા મને ભય ના જરી,
ચેતના કો’દી નથી શકતી મરી.

ધાકધમકી યાતના ને વેદના
મૃત્યુથી પણ પંથ ના પાવિત્ર્યનો
પરિત્યાગી સ્વપ્નમાંય શકીશ હું,
ચળાવે છે મેરુને વરસાદ શું ?

રામ કરશે મહારી રક્ષા સદા;
ધર્મને ખાતર કદી બલિદાન આ
આપવું પડશે મહારે તોય શું,
મેળવી શકશે મને કેમે ન તું. (૨૮૪)

એ જ વખતે પ્રવેશી ઉદ્યાનમાં
વાયુવેગે આવતા આગળ વદી
હાથ પકડી હિંમતે લંકેશનો
પ્રેમની પ્રતિમા મહા મંદોદરી,

વિવેકાંધ બની રહ્યા આ શું કરી
પાપપંથે મોહથી પગલાં ભરી,
મારવા તૈયાર સીતાને થયા
શે તિલાંજલી નીતિને સઘળી ધરી ?

નહીં મારી એહને શકશો તમે.
દુર્વિચાર થયો તમોને આજ આ
એજ દર્શાવે તમે ક્રીડા કરી
રહ્યા કે યમના અમંગલ હાથમાં.



પ્રાણ છે મારામહીં ના ત્યાં સુધી
શીશ સીતાનું શકો છેદી કદી,
કરો મારી ઉપર ઘા તલવારનો
ધરા પર કાયા ભલે જાયે પડી,

કિન્તુ સીતા સુરક્ષિત લંકામહીં
રહેશે, શસ્ત્રે હણી શકશો નહીં.
હણો કાયાને છતાં સીતાતણા
આત્મને ક્યાંથી હણી શકશો કહો,

પ્રેમની પાવિત્ર્ય નિષ્ઠાતણી
અવસ્થાનો નાશ શે કરશો અહો !
સનાતન જે ભાવના માનવતણી
શસ્ત્ર એને કદી ના છેદી શકે,

જલાવે પાવક નહીં પાણી વળી
પલાળી એને નહીં સ્વપ્ને શકે.
જરા ના, ના વ્યાધિ એને વ્યાપતા,
કેદ કરતા દેશ તેમજ કાળ ના,

યાતના એને શકે કો'દી નહીં
પરાજીત કરી નમાવી કે કદી.
બાહ્ય બંધન એહને બાંધે નહીં,
રહેતી વિપરીતતામાંયે વહી;

તમે એને ઓળખી શકતા નથી
બન્યા એથી અધર્મી તેમજ હઠી.
સાંપડી શક્તિ તમોને શબ્દની,
શાંતિની ના મૌનની નિઃશબ્દની,

દ્વેષની વ્યામોહની, ના પ્રેમની,
વાસનાની, ના પરમ પાવિત્ર્યની,
સંપદા લૌકિક બધીયે મેળવી
કિન્તુ આત્માની અલૌકિક સંપદા

મળી ના તમને સદા શ્રેયસ્કરી
લહ્યા શાસન બાહ્ય, આભ્યંતર નહીં.
કરી છે ગતિ કિન્તુ પ્રગતિ નથી કરી,
જ્ઞાન પામ્યા કિન્તુ ના વિજ્ઞાનને,

યક્ષ ને ગંધર્વ કિન્નરને કર્યા
વશ શક્યા ના મોહતમ તોયે તરી.
મેળવ્યો આનંદ ઈન્દ્રિયો તણો
કિન્તુ સંયમના અચળ આનંદનો

લેશ પણ પામી શક્યા કેમે નહીં;
મેળવી શક્તિ તમે તલવારની
શસ્ત્રની કિલ્મિષ-કપટ કટુતાતણી
કિન્તુ ના તપની સનાતન સત્યની;



શ્રાંતચિત્ત બની ચહો હણવા છતાં
એટલે તો રહ્યા છો જીવન હણી.
મૂર્તિ સાત્વિકતાતણી સંશુદ્ધની
સુપુત્રી સીતા મહા મિથિલેશની

ડરાવી એને ડગાવી કે કદી
હરાવી શકશો નહીં શસ્ત્રે હણી.
વદી ત્રિજટા શાંતિથી, સમ્રાટ છો
તમે લંકાના અધીશ્વર પ્રાજ્ઞ છો

છતાં સ્ત્રીને આમ હણવાને ચહો
વચન આસક્તિતણાં મિથ્યા કહો
પ્રશંસાને પાત્ર એ લાગે નહીં,
ધર્મસંગત અવસ્થા આ ના કહી,

પ્રજાપાલક બને મારક મોહમાં
વ્યવસ્થા તો શાંતિ શાશ્વત ક્યાં રહે
સૂર છૂટે સતત શેં સંવાદના,
પ્રજા ડૂબે ભીતિ-ચિંતા-શોકમાં. (૩૫૨)

વદ્યો રાવણ રોષથી ત્યારે
શિખામણ મેં ના ચહી ક્યારે,
મર્મ સઘળો ધર્મનો જાણું,
નીતિની મર્યાદને પાળું.

માહિતી છે શ્રેયની મુજને,
ગમ પડે ના જ્ઞાનની તુજને;
સુંદરી મંદોદરી તુંયે
નિરર્થક અજ્ઞાનથી આવે

માર્ગમાં મારા અમંગલ કૈં
ગીત ને ઉપદેશનાં ગાયે.
તને આજ જવા દઉં છું હું
જાનકી, છે ભાગ્યશાળી તું;

માસ વીત્યે ફરીથી આવી
મનાવીશ દયા દિલે લાવી
પ્રિયતમા મારી તને કરવા
પદ પ્રતિષ્ઠિત પ્રેમથી ધરવા,



મને છે શ્રદ્ધા જશે માની
મન તહારું નાથને જાણી.
રાવણે તલવાર મ્યાન કરી
ધૈર્યને આશા વળી ધારી

કર્યું ત્યાંથી એ પછી પ્રસ્થાન,
થયું નિર્ભય એ સકળ ઉદ્યાન
જાનકી રડવા જરી લાગી,
રામ રામ સ્વરો રહ્યા જાગી,

સાંત્વના મંદોદરી ત્યારે
અર્પવા માંડી પરમપ્યારે.
શોક સ્વલ્પ કરીશ ના સીતા,
માનજે ભગિની મને પુનિતા !

નથી વનમાં એકલી તારી
કરે છે રક્ષા સદા ન્યારી
રામની શાશ્વત પરમ શક્તિ
કરે છે તું જેહની ભક્તિ. (૩૮૪)

શીલ - ધર્મ - પવિત્રતા રક્ષે
માનવીને વને ને નગરે
શક્તિનો સંચાર દિવ્ય કરી
અભય ને નિશ્ચિંતતા બક્ષે.

રક્ષશે તુજને નિરંતર તે
મને એમાં લેશ ના શંકા,
વિરોધી કો'દી બની બેસે
વિઘાતક જેવી બધી લંકા

તોય ના શકશે તને મારી.
રામ સંકટ સિંધુથી તારી
સમર્પી સંસર્ગના સુખને
ધન્ય કરશે એક દિન તુજને

પ્રાણ છે મારા શરીરમહીં
ત્યાં સુધી સહયોગ પૂર્ણ દઈ
સ્નેહથી સેવા સદા કરતાં
વિપત્તિ વધવા દઈશ નહીં. (૪૦૦)

વેદના તારી વિરહકેરી
શમાવી શકતી નથી ઘેરી
એટલો અફસોસ છે મુજને;
અશક્તિ ઉરને રડાવે એ.

કરુણતા એ જિંદગીકેરી
બનીને નિરુપાય ને નિર્બળ
માનવી બળવાન પણ કો’દી
રહે બેસી હાથને જોડી,

કિનારા સંસ્કારની સરિતા-
નાં સલિલ સૌ સુકોમળ તોડી



ધપે આગળ જાય પથરાઈ,
જિંદગીની ડગમગે હોડી.

કહ્યું સીતાએ હલાવે છે.
જિંદગીની કર્મ કૈં હોડી,
ધૈર્ય - હિંમત - હર્ષ - આશાના
કિનારા નાખે બધા તોડી

રામનો આધાર સાંત્વન ત્યાં
કૈં ધરે, પ્રેરક જરાક બને,
સુધાસભર વનસ્થલી જગવે
શાંતિદાયક મહાઘોર રણે.

સાંપડ્યો સંસર્ગ શુચિ તારો
મળી શ્રેષ્ઠ સહાનુભૂતિ વળી
ભાગ્ય માનું એટલું મારું,
આત્મબળ એનાથકી ધારું. (૪૨૪)

*****

## (૨૪) લંકાદહન

સ્નેહસંયુત સાંત્વના
અર્પતાં મંદોદરી
સેવિકા સાથે પછી
વાટિકાથી નીકળી,

પહોંચી આવાસમાં
શાંતિથી ત્રિજટા થઈ
શીઘ્ર નિદ્રાધીન ને
દેવકેરા દૂતશો

વાયુ કેવળ સળવળી
વાટિકા હૃદયે રહ્યો,
જાનકીએ રામનો
સ્વર મહામધુરો કહ્યો,

વૃક્ષની શાખા તજી
એટલે હનુમાન એ
સ્મરીને પ્રિય રામને
પ્રકટ પ્રેમથકી થયા,

કરીને પ્રણિપાતને
અશ્રુભીની આંખથી



વેદના ઉરમાં ભરી
મંદ સ્વર સાથે વદ્યાઃ

માત, એક જ વૃક્ષની
પ્રશાખા પર ભિન્ન બે
રંગના જોવા મળે
વિહંગો ક્રીડા કરે,

ભોગવે ફળભોગને
વિવિધ, કટુતામિષ્ટતા-
ના લહી આસ્વાદને
હસે કે શોકિત બને,

એકનું જીવન થતું મહોત્સવશું મિષ્ટ ને
અન્યનું દાવાગ્નિશું તપ્ત અંતરને કરે,
એમ આ લંકાતણા વૃક્ષની શાખા સઘન-
નો લઈ આશ્રય રહ્યાં વિહંગો બંને ગહન

એક તો લંકેશ ને અન્ય છે મંદોદરી
ઉભય એક જ વૃક્ષપે રહ્યાં છે ક્રીડા કરી,
કિન્તુ આત્મા એમના અલગ રંગમહીં રમે
વસે સત્વે એક તો અન્ય ગાઢ તમે ભજે.

આપણા સંસારના
સનાતન આ વૃક્ષની
વિવિધ શાખાની ઉપર
કરે ક્રીડાઓ અકળ

વિહંગો ચિરકાળથી,
એકતા એમાં નથી.
ક્યાંક છે મંદોદરી
વિમળવૃત્તિ સાત્વિકી,

વિશેષે લંકેશની
જનમહીં ઝાંખી થતી.
થાય છે આશ્ચર્ય કે
ઘોર લંકામાં મળી
દેખવા દેવી સમી
મધુર એ મંદોદરી.

જે વિધાતાએ ઘડી
એહને એણે ધરી
તમોને કાયા છતાં
ભેદ બંનેમાં ઘણો,

વેદના વહ્નિમહીં
તમે નિત્ય રહ્યાં જલી,



વિધાતાને દીસતી
લગીરે કરુણા નહીં. (૭૬)

કહ્યું સીતાએ બધાં કર્મના ફળ ચાખતાં,
બીજ પૃથ્વીમાં પડ્યાં સદાકાજે પાકતાં,
કર્મદોષ થકી જ હું રામથી છૂટી પડી,
ફળ રહ્યું અજ્ઞાત કો’ મને જીવનમાં નડી,

કોણ જાણે એહની સમાપ્તિ ક્યારે થશે
યોગ મંગલ રામનો કેટલો છેટો હશે;
સાનુકૂળ બની ગયું કર્મ કો’ સહસા મહા
એટલે તો તમારું દિવ્ય આ દર્શન થયું,

રામ વિણ જીવનમહીં રસ નથી બાકી રહ્યો,
વિરહનો ભીષણ બધો તાપ જાય નહીં સહ્યો.
તમારા સંસર્ગથી સ્વલ્પ શક્તિ સાંપડી,
કિન્તુ શેષ રહી કથા બધીયે પરિતાપની. (૯૦)

સાંભળ્યા વચનો તમે મદભર્યા લંકેશનાં,
હોય વિષયાસક્તને જ્ઞાન કે ના સ્વસ્થતા,
આજ જો મંદોદરી વાટિકામાં હોત ના
નરાધમ તો હોત શું કરી બેઠો ક્રોધમાં

કલ્પના એની કરો,
વ્યથા ધ્યાનમહીં ધરો;

માસ વીત્યે એ ફરી
આવશે રાવણ અહીં
કરો સ્મૃતિ એ વાતની
રોષમાં એણે કહીં. (૧૦૪)

ધૈર્ય હિંમત રાખતાં
રામના ચરણોમહીં
ચિત્તને જોડી ધરું
ધ્યાન સ્નેહે એમનું

માસ પહેલાં કિન્તુ જો
આવશે ના રામ તો
કદી ના જીવનમહીં
નિહાળી મુજને શકે.

પ્રતીક્ષામાં પ્રાણ ના
એ પછી મારો ટકે.
કહી દેજો રામને
વિરહની કથની બધી

ભીતિ રાવણની વળી
રહી લંકામાં વધી,
કહેજો કે એક ના
અન્ય જન્મોમાંય આ



પ્રાણ મારો રામને
તજી ક્યાંય જનાર ના
કિન્તુ જે દિવસો જતા
તે અમૂલ્ય ખરે બધા,
એમના માહાત્મ્યને
શીઘ્ર ધરજો ધ્યાનમાં. (૧૨૬)

વાયુપુત્ર વધ્યા હવે
મુક્તિનો દિન દૂર ના,
રામ સેનાને લઈ
શીઘ્ર સ્નેહે આવતાં

શાંતિ તમને અર્પશે
મૃત્યુમુખમાં મોકલી
દુષ્ટ એ લંકેશને,
વિજય પ્રાપ્ત કરી જશે

અયોધ્યાનગરે ફરી સર્વને જીવન ધરી,
હેતુ પ્રાદુર્ભાવનો રહેશે સઘળો સરી.
તીક્ષ્ણ એ તલવારથી શીશને લંકેશના
હોત છેદ્યું રમતમાં વાટિકામાં આજ આ

કિન્તુ મનને સ્વસ્થ મેં સમયને જોઈ કર્યું
અકાળે ના અંતરે પૂર રોષતણું ભર્યું

રામની કરુણાથકી સહસ્ત્રો રાવણ હશે
તોય સમરાંગણમહીં ઉગરશે ના કો’ કશે.
કર્મદોષથકી ભલે રામથી છૂટા પડ્યાં,
ફળ વળી અજ્ઞાત કો’ ભલે જીવનમાં નડ્યા,

અંત એ સર્વેતણો એક દિન તો આવશે,
રામનો સંયોગ એ સુખદ મંગલ લાવશે;
માસ પૂરો થાય તે પહેલાં શ્રીરામના
લહાવો દર્શનતણો પામશે લોચન મહા

એમહીં શંકા મને નથી સ્વલ્પ ખરે રહી,
જલે ચંદ્ર કદી ભલે હલે કે જડ આ મહી.
દેવદુર્લભ દિવ્ય આ તમારા દર્શનતણો
રામની જ કૃપાથકી લહાવો ઉત્તમ મળ્યો,

ધન્ય આ લોચન થયાં તમારી ઝાંખી કરી,
શ્રવણ સાર્થ બની ગયાં સુધાસ્વર સુણતાં વળી,
દેહધારણ દીસતું સફળ કૈંક ગયું થઈ,
જિંદગી ઉત્સવ કરી અનેરો આજે રહી. (૧૭૮)

એમ લાગે છે મને તમારી સાથે જ હું
તમારો સેવક હતો અલગ કો’ક પળે પડ્યો,
ફરી દૈવાનુગ્રહે તમોને આવી મળ્યો,
પ્રેમથી અપનાવતાં સ્વજનશો રામે કર્યો



અને અપનાવી હવે દિવ્ય અનુકંપા થકી
તમે પણ વાત્સલ્યથી પ્રાણને મારા ભર્યો.
રત્ન લાધ્યું રંકને, ચેતના મૃતને મળી,
સુધામય સંતપ્તના અંતરે છાયા ઢળી,

તેજરેખા તમમહીં અચાનક પ્રકટી કહીં,
માધુરી મરુભૂમિમાં સ્વાદુ સરિતાની વહી,
પિપાસા કલ્પોતણી પ્રતીક્ષાકેરી શમી,
પ્રકટ વિષ વચ્ચે થયું અવનવું આજે અમી,

પ્રવાસીને સાંપડ્યું મૂળ આશ્રયસ્થાન ને
સ્નેહમય શિશુ છેવટે મળ્યું મંગલ માતને.
નિહાળ્યા મેં માનવી છેક વામનશા છતાં
અનેકો વામન મહીં થયા ખ્યાત વિરાટશા,

છેક નાના માનવીમાં બની મોટા ગયા,
કહેવાયા પ્રાજ્ઞ જે અજ્ઞ કે અલ્પજ્ઞમાં;
માનવી એવાય મેં નિહાળ્યા જે પ્રાજ્ઞમાં
કહેવાયા પ્રાજ્ઞ કૈં કે મહાન મહાનમાં,

માનવી નાના અને માનવી મોટામહીં
જે મહાન બની રહ્યા જગતમાં સઘળે રહી;
મહામાનવ રામને ખરેખર એવા ગણું;
દિવ્ય દર્શન આજ ને તમારું મુજને મળ્યું

એમની શ્રેણીમહીં તમોને તેથી ગણું.
સર્વ સ્થળ કે કાળમાં તમે શ્રેષ્ઠ મહાન છો,
મૂલવી ના માનવી શકે પૂર્ણપણે અહો ! (૨૩૨)

તમારી કરુણા થકી તમોને સમજી શકે,
બની શરણાગત સદા શુદ્ધ સ્નેહરસે ટકે.
અશ્રુ લોચનથી વહ્યાં વિયોગી સીતાતણાં,
કપોલદ્વય ભીંજવી ચંદ્ર કિરણોમાં રહ્યાં;

મૌન સેવી એક બે ક્ષણ ઉરે કરુણા ભરી
કહ્યું સીતાએ મને થાય છે સંશય જરી,
દશાનન શાસન રહ્યો દેવદાનવપે કરી,

તમારાશા રામના કેમ સેવક એહને
અતુલ બળના ધામને જીતશે સમરાંગણે ? (૨૫૦)

કહ્યું હનુમાને કરો માત, ના શંકા તમે,
બાહ્યદ્રષ્ટિએ ભલે લાગતા વામન અમે,
ગર્જના કરતાં રણે લડીશું સઘળા બળે
દશાનન ત્યારે ડરી ધ્રુજશે ધરતી પરે,
નહીં સ્વલ્પ સહાયતા અતુલ બળ એનું કરે.

વિજય સંગ્રામે મળે એકલા બળથી નહીં,
બુદ્ધિબળ - અનિવાર્યતા બાહુબળ સાથે કહી,



અનુગ્રહ શ્રીરામનો તમારી કરુણા તથા
એ થકી પણ વિશેષે છે અમોઘ અમૂલ્ય હા !
એ થકી સમરાંગણે સફળતા સઘળે મળે,
માનવીની વાત શી, કાળ પણ લડતાં ડરે. (૨૭૨)

છતાં શંકા હોય તો સ્થૂળ બળ પેખો જરી,
ભીતિ આશંકા બધી જશે સ્વાનુભવે ટળી.
એમ બોલી યોગના અતુલ નિજ સામર્થ્યથી
મહાવીરે કાયને વિરાટ કરી વ્યોમશી

પરમ તેજસ્વી નવી સ્વર્ણશૈલસમી પ્રબળ,
નિહાળીને જાનકી બની અચરજથી અચળ,
પૂર્વવત કાયા તદા ધારતાં સાંત્વન ધરી
વાયુપુત્ર વદ્યા મને શ્રેષ્ઠ છે શક્તિ મળી

કિન્તુ મારાથી બલી વીર યોદ્ધાઓ ઘણા
સેવકો સરખા રહે સૈન્યમાં સુગ્રીવના,
સર્વને રઘુનાથની કૃપા મંગલમય મળી,
એક નરપુંગવ શકે નાશ રાવણનો કરી,

શ્રેષ્ઠ એ સામર્થ્યથી કે કૃપાથી રામની
સિંધુ પાર કર્યો સુખે ને મળ્યો તમને અહીં;
સિંધુ ઘોર વિયોગનો એ થકી સહેજે તરી
માત, મળશો રામને સફળ જીવનને કરી. (૩૦૪)

કર્મ રામકૃપાથકી કયું ના જગમાં થતું
અંધ પામે લોચનો દુઃખ દીનતણું જતું,
મૃત્યુ - કિલ્મિષ - ક્લેશનાં બંધનો ક્ષણમાં ટળે,
અવિદ્યારત આત્મ આ વિમળ વિદ્યાને વરે,

તો પછી સામાન્ય શેં વિરહ સ્થૂળ શકે રહી,
દિવ્ય સૂર્યોદય થતાં ઉડુગણો ટકતા નહીં.
તમે તો સમજો બધું છતાં આદર ભાવથી
કૃપાના માહાત્મ્યનાં વચન કૈંક રહ્યો કહી,

પૂર્ણ મહિમા એહનો વર્ણવી ક્યાંથી શકું,
સ્વલ્પ અનુકંપાથકી રામની જગમાં ટકું;
તમે એક જ એમની સમજતાં મધુરી કૃપા,
અમે પામ્યા બિંદુને તમે તો સઘળી સુધા. (૩૨૮)

અનુગ્રહને એ સ્મરી શોક ના કરશો હવે,
જલાવી દેશો નહીં અંતરાત્માને દવે,
અશ્રુ અવલોકી મને તમારા કૈં કૈં થતું,
વિલોકીને વેદના રોમરોમ જલી જતું,

તમારા પરિતાપથી નાશ રાવણનો હવે
સમીપે આવી રહ્યો સ્વલ્પ ના સંશય મને;
એહના બંધન મહીં વધારે દિવસો સુધી
તમે રહેશો માત, એ કદી શક્ય નહીં બને (૩૪૪)



મિલન મંગલ ચંદ્રમા નિહાળી મધુ એ રહ્યો,
હર્ષ વાર્તાલાપના શ્રવણથી એને થયો
એટલે તો સુધાથી છલેલાં કિરણો થકી
ધરિત્રીના અંતરે શાંતિ શાશ્વતને ભરી

પ્રકાશીને પ્રેમથી ભાવલીન ગયો બની;
નિહાળી શકતો નહીં વ્યથાને સીતા તણી.
પદ્મદલ ખીલી રહે તેમ સીતાનું વદન
પ્રસન્ન બન્યું સાંભળી શાંત આશ્વાસન વચન. (૩૬૦)

વદી સીતા ના મને હતો સંશય રામના
સ્નેહ કે સામર્થ્યમાં અનુગ્રહમાંયે વિમળ,
કિન્તુ સાંત્વન સાંપડ્યું વાયુમંડળમાં વિષમ,
તમારા સંસર્ગથી પુનઃ પ્રાપ્ત થયો પ્રશમ

કયી દુર્લભ વસ્તુ છે સત્ય સેવકને જગે,
વિરાજે નિષ્કામતા વિમળતા એની રગે
કામના લૌકિક બધી પારલૌકિકને દઈ
તિલાંજલિ પરમાત્મને ચરણ ભૃંગ બની જઈ

શ્વાસ લે સંસારમાં દૂર દુર્ગુણને કરે,
પ્રસાદ સદા એહને પરમ આત્માનો મળે,
એ છતાં અર્પું તમે ચહો તો વરદાન હું,
અન્ય સેવા આ સ્થળે કરાયે હનુમંત શું ?

જે કહો તે અર્પવા શક્તિશાળી છું ખરે
તમારા સરખા નહીં ભક્ત રામતણા મળે. (૩૮૮)

કહ્યું હનુમંતે નમી પરમ અનુકંપા કરી
વરસવાં તૈયાર છો આજ મારા પર અમી,
ભાગ્ય અમુલખ એ ગણું, પુણ્ય કો' મારું ફળ્યું,
કિન્તુ લીધું સ્નેહથી શરણ મેં શ્રીરામનું
ત્યારથી લૌકિક તથા પારલૌકિક કામના
શાંત સઘળીયે થઈ મન રમે પ્રિય રામમાં. (૪૦૦)

શું કહો માગું હવે, કૃપા રામતણી થયે
અશક્ય રહે કૈં નહીં ભક્તને સાચે ભવે.
ચહો તો પણ અર્પવા અર્પવા વરદાન તો
કરો અનુકંપા વસે વાસના મનમાં ન કો'.

કલેશકારક કામના શુભાશુભ બનતી ખરે,
મોહ - રાગ - મમત્વથી બધ્ધ આતમને કરે;
કાળચક્રે અવનવા અભિનયો કરતાં ફરે
માનવી અજ્ઞાનમાં લીન બનતાં ના તરે. (૪૧૬)

દિવ્ય તેમ સુદુસ્તરા ઈશની માયા કહી,
ભાન ભૂલી એથકી પૂર્ણતા પામે નહીં,
મુક્ત એ માયાથકી રહી વિશ્વમહી વસું,
ઘોર વિષયોમાં કદી ના પડું બનતાં પશુ,



માત, આશીર્વાદ દો રામની સેવા કરું
પળેપળ જીવનમહીં રામનો જ બની ફરું

પ્રીતિ પુનિત પદે વધે વિલોકીને ચંદ્રને
જેમ અર્ણષની વધે, પણ પડે નવ મંદ એ
પૂર્ણ અનુગ્રહ રામનો મેળવું જીવનમહીં
તમારી કરુણાકૃપા-સુધા લેશ શમે નહીં. (૪૩૬)

મહેલો થોડા જગે વધારે ખંડેરશી
મઢુલીઓ દીસતી જેમના હ્રદયે રગે
અશ્રુની પરિતાપની કથાઓ કારુણ્યથી
ભરી નિત્ય વહી રહી અવનવા અભિશાપની.

સ્વલ્પ સંપત્તિ અને વિપત્તિ વધુ વિશ્વમાં,
દિવ્યતા છે સ્વલ્પ ને અલ્પ માનવતા તથા
નગ્ન દાનવતા તણાં વિશેષે તાંડવ થતાં;
લેશ છાયા, તાપની તીવ્રતા ચારે તરફ,
ગીત થોડાં વિશેષે પડ્યા પ્રાણપરે બરફ;

વધારે શોષણ અને અલ્પ પોષણ; ઉત્સવો
વર્ષમાં એકાદ-બે સહસ્ત્રો ઘેરી ગહન
ક્ષણો ભીતિ વિષાદની નિરાશા પરિતાપની
જન્મ એક જ પામતો માનવી સાચો સફળ
કિન્તુ દીસે પામતો પ્રતિપળે પ્રતિપદ મરણ. (૪૬૪)

સુધા થોડી વરાળો વિશેષે વિષની મળે,
વિરોધાભાસો રહ્યા વિશ્વમાં સઘળે ખરે;
માત, દો વરદાન કે રામને હૃદયે ધરી
રામનું દર્શન સદા ચરાચરમાંહી કરી

સુશ્રુષા સંસારની પૂર્ણ શ્રદ્ધાથી કરું,
દિવ્ય સંપત્તિતણી સત્ય સૌરભને ભરું,
વ્યથા ને પરિતાપને મિટાવી શોષણ દઉં,
રામના માહાત્મ્યનો દૂત દિવ્ય બની જઉં,
જ્યાં વસું વિહરું વળી જાગૃતિ કે સ્વપ્નમાં
શ્રેષ્ઠ આશીર્વાદશો પરમ શ્રેયસસ્કર થઉં. (૪૮૪)

જાનકીએ પ્રેમથી જણાવ્યું હનુમંત આ
તમારા શબ્દો સુણી હર્ષ પ્રસર્યો પ્રાણમાં;
સત્ય ભક્ત જ ભાવના સેવતા આવી સદા,
લાલસા ના જાગતી એમના મનમાં કદા.

અનુગ્રહથી રામના કૈં અશક્ય નહીં રહે,
તમારું અંતર પરમ શાંતિ કે સુખને લહે,
પરાજય પામો નહીં, વિજયશ્રી સઘળે મળો,
સુદુસ્તર સંસારને સહજ ગોપદસમ તરો;

મનોરથ પૂરા થશે તમારા સાચે સકળ,
તમારું લેશે વળી સ્નેહ શ્રદ્ધાથી શરણ



ધન્ય તે બનશે ધની કલેશ ચિંતા ભીતિથી
મુક્ત રામકૃપાથકી અવિદ્યા ઉરની હણી. (૫૦૮)

હર્ષ શો હનુમાનના વદન પર વ્યાપી રહ્યો,
અંતરે અનુરાગનો જલધિ પ્રબળ વળી બન્યો
ચંદ્રથી વધુ ચારુને રસસભર સીતાતણું
વદન વમળ વિલોકતાં વદ્યા વચન સુધાછલ્યું.

માત, વીતી રાત ને ઉષઃકાળ થઈ ગયો,
મનોરથ આ વાટિકા વિલોકી મુજને થયો.
ચાખવા ફળને થઈ ચાહના મુજને જરી,
દશાનનને શબ્દ બે નીતિના કહેવા વળી,

અનુજ્ઞા આપો તમે ક્ષુધા શાંત લઉં કરી,
ગર્વ રાવણનો લઉં વિદાય પહેલાં હરી.
રામની કરુણાથકી વાળ ના વાંકો થશે,
ભીતિ લેશ ન લાગતી, રામ હૈયામાં હશે.

મળી તમને છેવટે પુરીને છોડીશ હું,
અનુગ્રહથી રામના અનિષ્ટ થશે ના કશું.
પ્રાપ્ત સંમતિને કરી છેવટે સીતાતણી
વાયુપુત્ર રહ્યા સુખે વાટિકા મધ્યે ફરી. (૫૪૦)

હલાવી પાડી વળી વૃક્ષો ચાખવા લાગ્યા વિવિધ ફળને,
રક્ષકો દોડી બધા આવ્યા નિહાળીને એમના બળને.

કેદ કરવાને પ્રયાસ કર્યા કિન્તુ પામ્યા સફળતા ન જરા,
કર્યા પ્રતિકારો પ્રખર રોષે. હતા વીર મહાબલી સઘળાં.
વાયુપુત્રે ગર્જના કરતાં શૌર્યથી ઉદ્યાનમાં ફરતાં
કર્યા ઘાયલ નષ્ટ ને કૈંને રાક્ષસો કૈં કાળથી ડરતાં

દશાનન પાસે ગયા દોડી,
કહી કથની હાથને જોડી,

વિવિધ યોદ્ધા એ હણે ત્યારે ભરાઈને ક્રોધથી ભારે
મોકલ્યા પ્રતિકાર કરવાને, પ્રવેશ્યા એ સર્વ ઉદ્યાને.
કિન્તુ હનુમાને હણ્યા સૌને અનાયાસે રાવણે ત્યારે
પુત્ર અક્ષકુમારને સેના સહિત લડવા મોકલ્યો પ્યારે.

વધ્યો અક્ષકુમાર નષ્ટ કરી દઉં વાનરને બળે પકડી
કે પછી લાવું સભામધ્યે બંધને ક્ષણવારમાં ઝકડી.
ગર્જનાથી વીર હનુમાને લાત મારી ક્રોધથી એને
ધરાશાયી બન્યો એ એથી હણી એની પ્રબળ સેનાને. (૫૭૦)

શોક વ્યાપ્યો દશાનનપ્રાણે
કિન્તુ એને ના ધર્યો ધ્યાને,
અરે વાનર કોણ છે એવો
કાળના લઘુદૂતના જેવો

કરીને ઉદ્યાનમાં ઉત્પાત
જગાવીને મનમહીં સંતાપ
કરે સ્વૈરવિહાર એકલ જે
વધ્યો ઊઠી વચન રોષે એ.

આટલી વાનરતણી હિંમત ?
આટલું સાહસ વળી એનું ?
વીર સૌયે ના શક્યા ફાવી
અસંભવ એ દીસતું કેવું ?

સૈન્યસાથે મેઘનાદ જઈ
આજ એનો મહાકાળ થઈ
બદ્ધ કે કરતાં પછી એને
ચૂકવી દે બધીયે કિંમત. (૫૮૬)

મેઘનાદ મદેભર્યો ચાલ્યો
દેહ જાણે ધરાનો હાલ્યો
આવતાં હનુમાનની પાસે
વિજયના સંપૂર્ણ અભિલાષે

કહ્યું એણે ક્ષુદ્ર હે વાનર,
બાહુનું સામાન્ય તારું બળ
છતાંયે ઉત્પાત આજ કરે,
શિખામણ ના મૂઢ ધ્યાન ધરે,

હોય જીવનની જરીયે આશ,
શરણમાં તો આવ મારી આજ,

ક્ષમા સૌ અપરાધની આપું,
કર નહીં તો યમસદનમાં વાસ.

કહ્યું હનુમાને અશાંતિ કરી
રાક્ષસોએ અકારણ સઘળી,
હોય જીવન તને જો પ્યારું
યુદ્ધ તો કલ્યાણકર સારું

થશે તારે કાજ આજ નહીં,
પ્રલાપ કરી બંધ મોહભર્યા
શૂર સૈનિકને લઈ સઘળા
જા લપાઈ ભીતિસાથ કહીં. (૬૦૬)

મેઘનાદે શસ્ત્રપાત કર્યો,
દૂત રામતણો ન લેશ ડર્યો,
સૈન્યના યોદ્ધા હણી સઘળા
બાહુબળથી અંતમાં ક્ષણમાં,

મૂળમાંથી ઉખાડી દ્રુમને
ઈન્દ્રજિત પર ઘા કરી રથને
કરી દીધો નષ્ટભ્રષ્ટ વળી
હૃદય પર એના પ્રહાર કરી

કર્યો મૂર્છિત એ પછી એને;
થયો જાગ્રત વીર એ કેમે.



મેઘનાદે કરી કૈં માયા,
ઉપાય નહીં અવનવા ફાવ્યા;
આખરે બ્રહ્માસ્ત્રને છોડ્યું,
ચિત્ત ભક્તે રામમાં જોડ્યું. (૬૨૦)

પાળવા મર્યાદ અસ્ત્રતણી
અચેત ગયા પવનપુત્ર બની,
ઈન્દ્રજિતને થયો ત્યારે ગર્વ,
પ્રકટ જાણે થયું પાવન પર્વ.

નાગપાશે એમને બાંધી
વધ્યો આગળ એ સમે આંધી
અચાનક ઊઠી રહી વનમાં
સૂચવી લક્ષણ અમંગલનાં

નાશ કરવાની હતી શક્તિ
છતાં પણ હનુમાન બદ્ધ બન્યા,
રામકેરું કાર્ય કરવાને
સભામાં લંકેશપાસ ગયા.

કદી બદ્ધ બને કદી બાંધે
કદી તોડે તો કદી સાંધે
કદી ત્યાગે ગ્રહે તેમ કદી
વિચારી સંજોગ-દેશ-ઘડી

ભક્ત સેવક વધે છે આગળ
શાંતિથી સેવાપથે, સાગર
કદી બનતાં શૌર્યનો ભારે
બિંદુ બનતાં તો કદી પ્યારે. (૬૪૦)

સભાજન હનુમાનને જોઈ
હસ્યા, બોલ્યા વ્યંગમાં કોઈ
જીતવા લંકેશને આવ્યો
કિન્તુ વાનર લેશ ના ફાવ્યો

મેઘનાદતણા પરાક્રમની
કલ્પના એને જરાય નહીં,
એટલે તો ભયંકર ઉત્પાત
મચાવી દીધો અરણ્યમહીં.

આખરે બંદી બન્યો, એને
છોડશે સમ્રાટ ના કેમે,
દિગ્વિજય કરવા પ્રયત્ન કરી
રહ્યો આખર વિનામૃત્યુ મરી. (૬૫૨)

નાશ અક્ષકુમારનો યાદ કરતાં શોકથી
દશાનન બોલ્યો પછી અસહ ઊંડા રોષથી,
દુષ્ટ, તેં ઉજ્જડ બધી વાટિકા મારી કરી,
અનુજ્ઞાવિણ નગરમાં પ્રવેશી સઘળે ફરી,



વીર યોદ્ધાને હણ્યા શાંત રક્ષકને વળી
કયા કારણથી કહે, લાજ ના આવી જરી ?
સ્તેન અપરાધી થયો પ્રવેશીને વાટિકા-
મહીં ફળને ચાખતાં વિચાર જરી ના કર્યો;
સુશિક્ષિત સંસ્કારિતા-યુક્ત ને સમૃદ્ધ આ
સભ્ય માનવ સ્વર્ગશી સુખદ લંકામાં વસ્યા;
એમહીં તારાસમો નિશાચર આવી ગયો,
કાળ આજે દીસતો તુજ અમિત્ર બની રહ્યો.

*

કહ્યું હનુમાને તને લજ્જા-નો થયો અનુભવ જરાય નહી,
હરી તેં પરનારને છળથી ગુપ્ત વેશ લઈ અરણ્યમહીં.
સુશિક્ષિત ને સભ્ય સંસ્કારી માનવી લંકામહીં વસતા,
થયો એ સૌનો અધીશ્વર તું રાજરમત અનેકવિધ રમતાં.

સભ્યતા સંસ્કાર એ શિક્ષા આસુરી દુર્ભાવના દીક્ષા
શીખવે અપરાધ જે કરતાં દોષને ગુણ અવનવા ગણતાં,
પાપ કરવા સદા પ્રેરે જે પુણ્યપાપ સમાન માને ને
અજ્ઞ કે જ્ઞાની બધા સરખા માપથી જેમાં મપાય સદા;

વ્યસનનાં વ્યભિચારના ચાલે અહંકાર-અસત્યનાં છળના
મોહ મમતા સ્વાર્થનાં તાંડવ ગુમાન થતાં આસુરી બળના:
ડરાવે જે ડગાવે સતથી યંત્રણા વરસાવતાં જનને
નાશ આત્માનો કરી નાખે દોર છૂટો અર્પતાં મનને;

ઈન્દ્રિયોમાં કરે છેક જ લિપ્ત રહે ચંચળ નિત્ય જેથી ચિત્ત
ભીત ભ્રાત અશાંત ક્લેશભર્યું, સભ્યતા એને ન શ્રેષ્ઠ કહું

તને એનું ભલે ગૌરવ હો,
પ્રશંસા તું કરે એની છો,
યોગ્યતા તારી બધી જોતાં
થાય ના આશ્ચર્ય કો' એથી.

આસુરી સંપત્તિનો સ્વામી
સભ્યતા સંસ્કારિતા તેમજ
સુશિક્ષાનું હાર્દ શેં જાણે,
નરકમાંહે સ્વર્ગને માણે,

પાપને એ પુણ્ય માનીને
નીતિ ઘોર અનીતિ જાણીને
ભાર બનતાં જગતનો જીવે,
અમીરસ ના આત્મનો પીવે.

માનવી જો હોત સંસ્કારી
સુશિક્ષિત ને સભ્ય સર્વ અહીં
પ્રદાન કરત તો ન પ્રોત્સાહન
પરોક્ષપણે પાપમાર્ગમહીં;

બંદિની તેં કરી પરનારી
વિરોધ કરી એહનો ભારી



મુક્ત કરવાને કરત યત્નો
બુદ્ધિને બદલાવતાં તારી (૭૨૪)

સ્તેન અપરાધી કહે મુજને
કિન્તુ થાય પ્રતીતિ ના તુજને
સ્તેન તે જેણે સમાજતણી
હરી મિલ્કત ને સમુદ્ર સમી

પરિગ્રહવૃત્તિ વધારી જે
બન્યો માલિક; દોષ કોઈ મેં
ના કર્યો; લાગી ક્ષુધા તેથી
પ્રવેશી ઉપવનમહીં પેખી

સ્વાદ ચાખ્યો સ્વલ્પ ફળ કેરો,
એમહીં અપરાધ છે શેનો ?
નાશ કોઈનો કર્યો મેં ના,
વિહાર કર્યો શાંત ઉપવનમાં

મૃત્યુમુખમાં જેમને ત્યારે
હતી પડવાની ઊતાવળ તે
અનાયાસે ગયા સર્વ મરી,
માત્ર કરુણા મેં જરીક કરી. (૭૪૦)

અમિત્ર થયો કાળ છે તારો
એટલે પાંડિત્યનો ભારો

મસ્તકે છે છતાં પંથ ગ્રહ્યો
ઘૃણિત હેય અમંગલ નઠારો.

કાળના જે નાથ પરમાત્મા
ભજે જેને પૂર્ણ પુણ્યાત્મા
વખાણ્યા વેદે વિવિધ વચને
સ્વલ્પ જાણ્યા શાસ્ત્ર ને સુજને,

જગત સર્જે પ્રલય તેમ કરે
વળી પોષે નિત્ય પ્રાણ ધરે,
થતાં પૃથ્વી પર પ્રકટ પ્રેમે
દુષ્ટને સંહારતા કેમે

શાંતિને સ્થાપે અશાંતિ હરે,
મૂલ્ય નીતિતણાં નવાં જગવે,
રામ દશરથના બની નંદન
જન્મ પામ્યા જે જગતવંદન

જેમની સ્ત્રી હરી લાવ્યો તું
એમનો છું દૂત નાનો હું,
સ્નેહથી સમજાવવા આવ્યો;
એમના સંદેશને લાવ્યો. (૭૬૦)

દોષને જાણી સુધારે જે
શરણ રામતણું વિવેકે લે



મિત્ર તે બનતાં કૃપા પામે,
રામ ના લે દોષને ધ્યાને.

અનુગ્રહ વર્ષા સદા વર્ષે
સુવર્ણ કરે અવનવા સ્પર્શે,
ધરી દે સાર્થક્ય જીવનને,
અનોખા ઐશ્વર્યને અર્પે.

મૂઢ કિન્તુ વિરોધ જે કરતા
કુકર્મી હાથે કરી મરતા,
એટલામાં જા બધું સમજી,
જાનકીને દે સહર્ષ તજી.

ગણાયે પંડિત ઉપાસક તું
સદાશિવનો કૃપાપાત્ર મહા,
પુલત્સ્યતણા વંશમાં પ્રકટ્યો
બન્યો લંકેશ્વર બલી જગમાં.

તિલાંજલિ તે ધર્મને આપી,
નીતિની મર્યાદને કાપી,
રાજધર્મ પરમ ગયો વિસરી
છતાં શાને ગઈ બુદ્ધિ, મરી ? (૭૮૦)

શિખામણ કડવી હશે મારી
કિન્તુ કટુ ઔષધસમી ન્યારી

પરમશ્રેયસ્કર બની ઉરના
અસાધ્ય હરે વ્યાધિને ભારી

કર્યે સેવન ચેતના અર્પે
શાંતિની સંજીવની વર્ષે
પતન પંકથકી ઉગારી લે
આત્મ મરતો દંભ ને દર્પે.

પાવકે સંતપ્ત લોહસમા
વદન સાથે દશાનન બોલ્યો
અસાધારણ ક્રોધે, મહામૂઢે
ભેદ ભારે ધર્મનો ખોલ્યો

શિખામણ આપી મને ન્યારી
કરી દુસ્સાહસ, પરંતુ નથી
કલ્પના એને નથી મુજમાં
ત્રુટિ જરીયે બુદ્ધિ કે બળની.

કાળ સંન્નિકટ જ છે આવ્યો
એજ એને નગરમાં લાવ્યો
પ્રલાપ કર્યા એટલે એણે,
મૂર્ખ મૂક રહી શકે શેણે ?

રામકેરો દૂત પોતાને
જણાવે પણ રામને કાળે



દૂત આવો મૂર્ખ છે આપ્યો,
સમજતો ના નીતિનો સારે.

ઉપાસક પંડિત સદાશિવનો
કૃપાપાત્ર પુલત્સ્ય કુળનો હું
બન્યો લંકેશ્વર બલી જગમાં
મુજસમો સમ્રાટ એક જ છું.

અવર છે ઐશ્વર્યશાળી કો'
મુજસમો ત્રિભુવનમહીં આજે,
કર્યું મેં સાર્થક્ય જીવનનું,
યશ સનાતન દિગંતે ગાજે.

રામ છેક અશાંત વ્યગ્ર વળી
રાજ્યશ્રી-સંપત્તિહીન બની
વનમહીં વિચરે વ્યથા સાથે
એ મને ઐશ્વર્ય શું આપે ?

એહના અનુગ્રહતણી આશા
કેમ રાખું; દીનદુર્બળની
મિત્રતાની પ્રાજ્ઞ ના સેવે
સ્વપ્નમાંયે સ્વલ્પ આકાંક્ષા. (૮૨૦)

શરણ એનું શ્રેય શું સાધે,
એહનો શો અનુગ્રહ લાધે ?

અજ્ઞ તારા-શા શરણ લેતા,
પ્રભાકર ખદ્યોતને કે'તા.

કાળકેરા નાથ પરમાત્મા
ભજે જેને પૂર્ણ પુણ્યાત્મા
વખાણ્યા વેદે વિવિધ વચને
સ્વલ્પ જાણ્યા શાસ્ત્ર ને સુજને,

જગત સર્જે પ્રલય તેમ કરે
વળી પોષે નિત્ય પ્રાણ ધરે,
બને પૃથ્વી પર પ્રકટ પ્રેમે
શત્રુને સંહારતાં કેમે

શાંતિને સ્થાપે અશાંતિ હરે
મૂલ્ય નીતિતણાં નવાં જગવે,
ઓળખે ના તું છતાંયે એ
પ્રકટ છે મારા શુભ સ્વરૂપે;

રજ બરાબર રામ ના મારી,
હોય ગુંજા ગિરિસમી ભારી ?
રશ્મિ સમતા રવિતણી ન કરે,
બિંદુ દસ કે ભલે વીસ મળે.

તોય સિંધુ વિશાળ ના જ બને,
હેતુ વિધુનો તારકે ન સરે.



જેહની સ્ત્રી હરી લાવ્યો હું
એહનો છે દૂત નાનો તું,

સ્નેહથી સમજાવવા આવ્યો
એમના સંદેશને લાવ્યો
કિન્તુ સમજી સર્વ મેં લીધું,
જાનકીને દિલ દઈ દીધું,

નહીં છોડું કદીયે એને
રામ મરવાને ચહે પ્રેમે
તો ભલે છોડાવવા મરવા
પધારે પડવા અહીં દવમાં,

વીર ના ભિક્ષા કદી માગે,
લડે એ તો સમય પર રાગે,
દંડ લે અપરાધનો આપું
દુષ્ટ તારા શીશને કાપું

એમ બોલી ક્રુદ્ધ લંકેશે
કાપવા મસ્તિષ્કને આજ્ઞા
સેવકોને શીઘ્ર ઘોર કરી,
રહી ત્યાં નિસ્તબ્ધતા પ્રસરી. (૮૬૦)

કહ્યું હનુમાને પ્રશાંત સ્વરે,
મૂઢ, મુજને મારવા માગે

કિન્તુ જાણે ના સદા રક્ષા
રામ મારી દિવસરાત કરે.

બન્યો મૃત્યુંજય કૃપા પામી
એમની જીવનમહીં ન્યારી,
પવનપાવક અસ્ત્રશસ્ત્ર તથા
સલિલ ના મુજને શકે મારી.

કરી લંકેશે પુનઃ આજ્ઞા
એ સમે મંદોદરી આવી
વદી પ્રેમે મેળવી સઘળી
માહિતી દિલમાં દયા લાવી.

દૂતના સંદેશને માનો,
માત-શી પરસ્ત્રી સદા જાણો,
વિનાશતણી ઘોર જ્વાળામાં
સુખ સનાતન નાથ, ના માણો,

રામ સાધારણ મનુષ્ય નથી,
રહી તમને સત્ય વાત કથી,
અભિનયો એ કરે ભિન્ન ભલે
વિહાર કરે વ્યથિત પ્રાણ વને

છતાં આવ્યા લઈને અવતાર
એમના વેશે ખરે કિરતાર



વિધાતા આ વિશ્વના કેવળ
વિશ્વનો કરવા પરમ ઉદ્ધાર. (૮૨૪)

એમહીં વિશ્વાસ ના રાખો
એમને માનો ભલે માનવ
કર્યો છે વ્યવહાર તોય તમે
છેક અનુચિત બનીને દાનવ.

વિના દોષ તમે હરી લાવ્યા
જાનકીને છળ થકી વનથી.
જગાવી જ્વાળા અશાંતિ તણી
જિંદગીમાં આપણી અમથી

શમાવો એને વિવેક થકી
પ્રતિષ્ઠા કે રહે કૈંક ટકી,
પ્રાજ્ઞ છો તોયે રહ્યા શાને
અજ્ઞશા લોલુપ બની પ્રાણે

દુરાચાર પથે પ્રયાણ કરી,
જાવ મોહાર્ણવ સમસ્ત તરી.
પડી પાવકમાં કરી ક્રીડા
વળી પાવક સાથ અવનીમાં

દઝાયા વિણ શકે કોણ રહી,
કોણ ના પલળે સમુદ્રમહીં ?

તમે પાવક સાથ ખેલ કરો;
પ્રમાથી જળ સાથ બાથ ભરો,
સુરક્ષિત ક્યાંથી રહી શકશો,
પ્રલયકારક પૂર શે તરશો ?

લક્ષમાં લો પ્રાર્થના મારી,
વધુ કરો ના કર્મ અવિચારી;
દૂતને સંહારવા ચાહો
નીતિ પણ એ ના કહી ન્યારી. (૯૧૦)

વિભીષણ સંમત થઈ બોલ્યા,
દૂતકેરો નાશ ઘટતો ના;
વધ્યો રાવણ રોષથી ત્યારે
પરામર્શ ન માગવો મારે;

બુદ્ધિ ના મંદોદરી તારી
મને નિર્મળ લાગતી સારી;
એટલે વચ્ચે સદા આવે
અંતરાયો અવનવા લાવે;

છેદવાને શીશ સીતાનું
માગતો'તો વાટિકામાં હું
પડી વચ્ચે તે ક્ષણે પણ તું,
કરે રક્ષણ આજ વાનરનું



બુદ્ધિ છે બગડી ગઈ તારી
કર્યો ગુપ્ત કરાર કે ભારી
જાનકી ને રામની સાથે
કિન્તુ કૈં ના આવશે હાથે

વિભીષણની વાતને માની
દૂત રિપુવર રામનો જાણી
નહીં સંહારું છતાં મારે
દંડ દેવો દોષનો ભારે. (૯૩૦)

અંગભંગ ભલે થતો એનો,
વસવસો મુજને થશે ન કશો;
કાળકેરો કરી દેતાં ગ્રાસ
કર્મ એનાં ભલે કરતાં નાશ;

હોય જીવન શેષ જો એનું
ભલે તો એ રામ પાસ જતો,
પરાજય ને માનહાનિતણા
પ્રસંગથકી વ્યથાગ્રસ્ત થતો;

પ્રતાપતણી કથા સૌ મારી
વર્ણવે છો રામને ન્યારી,
ગુમાન તજી છોડશે આશા
જાનકીની રામ એ જાણી.

વદી શૂર્પણખા કરી મુજને
અંગભંગ વને પરમકોપે
દંડ એવો આકરો પામે
એહનો આ દૂત તો છોને.

નાસિકાને કર્ણ કે કાપી
જાનકીને ધરો દંડ ભલે
રામલક્ષ્મણ કે અહંકારી
જિંદગીભર વિના-અનલ જલે.(૯૫૦)

*

ઈન્દ્રજિત સાથે જરી
પરામર્શ પછી કરી
અંગને હનુમાનના
વસ્ત્રથી વીંટી દઈ
તેલથી ભીનું કર્યું;

વાયુપુત્રે ભાગ્યને
સાનુકૂળ ગણી લઈ
યોગના સામર્થ્યથી
વિશાળ કરી કાયને
અવનવું કૌતુક ધર્યું.

સેવકો હનુમાનનું



અંગ સળગાવી રહ્યા,
અટ્ટહાસ્ય કરી વધ્યો
દશાનન ને વ્યંગમાં,

હવે કોઈ દૂત ના
આવશે લંકામહીં,
જાનકી સાથે અહીં.

એ ક્ષણે જ થઈ રહી અનિલની અનુકૂળતા,
અગ્નિની જ્વાળા જલી શીઘ્ર તીવ્ર સ્વરૂપમાં,
સ્મરીને શ્રીરામને બની વિસ્તૃત એ ગયા,
કરી ભીષણ ગર્જના વ્યોમને સ્પર્શી રહ્યા.

વિહરતા લંકામહીં
સ્વૈરરીતે એ પછી
જલાવી દેતાં મહા
સ્વર્ણમય સઘળી પુરી
જલધિના તટપે ગયા.

અગ્નિ શાંત કરી જલે
પામતાં વિશ્રામને
વાટિકાની દિશામાં
પ્રસન્નવદન એ વળ્યા. (૯૮૫)

*****

## (૨૫) મુદ્રિકા

વિષણ્ણવદના ત્યારે સીતા એ વાટિકા મહીં
વૃક્ષ નીચે વિરાજેલી લોલ લોચનમાં લઈ
અનુરાગતણી ધારા માળા, સંસ્મૃતિ રામની
કાળજે કૂંપળો જેવા કપોલે પ્રસરી રહી.

વ્યાપેલી રોમરોમે શી વેદના મમતાતણી,
સમસ્ત વેદના જાણે મૂર્ત અંગાંગમાં બની
મંદોદરી હતી એને સ્નેહે સાંત્વન આપતી,
રામના ભક્તને કોઈ વિપદા નવ વ્યાપતી,

રક્ષે રામ સદા એને શ્રદ્ધા છે મુજને ખરે,
રામની અનુકંપાથી ઘોર અર્ણવ એ તરે.
જલાવે અગ્નિ ના એને શસ્ત્ર છેદી શકે નહીં,
શકે કાળ ન સંહારી વ્યોમે કે વસુધામહીં.

લીધું શરણ જેણે એ સૃષ્ટિના સૂત્રધારનું
સંબંધ સ્નેહથી સાધ્યો બજવી બીન પ્રાણનું
એને શોક સતાવે ના, ભીતિ ભ્રાંત કરે નહીં,
પીડાગ્રસ્ત ભલે આખી બની જાય કદી મહી

તોય પીડિત ના એનો પ્રેમી પ્રાણ શકે બની
ભગવંતતણી જેણે ભાવના હૃદયે વણી.



લીધો આશ્રય જેણે એ શાશ્વતી છત્રછાંયનો
પામે શીતળતા એ તો સર્વદા અંતરાત્મમાં,
સદા અભય છે એને જેને અભયહસ્તની
સાંપડી માધુરી સાચી પૃથ્વી કેરા પ્રવાસમાં.

હનુમંતતણી વાર્તા સુણીને તુજને થઈ
ચિંતા સ્વાભાવિકી કિન્તુ બની નિશ્ચિંત જા ફરી;
અસત્યથી નથી કો'દી નાશ સત્યતણો થતો,
સર્વનાશ કરે સ્વપ્ને શર્વરી નવ ભાનુનો;

મેધાવી શક્તિશાળી છે હનુમાન ખરેખર
ત્રિલોકમાં હશે એવા અસાધારણ ના નર;
અગ્નિજ્વાળાથકી કાયા એમની દગ્ધ ના બને,
સ્વલ્પ સંશયવૃત્તિ ના સતાવે એ વિશે મને. (૩૦)

*

અગ્નિ શમાવી હનુમાન પાછા
પધારશે સત્વર વાટિકામાં,
કહી રહ્યો છે મુજ અંતરાત્મા
જશે નહીં એ તુજને મળ્યાવિના.

પ્રદીપ્ત જ્વાળા પણ થાય ભક્તને
કાજે સદા શીતળ વારિધારા,

બની રહે કંટક ને કઠોર સૌ
કૃપાથકી કોમળ પુષ્પ ન્યારાં

વસંત ગ્રીષ્મે પણ થાય ગ્રીષ્મની
વસંતમાં સૃષ્ટિ સુધામયી થતી,
રણે રહેતી પ્રકટી વનશ્રી
સંજીવની ને મૃતને મળી જતી

શ્રીરામનો પ્રાપ્ત થતાં અનુગ્રહ
રહી શકે વસ્તુ કશી ન દુર્લભ,
મનોરથોની સહુ થાય સિદ્ધિ
મળે સદા શ્રીસુખ શાંતિ ને જય.

સીતા વદી શાંત સુધાછલ્યા સ્વરે,
શંકા ન એમાં તિલમાત્રયે મને
રક્ષા સદાયે હનુમાન કેરી
શ્રીરામ સ્નેહે કરશે બધે એ. (૫૦)

નહીં મરે કે જલશે નહીં જરી
જ્વાળાથકી કષ્ટ ન પામશે વળી,
પામી રહેશે યશ દેવ દુર્લભ
કાર્યો અનેરાં રઘુનાથનાં કરી

કૃપાતણો સ્વાદ જરાક જાણે
શંકા ન એને સ્વપને સતાવે,



ગૃહે વને પર્વત કે અરણ્યે
માધુર્યને કાયમકાજ માણે.

નિમીષમાં દિવ્ય વિભૂતિ વાપરી,
હણ્યા વળી રાક્ષસ સૈન્ય સાથે,
સ્વરૂપ યોગે લઘુ ભવ્ય કે ધરી
લંકા પ્રજાળી પળવારમાં ને

શ્રીરામના દર્શનથી જ સાચી
કે શાશ્વતી પાવન પ્રીતિને કરી,
પ્રેમે કરીને નિજ નિત્ય રામે
વિશ્વાસને પાત્ર ગણ્યો તથા કર્યો

સાચો સખા સેવક ભક્તભાવે
સંદેશ દૈવી શુચિ સ્નેહનો કહ્યો,
સામાન્ય એ માનવ હોય કેમ
જેના ઉરે અદ્ભુત રામપ્રેમ ? (૭૧)

પીડાતણું કારણ કિન્તુ અન્ય,
ક્યારે થશે જીવન સાર્થ ધન્ય
શ્રીરામની સંનિધિથી મહારું
વિયોગમાં આજ બન્યું અકારું

વિચાર આવે મુજને સદા એ,
કદી કદી થાય વિતર્ક ભાવ કે

ચિંતાવ્યથા કષ્ટવિષાદ મારે-
લીધે પડ્યાં ભોગવવાં અનેકને

શ્રીરામને લક્ષ્મણને જટાયુને
સુગ્રીવને ને ત્રિજટા વિભીષણ
તારે તથા પાવન વાયુપુત્રને,
ને કોણ જાણે હજુ તો ભવિષ્યમાં

ઉત્પાત કેવા મુજ કારણે થશે
વિચાર એ ઘોર વ્યથા જગાવે,
આનંદ લાગે ઉરને નહીં કશે.

નિમિત્ત હું જીવનમાં બની છું
અનેકની આર્તિ અશાંતિ કેરૂં
શ્રીરામના ઘોર વિયોગ સાથે
છે દુઃખ એનું ય મને ઘણેરૂં

ના કિન્તુ દીસે મુજ હાથમાં કશું,
શકાય લીલા નવ કર્મની કળી,
બની ગઈ છું અસહાય એથી
તોયે રહી હિંમતધૈર્યને ધરી. (૯૪)

કેવા ગ્રહે જન્મ જગે મને મળ્યો
કે વેઠવો ભાર પડ્યો વિપત્તિનો



મારે અને અન્ય જને, છતાં યે
વિપત્તિ કેરો ભય ના મને રહ્યો

એ રામકેરી કરુણા જ જાણું
કૃપા અનોખી અણમોલ માનું,
માણે સદા પદ્મરાગ એમનો
આત્મા કરીને અભિષેક પ્રેમનો.

વિપત્તિમાં ઘોર વિયોગમાં વ્યથા
વિષાદમાંયે સ્મૃતિ રામકેરી
મટે નહીં, પ્રીતિ પવિત્ર પ્રાણે
ઘટે નહીં અદભુત કે અનેરી,

સૌભાગ્ય સર્વોત્તમ એ મહારૂં,
સાન્નિધ્ય એ કિન્તુ અમોઘ ન્યારૂં
ઝંખે સદા આતુર અંતરાત્મા,
એના વિના જીવન શુષ્ક ખારૂં. (૧૧૦)

વિયોગની ઘોર અસહ્ય વેદના
માતા હશે રામતણી સહી રહી,
વ્યથા મને વ્યાકુળ આટલી કરે
એને થતું તો શું ખરે હશે નહીં ?

શ્રીરામના શૈશવથી જ સ્નેહનો
આસ્વાદ એણે અણમોલ મેળવ્યો,

મારા પહેલાં અધિકાર એનો,
મમત્વનો ભાવ અખંડ કેળવ્યો.

કર્તવ્ય મારું નવ મેં બજાવ્યું
સેવાતણું વાસ કરી અયોધ્યા-
મહીં સદા સંનિધિમાં રહીને
ના એહના જીવનને સજાવ્યું

કર્તવ્ય મારું પ્રિય રામ પ્રત્યે
વિચારતાં વાસ કર્યો અરણ્યમાં
કર્તવ્યને ગૌણ ગણી મહાન એ;
વસી વને ના પ્રિયસાથ ઊર્મિલા.

મમત્વનો સંયમ શાંત સાધી
મહેલમાં સ્નેહમયી સુમિત્રા-
સાથે રહી એ અતિવેદનાને
શમાવતાં સુંદર બંધ બાંધી. (૧૩૦)

વિયોગ એને પણ સ્નેહભીના
સૌમિત્રનો તીવ્ર હશે સતાવતો
છતાં અનોખો શુચિ ત્યાગ એનો
સમાદરે મસ્તકને નમાવતો.

કર્તવ્ય મેં ગૌણ ગણ્યું મહેલનું
એનો મળ્યો દંડ મને મહાન આ



વિયોગની ઉત્કટ વેદનારુપે,
પામી રહી કે ફળ કો કુકર્મનું ?

આ દંડ છે કિન્તુ મહાભયંકર
અસહ્ય ને જીવન ચેતનાહર,
સમાપ્ત ક્યારે જલદી થશે એ
થશે વળી દર્શન રામનું મને ?

મંદોદરીએ શુચિ સ્નેહથી કહ્યું,
દૈવી ગ્રહે જન્મ તને જગે મળ્યો,
સેવાતણો શ્રેષ્ઠ સુયોગ સૌને
વને વસીને અણમોલ તેં ધર્યો.

મહેલમાં હોત વસી અયોધ્યા
તો હોત ના દર્શન દિવ્ય ભાગ્યમાં
મારા અને માનવ અન્યકેરા,
સંસર્ગથી જીવન ધન્ય થાત ના.

કર્યો નથી તેં અપરાધ કોઈ
લંકેશના કિન્તુ કરાળ દોષથી
તારે પડી ભોગવવી વ્યથાને
કૈંનાં છલ્યાં અંતર ગાઢ શોકથી.

પૂરી થશે રાત મહાવિયોગની
સંયોગ સૂર્યોદય છેવટે થતાં,

પ્રમાદ ના કાળ કરે કદીયે;
આ વાયુવેગે દિવસો બધા જતા.

બોલી પછીથી ત્રિજટા મને છે
વિચિત્ર આજે શુભ સ્વપ્ન આવ્યું,
શ્રીરામનું સૈન્ય સમુદ્ર નાથી
સંગ્રામનો ભીષણ મંત્ર લાવ્યું;

રામે હણી રાવણને વિશાળ આ
સામ્રાજ્ય સમૃદ્ધ સમગ્ર મેળવ્યું;
મિથ્યા થશે સ્વપ્ન નહીં કદી એ
દૈવી મને બ્રાહ્મમુહૂર્તમાં મળ્યું.

રસીલા રામના મીઠા મંત્રને રટતાં રસે
હનુમાન પધાર્યા ત્યાં એકાએક જ એ સ્થળે,
પ્રણિપાત કરી બોલ્યા રામની જ કૃપા થકી
કર્યું સંકટને પાર, વેદના ના થઈ કશી. (૧૫૦)

સવિસ્તર કથા સર્વે કહીને જાનકીપદે
પ્રણામ કરતાં બોલ્યા ધીર ગંભીર સુસ્વરે,
ધન્ય જીવન મારું આ સેવા શ્રીરામની કરી,
કૃતાર્થ લોચનો મારાં થયાં છે તમને મળી.

મંદોદરી તણી તો શી પ્રશંસા અજ્ઞ હું કરું,
એના મિલનને મોંઘો લહાવો ભાગ્યનો ગણું.



વિદાય વખતે અર્પી રામે મંગલમુદ્રિકા,
કરો ગ્રહણ એને ને મુજને પણ આપણા

મેળાપની મહામૂલી સ્મૃતિમાં ઉપહાર કો'
રામને અર્પવા માટે જનની જગની, ધરો,
મુદ્રિકા રામની પેખી સીતાનાં નયનોમહી
ધારા અશ્રુતણી ફૂટી, રહી એ વચનો કહી,

મુદ્રિકા આ પહેરાવી રામને મેં હતી પુરા
આવી પુરી અયોધ્યામાં શુચિ એક સવારમાં.
નયને હૃદયે એને અડાડી પૂર્ણ પ્રેમથી
ચૂડામણી ઉતારીને અર્પતાં જાનકી પછી

બોલી, શ્રીરામને અર્પી મારા આ સ્મૃતિચિહ્નને
કહેજો મહિનામાં કે મળશે રામ ના મને
જીવતી જગમાં તો ના નિહાળી શકશે કદી
મૂલ્યવાન રહી વીતી મહારી સઘળી ઘડી. (૧૯૦)

હું તો ચરણમાં જોડી ચિત્તને ધ્યાનમાં સદા
બની લીન છતાં સીમા તિતિક્ષાની હવે નથી
વધારે દૂર માટે એ કરે વાર જરી નહીં,
મેઘનું મૂલ્ય શું વેળા જતા વૃષ્ટિતણી વહી ?

મંદોદરીએ કરુણાભરેલા
સુધાછલેલા સ્વરથી જણાવ્યું,

વહ્નિમહીં કંચન શુદ્ધ સ્નેહનું
વિશેષ છે કાળસુધી તપાવ્યું,

કૃપા થશે કિન્તુ અચૂક દૈવની,
શ્રીરામનું દર્શન દિવ્ય સાંપડ્યે
વ્યથા જશે સર્વ વિયોગની શમી,
મળી જશે જીવનનું મહા અમી

છે ભક્ત જેના હનુમાન જેવા
સામર્થ્યશાળી ગુણવાન જ્ઞાની
સંસ્કારિતાની પ્રતિમૂર્તિશા વળી
હશે સ્વયં તે રઘુનાથ કેવા ?

વિમુક્ત સાથે તુજને કરીને
વિષાદનો ભાર બધો હરીને
દેશે અનેરી ચિરશાંતિને એ



ના સ્વલ્પ છે સંશય એમહીં મને.

હનુમાન વદ્યા, માતા ! છોડીને તમને અહીં
જવાની થાય છે ઈચ્છા મુજને સત્ય ના કહીં
છતાંય વજ્રશું હૈયું કરી સંમતિને ચહું,
વાયુવેગે પહોંચીને કથા શ્રીરામને કહું.

માસ વીત્યા પહેલાં એ સેના સાથ પધારશે
નિસ્સંશય ધરી મુક્તિ તમને સુખ આપશે,
દશાનન નહીં માને શસ્ત્રથી તો સહેજમાં
નિશાચરતણાં શૌર્યે સમરે શીશ કાપશે.

ગર્જના કરતાં આવ્યા ભક્ત સાગરના તટે,
સૂક્ષ્મ દેહ ધર્યો પાછો યોગસાધનના બળે,
અવકાશમહીં ચાલ્યા ઉપગ્રહ સમા પછી;
રહી અંતરમાં દૈવી રામની પ્રતિમા હસી. (૨૩૨)

*****

## (૨૬) પુસ્કાર

સુગ્રીવને નિજ કથા સઘળી સુણાવી
શ્રીરામ પાસ હનુમાન પછી પધાર્યા,
વાધ્યો ઉમંગ ઉરમાં પ્રભુને નિહાળી
પ્રેમાશ્રુધાર પ્રકટી મધુલોચનોમાં.

પેખી પ્રસન્ન મુખને હનુમાનકેરા
સંતોષ રામ પણ લક્ષ્મણ સાથ પામ્યા,
સાફલ્યની સુખદ સુંદર કલ્પનાથી;
ત્યાં તો પવિત્ર પદમાં હનુમાન નામ્યા.

બોલ્યા લહી પુનિત દર્શન આ તમારું
આહ્લાદ અંતરમહીં પ્રકટ્યો અનેરો,
અંગે થયો પ્રકટ પ્રાણપ્રદીપ પાછો,
કંગાળ વૈભવ લભ્યો અથવા ઘણેરો.

વિશ્વે નથી અવર ઉત્તમ લાભ કોઈ
સાનિધ્યથી સુખદ દર્શનથી તમારા
શબ્દોતણા શ્રવણથી શુચિ સ્પર્શથી કે,
વિશ્વાસ છે હૃદયમાં પરિપૂર્ણ મારા.

સૌભાગ્ય માનવતણું પ્રકટે અનોખું
સંસર્ગ તો જ જનને મળતો તમારો,



શ્રદ્ધા થતી ચરણમાં મધુપ્રેમ જાગે,
સંબંધ શાશ્વત થતો અણિશુદ્ધ ન્યારો. (૨૦)

પૂછ્યું પ્રસન્ન વદને અભિરામ રામે
સીતા વિશે નગર કે વનમાં મળીએ ?
જીવી રહી કરુણ છેક હશે દશામાં,
સંતોષ સ્વલ્પ મળશે મુજને સુણીને.

*

કર્યું મેં અનુમાન કે જોઈ તમે એને,
જીવતી તો એ હશે વેદનમહીં કેમે,
નિહાળી તમને બન્યું અંતર અશાંત અધીર,
સંભળાવો સ્વાનુભવને સુખપ્રદાયક વીર !

કહ્યું હનુમાને તમારી કૃપા સર્વ કરે,
શિલાખંડો પણ સલિલમાં સુમન જેમ તરે,
સિંધુ ઓળંગાય શય્યા અનિલ પર બનતી
નિરક્ષરને સૃષ્ટિ આ પંડિતમહીં ગણતી

માનવી સર્વે દિશામાં સફળતા પામે,
વિજયશ્રી પામે બધું જગ એહને નામે,
કૃપા જે બડભાગને એ અધિક અલ્પ મળે
મનોરથ એના ફળે, ઈપ્સિત પદાર્થ વરે,

હેતુ એના અનાયાસે સરે સકળ વળી,
ભીતિ ચિંતા વ્યથા બંધન જાય કલેશ ટળી.
કૃપાવિણ એ માનવીથી શકે કૈં ન થઈ,
સ્વાનુભવની વાત મેં શંકાવિહીન કહી,

એ કૃપાથી માત સીતાનું થયું દર્શન,
મધુર વચનોનું મળ્યું મંગલ અમીવર્ષણ.
વાટિકામાં રાવણે લંકામહીં રાખી
વિપત્તિવહ્નિમહીં ચિરકાળથી નાખી,

આર્ત અતિશય અવસ્થા છે એહની સાચે,
આત્મ સંધાઈ રહ્યો સૂત્રે જરી કાચે.
લોચનદ્વય દિવ્ય દર્શનથી કૃતાર્થ થયાં,
રોમરોમ મહારસમહીં બની શાંત મળ્યાં,

કિન્તુ કરુણા દેખતાં દિલ દ્રવીભૂત બન્યું,
પરિસ્થિતિને વિચારીને સુખ સમસ્ત ટળ્યું.
કથા સઘળી સંભળાવી રામને પ્રેમે
નિયંત્રણમાં રાખતાં સંવેદનો કેમે

ભક્ત હનુમાને જણાવ્યું ગમે તેમ કરો
પણ હવે તો જાનકીનો વિરહ શીઘ્ર હરો
મંદિરે દીપકતણી જલતી શિખા જેવી
વ્યોમમાં વિલસે તમિસ્ત્રે ચંદ્રિકા કેવી



પ્રીતિ ધારીને તમારી અંતરે તેવી
વિરાજે છે વાટિકામાં એ મહાદેવી.

શીલનો સુપ્રકાશ રેલી આસુરી વૃત્તિ-
થકી વ્યાપ્ત વિષમ સ્થળે જ્યોત્સ્ના વિમલતાની
પ્રસારીને કરી એ દિનરાત ધ્યાન રહી
તમારા વિણ ઈચ્છતી સ્વપ્ને કશુંય નહીં.

તમારા દર્શન વિના આનંદ ક્યાંથી હોય,
તમારા વિણ જગે પામી સુખ શકે ના કો'ય;
બની નીરસ જાય જીવન તમારા વિરહે,
અગ્નિ ઘોર અશાંતિનો એને સદાય દહે.

તમારું દર્શન થતાં સંસર્ગ કે મળતાં
અશાંતિતણા આવરણ અંતરથકી ટળતાં,
વૃત્તિઓ સંવાદ સાધે મહારાસ રમે,
અંતરાત્મા ના વિચરતો કદીકાળ તમે. (૭૦)

એક માસ સુધી પ્રતીક્ષા જાનકી કરશે,
પછી પ્રાણ નહીં વ્યથામાં વધારે ધરશે,
મહાસાગર ગર્જતો અંતરમહીં એના
અનેરા અનુરાગનો, તટની ઉપર તેના

ધૈર્ય ધારી આત્મ બેઠો તમોને રટતાં
લીન ધ્યાનમહીં તમારા આશથી ટકતાં.

મૂર્તિ મંગલતાતણી જોતાં મને લાગી
દેહધારી માત કરુણાની જ કે જાગી,
ધરા પર હો પ્રેમની પ્રતિમા પરમ ન્યારી,
બની હો સાકાર શુચિતા શીલની સારી

થયો એવો પ્રથમ દર્શનથી મને આભાસ
તિતિક્ષાની મહાદેવી કરે વનમાં વાસ.
એ છટા શુચિતા સરળતા ત્યાગ ને સંયમ
અડગ નિષ્ઠા અભય હિંમત સ્નેહનો સંગમ

કરુણતા આરાધના અનુરાગની ન્યારી
મધુરતા નિસ્પૃહતા પ્રજ્ઞા વળી ભારી,
તરવરે છે એ બધું નયનોમહીં મારા,
સમર્પી અંતર રહે આદરતણી માળા. (૮૮)

નિહાળીને થયું કે સામાન્ય સન્નારી
નથી એ સંસારની પણ યુગોમાં ધારી
આવતી કાયા કદી એકાદવાર મહા
શક્તિ સર્જનની બની સંપૂર્ણ મૂર્ત અહા !

વિલક્ષણતા નથી એવી ક્યાંય મેં જોઈ,
ચંદ્રિકા એક જ રહી ગગને સુખદ સોહી
તેમ એ સોહે પુનિત પૃથ્વીપરે દેવી,
પ્રરણા અર્પે અવનવી માધુરી રેલી.



વિલોકીને વેદનાને વ્યથિત પ્રાણ બન્યો,
દશાનન પર રોષ સહસા ને અસહ્ય થયો
લઈ આવત પીઠ પર બેસાડતાં પ્રેમે
કિન્તુ શાંત કર્યું હૃદયને વિવેકે કેમે.

મુદ્રિકા મંગલ તમારી આખરે આપી,
એહને હૃદયે લગાડી સ્નેહથી સ્થાપી
મને ચૂડામણિ ઉતારી કેશથી આપ્યો,
દઈ આશીર્વાદ મારો શ્રમ બધો કાપ્યો. (૧૦૪)

*

સમીપસ્થ સમુદ્રનો આત્મા પરમ આહ્લાદ
અનુભવી કરતાં નિરંતર મધુર મંગલનાદ
નર્તવા લાગ્યો પ્રણયના પ્રખર પૂરમહીં
તણાતાં ઉત્તુંગ કેવી વીચિમાળ લઈ,

થઈ રોમાંચિત સનાતન સ્નેહનો સંસ્પર્શ
સાંપડ્યાથી, રોમરોમે નવલ રાગ ભરી;
બંધ તટના પુરાતન તોડી દઈ મળવા
મથે મૂકે દોટ, પ્રિયને બાથમાં ભરવા.

દાશરથ પણ દિવ્ય ચૂડામણિ નિહાળીને
ભાવમગ્ન બની ગયા નિજ હૃદય ધારીને,
પ્રણયપૂર પ્રખર અચાનક પ્રાણમાં આવ્યું,
ગીત સંવેદનભર્યું સંસ્મૃતિતણું જાગ્યું,

તનમનતણી તૂટવા મર્યાદ સૌ લાગી,
વીચિમાળા અશ્રુકેરી વહી વણમાગી. (૧૧૮)

ઘડીભર સંવેદનાથી મંત્રમુગ્ધ બની
અવનવા ઊર્મીતરંગે અંતરાત્મ વણી
નિહાળી સીતાતણી મંગલમયી મૂર્તિ
કરીને નિજ પ્રાણકેરી પિપાસાપૂર્તિ

રામ બોલ્યા અશ્રુમાળા વસ્ત્રથી લૂછી
રહ્યો આજ કૃતાર્થતાના ભાવથી પૂછી
તમોને વરદાન આપું કહો શ્રેષ્ઠ કયું,
હૈયું ભાવવિભોર મારું કરે કૈં ન કહ્યું.

તમે મારું પરમ પ્રિય છે શ્રેષ્ઠ કર્મ કર્યું,
હૃદય વેદનથી વિષાદે ભાવમગ્ન થયું.
તમારા પુરુષાર્થથી એ લભ્યું આશ્વાસન,
જિંદગીની આ મહારી બની ઉત્તમ ક્ષણ. (૧૩૦)

પદાર્થ નથી જગતમાં એવો ખરે એકે
સમર્પી જે ના શકું હું પ્રેમ-અતિરેકે
પુરસ્કારરૂપે તમોને આજ નિસ્સંકોચ,
શમાવ્યો થોડો તમે પ્રિયવિરહકેરો શોક,

શવ ઉપર સંજીવની ધારા મહા રેલી,
સુધા પરમપિપાસુના મુખમાં મધુર મેલી.



પાનખરને અર્પવાને અનેરો આનંદ
મેઘ આષાઢી બની વરસ્યા તમે સાનંદ.

સ્ફૂર્તિ નૂતન તાજગી આશા નવલ સીંચી
કિરણ બનતા પદ્મ ઉરનું આંખડી મીંચી
પડેલું મૃતપ્રાય જેવું પ્રકટ પૂર્ણ કર્યું,
ભાવનાના ભૃંગનું ત્યાં મધુર ગીત ભર્યું.

તમારા વિણ કોણ આવું શ્રેષ્ઠ કર્મ કરે,
સ્નેહસેવાભાવથી અંતર સદાય ભરે;
પીડ પોતાની અનુભવે જગતમાં સૌ લોક,
પીડ પરની પેખતાં પીડિત બને પણ કો'ક.

વિરલ એવા માનવીમાં અતિ વિરલ કોઈ
પીડ હરવા કરે યત્નો હૃદયમાં રોઈ. (૧૪૮)

કહ્યું હનુમંતે જગતમાં રૂપરંગ ઘણા
ધનવિભવ ઐશ્વર્ય સુખની નથી કૈં જ મણા,
સૃષ્ટિનું સામ્રાજ્ય ભૌતિક ભ્રાંતિમય ભોગો,
સ્વજનના સાશ્વત સુધામય યોગપ્રતિયોગો,

અષ્ટસિદ્ધિ સ્વર્ગપ્રાપ્તિ પૂર્ણતા નિર્વાણ
વ્યાધી - જન્મ - જરા - રહિતતા ધન્ય કરતાં પ્રાણ
મુનિવરોને પણ કદી એ વિમોહિત કરતા
શાંતિ સુખથી અજ્ઞ તેમજ પ્રાજ્ઞને ભરતા.

કિન્તુ ચાહું પુરસ્કારરૂપે કશુંયે ના,
ચિત્ત ચોંટ્યું ચારુ ચરણે તમારા મુજ આ,
સ્વપ્નમાં સંભ્રાંત સંશયયુક્ત કે બનતા.
થાય ના ત્યાંથી વિલગ મિથ્યા અવર ગણતાં.

એ થકી ઉપહાર સમજું શ્રેષ્ઠ અન્ય ન કોય
મનમહીં કેવળ તમારી મૂર્તિ મધુરી હોય. (૧૬૨)

મને તો સાચું કહું ના પુરસ્કારતણી
લેશ લાગે તમારી પાસે કદીય કમી,
તમારા સાનિધ્યમાં સાર્થક બધું લાગે
અંતરે અંગાંગમાં પ્રસરે પવિત્ર અમી

પૂર્ણતા નિર્વાણપદ કે સિદ્ધિ સૌ ચારુ,
સ્નેહનું હો તમારું સામ્રાજ્ય શ્રેષ્ઠ મળ્યું
અન્ય તો સામ્રાજ્ય નશ્વર ક્ષુદ્ર શું કરવું ?
તમારા સહવાસમાં છે સ્વર્ગસુખ મારું.

નેહભર નેત્રે નિહાળો કરો સંભાષણ
ભાવપૂર્વક કાયપે રાખી કૃપાથી કર
સુરીલા સુસ્વર હૃદયની સિતારે જગવો
એ થકી ઉત્તમ મને લાગે નહીં કો' વર.

પુરસ્કાર મહાન એ જેને મળી જાયે
સદા કાજે માનવી કૃતકૃત્ય એ થાયે,



કરે શી ઈચ્છા પછી લૌકિક પદાર્થતણી
વિનાશી ભોગોતણી ક્ષુલ્લક અવર સુખની ?
તમારા અનુગ્રહથકી જીવન મધુર મળતું,
વિશ્વના વિષયોમહીંના મન ફરી ફરતું. (૧૮૦)

રિદ્ધિસિદ્ધિ ભોગ કે ત્રિભુવનતણા કો'દી
માનવીનું મન શકે ના શાંતિથી જોડી,

જ્યાં સુધી પરમાત્મનો સંબંધ ના સાધે
પ્રેમ કે પરમાત્મનો ના અંતરે વાધે
ત્યાં સુધી જીવનતણું સાર્થક્ય ના થાયે,
કલેશબંધન-અવિદ્યા ના જડથકી જાયે.

પુરસ્કારતણા પ્રલોભનથી કૃપા કરતાં
ચિત્તને ના ચલિત કરશો છેક નિર્બળ આ,
તમારો અનુગ્રહ મને તો પ્રેમ કે આપો,
અભય-કરને સદા મારાં શીશપે સ્થાપો. (૧૯૦)

તમારી સીતાતણી સેવા સદાય કરું
અચળ શ્રદ્ધા પ્રેમથી તમને જ એક ચહું,
અંધકાર હણું અમંગલ અવિદ્યાકેરો
આત્મજ્ઞાન પ્રકાશ પામું પ્રેમળ અનેરો

ગમે તે સ્થળમાં ગમે તે કર્મને કરતાં
વિરાધાભાસી વિષમ વિપરીત આ જગમાં

ભાન ના ભૂલું તમારી થાય વિસ્મૃતિ ના,
તમારાથી વ્યાપ્ત લાગે વિશ્વ સઘળું આ.

બની દ્વંદ્વાતીત મંગલ કરું સર્વતણું
પુરસ્કાર સદા ચહું એ સર્વશ્રેષ્ઠ ગણું,
અર્પવો હો એજ તો અર્પો મને પ્રેમે,
તમારાસમ પ્રિય ન લાગે કૈં મને કેમે

તમારા જ ગુણાનુવાદે બની મગ્ન રહું,
તમોને સેવી સનાતન સુખ સદાય લહું,
તમારો જ થયો તમારો રહું દાસ વળી
અન્ય માયા મનતણી લો હે કૃપાળુ હરી,

નિમિત્ત કરીને મને જે તમે કાર્ય કર્યું
યશ મને તેનો ધરો ના, અહંકાર પ્રભુ !
અજ્ઞ આત્માને થવાથી બને બદ્ધ અશાંત.
દુઃખ પામે, મેળવે ના કદીકાળ નિરાંત. (૨૧૦)

કર્યું સેવાભાવનાથી કાર્ય સઘળું એ
ધર્મ સેવકનો બજાવ્યો અલ્પમતિથી મેં,
તમારા જ કૃપાપ્રસાદે સફળતા પામ્યો,
સૂર રેલે સિતારી ઉસ્તાદના વિણ શે ?

વેગથી વીતે હવે તો વખત વેદનનો
ઉપાય કરો સદ્ય એવો અસામાન્ય તમો,



આર્ત છે સીતા વિરહથી વ્યથિત છેક અધીર,
નેનમાં હનુમંતના, આવ્યું અચાનક નીર

નીર ને શ્રીરામનાયે નયનમાં આવ્યું,
સૂક્ષ્મ સંવેદન હૃદય નિજ વદનપે લાવ્યું,
વિલોકી સાગર રહ્યા એકાદ બે ક્ષણ એ
પ્રેમપરિપ્લાવિત હૃદયથી વદ્યા વચનોને.

*

છે ધન્ય ધન્ય હનુમંત જગે તમારું,
પ્રાકટ્ય પ્રેમભર પૂર્ણ પવિત્ર ન્યારું,
સંપૂર્ણ સાર્થક અમોઘ વળી બનેલું,
કલ્યાણના વિમળ ભાવથકી ભરેલું.

પૃથ્વીતણા પરમ ગૌરવ છો તમે તો,
સૌજન્યમૂર્તિ બળધામ મહાન કે છો,
સદ્ ભાવ અંતરમહીં અણમોલ આવા
દૈવી ભરી હિતતણા શુચિ શ્વાસ લે કો ? (૨૩૦)

વિશ્વે રહો અમર, પૂર્ણ બનો યશસ્વી,
પામો સનાતન સદા શુચિ ધી સુખશ્રી,
સાફલ્ય કે વિજયમાળ મળો અનેરી,
જ્યોત્સ્ના ધરો મનુજને નવપ્રેરણાની.

સૌનાય પ્રેરક બનો ગુરૂદેવ સાચા,
દો શાંતિ ભક્ત શરણાગતને અખંડ
આનંદ ને પરમ મંગલ આત્મજ્ઞાન,
હો સૌ સ્થળે સહુ ક્ષણે મહિમા અનંત.

સંસારના વિષયની નવ કામનાથી
ભક્તોતણાં અમળ અંતર થાય લિપ્ત,
પ્રેમાળ પંકજસમાં પ્રકટી પ્રકાશે
પામી કૃપા પરમની દિનરાત ચિત્ત.

સીતાતણી સફળ સદ્ય વિમુક્તિ માટે
યત્નો પ્રચંડ કરવા કૃતનિશ્ચયી સૌ,
વેગે વહે વખત તે મધુ જાનકીના
ઓછા કરે વિરહના દિન વેદનાના,

શબ્દો સુણી શ્રવણ શ્રી હનુમાનકેરા
આસ્વાદને પરમ પ્રાપ્ત કરી અનેરા
પામ્યા પ્રશાંતિ, ઉરમાં અતિભાવભીના
વાગી રહી મધુર મંગલ દિવ્ય વીણા. (૨૫૦)

*****



## (૨૭) અહંકાર



મંદોદરીએ કરુણાર્દ્ર હૈયે
લંકેશને શાંત સવારમાં કહ્યું,
કલ્યાણના પાવન પંથને ગ્રહી
પ્રશાંતિને શાશ્વત સદ્ય લો લહી,

છો પ્રાજ્ઞ પ્રજ્ઞા શુચિ તો જગાવો,
મોડું નથી કૈં હજુ એટલું થયું
તેની પહેલાં પરિપૂર્ણ જાગો,
કુકર્મનો પંથ કરાળ ત્યાગો.

મિથ્યાભિમાને પશુવાસનામાં
તમે રહ્યા છો ચિરકાળથી રમી,
મમત્વ ને મત્સર મોહકૂપે
ડૂબી રહ્યા છો પ્રતિશોધમાં ભમી,

મનુષ્યનો જન્મ અનંત પુણ્યથી
સત્કર્મના સંચયસારું સાંપડે,
સંબંધ સાધી પરમાત્મકેરો
જાણે નહીં જે પરમાર્થતત્વને

ના શ્રેય સાધે નિજ તેમ અન્યનું
અનંત કલેશે જન અજ્ઞ તે પડે

માયા અનેરી પરમાત્મકેરી
પ્રકાશતી રૂપ અસંખ્ય નામે
એમાં પડી માનવ ભાન ભૂલે
આસક્ત થાયે વિષયે સદાયે,

દેવો તપસ્વી મુનિ શ્રેષ્ઠ યોગી
જ્ઞાનીજનો કે ઉપદેશકોયે,
પ્રભાવથી મોહભરેલ એના
બની જતા છેક જ મંત્રમુગ્ધ

આશ્ચર્ય શું તો લવલેશ એથી
બધાંય જો ભ્રાંત બને વિમૂઢ ?
પામી કૃપાને પરમાત્મકેરી
મહાજનો કો વિરલા જ એની

પહોંચતા પાર પ્રસન્નતાથી
સુદીર્ઘ શ્રદ્ધાન્વિત સાધનાથી
સદા રહી જાગ્રત કે વિવેકી
જગાવતાં ભક્તિ વળી વિશેષી,

ડૂબી જતા અન્ય વહી રહેતા
માયાતણા એ સરિતા પ્રવાહમાં,

આસક્તિ કોઈ કરતાં કિનારા—
થી ના વધે આગળ મંદબુદ્ધિ,
કોઈ પડીને અટકે પ્રવાહે
મટ્યે નહીં અંતરની અશુદ્ધિ.

તમે મહાપંડિત છો છતાંયે
એ વાત સાચી વિસરી ગયા શેં ?
મોહે પડે માનવ કૈં નિરક્ષર
બંધાય છે પંડિત કિન્તુ સાક્ષર

એથી વધારે દયનીય રીતે
મમત્વ વિદ્વેષ ભરેલ ચિત્તે
આશ્ચર્ય એ સંસ્કૃતિનું અનોખું
પ્રતીતિ તેની તમને નિહાળી

પ્રવૃત્તિ સૌ મોહમયી વિચારી
તોયે થઈ આજ રહી ખરે મને.

સુદુસ્તરા કલેશમય પ્રભાવે
માયાતણા કેમ તમે પડીને
વિનાશ છો જીવનનો રહ્યા કરી
આવા વિવેકાંધ બની ગયા વળી ?

પ્રજ્ઞાતણા છો પતિ છો ઉપાસક
સમ્રાટ દૈવી બળના નિધાન,



સમૃદ્ધ ઐશ્વર્ય અનંતવાળા,
આ લોકના ભોગ થકી કૃતાર્થ.

પરંતુ ચંદ્રે જ્યમ ડાઘ દીસે
એથી વધારે ત્રુટિ જિંદગીમાં
દુર્વાસનાની મદની તમારી
મારે મહત્તા સઘળી નઠારી.

એને કરી કાયમકાજ દૂર
સીતા તણો ત્યાગ કરી પ્રજાના
કલ્યાણના કાર્યમહીં પડો તો
વિશ્વે બનો ઉત્તમ સર્વથી તમે,

પ્રશસ્તિનાં ગૌરવગીત ગાતાં
દેવો મુનીંદ્રો સહુ નેહથી નમે. (૬૮)

સમુદ્રને પાર કરી પધાર્યા
લંકા દહીને ક્ષણમાં સિધાવ્યા
તે શક્તિશાળી હનુમાનકેરા
સ્વામી હશે સર્વથકી અનેરા.

સામાન્ય માનો પણ તેમને તમે
એથી તમારું મન રાગમાં રમે,
વિદ્વેષના વ્યર્થ વળી વિચારમાં
કુકર્મ કે કલેશ કરાવતાં ભમે.

શ્રીરામ સાધારણ માનવી ના,
માનો ભલે ના પરમાત્મ એમને
સ્વીકારશો તોપણ એટલું કે
સાચા મહામાનવ શ્રેષ્ઠ છે એ.

સર્વે ગુણોના શુભ છે સમુચ્ચય,
પ્રજ્ઞાતણા છે પતિ ને પવિત્ર
પ્રશસ્તિના પાત્ર મહાયશસ્વી
સદાય પ્રાતઃ સ્મરણીય સાર્થ.

છે માનવી કોણ સમૃદ્ધિ છોડી
જે રાજ્યને એમ વને પધારે,
મિથ્યા ગણીને સુખ સર્વ લૌકિક
યુવા છતાંયે મુનિધર્મ પાળે ? (૮૮)

પુરા કરીને મુનિયજ્ઞરક્ષા
પામ્યા અનોખી જગમાં પ્રતિષ્ઠા,
સીતાતણા દિવ્ય પછી સ્વયંવરે
સામર્થ્યથી પુષ્પ સમાન ખેલમાં

ઊપાડતાં શંકરના ધનુષ્યને
તમેય આશ્ચર્યથકી નિહાળ્યા:
મટ્યો અહંકાર મુનીંદ્ર કેરો
સામર્થ્યથી દિવ્ય અસીમ જેમના,



ગયા તપસ્યા કરવા હિમાલયે
પ્રેમે પડીને શુચિ પાદપદ્મમાં:
હણ્યા અરણ્યે ખર તેમ દૂષણ
વળી અનાયાસ અસંખ્ય રાક્ષસો

મહાબલી યુદ્ધમહીં પ્રવીણ સૌ,
હર્યો મહા શૂર્પણખા તણો મદ,
મારીચનો નાશ કર્યો સહેજે,
પ્રવેશવા પંચવટી મહી ભયે

સામર્થ્યશાળી સહુથી છતાંયે
ધર્યો તમે આખર છદ્મવેશને
એકાંત ને આશ્રમમાં જઈને
હરી છળે સુંદર જાનકીને;

વાલીતણો શીઘ્ર વિનાશ જેમણે
દીધો કરી, રાજ્યતણી વળી ધુરા
સુગ્રીવને સ્નેહથકી સમર્પી,
તમે જ એ અદ્‌ભુત છે કથા કહી;

કદીય સાધારણ માનવી ના
હોઈ શકે એ રઘુવંશભૂષણ.
બુદ્ધિ તમારી બગડી જણાયે
એથી ગુણો ના જડતા જરાયે,

પરંતુ મારી પ્રિય વાત માની
શ્રીરામને માનવશ્રેષ્ઠ જાણી
મૈત્રી કરો સદ્ય પવિત્ર એમની
માંગલ્યની ઉત્તમ એક નેમથી. (૧૨૦)

દશાનન વદ્યો પ્રદીપ્ત રવિ જેમ મધ્યાહ્નના
કરી વદનને સરોષ પણ શાંતિ સાથે જરી,
બની પ્રિયતમા છતાં પરમ થાય આશ્ચર્ય કે
પ્રશસ્તિ રિપુની રહી મુજ સમક્ષ ભારે કરી

તને પરમપ્રેમ રામ પ્રતિ શેં થયો આટલો,
ઉપાસ્ય રિપુ રામનો મલિન કેમ આત્મા ગણ્યો.
શશાંક સમ સૂર્યને ચપળ અલ્પ બુદ્ધિ થકી
વળી રવિ સમાન ક્ષુદ્રતમ તારલાને કહ્યો.

વિશાળ ગગને ગ્રહો વિવિધ દીસતા કિન્તુ સૌ
ન એકસરખા સશક્ત રસ કે પ્રતાપેભર્યા,
મનુષ્ય પણ એમ એકસરખા નથી સૃષ્ટિમાં,
કરે ન સમતા કદી જલધિની નદીસ્ત્રોત હા !

મહાઅનલ હું સ્ફુલિંગસમ માત્ર છે રામ તો,
સમુદ્ર સુવિશાળ હું પ્રચુર નીર-ભંડાર શો,
અને તરલ વીચિમાળસમ રામ સામાન્ય એ,
પ્રભાકર મને કહે કિરણ તો કહે રામને,



ગણે કમળ જો મને દલ ગણી શકે એહને,
સિતાર મુજને કદી સમજ સૂર એ શત્રુને
ભલે સમજ, દીપ જો પુનિત ને મને માન તો
કહે મલિન રામને ચપળ દીપછાયા ભલે. (૧૪૦)

શકે ન સમતા કરી મુજ સમસ્ત બ્રહ્માંડમાં
સુરાસુર, મનુષ્ય, યક્ષ, મુનિ તેમ ગંધર્વ કો'
સમૃદ્ધિબળમાં કઠોર તપમાં વળી જ્ઞાનમાં,
હિસાબ નવ છે જરાય મુજ પાસ એ રામનો,

ઉલૂક પણ જેમ ભાસ્કર સ્વરૂપને ના જુએ
જુએ ગુણ ન તેમ તું મુજમહીં અનોખા રહ્યા,
તને જગત રામથી રહિત અન્ય ના દીસતું,
ન લક્ષણ જણાય એ પુનિત પ્રાણની પ્રીતનું.

ન લેશ પણ શુદ્ધ બુદ્ધિ બગડી મહારી ગઈ
ભલે પરમ મૂર્ખતાવશ કહી સદાયે રહી,
બની મલિન રામલક્ષ્મણતણી તથા જાનકી-
તણી, શુચિ તજી ગઈ સકળ તેમ પ્રજ્ઞા કહીં

તને, વચન એટલે અશુભ આમ બોલ્યા કરે,
ધરું સતત પ્રેરણા પણ ન હેતુ સ્વલ્પે સરે.
કુરૂપ ભગિની કરી અસુર રામ ને લક્ષ્મણે
વને વિમલ એટલે અબુધ જાનકી વાટિકા-

મહીં હઠ કરી રહી હજુય, વ્યોમને માપવા
સમુદ્ર તરવા શશાંક સહ ખેલવા ચાહના
રહી હૃદયમાં કરી પ્રખર મોહમાયા ભરી,
રહી સતત ઘોર પાવક વિના વ્યથામાં બળી. (૧૬૦)

બને સુહૃદ કે સખા મનુજ અજ્ઞ કંગાળ છો
અસંખ્ય હનુમાન શા નિતનવીન એ રામના,
નથી ઉચિત મિત્રતા મલિન એહની લાગતી,
મને તનિક પ્યાસ ના વિષતણી કદી જાગતી.

ભયે નહિ પરંતુ કાર્ય મુજ શાંતિથી સાધવા
હતો વિજનશા વને ચતુર છદ્મવેશે ગયો,
નથી ચતુર રામ કૈં અધિક ના મહામાનવી
મને તરત પૂર્ણ સ્વાનુભવ ત્યાં અનેરો મળ્યો.



શક્તિ હશે રાજ્ય ચલાવવાની
એના મહીં ના લવલેશ એટલે
આવી ગયો સુંદર જાનકીની
સાથે વને ભોગવિલાસ માણવા,

પરંતુ સામર્થ્ય ન ત્યાગવામાં
સામ્રાજ્યને કિન્તુ ચલાવવામાં
વિશેષ સાચે જ સદા સમાયું,
એ સત્ય છે સ્વાનુભવે જણાયું.

સામર્થ્ય એનું વનવાસથી ને
સીતાતણા છે હરણે હણાયું,
વાલીતણો છે છળથી કર્યો વધ,
કલંક એ જીવનનું સદાનું.

અનુગ્રહે અદભુત આશુતોષના
મને મળ્યાં છે વરદાન કેવાં,
એથી બન્યો નિર્ભય વિશ્વમાં હું,
કરી શકે શું જન રામ જેવા ?

બ્રહ્માંડ આ સર્વ બની વિરોધી
જો યુદ્ધ કો'દી મુજ સાથ આદરે
કરી શકે તોપણ ના પરાસ્ત,
છતાંય મિથ્યા ક્યમ ભીતિમાં મરે ?

સ્વભાવ સ્ત્રીનો ભયથી ભરેલો
શાસ્ત્રે તથા સુજ્ઞજને કહેલો
એ સત્ય લાગે વચનો બધાંયે,
સ્વભાવનું ઔષધ છે ન ક્યાંયે.

મિથ્યાભિમાને પશુવાસનામાં
નથી રહ્યો હું ચિરકાળથી રમી,
મમત્વ ને મત્સર મોહકૂપે
ડૂબી રહ્યો ના પ્રતિશોધમાં ભમી.

માયા અનોખી પરમાત્મકેરી
ક્રીડા કરે રૂપ અનંત નામે,
એમાં પડી માનવ ભાન ભૂલે
આસક્ત થાયે વિષયે સદાયે

દેવો તપસ્વી ઋષિ શ્રેષ્ઠ યોગી
જ્ઞાનીજનો કે ઉપદેશકોયે
સંસર્ગથી મોહભરેલ એના
બની જતાં છેક જ મંત્રમુગ્ધ
આશ્ચર્ય શું તો તિલમાત્ર એથી
બંધાય જો રામ બની વિમૂઢ ? (૨૦૬)

મંદોદરીએ કરુણાર્દ્ર હૈયે
અંતે જણાવ્યું વચનો સુણીને,
આપે વિરંચી ઉપદેશ તોયે
માને નહીં માનવ મૂઢ કેમે



એવી દશા આજ થઈ તમારી
પત્નીતણો ધર્મ છતાં બજાવી,
સત્કર્મ પંથે તમને લઈ જવા
રહીશ સાચાં વચનો ઉચ્ચારી

સ્વભાવ મારો ભયથી ભરેલો
નથી જરી કિન્તુ વિચાર ભાવિનો
કરી તમોને વચનો કહ્યાં મેં,
યથાર્થ શ્રેયસ્કર એ બધાં છે.

યથાર્થ શ્રેયસ્કર હુંય જાણું,
એવું કહી રાવણ વ્યંગમાં હસી
ચાલ્યો અહંકારતણા પ્રતીકશો,
આવ્યો સભામાં રથમાં ચઢી પછી.

*****

## ૨૮. વિભીષણનો ત્યાગ

લલિત લહર દૈવી દ્યુતિકાશી બનીને
નગર સરસ છોડી જાય અન્યત્ર ક્યાંક,
અનિલસહ રહેતી રોજ રંગે ભરેલી,
હૃદય પણ થયું છે આજ એનું અશાંત.

જલદ પણ જુઓ આ આભને આવરીને
અભિનવ સ્થળ પ્રત્યે આદરે છે પ્રયાણ,
વદન રવિતણું ના દેખવા માગતું હો
ત્વરિતગતિ ધપે છે એમ ઉદ્વિગ્ન પ્રાણ.

ભ્રમર કમળ કેરો મિષ્ટ આસ્વાદ પામી
કમળદલ અને આ શાંત ઉદ્યાન બંને
ચિરપરિચિત ત્યાગી અન્ય અજ્ઞાત સ્થાને
સફર શરુ કરે છે સ્નિગ્ધ ભાવો વહાવી.

સફળ પ્રકૃતિ એવી ચંચલા ને અનિત્ય,
અચળ ક્યમ રહે તો માનવી છેક નિત્ય ? (૧૪)

કિરણ મધુર રેલી સૂર્ય લેતો વિદાય,
વિધુ પણ ન વિરાજે તારલા સંગ વ્યોમે,
અભિનવ નિત આવે સંધિકા ને ઉષાની
સુરખિ ગગનમાં ને થાય પાછી વિલીન



ઉદર ગગન કેરા; ક્રીડતી કૈંક ફેરા
વિવિધ ઋતુ ફરે; આ સ્ત્રોત મીઠાંમજાનાં
સરિત ઉર સમાવા દોડતાં જાય સ્નેહે,
સરિત પણ સમાવા જાય છે સિંધુ હૈયે.

રજ પણ પૃથિવીની પ્રીત પામી પુરાણી
સુખ પરમ લહેલી કૈં અકારું બન્યાથી
પરિચય પળમાંહી વાયુ કેરો કરીને,
ગગન પ્રતિ કરે છે પ્રેમ સાથે પ્રવાસ.

સતત કુદરતી છે સૃષ્ટિમાં એમ ક્રાંતિ,
પ્રતિપળ વિપળે ના પામતી પૂર્ણ શાંતિ. (૨૮)

સુમન પણ જુઓ આ વૃક્ષ ત્યાગી ધરિત્રી-
હૃદય પર ઢળ્યાં છે આદરે અર્ધ્ય અર્પી
અભિરુચિ સઘળીયે છોડતાં વાટિકાની
નવલ અવર ઝંખે જિંદગીને રુપાળી

જલધિ તટ તજીને ભૂમિને ભેટવાની
લગન ઉર લઈને તુંગઉત્તુંગ લાખો
પ્રણયભર જગાવી એકસાથે તરંગો
અભિનવ નિજ રેલી ગીત કેરા સરોદો

પરમગહન ગાજે, આજ એનું અશાંતિ
ઉર સકળ બન્યું છે કે થયું છેક કલાંત
નિતનિત વિહરીને સ્વલ્પ જેવી સીમામાં,
મધુર મન ચહે છે ઊડવાને હવામાં.

મનુજ પણ મથે સૌ બંધનો તોડવાને
અભિનવ ક્ષિતિજોને જીવને જોડવાને. (૪૨)

પરમ સુખ મળે ક્યાં કિન્તુ નિર્બંધ ક્યાંથી
મનુજ પણ બને એ શાંતિ પામે વળી શે,
પ્રગતિ પણ કરેશે સત્ય સંપૂર્ણ ન્યારી,
પદ પણ ક્યમ પામે નિત્ય કલ્યાણકારી ?

અમલ અકળ દૈવી પૂર્ણ આનંદ પામી
અભય ક્યમ બને એ પ્રાણમાંહી પ્રકાશ
પરમ પુનિત પ્રજ્ઞા પામતાં પાથરીને,
સતત ક્યમ કરે ને ધન્યતામાં નિવાસ ?

વિભુસહ નવ બાંધે જ્યાં સુધી મિત્રતા કે
રસમય નવ ન્યારો સ્નેહ સંબંધ સાધે,
વિષયરસ-નશામાં થાય આસક્ત ભ્રાંત
હૃદયકમળમાં ના ઓળખે શ્રેષ્ઠ તત્વ,

ઋષિમુનિવર યોગી શ્રેષ્ઠ જેમાં રમે કૈં
સકળ જગતમાં જે નિત્ય ક્રીડા કરે એ



રસિકવર રમે ના રાસ શ્રીરામ સાથે
અમૃતરસ અનેરો ત્યાં સુધી કેમ લાધે ?
સફળ પણ બને શે જિંદગી સાર્થ શાંત,
અનુભવ કરવાને શે મળે ને નિરાંત ? (૬૦)

સુખપ્રદ મુજને શ્રીરામનું કોણ જાણે
મિલન મધુ થશે કે પ્રાપ્ત સાનિધ્ય ક્યારે
હૃદય મુજ કરીને એમનું ધન્યતાના
મધુર સ્વર સુરીલા છોડશે આત્મતારે !

અભયપદ મને શ્રીરામ એ કોણ જાણે
નિજ-જન સમજીને સ્નેહ સાથે ધરીને
મુદિતમન કરીને અર્પશે દિવ્ય શાંતિ
અનુગ્રહ વરસાવી ધન્યતાથી ભરીને !

*

વિચારો કરતાં એવા રામભક્ત વિભીષણે
કર્યો રાજ્યસભામાંહી સ્વસ્થતાથી પ્રવેશને
અગ્રગણ્ય વિરાજીને આસને માનવીતણી
શ્રેણીમાં સ્નેહથી જોવા માંડ્યું લંકેશની ભણી.

કહ્યું દશાનને મને યથાર્થ માહિતી મળી
સમુદ્રપાર સૈન્ય રામ એકઠું રહ્યા કરી,
સમુદ્રને પરંતુ પાર ક્ષુદ્ર ના કરી શકે,
વિચારમાં વિલીન છે બની ગયા બધા તટે.

મનોરથો મહા કર્યા, અનેક ઘાટ કે ઘડ્યા,
પરંતુ ઘાટ વ્યોમને અને સુદૂર સોમને
મનુષ્ય ભેટવા કરે ન સ્વપ્નમાંય એ ફળે,
પડી ધરા પરે મરે,
મનોરથો સમસ્ત એમ નષ્ટ એહના થશે
ભલે ઘડીક બેઘડી એ સ્વપ્ન-લોકમાં વસે. (૮૨)

જરાય ભીતિ સિંહને ન શ્વાનની કદી થતી,
ન બિંદુ સિંધુની સમીપ શક્તિમાં શકે ટકી,
સ્ફુલ્લિંગ સૂર્યની સમક્ષ શો પ્રકાશ પાથરે,
અગાધ અંધકાર એ થકી ન વિશ્વનો ટળે.

સુરાસુરો મને અનંત આદરે નિહાળતા,
સદાય સેવકો સમાન સ્નેહસાથ સેવતા,
નથી પરંતુ કલ્પના પ્રતીતિ તેમ રામને
અસીમ શક્તિની પ્રભાવની જરીય, ભ્રાંતિમાં
એટલે પડી મને હરાવવા ભલે ચહે,

ન નાવ મૃત્તિકાતણી તરી કદી શકે જલે.
સભાસદો પ્રસન્નચિત્ત શબ્દ એ રહ્યા સુણી,
કરી રહ્યા ઉમંગ સાથ કૈંક ધન્યતાધ્વનિ;

સલાહકાર શાંતિથી વદ્યા, સહસ્ત્ર રામયે
કરી શકે સમાનતા કદી ન સ્વપ્નમાં રણે,



કુબેરને હરાવતાં તમે પ્રસિદ્ધ પુષ્પક-
તણા બન્યા અધીશ્વર, સમસ્ત દેવતાગણ
ડરીને સેવકો બન્યા, મહાબલી મયાસુર
તમોને કન્યકા ધરી બની રહ્યો ભયાતુર.

હવે તમોને ભીતિ શી છે મંદબુદ્ધિ રામની,
બધેય હાક વાગતી અનંતવીર્ય કાળની
છતાં પરાસ્ત એહને સદાને કાજ છે કર્યો
ટકી શકે પછી જરીય ગર્વ કેમ અન્યનો ? (૧૦૪)

સલાહકારના શબ્દો સાંભળીને સભાસદે
આહ્લાદભાવની ભારે અભિવ્યક્તિ કરી ફરી,
પ્રમત્ત રાવણે ત્યારે જોયું ગૌરવથી બધે,
અહંકાર રહ્યો આખા વિશ્વનો આંખમાં મળી.

કહ્યું વિભીષણે મને સલાહકારની ગમે
સલાહ લેશયે નહીં, મનુષ્ય ભ્રાંતિમાં ભમે
અનંત મોહમાં રમે

પ્રકાશને નહીં પરંતુ ઘોર અંધકારને
તદા જુએ વિશેષ; મંદબુદ્ધિ માનવી કદી
ન શ્રેયનો કરી શકે વિચાર, શ્રેય ના ગ્રહે,
પ્રશાંતિ કે કૃતાર્થતા કદી ન આત્મની લહે

*

સલાહકાર સ્વાર્થને જ દેખતા,
વિવેકભ્રષ્ટ મૂઢ જેહને મળ્યા
કરી શકે વિકાસકૃત્ય તે નહીં
અસત્ય કે અનર્થ ત્યાગતાં સહી,

અનીતિને ભજે સદાય તે જગે,
ભરી રગે, અસીમ રાગદ્વેષના પ્રવાહને
કરે અશાંત ને અશુદ્ધ આત્મને. (૧૨૪)

*

વિશુદ્ધ વિશ્રવાના પુત્ર છો તમે
સમસ્ત લોક લોકપાલ ને
નમે તમોને ભીતિથી, તમે બન્યા મહાઅધીશ્વર
છતાંય ઓળખી શક્યા નથી મહાન ઈશ્વર.

ન રામ માત્ર માનવી
પ્રભા સમસ્ત સૃષ્ટિની ચરાચરે પ્રકાશતી
બની સજીવ એમના સ્વરૂપમાં સુધામયી,

મુનીન્દ્ર જેમને સ્મરે વસી વને
સમાધિમાં વિલીન સર્વ વૃત્તિને
કરી જુએ વિશુદ્ધ અંતરાત્મમાં,
ઉપાસકો સદા સ્તવે
વિશુદ્ધ ભક્ત જેમને વળી રટે



મહાન તત્વ એ અનંત સત્ય કે
ધરીને માનવીય રૂપરંગને
ધરાતલે છે વ્યક્ત રામમાં બન્યું
મને નિગૂઢ જ્ઞાન એહવું થયું. (૧૪૦)

તમે પ્રચંડ આગ સાથ ખેલતા,
શરીર મૃત્યુના મુખે જ મેલતા,
તરંગમાં અસીમ અબ્ધિના પડ્યા,
વિશાળ વાયુ સાથ વ્યોમમાં ચઢ્યા;

અનંત શક્તિ એક માત્ર રામની
વિનષ્ટ વિશ્વ ખેલમાં કરી શકે,
ભલે કરો ઘમંડ કિન્તુ યુદ્ધમાં
ઘમંડ શસ્ત્ર છૂટતાં નહીં ટકે.

નિમીષમાત્રમાં જ રામ કાળને
શકે કરી પરાસ્ત તો પછી તમે
વિસાતમાં શું એમની સમક્ષ છો,
કરી રહ્યા છતાંય ગર્વ વ્યર્થ શો ?

કઠોર શબ્દ લાગશે,
છતાં સમસ્ત સત્ય શ્રેય સાધશે,
વિવેક જ્યોત જો જરીક જાગશે,
પ્રકાશરેખ પુણ્યવંત લાધશે;

હજી વિલંબ ના થયો,
ન દાવ હાથથી ગયો,
કરાળ સર્વનાશ બીજને તમે
જમીનથી હજી બહાર કાઢતાં
કરો વિનષ્ટ, શાંતિ સર્વને ધરો,

ક્ષમા જશે કૃપાનિધાનની મળી,
કૃપાનિધાન સદ્ય રામને મળો.

ન રામના વિના કદીય શાંતિને
ગ્રહી શકે મનુષ્ય સત્યકાંતિને,
પવિત્ર પ્રેમ રામનો કૃતાર્થતા-
થકી ભરે સમસ્ત અંશ આત્મના.

*

દશાનને અસહ્ય ક્રોધથી કહ્યું,
તમારું ચિત્ત ભ્રાંત છે બધું બન્યું,
પ્રલાપ આમ એટલે રહ્યા કરી,
અશુદ્ધ ભાવ રામનો ઉરે ભરી.
મહારા આશ્રયે રહી,

મને જ આ કૃતધ્નતા થકી નવાજતા અહીં
કઠોર દંડ એહનો કરી શકું છતાં ગણી
વડીલ બંધુ સ્વાદ શસ્ત્રનો ચખાડતો નથી.



પ્રશસ્તિ શત્રુ પાસ શત્રુની કરો જઈ ભલે
સુણીને રોમરોમ રોષથી ભર્યું જલે,
તમેય રામ સાથ ઘોર છો અરણ્યમાં વસો,
વસો કે શાંત સ્વર્ગમાં મને વિષાદ ના કશો.

મને બતાવશો નહીં તમારું ભાવિમાં મુખ,
અનંત ભોગવો ભલે મળીને રામને સુખ,
મને ન ભીતિ લાગતી લગીર રંક રામની,
નથી સ્પૃહા તમારા એ મહાકૃપાનિધાનની. (૧૮૩)

વિભીષણે કહ્યું અધર્મનો અહીં
રહીને બનું માત્ર મૂક દર્શક
નથી પસંદ એ મને ખરેખર,

સદા ચહે છે પ્રાણહંસ આ સર
પવિત્ર રામના અસીમ સ્નેહનું,
તો હવે પુરી તજી જઈશ ત્યાં
એ કૃપાનિધાન પાસ સત્વર.

ભાગ્ય પૂર્ણ ઊઘડી હવે જશે,
જિંદગી બધી કૃતાર્થ આ થશે,
ચાહના સુદીર્ઘ સાધના ફળી
રંગશે સમસ્ત પ્રાણને રસે.

*

અલ્પ વારમાં થયા વિદાય ને
ભક્તશ્રેષ્ઠ રામના પવિત્ર એ,
રામનો કૃપા પ્રસંગ એ ગણી
શાંત કે પ્રસન્ન છેવટે બની.

રથમાં દિવ્ય બેસીને ચાર સેવક સાથમાં
જઈ સાદર સપ્રેમ શીઘ્ર સુંદર હર્મ્યમાં
સવિસ્તર કથા સર્વે વર્ણવી વેદનાથકી,
સુણી મંદોદરી કેરી તિતિક્ષા ના રહી ટકી.

વચન મધુર બોલી, ભાગ્ય ભારે તમારું
મધુમય મળશે કે શીઘ્ર સાનિધ્ય ન્યારું
રસનિધિ કરુણાના સિંધુ શ્રીરામ કેરું,
પરમ વિમળ કોઈ કર્મ જાગ્યું અનેરું.

સફળ નયન મારાં કોણ જાણે બનીને
સુખદ દરશ પામી ધન્ય ક્યારે થશે આ,
અનુગ્રહ વિધિ કેરો કોણ જાણે મનેયે
અમુલખ શુભ ક્યારે લાધશે જિંદગીમાં ? (૨૧૦)

રસમય વચનોનો લાભ આ આત્મ પામી
અભિલાષિત અનોખો નાચશે સાર્થ ક્યારે,
અણુઅણુ ઉર કેરું સ્નેહ સંવેદનાથી
મિલન મધુર પામ્યે હર્ષશે શાંતિધારે ?



કૃતાર્થતા એ દૂરદૂર છે હજી રહી,
છતાં હતાશ અંતરાત્મ આ થતો નહીં,
પવિત્ર ભક્તિભાવના જશે કદી ફળી,
અમૂલ્ય મધ્યકાળ જાય વેગથી વહી,

નહીં કરે નિરાશ એ;
મને ય રામની કૃપા જશે કદી મળી,
તમિસ્ત્ર આ પ્રભાકરે રહે બધું ટળી.

અને પ્રસન્ન પદ્મિનીદલો રહે હસી
કૃપાનિધાનની કૃપા થતાં સમસ્ત આ
વિયોગનાં તમિસ્ત્ર લુપ્તપ્રાયશાં થતાં
રહેશે અંતરાત્મનાં દલો બધાં હસી,
કમી હશે કૃતાર્થતા તણી નહીં કશી.

કહેજો રામને કરું છું યાદ એમને
પ્રસન્ન મૂર્તિ ધારતાં અમીમયી મને,
વસું અહીં પરંતુ ધ્યાન એમનું કરું,
અનુગ્રહે જ એમના ત્રિતાપને તરું.

વિમુક્તિ જાનકીને અર્પવા પધારશે
મનેય શાંતિ એ દિને અનંત આપશે,
શુભાશિષો ધરીને શબ્દ જ્ઞાનના કહી
રહ્યુંસહ્યું તમિસ્ત્ર મોહ કેરું કાપશે.

નયન મૃદુ ભરાયાં દિવ્ય મંદોદરીનાં
વચન અધિક ભાવે એ પછી ના વદાયાં,
નમન હૃદયથી શ્રીરામના પદ્મ જેવા
ચરણ યુગલમાં એ કલ્પનાથી કરીને
અચળ મધુરતાની મૂર્તિશી ત્યાં વિરાજી,
ગગન ગહન ઘેરાં વાદળાં કૈં છવાયાં. (૨૪૦)

*****

## (૨૯) રામદર્શન

મિલનનો યોગ જ્યારે સ્વજન કેરો સમીપે આવે
અપેક્ષાથી અલંકૃત આત્મ ત્યારે ગીત મધુ ગાયે,
નવલ રંગે ભરાઈને અણુ બધાં ઊછળે કેવાં,
જલધિમાં સમાવા દોડે સલિલના પ્રવાહો જેવા

રગોમાં રાગિણી છૂટે અમર અનુરાગની ન્યારી,
બની ઝંકૃત સુધા વરસે સિતારી પ્રાણની સારી;
મિલનની કલ્પના કેવળ સુખ ધરે શાંતિને આપે,
પુરાતન પીડ પ્રાણતણી ચમત્કારિક બની કાપે.

ન હો વર્ષર્તુ તો પણ અનેરી વર્ષા વિમળ વર્ષે,
વસંત ન હો છતાંય વસંતનો શુભ સાંપડે સ્પર્શે,
ન કોઈ સ્થૂળ પર્વ છતાં લહાવો પર્વનો મળતો,
મહોત્સવ અચાનક આત્મા અકળ આનંદમય કરતો.

નયન ન્યારાં નિહાળે દ્રશ્ય દ્રશ્ય વિના પદાર્થોનાં,
શ્રવણ સંગીત સુખકર સાંભળે સંગીત વાદ્ય વિના,
વદન નેહે કરી નાખે સતત સાનંદ સંભાષણ,
હ્રદય રાગે રચે સર્જન કરે કૈં સૂક્ષ્મ અભિવાદન.

ક્ષણો દીસે વિરહ કેરી વિષમયી દોડતી જાણે,
બધીયે ઈન્દ્રિયો કેન્દ્રિત બને પ્રિયના જ મધુધ્યાને,



જણાયે સ્વર્ગ કે વૈકુંઠ ને નિર્વાણ દૂર નહીં,
પરમપદ કે પરમ કૃતકૃત્યતા લાગે સમીપ રહી. (૨૦)

પડે સામાન્ય માનવના મિલનના યોગનો એવો
પ્રભાવ પ્રખર પડે મન પર સનાતન તો પછી કેવો
પરમપ્રિય જેમને જાણ્યા વળી પરમાત્મમય માન્યા
થવાનું હો મિલન જો એમનું સાર્થક કરી કાયા ?

વિભીષણના હ્રદયમાં ભાવની ભરતી રહી જાગી,
મધુરવી વસ્લની વીણા અવનવી આત્મમાં વાગી,
ગગનમાર્ગે રહ્યો દોડી રજતમય એમનો રથ એ,
વધારે વેગ પ્રાપ્ત થયો મનોરથથી મહ્યા મનને.

કરે જે ધારણા ધ્યાને મુનિ એકાગ્રતા મનની
સુદીર્ઘ સમય સુધીના શાંત ચોક્કસ સતત સાધનથી
વસી વિજને કઠોર અનેક તપવ્રતના નિયમ પાળી
સધાઈ સહજ એ એકાગ્રતા અનુરાગથી ભારી.

હતો વચ્ચે સમુદ્ર છતાં પહોંચ્યું પાર મન એની
વિહરતાં રામ ચરણોમાં રહ્યું વાતો કરી કેવી,
કરી પ્રણિપાત કૈં લાગ્યું પરમ રસપાન કરવાને
અનંત સમાધિમાં ડૂબ્યું સકળ સંતાપ હરવાને.

થયું કે ધન્યતા-પળ જિંદગીની સમીપે આવી,
મહાસૌભાગ્યની દેવી અનુગ્રહ અચાનક લાવી,
થયો કોઈક પુણ્યોદય અનોખો કે વિધાતાએ
વિપુલ વરસાદ વરસાવ્યો રસતણો વ્યથાભર પ્રાણે.

સમુદ્રપાર સુધામય ત્યાં તો થયું રામ કેરું દર્શન,
અનુભવી રહ્યો પાસ પહોંચી આત્મ અવનવું આકર્ષણ.
પ્રીત પુરાતન પ્રકટી પાછી બની પ્રબળતમ છેક રહી,
અનાદિ અનુસંધાન આત્મનું અવિનાશી અણમોલ કહી.
પ્રેમથકી પ્રણિપાત કરીને,
ભાવ લોચને સજલ ભરીને, રહ્યા વિલોકી વદન રસે,
ચિત્તવૃત્તિ ચંચળતા ત્યાગી ગઈ વિહારે નહીં કશે.



વાણી વિરમી ગઈ બધીયે,
પામ્યો પ્રાણ હતો ન કદી એ સહસા સહજ સમાધિ મળી,
એ સુખ, એ આહ્લાદ શાંતિનું વર્ણન કેમ શકાય કરી ?
દરિદ્રતા જીવનની જાણે રત્ન સાંપડ્યે છેક ટળી,
વિષાદ ભય સંશય સઘળાયે માત્ર દર્શને ગયા મરી. (૯૨)

રહ્યાસહ્યા સંતાપ શમ્યા
ને જડતાના થર દૂર થયા,
હૃદય મહીં ને રોમરોમમાં
જીવનની મધુ તીર્થભોમમાં
રાસ અખંડ રસાળ બન્યા.

પરિચય પોતાનો આપીને વિભીષણે સપ્રેમ કહ્યું,
દિવાસ્વપ્ન દર્શનનું મારું કૃતકૃત્ય બની આજ ગયું.
સફળ મનોરથ આજ થયો હું જીવનના ધનને પામી,
વંદું વારંવાર પ્રેમથી ચરણે સૃષ્ટિના સ્વામી !

સ્વર્ગ સાંપડ્યું શ્રેષ્ઠ મને તો પરમ મોક્ષપદ કે વૈકુંઠ,
સાધ્ય સાધના કેરું શાશ્વત.તત્વ અગોચર તેમ અમૂલ,
મૂર્ત તમારા રૂપે બનતાં કરી રહ્યું કૃતકૃત્ય મને,
ઉલ્લાસ શકું કેમ વર્ણવી,
શમી પિપાસા શ્રાંત પાંથની, મળી વીરડી શુષ્ક રણે.

સમારોહ સંગીતતણો આ જીવનમાં સહસા જાગ્યો,
સુધાસભર સ્વર સ્વાદુ છોડતાં કૃતાર્થ કરવાને લાગ્યો.
વિના વાદ્ય રસગાન તણી શી થઈ રહી છે રેલમછેલ,
નાચે મન ને મનની વૃત્તિ જાણે કો'ક કલાપીઢેલ;
અનુકૂળ થયા વિધિના ખેલ.
મહોત્સવ મહામૂલો મનડું પામી તમને કરે ન કેમ ?
આષાઢી અભ્રો અવલોકી નર્તન કરે મયૂર સપ્રેમ. (૯૭)

તમારાથી રહીને દૂર
રહી પરમાત્મથી કે દૂર કોને શાંતિ સત્ય મળી,
થયું કો' ધન્ય જીવનનો મહોત્સવ પરમમધુર કરી ?
સનાતન સાંપડી કોને સરિત શ્રેયસ્કરી સુખની,
અમર અવગાહને એના રહ્યું પરિતૃપ્ત કોણ બની ?

પુરાતન અંધકાર ટળ્યો સદા માટે અવિદ્યાનો
વળી કોનો, મહા કોને પ્રકાશતણો પ્રસાદ મળ્યો ?
શમી કોની પિપાસા દિવ્ય રસનું પાન કરવાથી
અભયને કોણ પામ્યું અનોખો આધાર મળવાથી ?

બને છે જીવ બડભાગી કૃપાનો થાય અધિકારી
વળે ત્યારે તમારી તે દિશામાં નેહની ન્યારી,
વિશેષ થતાં અનુગ્રહ સ્મરે તમને પ્રેમ પ્રકટાવી
ભજે ને તમારો બનતો લગન શ્રદ્ધાબળ જગાવી. (૧૧૦)



ચહે દર્શન સમાગમને સદા ઝંખે કૃપાધનને,
તજીને પૂર્ણ પ્રજ્ઞાથી વિષયના વ્યર્થ મૃગજલને.
ધરે નિશદિન તમારું ધ્યાન, ને બડભાગ પૂર્ણ બને
લહે સંસર્ગ ત્યારે દેવદુર્લભ કો'ક ધન્ય ક્ષણે.

મહામૂલી પરમપાવન ખરે એ જિંદગીની પળ
અસાધારણ બને જેનું બધાં સત્કર્મ કેરું બળ
મળી કેવળ શકે એને, કમી કૈંયે પછી ન રહે,
નિગમ ને સ્વાનુભવસંપન્ન સંત સમસ્ત એમ કહે.

મળે સંતપ્ત અંતરને સનાતન શાંતિની ધારા,
ફળે સાર્થક બને જીવનતણી આ પુરાતન માળા
સમર્પિત કરીને સર્વસ્વ ચરણે તમારા ન્યારા,
વિંદગ્ધ કરે પછી ના વાસનાના ક્ષુદ્ર અંગારા.

નથી સત્કર્મ કેરું બળ અનુભવ્યું તોય આકર્ષણ,
કરી અનુરાગ અનુગ્રહથી જ પામ્યો દિવ્ય આ દર્શન;
અનુગ્રહથી જ રાવણનો વિરોધ પ્રબળ અસહ્ય થયો,
શિખામણ કામ ના લાગી, શરણનો પંથ શીઘ્ર ગ્રહ્યો.

કપટ છોડી શરણ આવ્યો તમારો જાણતાં મહિમા,
તમારા ગુણોની કંઠોપકંઠે સુણીને ગરિમા,
જરી માન્યું નહીં મન તમારાથી દૂર વસવાને
વધારે વખત તપવાને સતત તમને તલસવાને. (૧૩૦)

બન્યો નિર્ભય તમારા ચારુ ચરણે આદરે આવી
વિયોગ શક્યો નહીં વરસો તણો છેવટ સુધી ફાવી,
મટી ચિંતા વિષાદ શમ્યો મનથકી ભીતિ સર્વ ટળી,
રહી સરિતા જલધિને આજ જાણે સદાસારું મળી.

વિભીષણ એમ બોલીને ચરણમાં પ્રેમસાથ પડ્યા,
વિચારો ભાવ સંકોચો નહીં લૌકિક જરીય નડ્યા,
ભરાયું હૃદય રામતણું નિહાળી એમને પ્રેમે,
વદ્યા રઘુનાથ ગદ્ ગદ કંઠથી વર્ષી સુધા કેમે.

*

ધન્ય વિભીષણ પ્રેમ તમારો ધન્ય તમારી ભક્તિ વળી,
ધન્ય ભાવના વિમલ કામના, મેધા ધન્ય ખરે સઘળી.
ધન્ય ઘડી આ પાવન ને પળ, ધન્ય ખરે ઉત્તમ આ સ્થળ,
જીવન ધન્ય તમારું ઉજ્જવળ, ધન્ય શરણ સંપૂર્ણ સફળ.

માનવતન પામીને જીવન સાર્થક કર્યું તમે આજે,
પ્રકટી પ્રીતિ પવિત્ર પ્રાણમાં પૂર્ણ ચંદ્ર જેવી રાજે.
લંકામહીં વસીને આવો જીવનમાં સદ્ ભાવ ભર્યો,
અંતરાત્મ અણિશુદ્ધ તમારો તમિસ્ત્રને અતિગાઢ તર્યો.

વિજનમહીં વસનારા યોગી જ્ઞાની સંગ પરિત્યાગી
સંતતપસ્વી સાધક સરિતા-ગિરિપ્રદેશના અનુરાગી
મૌની સમાધિનિષ્ઠ ઘણા મેં સિદ્ધપુરૂષ વનમાં જોયા
અંતર નિર્મળ કરી જેમણે સ્થૂળ અહંકારો ખોયા,

આશ્ચર્ય થયું નહીં એટલું એ સૌનું દર્શન કરતાં,
અવનીના આશ્ચર્ય બરાબર કિન્તુ તમે લાગ્યા મળતાં.
વસી આસુરી વાતાવરણે વિષમ વિરોધી કે વિપરીત
અંતરતમમાં જગાવનારા જાહ્નવીસમી પાવન પ્રીત,

પંકજશા નિર્લેપ રહીને પંકતણા પારાવારે
ભક્તિભાવના સૂર રેલતા અમીભર્યા આત્માતારે,
પ્રભાકર સમા અંધકારને પ્રકાશના ભરતા સારે,
જોયા એક તમોને સાચા પ્રેમીજન પરિપૂર્ણ ખરે,
અભિનંદનની વર્ષા અંતર તમારી ઉપર આજ કરે. (૧૮૦)

દૈવી વાતાવરણે વસતાં ઉપાસના કરવી સહેલી,
આસુરીમહીં પરંતુ અઘરી ભક્તિભાવતણી હેલી.
અઘરું કે દુસ્સાધ્ય કર્મ એ

સમજી સાધનસાધ્ય મર્મને લંકાનગરે તમે કર્યું,
વિષની વરાળથી વીંટાઈ અમૃતપાત્ર અમોઘ ભર્યું.
પ્રખર પ્રેમ પ્રકટાવ્યો, લીધું શરણ વળી મારું કેવળ
સત્કર્મોનું ફળ એ માનું અનુગ્રહ ઈશ્વરનો એકલ.

જે માગો તે આપું તમને પ્રસન્નતાપૂર્વક આજે
શરણાગતનો સત્કાર સદા કરવો અંતરથી છાજે.
વિભીષણે સપ્રેમ જણાવ્યું રઘુનંદન રસરાજ તમે
ગુણદર્શી ને ઘટઘટવાસી
અમૃતપદ અવિચળ સુખરાશી,
અંતર આદર સાથ નમે.

સ્વલ્પ ભક્તની વિશેષતાને પેખો વિરાટ રૂપ ધરી,
સ્વભાવ શ્રેષ્ઠ તમારો એવો વર્તન છે વિખ્યાત વળી
નથી યોગ્યતા લેશ છતાંયે માન મને એથી આપો,
ધન્યજનોમાં ગણના કરતાં મહિમાને મારા સ્થાપો. (૨૧૦)

વસી આસુરી વાતાવરણે વિષમ વિરોધી કે વિપરીત
અંતરતમમાં જગાવનારી જાહ્નવી સમી પાવન પ્રીત,
પંકજશી નિર્લેપ રહીને પંકતણા પારાવારે
ભક્તિભાવના સૂર રેલતી અમીભર્યા આત્માતારે,

લંકાનગરે ભજી રહી છે મંદોદરી સદા તમને,
એના આગળ અગ્નિ કેરા અંગાર સમો ગણો મને.

એની સમક્ષ મૂલ્ય મ્હારું સવિશેષ ખરે નથી જરી,
પ્રખર પ્રેમ પરિપ્લાવિત પ્રાણે સદા રહી એ યાદ કરી.
પ્રણામ એણે ચારુ ચરણમાં આજ તમારા ઘણા કહ્યા,
કરે પ્રતિક્ષા દર્શનની એ કરશો કોઈવાર દયા. (૨૩૦)

કહો માંગવા કિન્તુ માગવા-યોગ્ય ન આવે યાદ કશું,
કરો અનુગ્રહ ચારુ ચરણમાં કૃતકૃત્ય બની નિત્ય વસું.
સ્વર્ગ વસે છે સંનિધિમાં ને વસે મોક્ષ વૈકુંઠ સદા
રાસ રમે છે સિદ્ધિ સઘળી સ્વેચ્છાએ આનંદપ્રદા.



સંનિધિ સાંપડતા એ સુખદા ઈચ્છા અન્ય ના શેષ રહે
લોક તથા પરલોક તણી સૌ સાક્ષાત્કારી સંત કહે.
પ્રેમભક્તિનો ભાસ્કર જેનું અંતર આલોકિત કરતો
અંધકાર એના અણુ અણુનો આપોઆપ બધો ટળતો.

કામના કરે નહીં કાચની પારસ પ્રાપ્ત કરી કોઈ,
મણિ પ્રાપ્ત કરી માનવ નાખે દૈન્ય નિમીષમહીં ધોઈ.
આત્મારામ બની જાયે એ પરમાત્માના પ્રેમ-બળે,
એના જીવનના સઘળાયે હેતુ કલ્પદ્રુમ મળ્યે ફળે.

વિનાશશીલ વિષય સૌ કોઈ પદાર્થ પરિવર્તનવાળા,
ચરાચર મહીં વ્યાપક લાગે કરાળ કાળતણી જ્વાળા.
એમાં શે ચિરશાંતિ મનુજને
શાશ્વત રસની ધાર ભક્તને તમારા પરમપ્રેમ વિના

મળી શકે, મરુભૂમિમાં મળે સ્વપ્ને ના સુંદર સરિતા.
વિષયો વિષમય અસાર સર્વે ભક્ત રમે એમાં ન કદી,
માયાપતિને પરિત્યાગીને માયામાં ના જાય પડી.

ચારુ ચરણમાં ચિત્ત એમનું લીન બની રસપાન કરે,
અંતરાત્મ અક્ષય અનુરાગે સર્વ સમર્પણ કરી વરે. ૨૭૧

રહે નહીં કો' ક્ષતિ જીવનમાં દેવદુર્લભ થતાં દર્શન,
અપેક્ષા રહે અન્ય ન એકે દીવ્ય પામતાં જીવનધન.
એમ વદીને વિભીષણે શ્રી રામપદે પ્રણિપાત કર્યા,
પ્રસન્ન રામ બન્યા સાંભળતાં શબ્દો ભક્તિભાવ-ભર્યા.

*

કહ્યું સાશંક સુગ્રીવે, વિભીષણ ભ્રાત રાવણના
મને તો ગુપ્તચર લાગે અકલ્પ્ય કરી રહ્યા છલના,
તમે અનુગ્રહ તણી વર્ષા વરસવાને ચહો ન્યારી,
પરંતુ ભાવના ના એમની ભાસે મને સારી.

વદ્યા હનુમાન છે શંકા તમારી છેક અસ્થાને,
પુનિત પ્રકટી ગઈ છે પ્રીતિધારા એમના પ્રાણે,
ભલે હો દેહદ્રષ્ટિથી વિભીષણ ભ્રાત રાવણના
ગગનપૃથ્વીસમું અંતર ઉભયના ભાવ ને ગુણમાં,

કરાયે એમની સમતા કદીયે સ્વપ્નમાંય નહીં,
તિમિર ને તેજની તુલના થતી તિલમાત્રયે ન કહીં.

ઉભયનો વાસ લંકામાં કલંકિત એક તોય બન્યો
કલંકરહિત અવરનો આત્મ પંકજપાત્ર જેમ રહ્યો. (૨૯૧)

મને મેળાપ લંકામાં વિભીષણનો અમોઘ થયો
વિલક્ષણતા તણો પરિપૂર્ણ પરિચય ત્યારથી જ મળ્યો,
અમર આદર થકી અંતર ભરાયું ક્ષણમહીં મારું,
પરસ્પર પ્રેમ પ્રકટ્યો પ્રાણમાં અક્ષય તરત ચારું.

કહ્યું રઘુનંદને મંગલ સ્વરે મધુતા વહાવીને
નયનમાં નેહને તરતાં પરમ કરુણા જગાવીને,
શરણમાં આવનારાને સદા સસ્નેહ સત્કારું,
અવગણું ના કદી એવું વચન વિખ્યાત છે મારું.



ભલેને ભ્રાંતિથી કે ભાનમાં અજ્ઞાન કે જ્ઞાને
અપેક્ષાથી, અપેક્ષાથી રહિત ભક્તિ ભરી પ્રાણે
પ્રણયથી અભય તેમ ભયે મદદ જે માગતા મારી
નિરાશ કરું નહીં એ સર્વને સ્નેહે રહું પાળી.

અખંડ અહેતુકી કરુણાથકી હૈયું ભર્યું એવું
છતાં માયાતણું પ્રાબલ્ય છે સંસારમાં કેવું,
પ્રભાવિત એ થકી જીવો જગત કેરા બધા બનતા,
તિમિરમાં તેજને ભૂલી ભમીને સુખ સદા ગણતા.

સુકૃતસંપન્ન કોઈ વિરલ જન સંબંધને સાધે,
હૃદયમાં એમના મારો પ્રકટતાં પ્રેમવિધુ વાધે,

વિભીષણ પૂર્ણ એ સંદર્ભમાં અભિનંદનીય ખરે;
ભલે એ ભક્તિ અનુપ્રાણિત અવરને સદા સારુ કરે. (૩૧૧)

એમ વદીને લક્ષ્મણ પાસે સમુદ્રના જલને માગ્યું,
આશ્ચર્ય સકળ સેવકગણના ચિત્તમહીં સહસા જાગ્યું.
પરંતુ પરવા કરી ન એની શરણાગતવત્સલ રામે,
કરમાં જલનું પાત્ર લઈને લાગ્યા પોતાને કામે.

તિલક કર્યું તત્કાળ કપાળે કોડભરેલ વિભીષણના,
સ્નેહ તણો સંબંધ મહારો જાય કદીયે નિષ્ફળ ના,
સજલ નયનથી વાણ વદ્યા લંકેશ કર્યો તમને આજે
લંકાનું સામ્રાજ્ય ધર્યું,
વચન થયું ના મિથ્યા કો'દી સ્વપ્ન મહારું સકળ ફળ્યું.
આંખ ભરાઈ ગઈ બધાની અદ્રષ્ટપૂર્વ પ્રસંગ થકી,
ધૈર્યતણા બંધન તૂટ્યાં સૌ, સ્થૈર્ય શક્યું ના લેશ ટકી. (૩૩૨)

રઘુનંદનની ઉદારતાના દર્શનથી સૌ મુગ્ધ બન્યા,
જીવન પોતાનાં અનુગ્રહના અનુભવથી કૃતકૃત્ય ગણ્યાં.
કૃતજ્ઞ કિન્તુ વિભીષણ વચનો સંવેદન સાથે ખોલ્યા,
સ્વર્ગદ્વારને કરુણા કરતાં મારે કાજ તમે બોલ્યાં,

પરંતુ મુજને અભિલાષા ના લંકેશ થવાની થોડી,
વિદાય એક દિવસ સૌ થાયે રાજપાટ સઘળું છોડી.
સંનિધિમાં જ રહેવું માટે અમુલખ અનુગ્રહને પામી,

તમારા જ બનવું મારે તો સરળતમ સદા અનુગામી.
સૃષ્ટિના સામ્રાજ્ય થકીયે, ઉરને ના આનંદ મળે,
ભોગોપભોગ બ્રહ્માંડતણા સ્વપ્ને ના સાર્થક્ય કરે. (૩૫૨)

*

જણાવ્યું રામચંદ્રે ભક્ત કે જ્ઞાનીજનો કેરી
વિવેકવતી મનોવૃત્તિ પરમપાવન વળી દ્રષ્ટિ
બને કલુષિત નહીં કો'દી વિષમ વાતાવરણમાંયે
ભલેને ભોગવે સ્વામી બનીને બધીયે સૃષ્ટિ.

બને એવા જનો જો લોકનાયક લોકના સ્વામી
થઈ સન્માર્ગગામી હિતૈષી વરદાન જેવા તો
કરે સુખશાંતિની વૃષ્ટિ પ્રજા પર અનાસક્ત રહી;
રહે લવલેશના અવકાશ સામ્રાજ્યે અનર્થતણો.



સુકાનો રાજ્યસત્તાનાં સદાચારી પવિત્રમના
રહે ભક્તોતણા કરમાં જગત તો સ્વર્ગથી અદકા
અનેરા વાયુમંડળની કરે પળવારમાં પ્રાપ્તિ,
શમે સંસારમાં વ્યાપક બધેયે ભ્રાંતિ ને આર્તિ.

બને સ્વામી છતાં સેવક સમાજતણા સદાય રહે,
પ્રલોભનને વિલોકીને વિવિધ ના લેશમાત્ર ચળે,
નિમિત્ત બની કરે કાર્યો સતત કલ્યાણભાવ થકી,
પળેપળ પદ્મપેઠે પ્રીત પરમાત્મા તણી જ કરે.

તમે લંકેશ બનશો એ મહીં લંકાતણું ગૌરવ
વિશેષ થશે સુયોગ્ય તમે જ છો એ માનને માટે,
પ્રસાદ ગણી મહા મારો સુખદ સામ્રાજ્ય ભોગવશો,
થશે મિથ્યા નહીં વાણી, પ્રજાને તારશો તરશો.

નહીં રાવણ મરે લંકા મળે સંશય નહીં એવો
સહેજે સ્વપ્નમાં સેવો, અચળ વિશ્વાસ છે મારો,
હણી લંકેશને લંકા કરી સુપ્રત સુખે તમને
ધરીને શાંતિ સીતાને જઈશ ગૃહે પ્રસન્નમને.

વિવિધ ઉદ્ ગાર હર્ષતણા પ્રકટ સૌએ સપ્રેમ કર્યા,
સુણીને વચન એ વિશ્વાસનાં સંશય સમસ્ત ટળ્યા,
વિભીષણ નિહાળી નેહે રહ્યો અનિમેષ નેત્ર મહીં
ભરીને ભાવનાના સિંધુને સાર્થક્ય સત્ય લહી. (૩૮૦)

*****

## (૩૦) સેતુની રચના

સરિતાનો સંવેગ શાંત છે સાગરતણો અશાંત,
કલ્પો થકી તો પણ સાગર લાગે છે ક્યાં કલાંત ?
એની એ ભરતી એની એ ઓટતણી ક્રીડા,
પળમાં પ્રસન્નતા તો પળમાં ભોગવતાં પીડા,

પાછો પુરૂષાર્થી બનતાં એ
રંગભરી રમતો રમતો
નવા નવા ભાવોને ભરતાં
નવજીવન સંદેશ સદાયે
સર્જનને શાશ્વત ધરતો
દુઃખદર્દ પરિતાપ લાભ કે
નહીં હાનિને પણ ગણતો.

રજની ઘોર અમાવાસ્યાની
વ્યોમથકી ઉતરી આવી
પ્રેમાસ્પદને -ચારુ ચંદ્રને
એમ કહે કમનીય કંથને
આજ નથી સાથે લાવી;

તમિસ્ત્રના પર ગાઢ ઊમટી
આશ્લેષે મૃતપ્રાય મહી.
ચારે કોર સ્મશાનવેદના



નિસ્તબ્ધતા અસીમ રહી
તો પણ આશા સાથ વહી
ગર્જન શાંત કરે છે સાગર
ઝંખે નિજ પ્રિયને મળવા
નૈરાશ્ય નથી, નાહિંમત ના
દીસે બનતો એ મનમાં.

વિયોગ વિધુનો વિપળનો ભલે
સુદીર્ઘ યુગ જેવો લાગે
તો પણ ક્ષણેક્ષણે એ
નવા નવા રસરાગ-
મહીં લીન બનતાં આલાપે
કરતાં નેહનિનાદ,

પ્રિયના વિના અવરને માટે
નથી મનમહીં માગ,
ભાવનો ના સૂકાયે બાગ,
સદા ત્યાં વસંત ફોરમ ફાગ.
ઊર્મીતરંગે વહવે દિલને,
સ્નેહતણું સંગીત
ક્ષણ પણ ના ખૂટે આતમમાં

તૂટે લેશ ન પ્રીત
અશ્રુતણી માળાઓ સાથે
ધપે નિરંતર એકલ હાથે,
અન્ય વિષયમાં ભાન ન ભૂલે
જરી ન ડૂલે, ચંદ્રે ચોંટ્યુ ચિત્ત.
અનેરી એવી રસની રીત,
નેહનું નિત્ય બને નવનીત. (૫૦)

સરિતાનો સંવેગ શાંત છે સાગરતણો અશાંત.
કલ્પોથકી તોપણ સાગર ક્યાં લાગે છે કલાંત ?
એની એ ભરતી એની એ ઓટતણી ક્રીડા.
પળમાં પ્રસન્નતા તો પળમાં ભોગવતાં પીડા,

પાછો પુરૂષાર્થી બનતાં એ
રંગભરી રમતો રમતો
દુઃખ દૈન્ય પરિતાપ લાભ કે
નહીં હાનિને પણ ગણતો.



માનવ તો આશાને છોડે શ્રદ્ધાને શાને ?
વિયોગની છો વ્યથા વ્યાપતી પ્રેમભર્યા પ્રાણે,
સુરતા કિંતુ મટે શા માટે અંતરની એની,
પુરૂષાર્થની પરમભાવના
પ્રિયપ્રાપ્તિની પ્રબળ કામના શાંત પડે શેની ? (૭૧)

રજની ઘોર અમાવાસ્યાની
જીવનમાં પ્રસરે
અંધકારના આવરણો યે
વ્યાપે છે સઘળે
તોપણ તૂટે આતમ કેરૂં
અદ્ ભુત અનુપમ અને અનેરૂં
નહીં સ્નેહસંગીત
છૂટે જીવનની ના પ્રીત.

ભલે જાનકી દૂર રહેતી
હૃદયથી નથી દૂર,
એને માટે પ્રાણે પ્રકટે
પ્રખર પ્રેમનું પૂર
એથી પ્રેરાઈને કરતાં
નિત્ય નવા પુરૂષાર્થ
સાફલ્ય લહી વિજય વરીને
ધારી નવઉલ્લાસ
બનીશું અંતે પૂર્ણ કૃતાર્થ. (૮૮)

સુણી રામના શબ્દ સુધામય
લક્ષ્મણ ને હનુમાન
સખા શ્રેષ્ઠ સુગ્રીવ નીલનલ
અંગદ મહા બળવાન

જાંબવંત ને વીર વિભીષણ
યોદ્ધા અન્ય મહાન
બની પ્રસન્ન નિરખવા લાગ્યા,
ભાવ અનોખા અંતર જાગ્યા
સૌના એકસમાન,
ધરીને સીતાકેરુ ધ્યાન
પ્રેમપરિપ્લાવિત કરતાં પ્રાણ
થયા સૌ દિવ્યરસે ગુલતાન. (૧૦૦)

કેમ કરીને સાગર તરશું
લંકામાં સુખસાથ ઉતરશું
બોલ્યા રસમય રામ;

કહ્યું ભક્ત હનુમાને સેવક
નિર્ભય અમે તમામ,
શરણ તમારું પ્રાપ્ત કરીને
આશ્રય અમુલખ દિવ્ય લઈને
સિંધુ કર્યો મેં પાર;
પહોંચ્યા ભક્ત જગતની પાર,

કઠિન તમારે માટે તો શું કાર્ય જગતમાં આ,
શરસંધાન કરો તો આપે માર્ગ સિંધુ ક્ષણમાં.
બળપ્રયોગ કરવાની ઈચ્છા થઈ રામને ના,
ચિત્ત લગાડ્યું ચારું એમણે સતત પ્રાર્થનામાં,



વિરાજમાન થયા આસન પર સાગરના તટપે,
આરંભ્યું અનશન અદ્‌ભુત ને શ્રેષ્ઠ મૌનવ્રતને. ૧૨૧

કિન્તુ અનશનની થતી
અસર જડ પર ના કશી,
અહંતા ઉન્મત્તના
રહે અંતરમાં વસી,
ઘોર રાગાસક્તિના
તીવ્રતમ આવેગમાં
પરાધીન બની વહે

જગતના જીવો બધા
ગણે તે ન વિવેકને
ત્યાગ કે બલિદાનને,
માત્ર ભાષા દંડની
સખત તે સમજી શકે
મૃદુલ વર્તનને નહીં
કિન્તુ કટુ વ્યવહારને
વજનદાર સદા ગણે.

ત્રણ દિવસ વીતી ગયા રામના અનશનતણા,
પ્રાર્થના બલિદાનની રહી ના કાંઈ મણા,
તોય સાગરદેવનું દિલ જરી હાલ્યું નહીં;
રહ્યા લક્ષ્મણ રોષથી વચનને ત્યારે કહી: (૧૪૪)

પ્રાર્થના જડને કરે અસર ના કોઈ કદી,
પ્રભાવ શકે અજ્ઞ પર લેશ ના તપનો પડી,
સદ્ ગુણોને દુર્જનો દુર્ગુણોમાં માનતા
અતિ ભલાઈ સરલતા મહા દોષો જાણતા,

સ્નેહને દૌર્બલ્યમાં
ખપાવે, મૈત્રીતણી
ભાવનાને નિશાની
સમજતા નિર્માલ્યની;

આસુરી સંપત્તિના
આવરણથી સંપત્તિના
આવરણથી એમના
અંતરાત્મા હોય છે
અંધ અજ્ઞાને બન્યા,

ત્યાં પરમ પ્રજ્ઞાતણા પ્રભાકર કેરો પડે
ના પ્રવિત્ર પ્રકાશ, ને સંપદા શુચિ ના લહે.
કરો શરસંધાન કે સિંધુ શોષાયે સકળ,
બની જાયે દંડથી નિમીષ મહીં કે વિકળ,

ક્ષાત્રપ્રકૃતિ આપણી
ચૂર્ણ ઘોર ઘમંડને
ભલે સિંધુતણા કરે,



ભલે માટીમાં મળે એહની પ્રભુતા બધી,
શાઠ્ય શઠનું શરણથી રોજરોજ રહે વધી. (૧૭૫)

લાલ કેસરથી ભર્યાં લોચને રઘુનંદને
તજી આસનને કર્યું તરત શરસંધાનને
પ્રલયના પવનો બધા તે ક્ષણે છૂટી રહ્યા
તીક્ષ્ણ, અગ્નિજ્વાળને જગવતા સઘળે અહા !

અભ્ર આભમહીં રહ્યાં કાળશાં તાંડવ કરી,
ગડગડી ચપલા રહી કોપથી ચમકી વળી,
આર્ત આકુલ અંતરે અંધકાર રહ્યો ફરી
દિશા ને પ્રદિશામહીં, ધૃતિ ધરિત્રીની ટળી. (૧૯૧)

તરંગો અર્ણવતણાં બનીને સંક્ષુબ્ધ સૌ
માગવા લાગ્યાં ક્ષમા રામના ચરણે ઢળી,
હૃદય રત્નાકરતણું અનુભવી કારુણ્યને
પ્રખર પશ્ચાતાપથી સભર પૂર્ણપણે બન્યું,

થઈ મૂર્તિમંત એ પ્રશસ્તિ પ્રેમે કરી
રામના ચરણે નમી ભેટ અમુલખ કૈં ધરી
વદ્યો, મહિમા આપનો વેદ-વિદ્વાનો તથા
ઋષિવરો સમજ્યા નથી પૂર્ણરૂપે તો પછી
કેમ હું સમજી શકું લેશ પણ એને કહો
નાથ હે બ્રહ્માંડના, પુંજ હું તો પાપનો. (૨૧૧)

કહેલું ઋષિએ મને નાથ ત્રેતામાં ધરા-
પરે પ્રકટી આવશે આપવા દર્શન તને,
માત્ર શરસંધાનથી એમના વિક્ષુબ્ધ તું
થાય ત્યારે ઓળખી શીઘ્ર લેજે એમને,

વિરહથી કાન્તાતણા વ્યગ્ર લંકામાં જવા
માગશે એ માર્ગને તથા તુજને શોષવા
થશે તત્પર તે ક્ષણે ક્ષમા પ્રેમે માગશે
કૃપા તો વરસાવશે, વચન આવે યાદ એ. (૨૨૭)

ઓળખ્યા મેં આપને અલ્પ તોયે આખરે,
બ્રહ્મ જે વ્યાપી રહ્યા પૂર્ણકામ ચરાચરે
એમની આવૃત્તિ છે અલૌકિક આભા ભરી
આપના વેશે બની પ્રકટ મહિમાને ધરી.

કોણ પૂર્ણપણે કહો ઓળખી તમને શકે,
અબ્ધિઆગળ બિંદુનો સ્વલ્પ શે મહિમા ટકે
બુદ્ધિ-મન-વાણી કરે કેમ વર્ણન આપનું,
વેદ થાક્યા છેવટે કરી ગાન પ્રતાપનું

તો પછી અજ્ઞાનરત આત્મનું ગજું કેટલું,
આભ આગળ ક્ષુદ્ર કો' સ્થૂળ અણુના જેટલું. (૨૪૭)

અજાણ્યેજાણ્યે કરી અવજ્ઞા જે આપની
ક્ષમ્ય માનીને મને એહને માટે હવે



અભય અર્પો એટલી આશ અંતરથી કરું
કરો કરુણા કલેશને ભીતિને સહજે તરું.

આપના આશ્રયથકી તરાયે ભવસિંધુને,
અશક્ય નથી શોષવા સર્વ મુજ જલબિંદુને
કિંતુ સેતુ રચો જલે નીલના સહકારથી,
પૂર્તિ ક્ષતિકેરી થશે સર્વની ચિરકાળની. (૨૬૩)

ક્ષમા પામી રામની શાંતિ સાગરને મળી
યોજના રામે પછી સેતુરચનાની કરી.
સ્થાપના શિવની કરી દિવ્ય સાગરના તટે;
કર્યે દર્શન તેમનું અવિદ્યા ઉરની મટે.

તીર્થ રામેશ્વરતણું ખ્યાત એ જગમાં થયું
પથપ્રદર્શક પાંથને શાંતિદાયક કે બન્યું.
રામના યશને કરી અમર ત્રિભુવનમાં રહ્યું,
એહને અવલોકતાં પરમસુખ સૌએ લહ્યું. (૨૭૯)

નીલનલની શક્તિથી સેતુની રચના થઈ,
પથ્થરો પર રામના નામને અંક્તિ કરી
રચ્યો સેતુ સમુદ્રમાં સર્વના સહયોગથી.

કહ્યું નીલે આપના નામને અંતરમહીં
કરે અંક્તિ જે જનો તે સદાયે કલેશ ને
ભય અશાંતિથકી ભર્યા તરે સહેજે સિંધુને;

સેતુ તે શક્તિતણો પ્રેમનો ને ભક્તિનો
રચી સંસારે શકે આપના અનુગ્રહભર્યો. (૨૯૫)

સરિતાનો સંવેગ શાંત છે સાગરતણો અશાંત,
એથી અશાંત વધુ ભવસાગર કરે કૈંકને કલાંત
કદી વળી પથભ્રાંત

તોપણ જે પુરૂષાર્થી બનતાં તમને ના ભૂલે
સાધી લે સંબંધ સદા તે ઝૂલે સુખઝૂલે,
જીવનયાત્રા નિષ્કંટક કે સરળ તેમની થાય,
અમૃતરસનું પાન કરે ને અન્ય જનોને પાય. (૩૦૮)

*****

## ૩૧. ત્રિજટાનો સંદેશ

જલદ આભમાં ઊમટી ઘણાં
વરસતાં કદી તો કદી વળી
ગહન ગર્જના કોપથી કરી
ગગનના નિવાસે જતાં ફરી.

અનિલ છૂટતા આકરા કદી,
ચમકતી સુ-શૃંગારને સજી
મદભરેલ વિદ્યુલ્લતા પરી-
સમ વિમુગ્ધ આત્મા કરી ઘડી.

સ્મરણ સ્નેહનાં એમ જાગતાં
નયન નીરને મંત્રમુગ્ધશાં
વરસતાં વળી શૂન્યતા ધરી
નવ રડી શકે, શોકની વહે
લહર આકરી આર્ત અંતરે
ચમકતી મુખશ્રી અમીભરી. (૧૪)

પ્રકૃતિ શુષ્ક સર્વે અનાથશી
પરમ કો' પિપાસાથકી ભરી
સ્વજનની વિયોગ-વ્યથાથકી
વિકળ મેઘની ધાર પામતાં
નવલ ચેતના તાજગીતણો



સુખદ શ્વાસ છોડી રહે જરા
વધુ રસાળ દીસે કૃતાર્થશી,
નવલ વસ્ત્ર ધારે બધી ધરા.

નવલ ધાર ને એમ આશનાં
વરસતાં કદી મેઘબિંદુ આ
હૃદય પામતું ચેતના પ્રભા
તનિક તાજગી, કિન્તુ શુષ્કતા

નવ મટે બધી પ્યાસ ના શમે,
વિરહમાં મળે ના કૃતાર્થતા. (૨૮)

*

સઘન છાંય કો'દી રહે ઢળી
ક્ષણ પછી વળી તીવ્ર તાપથી
હૃદય દગ્ધ થાયે ધરાતણું,
સરિત ને તડાગે સરે ઘણું
સલિલ સ્વાદુ છે ભાવથી ભર્યું,

પણ ન પ્રાણ પૃથ્વીતણો બન્યો
પરમધન્ય વૃષ્ટિ થવા છતાં
નવ ટળી શક્યા ખેલ દ્વંદ્વના.
ક્ષણિક વૃષ્ટિ સદ્ ભાવ સ્નેહની

પ્રિયજનો તણી એમ છે અહીં
અનુગ્રહે થઈ ઈશના છતાં
નવ મટી શક્યાં દ્વંદ્વ ને શમી
નવ શકી પિપાસા ય પ્રાણની,
સફળ જિંદગી સાર્થ ના બની. (૪૨)

મૃદુલ અંકુરો વૃક્ષશાખપે
પ્રકટ છે બન્યા વાટિકામહીં,
પુનિત પલ્લવે પત્રપુષ્પથી
ખલુ સુશોભિતા આ બની મહી,

સુખદ શાંત સંગીતના સ્વરો
વિહગ રેલતાં કૈં દિગંતમાં,
રસછલ્યા રમે મોરઢેલનાં
હૃદય રાસ પ્રેમે પ્રભાતમાં:

હૃદય રાસ મારું રચે નહીં,
ક્યમ રચે રમે વિપ્રયોગમાં,
પ્રણયપલ્લવે પત્રપુષ્પથી
મધુર અંકુરે અંતરાત્મ આ

ક્યમ કરે અલંકાર, ગીતના
સ્વર ન છૂટતા અમૃતે છલ્યા. (૫૬)

*



જલધિ શુકલપક્ષે સુધાંશુના
સરસ સૂક્ષ્મ સંસ્પર્શથી લહી
પરમચેતના નૃત્ય આદરે
તરલ તુંગ ઉ-તુંગ આત્મની

અકળ ગૂઢ ભાવોર્મિથી ભર્યાં
જગવતો, હવે કૃષ્ણપક્ષમાં
કરુણતાતણી મૂર્તિશો બની
હૃદયમાં રહ્યો વેદના વણી.

હૃદય એમ ને રોમરોમ આ
નિજ અનેકધા ઊર્મિઓ લઈ
મધુ મહોત્સવો માણતું સદા
મિલથી મહા રાઘવેન્દ્રના
વિરહમાં બની વ્યગ્ર છે ગયું,
સુખ સમસ્ત છે એહનું ટળ્યું. (૭૦)

ગિરિવરો ઘડી પ્રીત મોહ ને
જલદ સાથ વર્ષર્તુમાં કરી
અવનવા પ્રવાહે પ્રસન્નતા
ઉરતણી ભરી અન્યને ધરી

અતિકૃતાર્થ જેવા નિહાળતા
ગગનને પુરા પ્રેમથી બધા

જલદ વૃષ્ટિકેરા વિયોગમાં
અચળ લીન લાગે સમાધિમાં.
અસર સ્નેહથી સ્થૂળ વસ્તુઓ-
પર પડે સદા સૂક્ષ્મ એહવી

મનુજપે પડે કેમ તો નહીં
વિમળ ચિત્તના ભાવથી ભર્યા,
વિરહમાં મળે કેમ એહને
સુખ, પ્રસન્નતા કે કૃતાર્થતા ? (૮૪)

વચન જાનકીનાં સુણી બધાં
કરુણ શાંત મંદોદરી વદી,
ગગનમાં હજી ટોળલે મળે
જલદ નૃત્ય માંડે વળી કદી

સુખમયી છટા ઈન્દ્રચાપની
પ્રકટતી રસે ચિત્તને હરી,
વરસતાં સુધાબિંદુ સ્વલ્પ તો
વરસશે સુધાધાર યે વળી.

જલધિચંદ્રની પ્રીત ના મટે
રસ ભલે વધે કે કદી ઘટે
મિલન થાય ના થાય તોય આ
જલધિ ઝંખતો લાગણી વડે;



વિરહની વ્યથાથી જ ધૈર્યથી
ગગન આખરે ચંદ્રને ઘડે.
દિવસરાત ફેરા સદા ફરે,
વિરહની વ્યથા એમની ફળે,

રવિશશીતણો વસ્લ વ્યોમને
નિત નવો થતો, સંધિકાઉષા
યુગયુગોથકી રાસ ખેલતાં,
અચળ ના કશું કાળચક્રમાં,

શરદગ્રીષ્મ મીઠી વસંતના
ક્રમિક ખેલ વર્ષર્તુના થતા.
વિરહ એમ ક્યાં છે સનાતન,
મિલનની મળે માધુરી ક્ષણ

મનુજને સદા જિંદગીમહીં;
સરિત શુષ્ક ગ્રીષ્મે પયોદની
પુનિત પ્રીતકેરા પ્રસાદથી
અવનવી પુનઃ પુષ્ટિ પામતી. (૧૧૨)

કમળ સૂર્યસંસ્પર્શથી બને
પ્રકટ શીઘ્ર ધારી પ્રફુલ્લતા
રસ નવીન રેલે નિહાળતાં
નિજ કૃતજ્ઞાતાપૂર્ણ પ્રાણથી;

ભ્રમર કેલિ પાછા રહે કરી
ક્ષણિકશી ઉદાસીનતા તજી
પરમ તૃપ્તિના ગીતગુંજને
હૃદય રાગરંગાયલું ધરી.

હૃદય એમ બીડાયલું રહે
નવ સદાય માટે, નવા રસે
સભર થાય ચૈતન્ય પામતાં
પ્રિયજનોતણા સ્વાદુ સંગથી;

પરમ તૃપ્તિનાં ગીતગુંજનો
વિકળ પ્રાણમાં જાગતાં ફરી.
જલદ ઘોર વર્ષર્તુમાં નભે
તિમિરનાં નવાં તાંડવો રચે, (૧૨૮)

પવન તીવ્ર ફૂંકાય, વીજળી
અભિનયો કરી ચિત્તને હરે,
પ્રખર તાપથી તપ્ત ભૂમિની
પ્રણયની પિપાસા નિહાળતાં

ગડગડાટ સાથે કદી દદી
મધુરવો રહે મેહુલો ઢળી.
સકળ એમ વર્ષર્તુ જિંદગી
કરુણ આપણી અભ્ર ઘોર ત્યાં



અવનવીન આપત્તિનાં મળે,
પવન પીડના, વિદ્યુતો રમે
કટુ વિષાદની તીવ્ર તાપની,
પણ કદીક વર્ષી રહે અમી. (૧૪૦)

વિરહ રામતણો વસમો મને
અતિ અસહ્ય ખરેખર લાગતો,
નવ કદી નિરખ્યા મધુ રામને
તદપિ આતુર પૂરણકામને

હૃદય છે મળવા મુજ આ થયું
અણુ અને પરમાણુ રસેભર્યું
મિલનકાજ પિપાસુ વળી બન્યું,
સમજતું સમજાવટથી નહીં
ધૃતિવિવેકતણું ન કરે કહ્યું

અકળ ગૂઢ વ્યથા દિલને દહી
દિવસરાત બધા બળથી રહી,
શ્રવણ રાગ મહા જગવી ગયું.
વિરહ તો તુજને કટુ કેટલો
વધુ હશે વસમો વિષ જેટલો ?

મિલનકાજ મનોરથ માહરું
મન નિરંતર મુગ્ધ બની કરે,

વિવિધ નૂતન અંતર ભાવને
પ્રતિપળે મુજ જીવનમાં ભરે,
પ્રણયના શુચિ સ્વાદુ સરોદથી
સ્તવન આત્મ અખંડ કરે સદા

નવ મળ્યું હજુ દર્શનભાગ્ય તો-
પણ ભજે મન રામપદે મળે.
હૃદય તો મુજ રામપદે ધરી
સતત તેમજ રામતણી બની

સુખ સનાતન તેં મધુ મેળવ્યું
નવ તને ક્યમ થાય પછી વ્યથા.
મિલનકાજ મનોરથને કરી
ઉર કહે નવ કાં કરુણાકથા ? (૧૬૮)

*

ગડગડાટ શમે જલદોતણા
પવનતાંડવ શાંત બધાં બને,
નવ પછી ચપલા ચમકે નભે,
તિમિરના થર ગાઢ દિગંતમાં

નવ મળે, ધરતી ધૃતિથી ભરી
ગગનને રસસાર્થ નિહાળતાં
નિત સમાધિમહીં લવલીનશી
પરમધન્ય બને વિપદા ટળ્યે,



સુખછલી શરદર્તુતણો તને
પણ અમોઘ સમાગમ સાંપડ્યે
વિરહના કૃતકૃત્ય થઈ જશે
દિવસ આ ગગડાટ જશે શમી;
જલધિ દુસ્તર દર્દતણો તરી
મધુ તટે રસના રહેશે રમી. (૧૮૨)

*

તરત ત્યાં ત્રિજટા શરદર્તુશી
રસમયી હરખેભર આવતાં
સુખદ સુંદર શબ્દ વદી, કરી
જલધિ પાર મનોરમ સેતુથી

તટ પરે નિજ સૈન્ય સમેત શ્રી
રઘુવરે ઉતરાણ મહા કર્યું
ખબર એ સઘળી મુજ દૂતિકા-
તરફથી અધુના જ મને મળી.

હૃદય એ સુણી જાનકીતણું
થનગની રહ્યું હર્ષથી ભર્યું,
સુખ મહાન મંદોદરીતણા
શ્રવણને અને આત્મને મળ્યું,

નયન ઊભરાયાં જલે જરી,
વિરહવેદના બે ઘડી મરી. (૧૯૬)

ગગનમાં થઈ ઘોર ગર્જના
તરત એ ક્ષણે વીજળી ફરી
તિમિરના થરો તીક્ષ્ણ ભેદતાં
રસમયી મહી નર્તનો કરી,

અનિલ છોડતાં ધૈર્યબંધને
ત્વરિત વેગથી પૂર્ણ વિશ્વને
ભરખવા થયો છેક તત્પર,
અવનવી બની એ બધી પળ.

પળ પરંતુ અંતે વિલીન એ
ઉદરમાં બની કાળદેવના,
ગગન સ્વચ્છ પાછું થયું, શમ્યાં
વિવિધ તાંડવો, શાંત ને ધરા

સકળ આ બની સૂર્યદેવતા
સ્મિત રહ્યા કરી પ્રેરણા ધરી.
ખબર શ્રેષ્ઠ આ સાંભળી મને
પરમહર્ષની લાગણી થઈ,

વચન જાનકી ભાવથી ભર્યાં
ક્ષણ પછી રહી શાંતિથી વદી,
મન થયું પુરસ્કાર આપવા
પણ નથી કશું પાસ માહરી,



ઉપકૃતા કરી છે ખરે મને
સુખદ છાંય સંતપ્તને ધરી.
પરમ એ પુરસ્કાર સાંપડ્યો
અવનવીન માનીશ હું તદા,
વિલય પામશે આકરી વ્યથા
મધુર મુક્તિસંગીતના સ્વરે,
તરત શબ્દ ત્રિજટા વદી અહા !(૨૨૪)

વચન મુગ્ધ મંદોદરીતણા
મુખથકી પછી નીકળી રહ્યાં,
જલધિને કર્યો પાર જેમણે
મનુજ હોય સામાન્ય કેમ એ;

જલધિ વેદનાનોય પાર એ
રમતમાં કરી રામ કાપશે
સકળ કષ્ટ તારાં તમિસ્રમાં
પુનિત પ્રેમની પાથરી પ્રભા.

અસત નિત્ય ના, સત્ય શાશ્વત,
અસતનો સદાયે પરાજ્ય
જગતમાં થતો, નીતિનાં બળો-
અનૃતનાં નહીં, ના અધર્મનાં,
પરમ ધર્મનાં પામતાં જય
સકળ મર્મ સદ્ ગ્રંથમાં કહ્યો. (૨૩૮)

## ૩૨. અંગદ અને રાવણ

સેતુ રચનાના બધાયે સમાચાર સુણી
વદ્યો રાવણ અંહકારે અટ્ટહાસ્ય કરી,
સેતુના નિર્માણથી શો શ્રેષ્ઠ હેતુ સર્યો
એહનો પરિશ્રમ બધોયે ખરે વ્યર્થ ગયો;

વિધાતાએ એહને અવળી ધરી બુદ્ધિ
એટલે એ કરી બેઠો ઘોર દુસ્સાહસ,
મૃત્યુના મુખમાં જવા આતુર વિશેષ થયો
વિપથગામી થઈ બેઠો મૂઢ ભ્રમણાવશ.

સેતુરચનાથી જ કાંઈ વિજય ના મળતો
યુદ્ધમાં મહિમા મનાયે વધારે બળનો,
સમુદ્ર કર્યો પાર તેથી શૂરતા શાની,
વિહંગો ને પાર કરતાં કેટલાં પ્રાણી.

યુદ્ધ જો એને હશે બનતાં હઠી કરવું
અકાળે જ નિમિત્ત મુજને કરીને મરવું
તો ભલે કરતો અને મરતો પરંતુ મળી
જાનકીને ના જ શકશે કદી કાળ ફરી.

ભય નથી મુજને જગતમાં દેવદાનવનો
માનવીનો મૃત્યુનો, મહિમા મહાતપનો



સર્વશ્રેષ્ઠ કરી રહ્યો મુજને ત્રિલોકમહીં,
રામ મારી કરે સમતા સ્વપ્નમાં ય નહીં. (૨૦)

સેતુનું નિર્માણ એણે કરી સાગરને
પાર કીધો કિન્તુ કોઈ સેતુ વિણ એને
મેં અનાયાસે જ ઓળંગ્યો અનેકોવાર,
કોણ અધિક બલી કરી લે હવે તું જ વિચાર.

સૂર્ય મુજને માન તો તારક સમજ એને
મને ગણ ગિરિમાળ તો એને શિલા કેમે,
સિંધુ જો હું બિંદુ તો એકાદ બસ એ તો,
વાદ્ય ગીતિ ભરેલ હું, એ અલ્પ સ્વર એનો.

પ્રશંસા મિથ્યા કરે છે એહની ભારી
હોત કિન્તુ જો જરાપણ એહમાં પાણી
હરણ તો સીતાતણું એ થવા દેત નહીં,
આટલા દિવસો વિરહમાં શકત ના જ રહી.

ભીતિ સ્વાભાવિક જ સ્ત્રીમાં હોય છે સાચે,
મોહમમતાથી થઈને વિવશ એ નાચે,
તુ નથી અપવાદ એમાં ખરેખર તિલમાત્ર,
એટલે ભયભીત છે તારાં બધાયે ગાત્ર.

નથી જાણ્યો પૂર્ણ તેં મહિમા હજી મારો,
બન્યો પ્રિયતમ પુણ્યયોગે અનેરા તારો
એટલે ના મૂલ્ય મારું ખરેખર જાણે,
રામનો મહિમા ધરે છે સદાયે ધ્યાને. (૪૦)

છેક છે સામાન્ય માનવ રામ તો કેવળ
તોય જગમાં એ જ જાણે હોય ના એકલ
પ્રશંસા એવી જ રીતે કરે તું એની
થઈને વ્યભિચારભાવે શત્રુની પ્રેમી,



ઘોર એ અજ્ઞાન તારું મને તો લાગે,
પ્રભાકર પ્રજ્ઞા તણો ના જીવને જાગે
ત્યાં સુધી આવી જ રીતે ભ્રાંત-ચિત્ત બની
વેદનાને રહે માનવ સદા વ્યર્થ વણી.

મહાપંડિત નથી કોઈ મુજ સમો જગમાં,
વહે છે આરાધનાનું રક્ત મુજ રગમાં,
કૃપાપાત્ર બની ગયો હું આશુતોષ તણો,
પહેલાં કરતાં બન્યો બળવાન પ્રાજ્ઞ ઘણો.

તપસ્વી છે કોણ મારા સમો સંસારે,
ડરે છે મારા થકી દુર્બળ બની કાળે,
રામની કૈં ના વિસાત જણાય મુજ પાસે,
છતાંયે એણે રચ્યો છે સેતુ અભિલાષે.

અર્થ એનો એમ કે એને હવે જીવન-
ની નથી મમતા ભમે છે એકમાત્ર મરણ
એહના મસ્તક ઉપર; તો ભલે એ આવે,
લક્ષ યત્ને પણ સમરમાંહી નહીં ફાવે. (૬૦)

*

સુણીને વચનો વદી મંદોદરી
કાળજા કેરી બધી કરુણા ભરી:
અગ્નિજ્વાળા ઘોર છે જાગી ગઈ
ભક્ષવાને ઘર બધું વ્યાપી રહી.

સલામત તોયે તમે માની રહ્યા
તમોને; પવનો બધા છૂટા થયા
પ્રલયના તાંડવ રહ્યા તીખાં કરી,
વિપત્તિની ઘોર ચમકે વીજળી,

ઘન કરે છે ગર્જના મસ્તક ઉપર,
વ્યાપતો અંધાર સૃષ્ટિનો સકળ,
વરસતી વિપરીતતા-વર્ષા વળી
ધૈર્ય ના ધારે ધરિત્રીયે જરી;

કાળદૂત સમા તરંગો ઊછળે
રમે ચોપાસે મહોત્સવ ઊજવે
આભને અડવા મથે ને ભોમને
ભેટવાને પ્રમત્ત બની અબ્ધિયે;

મધ્યમાં તેની તમે આવી પડ્યા,
કર્મ સૌ તમને તમારાં છે નડ્યાં,
તોય નિર્ભયતા ધરી બેઠા તમે,
ભ્રાંતિ લાગે છે તમારી એ મને. (૮૦)

પ્રલયના તોફાનમાં નૌકાતણું
શું ગજું, બળ હોય નાવિકમાં ઘણું
તોય તે ડૂબે પ્રવાસી સાથમાં,
સિંધુ સૌને સમાવી લે બાથમાં.

સર્વનાશતણા ભયંકર સિંધુમાં
ડૂબશે જીવન તમારું તેમ આ
રામની સાથે વિરોધ કરી લડી,
ખબર ના તમને ભલે એની પડી

કિન્તુ આશંકા મને એની થતી
એટલે જાગ્રત કરી તમને રહી,
અવિદ્યાથી અંધ અંતરમાં છતાં
પ્રકટતો ન પ્રકાશ પ્રજ્ઞાનો જરી.

સૂર્ય આગળ શક્તિ શી ખદ્યોતની,
સિંહ પાસે શશ તણી ગુંજાતણી
તેમ ગિરિવર પાસ હોય વિસાત શી
રત્ન આગળ સ્થૂલ કોઈ કાચની,



કનક પાસે મૂલ્ય કૈં ન કથીરનું,
સિંધુ આગળ ક્ષુદ્ર જલના બિંદુનું,
મહામૌક્તિક પાસ કોઈ છીપનું,
શિવ સમક્ષ વિકારવશ કે જીવનું.

રામનો મહિમા તમારાથી વધે
અનંતગણો એમ, દેવો સૌ મળે
તોય સમતા રામની ન શકે કરી,
બુદ્ધિશક્તિ અનેરી છે એમની,

તમે પંડિત છો છતાં ના જાણતા,
રામની છો ના જરીય વિસાતમાં.
ભ્રાંત-ચિત્ત તમે જ અજ્ઞાને બન્યા,
અહંભાવે વિપથગામી ને થયા.

એટલે તો તેજને તમ માનતા,
અસત્યમહીં સત્યને ન પ્રમાણતા.
વેદબ્રહ્મ કહી સ્તવે જેને સદા,
વિવિધ દર્શન વર્ણવે યોગી મહા

ધ્યાન જેનું ધરે નિષ્ઠાથી અચળ,
ભક્ત જેને સેવતા સાચા સકળ;
ચરાચરમાં વ્યાપ્ત જે વિભુ છે કહ્યા,
વિશ્વના પરિત્રાણ માટે નીતિની

પ્રતિષ્ઠા કરવા મનુષ્યશરીરને
કરી ધારણ પ્રકટ એ રામે થયા.
હજી મહિમા એમનો જાણો તમે
ભક્ત જ્ઞાની જેમને તપસી નમે,

સમાધિમહીં સિદ્ધ મુનિજન જેમના
દર્શન થકી પરમ રસ માંહી રમે.
પાર સાગરને કર્યો કૈં વાર છો
કિન્તુ મોહિત મોહસાગરથી થઈ

પડ્યા એમાં ડૂબવા લાગ્યા હવે
વિવશ તેમજ દીન છેક બની જઈ;
મોહના એ મત્ત સાગરને તરો,
શ્રેય જીવનનું સદા કાજે કરો,

પ્રાર્થના છે એટલી મારી પ્રબળ,
યશ તમારો રહે અવનીમાં અચળ.
નથી હું ભયભીત થોડી યે થઈ
કિન્તુ કરતાં કલ્પના ભવિતવ્યની

સુરક્ષિત કરવા સદા તમને ચહું,
પ્રથમથી કલ્યાણની જ કથા કહું.
વધારે વીતે વખત વ્યામોહમાં
એ પહેલાં શબ્દ મારા સાંભળો



અનુસરો ને એમને હર્ષે હજી
લહો આદરમાન અમૃતપાન તોં.
નાથ, ઘોર ગુમાનમાં પ્રાણી પડી
મોહની દુર્ગંધમાં અથવા સડી

સર્વનાશ જ નોતરે હાથે કરી
પ્રકાશ છતાં અંધકારમહીં મરી.
સલિલની વચ્ચે પિપાસા વેઠતા
છાંય શીળી વૃક્ષ મધુરાં રેલતાં

તપે તાપ મહીં છતાં જે માનવી
એમની પ્રજ્ઞા પરમ ના જાણવી.
કહ્યું લંકેશે બધે વખતે મને
આપતી ઉપદેશ તું મિથ્યાપણે

હિત મહારું જાણતો પરિપૂર્ણ હું
પ્રલાપ છતાંયે કરે દિનરાત શું ?
રોષથી એ ગયો રાજ્યસભામહીં
શબ્દ એવા કૈંક ક્રોધભર્યા કહી,

ભાવિના કરુણાપ્રધાન વિચારથી
જલ રહ્યું મંદોદરી આંખે વહી.
વિરંચીયે ના શકે ભવિતવ્યને
કદી પલટાવી, મનુજની બુદ્ધિને

કર્મ એનાં સદા અનુપ્રાણિત કરે,
ભાવના અનુકૂળ અંતરમાં ભરે.

*

શાંત રાજ્યસભામહીં આવી
અંગદે સવિનય સપ્રેમ કહ્યું,
સૈન્ય શ્રી રઘુનાથનું સાગર-
તટ પરે એકત્ર સર્વ થયું,

એમનો સામાન્ય સેવક હું
એમના આદેશથી આવ્યો,
તમારી પાસે પ્રથમ આજે
અવનવા સંદેશને લાવ્યો.

તમે સીતાનું હરણ કીધું
કપટપૂર્વક નીતિને ત્યાગી
તે દિવસથી નાશની વીણા
તમારા જીવનમહીં વાગી. (૧૭૦)

બીજ વાવીને અશાંતિતણું
શાંતિની આશા કદી રાખે,
પથ પતનનો પ્રેમથી પકડી
વચન અભ્યુત્થાનનાં ભાખે,

ઝેર જગવીને અમૃત ચાહે
તમિસ્ત્ર ભજી તેજ આકાંક્ષા-



નું કરે સેવન સદાયે જે,
કેમ પામે સફળતા નર તે ?

સૂર્યની સન્મુખ જઈ ઝંખે
મેળવે તે કેમ શીતળતા ?
શશાંક થકી થઈ કેમ શકે
વિઘાતક વહ્નિતણી વર્ષા ?

તમે પંડિત છો છતાં ભૂલ્યા
ખરે વખતે પંથ પંડિતનો,
ભેદ ન શક્યા નૃપતિ તોય કરી
કુસુમ તેમજ કિલષ્ટ કંટકનો,

ત્યાજ્યનો કે ગ્રાહ્યનો મંગલ
અમંગલનો શુભાશુભ કેરો
સત્ય તેમ અસત્યનો, મિથ્યા
કર્યો જીવનનો બધો ફેરો. (૧૯૦)

હજી સમજો જાનકી ત્યાગો
ક્ષમા સૌ અપરાધની માગો,
રામ શ્રેષ્ઠ મહામના માની
મિત્ર તમને સ્વજનશા જાણી

કરી દેશે ખરેખર નિર્ભય,
વિશેષ કરો ના વખતનો વ્યય.

રામ પ્રજ્ઞાવાન ગુણના ધામ છે
અસાધારણ પૂર્ણ કે કૃતકામ છે,
શક્તિ લોકોત્તર અનેરી એમની,
માનવોત્તમ રત્ન એ સંસારની

અનોખી શોભા સમા, મૌક્તિકશા
મહામંડલના વિરલ આપવાદ એ
આપણી અવનીતણા પુરૂષોત્તમ
જેમને સેવે મહાયોગીગણ.

તમે પણ અજ્ઞાનને છોડી
વાસનાના પાશને તોડી
શ્રેય સાધન સારૂ સેવો એમને
સ્નેહસૂત્રે જિંદગી જોડી.

એજ જીવનની સફળતાનો
અસરકારક રાજમાર્ગ કહ્યો
તમે તેને ત્યાગતાં મોહે
મગ્ન બનતાં મલિન માર્ગ ગ્રહ્યો.

માનશો જો ના વિવેક થકી
યુદ્ધની તો હશે માત્ર વકી,
યુદ્ધ ના મંગલ થશે કો’દી,
ડગમગે છે તમારી હોડી



તે મહાસાગર મહીં ડૂબી
જશે એથી, વીચિમાળ રહી
નિહાળો ના નિહાળો તોયે,
વિનાશતણી બધેયે દોડી. (૨૨૦)

વદ્યો રાવણ રોષથી રાતો બની,
કળા વાણિની તને સહેજે વરી,
કર્યો તેં ઉપદેશ મુજને મોહથી
અવિદ્યાને અંતરાત્મમહીં વણી,

શિશુક શો પણ વાત વૃદ્ધ સમી કરી
બુદ્ધિ તારી વિધાતાએ છે હરી
એટલે જ પ્રલાપ તેં આવા કર્યા,
દુર્વિચારો મલિન મનમાંહી ભર્યા.

રામ પ્રજ્ઞાવાન ગુણના ધામ હો,
અસાધારણ પૂર્ણ કે કૃતકામ હો,
શક્તિ લોકોત્તર વળી હો એમની,
માનવોત્તમ રત્ન એ સંસારની

અનોખી શોભા સમા, મૌક્તિકશા
મહીમંડળના, વિરલ અપવાદ હો
આપણી અવનીતણા પુરૂષોત્તમ,
એમને સેવે મહા યોગીજન,

તો બની આસક્ત સીતામાં કરી
પાર સાગરને અહીં આવ્યા ક્યમ ?

ક્ષુદ્ર વિષયાસક્ત એ તો માનવી,
આત્મ એનો આવર્યો અજ્ઞાનથી,
વાસનાની ગ્રંથિથી બંધાયલો,
મિત્રતા એની વિનાશક જાણવી.

સર્વગુણસંપન્ન માનવ વિશ્વમાં
વર્તમાનમહીં વળી સૌ કાળમાં
સર્વસ્થળમાં એક માત્ર મને ગણે
દેવદાનવ માનવી તેમજ મહા.



પરમ પ્રજ્ઞાવાન ગુણભંડાર હું
અસાધારણ પૂર્ણ કે કૃતકામ છું,
શક્તિ લોકોત્તર વિરલ મારી બધી,
માનવોત્તમ રત્ન હું સંસારની

અનેરી શોભાસમો, મૌક્તિક શો
મહીંમંડળનો જ ના- બ્રહ્માંડનો,
રામ જેવા માનવીનું મૂલ્ય શું
મને સેવે યક્ષને કિન્નરગણો.

નથી ડરતો લેશ હું સંગ્રામથી,
સુશોભિત છું અવનવા સામર્થ્યથી.

યુદ્ધ તો મેં આજલગ કૈંયે કર્યાં,
મદ અનેક મહારથી કેરા હર્યાં,

નવાઈ ના લાગતી એની મને
કાળ લડવા આવતો ભૂલે ભલે,
પ્રરાક્રમ પ્રખ્યાત છે મારૂં પ્રબળ,
હલાવ્યો કૈલાસ પર્વતને પ્રખર

અનાયાસે એ થકી ક્ષણમાં જ મેં,
ડરે મારાથી સદા ચર ને અચર
તને દુર્બળ તેમ તારા રામને
પ્રતાપ તણી ના પડી પૂરી ખબર.

નથી સાગર ક્ષુબ્ધ કે ક્ષણમાં બનું,
રામને તો જંતુના જેવો ગણું,
હોય જીવન એહને પ્રિય એહનું,
નામ ના લેતો કદી સંગ્રામનું. (૨૭૦)

એટલો સંદેશ એને આપજે,
શ્રેય સ્વામીનું સદાયે તાકજે,
અને જો તારે તહારા નાથને
હોય મરવું અકાળે સંગ્રામને

છેડવાનાં સ્વપ્ન તો સેવો ભલે,
જ્વાળમાં સર્વસ્વ એનું છો જલે.

અટ્ટહાસ્ય કર્યું કઠોર દશાનને
વદ્યો અંગદ એ સુણી મધુરામુખે,
કરે પોતાની પ્રશંસા પ્રાજ્ઞ ના,
વગાડે ના વાદ્ય અતિ ગુણગાનનાં,

પ્રશંસાને પાત્ર માનવ હોય ના
પ્રશંસક પણ મળે એને કોય ના
પ્રશંસા પોતાતણી ત્યારે કરે
પ્રલાપ કરે મૂર્ખ જ્યમ મોટા સ્વરે.

પરાક્રમ તારું ભલે તેં વર્ણવ્યું,
પૂર્ણ એ પ્રખ્યાત પૃથ્વીમાં થયું,
મળ્યો જે નરવીરનો પરચો તને
હરાવ્યો જેણે તને સહેજે રણે

બાથમાં ભીડ્યો તને કંદૂક શો
પ્રાર્થનાથી આખરે છૂટો કર્યો
પુત્ર હું મહાવીર એ વાલી તણો,
જાણજે આ અલ્પ પરિચયને ઘણો.

ગયો તું પાતાળ લોકે જીતવા
ફૂંકતાં બણગાં અલૌકિક વીર્યનાં
બદ્ધ તુજને બનાવ્યો બલિએ તદા
ધરી મુક્તિ કૃપા કરતાં એકદા;



સહસ્ત્રાર્જુનને નિહાળીને ડર્યો
નાસવા લાગ્યો તરત નિર્વીર્યશો
ગયો એ ત્યારે તને પકડી ભવન
પુલત્સ્ય તણું થયું જ્યારે આગમન

જિંદગી તારી તદા ઉગરી ગઈ,
કથા એ હજુયે પુરાતન ના થઈ.
એ જ તું કે દશાનન બીજો હતો ?
ભાવ લજ્જાનો તને ન જરી થતો,

મહાપંડિત તું કહેવાયે છતાં
આત્મશ્લાઘામાં સદા સરકી જતો.
સર્વગુણ સંપન્ન માનવ વિશ્વમાં
વર્તમાન મહીં વળી સૌ કાળમાં

સર્વસ્થળમાં એક માત્ર તને ગણે
મૂઢજન ના કિન્તુ પ્રાજ્ઞ કદી બને.
પરમ પ્રજ્ઞાવાન ગુણભંડાર તું
જીવતો જીવન વળી કૃતકામનું

શક્તિ લોકોત્તર વિરલ તારી બધી,
માનવોત્તર રત્ન તું સંસારની.
અનોખી શોભા સમો, મૌક્તિક શો
મહીમંડળનો જ ના - બ્રહ્માંડનો,

એટલે તો વિપથગામી છે થયો,
આટલો આસક્ત પરનારે બન્યો.
પરાક્રમ તારું વિરલ એ છે ખરે;
કરી વર્ષા કૃપાની તારા પરે

જેમણે વરદાન આપ્યાં કૈં તને
એમના કૈલાસને તારા બળે
જન્મજાત કૃતજ્ઞતા દર્શાવવા
ગયો સત્વર મૂઢ જેમ ઉપાડવા.



પ્રાણ શંકર લેત એ તારો હરી
દેત ભસ્મીભૂત કે તુજને કરી,
આશુતોષ કૃપાનિધાન પરંતુ એ
શાંત રાખી વિષમ સમયે ચિત્તને

દંડ દેવાને થયા તૈયાર ના,
માનતો એથી તને બળવાનમાં,
ઘમંડ બધો જાત નહિ તો ઓગળી
એ દિને તું જાત નરક મહીં મળી.

નરાધમ તારા સમો કોઈ નથી
નિહાળ્યો મેં સત્ય વાત રહ્યો કથી,
અહર્નિશ અટવાય જે અંધારમાં
તોય પૂર્ણ પ્રકાશ પામ્યાનો કરે

દંભમય દાવો, પ્રમત્ત બની ફરે;
રાત જે દિનને ગણે દિન રાતને
સવાર વળી સાંજ, સાંજ સવારને,
સુધા સોમલને કહે દુઃખને સુખ

મુક્તિને બંધન વિમુક્તિને બંધને,
જન્મ ને મૃત્યુ મરણને જન્મને.
નષ્ટ તુજને કરીને અધુના જ હું
સંગ સીતાને સહર્ષ લઈ જઉં

એટલું સામર્થ્ય મારામાં રહ્યું
કિન્તુ રઘુનાથે નથી એવું કહ્યું,
દૂતધર્મ જ પાળવાને મોકલ્યો
એટલે બેઠો બની લાચાર શો

કિન્તુ નિસ્સંશય સમજજે રામના
પડીને ઉગરી શકીશ ન હાથમાં,
અમારી સેના મહીં અગણિત મહા
વીર યોદ્ધા છે કૃતાંત સમા અહા

અનાયાસે જે તને મૃત્યુ તણા
મુખમહીં હોમી શકે ક્ષણવારમાં.
તો પછી શ્રી રામના સામર્થ્યનું
કયા શબ્દોમાં કહે વર્ણન કરું

કેમ માપું ધરિત્રી કે વ્યોમને
સિંધુને કે બાથમાં ક્યાંથી ભરું ?
સૂર્ય એ તો કિરણ તું સામાન્ય શું,
બ્રહ્મ એ તું ક્ષુદ્ર છે માનવપશુ.

દશાનન સક્રોધ એ બોલ્યો
સુણીને વિપરીત સૌ વચનો,
દૂત છે તું એટલે તુજને
કઠોર નથી દંડ કૈં કરતો,

ધર્મ કેરા મર્મને જાણું,
નીતિના સિદ્ધાંતને પાળું,
જન્મ આ જગમાં લઈને મેં
કર્યાં છે સત્કર્મ મુક્ત મને.

ધડ અલગ નહિ તો કરત તારું
એક ક્ષણમાં શીશથી સારું.
વદ્યો અંગદ, આટલે વખતે
ખબર મુજને પ્રથમવાર પડી

ધર્મના કે મર્મને જાણે
નીતિનો સિદ્ધાંત તું પાળે,
જન્મ આ જગમાં લઈને તેં
કર્યાં કે સત્કર્મ મુક્ત મને,



સદાચારી કુશળ ધર્મ મહીં
અધિક તુજથી ગુણી અન્ય નહીં
એટલે તો કુદ્રષ્ટિ કરતાં
અન્યની અર્ધાંગિની હરતાં

તને ન થયો સહજ પણ સંકોચ,
સ્વલ્પ ના આજે પણ થતો શોક.
દૂત સાથે લેશ દુર્વ્યવહાર
ના શકે તું કદી કાળ કરી,

અતિથિના સત્કારની શિક્ષા
વારસામાં તને શ્રેષ્ઠ મળી;
એટલે તો પવનસુત કેરા
શરીરે વીંટી વસન ચાંપી

આગ તેં પ્રતિશોધ વૃત્તિથી
નીતિની મર્યાદને સ્થાપી.
થઈ પૂર્ણ પ્રતીતિ તે દિવસે
સુજનતા કે શીલની તારી;

વેશ લીધો પુરા પંચવટી-
મહીં તેં તાપસ તણો ભારી,
શ્યાલશો ભયભીત આશ્રમમાં
પ્રવેશ્યો એકાંતને ભાળી.

સ્તેન પગલે જાનકી સાથે
શીઘ્ર નાઠો વ્યોમની વાટે
પરાક્રમ પ્રખ્યાત તે તારૂં.
ગવાશે યુગ યુગ સુધી ન્યારૂં. (૪૦૦)

પ્રસંગો એવા અનેક તને
આવતા અભિરામ યાદ હશે
ગૌરવાન્વિત જે થકી બનતાં
શ્વાસ લે તું સદા વિશ્વ વિશે.

રામ એવા વીર્યવાન નથી
તોય બનશે જો હજીય હઠી
ગ્રાસ કરશે કાળનો તુજને
નિમીષમહીં કથા સત્ય કથી.

થાય કરુણા તુજ ઉપર આજે
કિન્તુ તું વિદ્વાન ના લાજે,
સમય છે હજુ યે સુધરવાનો
સુધર તો બનતાં અધિક શાણો.

પછી વેળા વીતશે સઘળી
સુરક્ષા બનશે બધી અધરી,
હિતેચ્છુ મારા અને શ્રીરામ-
સમા સાંપડશે નહીં નિષ્કામ.



હોય હાથે કરીને પડવું
ઘોર કૂપે તો નહીં કોઈ
કદી અટકાવી તને શકશે,
રહેશે લંકા સકળ રોઈ. (૪૨૦)

કંપવા લાગ્યો દશાનન ક્રોધથી ભારે,
હોઠ ભીડાયા, પ્રલયની ભયંકર જ્વાળે,
થયાં લોચન લાલ એનાં, રોમ રોમ મહીં
વાયુ વિષમય એક સાથે રહ્યા તીવ્ર વહી.

હોઠ ફફડ્યા, પ્રાણ પાવકમાં પરમ પ્રજળ્યો
તરત બોલ્યો, દુષ્ટ ! જે સંવાદ આ સઘળો
શ્રવણ કરશે જાણશે એ અજ્ઞતા તારી.
મહત્તા તેમજ અનિર્વચનીયશી મારી.

રામના ગુણગાનની છે પડી ટેવ તને
કિન્તુ ઓળખતો નથી ગુણના નિધાન મને,
ક્ષીર સિંધુતણો કરીને એટલે પરિત્યાગ
કરી બેઠો ક્ષુદ્ર શુષ્ક તડાગ કેરો રાગ.

પિતૃપ્રેમ થકી રહિત તું વિવેકાંધ બન્યો
એટલે તો વાલિનો સંહાર કપટ થકી
બાણ મારી ગુપ્તતાથી કર્યો જેણે તે
નરાધમનો દૂતસેવક ભક્તશ્રેષ્ઠ થયો.

યુદ્ધ એની સાથ કરવાનું ગયો ભૂલી
સ્વાર્થ સત્તાલાલસાથી રહ્યો છે ફૂલી

બુદ્ધિ છેક જ અલ્પ તારી ભ્રાંતિથી ભરપુર,
વદન પર નયનો મહીં દીસે જરી ના નૂર;
અપેક્ષા રાખું અધિક શી અન્ય તારી પાસ ?
સમીપે આવ્યો જણાયે મને તારો નાશ

અંતકાળ તણા પ્રલાપો તે સમસ્ત કર્યા,
શુભ ગ્રહો જીવનતણા તારા બધાય ફર્યા,
ચિત્ત દૂષિત થયું તેથી વિવેકથકી હીન,
ભાગ્ય તારું ખરે દીસે આજ મુજને દીન.

જો હવે પરચો પરાક્રમનો પ્રબળ મારો,
અરે સેવકગણ તરત આ દુષ્ટને બાંધો
બંધને સુદ્રઢ અને જ્વાળા જગાવીને
જલાવી દો દંડ દેતાં એહને ન્યારો. (૪૫૦)

વધ્યો અંગદ આજ તારી નીતિમત્તાને
આજ તારા પરાક્રમની પરાકાષ્ઠા કે
અધમતા તારી ત્રિભુવને ખ્યાત ખૂબ થઈ
એહનો પ્રતિઘોષ પાડ્યો અહંકાર મહીં ?

ધર્મની વાતો કરી તેં કર્યા નીતિ તણા
પ્રલાપો તે ખરેખર કેવળ પ્રલાપ રહ્યા,



અનુસરણ ના એમનું તેં સ્વપ્નમાંય કર્યું,
તિમિર જીવનમાં પળેપળ અધિક ગાઢ ભર્યું.

સૈનિકો તૂટી પડ્યા અંગદ ઉપર ક્રોધે
કિન્તુ ટકતાં તૃણ નહીં બળવાન જળધોધે
ટકી તેમ શક્યા નહીં, સર્વે વિનષ્ટ થયા,
કુપિત કાળે ના બતાવી લેશમાત્ર દયા

પદાઘાતે ધરા ધ્રુજી વીર અંગદના
ડોલવા લાગ્યું સિંહાસન એક બે ક્ષણમાં
સમીરો છૂટ્યા પ્રલયના સમયના જાણે
વહ્નિને વરસાવતા પૃથ્વી તણા પ્રાણે,

દશાનન ડોલી રહ્યો સૌ સભાસદ સાથે
ગયો પૃથ્વી પર પડી તનને ગ્રહી બાથે,
વધો, કોઈ વીર પકડો આ નરાધમને
ચખાડો આસ્વાદ શૌર્ય તણો વિમુક્તમને

રામ લક્ષ્મણને પછી સુગ્રીવને પકડો,
કરી દો સંહાર દુશ્મનના સકળ દળનો.
અટ્ટહાસ્ય કરી જણાવ્યું અંગદે ત્યારે,
વિમૂઢ, તને ઘમંડ થયો લાગતો ભારે,

પરાક્રમનો પૂર્ણ પરચો તેં નથી જોયો
ઢળ્યો ધરતી પર મુકુટ મસ્તકતણો ખોયો

એ શતાંશ જ ખરેખર સામર્થ્યનો મારા,
રામ તો અતુલિત અનંત પ્રચંડ બળવાળા
સહસ્ત્રગણા શ્રેષ્ઠ છે મારા થકી ન્યારા
કાળ બનશે યુદ્ધના મેદાનમાં તારા. (૪૮૦)

મૂર્ખ, મિથ્યા સ્વપ્ન તું સંગ્રામનાં સેવે
છતાં પણ મૂકી દઈને બુદ્ધિને નેવે,
આવશે પરિણામ એનું વિનાશક કેવું,
જણાયે ના સભામાં કોઈ વિબુધ જેવું.

ઘેન માદક દ્રવ્યનું ચઢતાં ઘટે બુદ્ધિ,
રહી ન શકે ભાવ કે વ્યવહારની શુદ્ધિ,
અહંતાનો નશો ચઢતાં તેમ સારાસાર-
નું રહે ના ભાન જીવન બની જાય અસાર,

માનવી ઉન્મત્તતાનું થઈ જાય પ્રતીક,
નીતિની મર્યાદ ત્યાગે બનીને નિર્ભીક.
પ્રતીતિ થતી એહની વ્યવહારથી તારા,
મૃતાત્મા તું; મટી તારી ચેતનાધારા;



મરી માનવતા વિવેક મટી ગયો જેનો,
બદ્ધ જન્મદરિદ્ર ભ્રષ્ટ સ્વમાનથી તે તો
મૃત જ છે સંસારમાં લે શ્વાસને તોયે,
તને મારી નહીં શકશે એટલે કો’યે.

રામને તો સ્થૂલવિધિ છે માત્ર કરવાની,
તને મરણોત્તર જ ગતિની ભેટ ધરવાની,
એ ક્રિયાને અનાયાસે પૂર્ણ એ કરશે,
મદ બધો તારો સમરમાં ક્ષણમહીં હરશે. (૫૦૦)

કૃપા છે મારા ઉપર એ કૃપાનાથ તણી
એટલે છું બન્યો નિર્ભય હામ સાથ ઘણી,
સફળતા સર્વત્ર પામું યશસ્વી બનતાં
વિરોધો કે વિપત્તિને સુમનસમ ગણતાં.

એમને તો હોય ક્યાંથી ભીતિ નિષ્ફળતા,
પરાજયની પાસ ફરકી શકે શે છાયા ?
એમનો વિદ્વેષ દેશે સર્વનાશ કરી,
એમ બોલી ગયો અંગદ, રામ પાસ ફરી. (૫૦૮)

*****

## ૩૩. મધુમૂર્તિ

ઉતુંગ પર્વત કરે વ્યોમ સાથે
વાતો અનંત યુગથી રસપૂર્ણ કોઈ
સૌન્દર્યને સકળ અંતરમાં સમાવી,
એ સર્વને નિરખતાં રવિ રંગભીનો

આલિંગતાં જલધિને બનતાં અધીરો
તાદાત્મ્ય અંતર અને નિજ આત્મકેરું
સાધે; વિશીર્ણ બનતું મન સંધિકાનું.
અંતે તમિસ્ત્ર પ્રસરે કરુણાર્દ્ર ઘેરું.

સંસારના જલધિમાં મુજને વિલીન
માની વિષણ્ણવદના મુજ જાનકીયે
ડૂબી હશે વિરહની વિષવેદનામાં
સાચે જ શ્યામવસના પૃથિવીસમી આ

કારુણ્યમૂર્તિ રસહીન અશાંત જેવી
ખોઈ દઈ કિરણને રસ ચેતનાનાં. (૧૪)

*

આ ચંદ્ર દૂર નવજીવનના પ્રકાશે
સ્નેહાળ સંપુટસમો રસપૂર્ણ ન્યારો
ઘેરા તમિસ્ત્રથરમધ્ય, પ્રકાશદીક્ષા
પામેલ પૂર્ણ ઋષિના શુચિ પ્રાણ જેવો;



છે દૂરદૂર વસુધા પણ પ્રેમતત્વ-
કેરો અનંત મહિમા નિરખો અનેરો
ખૂટે કદી રસ નહીં અનુરાગયે ના,
આકર્ષણો અનુભવે નિતનવ્ય જેવાં.

સીતાય દૂર વસતી અતિદૂર એવી,
આ અંગ દૂર મુજ પાર્થિવ એહનાથી,
તોયે નથી હૃદય દૂર થયાં અમારાં
સંવેદનાસભર શાશ્વત સ્નેહવાળાં,

સૂક્ષ્માતિસૂક્ષ્મતમ સ્પંદનથી છવાય,
ના દેશકાળ રસ નષ્ટ કરે જરાય. (૨૮)
સ્નેહીતણાં ઉર સહે કટુ વિપ્રયોગ,
આનંદ દિવ્ય ન લહે રસ કે અમોલ :

કોઈકવાર રવિથી અળગા થયેલા
આ ચંદ્રનો રસ ઘટ્યો, ઉર વેદનાથી
સંતપ્ત શ્યામલ થયું મૃતપ્રાય એનું,
તોયે ફરે રસથકી રવિ આસપાસ

સંવેદના ઉર ભરી ધરતીતણી ને
રંગે રચે હૃદયમાં નિતનવ્ય રાસ.

સીતા પડી અલગ એમ અમીમયી એ
મારા થકી પરમવ્યાકુળ વેદનામાં
આ ચંદ્ર જેમ બનતી વનમાં હશે ત્યાં,
મારાય ને મુખપરે મધુતા ભલે હો;

હૈયામહીં ટપકતી કરુણા અનેરી,
છાયા ઢળી અતિ અમંગલ શોકકેરી. (૪૨)

*

એકાંત અર્ણવમહીં અતિગાઢ એવા
અંધારમાં વિહરતી લઘુ કો'ક નૌકા
ધીરે ધપે તટપ્રદેશતણી દિશામાં
પામી અમોઘ નિજ નાવિક-પ્રેરણાને;

ગર્જે તરંગ મદમત્ત અસંખ્ય આગે
તોયે ડરે નવ, ડગે નવ, હામ હારે
ના લેશ, દીપકતણા અતિમંદ તેજે
આગે બઢી સલિલનું ઉર સૂક્ષ્મ ભેદે.

વિક્ષુબ્ધ ને પ્રબળ એમ જ વીચિમાળા
લાખો પ્રલોભન તથા વિપદાતણી આ
જોવા મળે જગતમાં; લઘુ જિંદગીની
નૌકા પ્રદીપ શુચિસ્નેહ તણો લઈને

શ્રદ્ધાથકી અડગ આત્મબળે છતાંયે
ચાલ્યે જતી કુશળ નાંગરવા કિનારે. (૫૬)



વેદનાભર શ્રીરામે એવા ઉદગાર કાઢતાં
મધુરી સ્મિતરેખાને મુખમંડળ ધારતાં
કહ્યું સુગ્રીવશા બીજા સહસ્ત્રો શૂરવીરને
દશાનન નહીં મારી સમજે પ્રીતરીતને,

પાંડિત્ય એહણે ખોયું થયો પંડિત તે છતાં,
ઉપાસક છતાં ભૂલ્યો મૂળભૂત ઉપાસના,
વાસનાયુક્ત ને ઘોર મન એનું થઈ ગયું,
શાસ્ત્રજ્ઞ તોય ના એને ભાન શાસ્ત્રતણું રહ્યું,

પુલત્સ્ય ઋષિના જન્મ્યો કુળે કિન્તુ પુલત્સ્યના
વિસર્યો મહિમાને એ ભક્ત શંકરનો છતાં,
સુરાપાન મદે એણે સૂક્ષ્મ સંમોહનું કર્યું
પ્રકાશને પરિત્યાગી ઉર અંધારથી ભર્યું,

એથી જ વાત ના માની એણે અંગદની જરી,
કર્યો વિરોધ વિદ્વેષે વિભીષણતણો વળી. (૭૦)

*

અમંગલ વિનાશી છે યુદ્ધ તો પણ એહનો
આધાર પડશે લેવો નિરુપાયે ખરેખરો,
વિકલ્પ અન્ય ના દીસે સીતાની પ્રાપ્તિનો મને,
સુતીક્ષ્ણ શસ્ત્ર મારાં છો એહના સૈન્યને હણે.

એહનો કાળ આવ્યો છે સમીપે એમહીં હવે
રહ્યો સંશય ના સાચે, જલશે એ મહા-દવે

સર્વનાશતણા, લંકા શૌર્યહીન જશે થઈ
યોજના વિધિની કોદી અન્યથા બનશે નહીં.

*

સંધ્યાકાળે ઉપવનમહીં મુગ્ધ મંદોદરી એ
સીતા પાસે સલિલ ભરતાં સ્નેહનું લોચનોમાં
બેઠી ત્યારે જનકતનયા ગાઢ કારુણ્ય સાથે
બોલી ઊઠી, હૃદય મુજ આ હાથમાંહી રહે ના

સલિલ સિવાય ટકે સરિતા શે
ઉપવન તૃણ કે વૃક્ષ વિના,
છાયા ક્યાંથી છોડે કાયા
કાયા તેમજ આતમમાયા,
વર્ષા વાદળ વિના રહે શે
પરમાણુ વળી વ્યોમ વિના ?

રવિ-શશી તારક અનલ તજીને
પ્રકાશરેખ રહે ક્યાંથી ?
જ્યોતિ દીપના વિના ન જીવે
સુરાવલિ ના વાદ્ય વિના.

સુમન સિવાય વસે સૌરભ શે
ચારુતા વળી ચંદ્ર વિના,
રામ વિના નીરસ જીવન આ,
શ્વાસ લઉં શે ઉપવનમાં ?



તિતિક્ષા છતાં ધરતી જેવી
ધારણ કરી વિવેક થકી
આજ સુધી પરિપૂર્ણ પ્રેમથી
જીવન મારું રહ્યું ટકી. (૧૦૦)

મંદોદરી વદી પ્રેમે, પંથે પાવન પ્રેમના
પ્રયાણ છે નહીં સાચે સહેલું એટલું કહ્યું,
પથારી પાવકોની ત્યાં પગલાં પાવકે વળી,
સુદુસ્તર વ્યથાભીના શોકસાગરને તરી

સલામત જવું સામે કિનારે સુખના પડે
વાટમાં વિધ્ન-વિક્ષેપો વિરોધો-વેદના નડે,
છતાંયે સ્વસ્થ રાખીને મન વિશ્વાસથી વધી
આશા સાથે સસદા આગે બુદ્ધિ દિવ્ય કરી બધી

પ્રવાસ પૂર્ણ કરવો પ્રસન્નતાથકી રહે,
સ્વાનુભૂતિતણાં એવાં વિદ્વાનો વચનો કહે.
હવે અંતર છે મોટું કપાઈ પથનું ગયું,
સ્વલ્પ અંતર શ્રદ્ધાથી કપાયું શેષ છે રહ્યું,

નિરાશાનું નથી એથી કશું કારણ આપણે,
પ્રાર્થના પૂર્ણ મુક્તિની કરીએ પરમાત્મને.
તમિસ્ત્ર ગગને છોને છવાયા આજ આકરાં
કિરણો નવ દેખાયે પરિપૂર્ણ પ્રકાશનાં

પ્રભાતના પુનઃ પંખી રે'શે કલરવો કરી
પ્રભાકરતણાં રશ્મિ નવજીવનને વળી
ફેલાવતાં ફરી રે'શે, સુમનો શુચિ ગંધથી
સુવાસિત કરી દેશે વાટિકા જિંદગીતણી,

વિસંવાદ વ્યથાભીનો મટશે અંતરાત્મનો,
છૂટશે ધન્યતાકેરા મધુસંગીતના ધ્વનિ. (૧૨૨)

*

સીતા વદી નયન નેહથકી ભરીને
સંતૃપ્ત અંતર સમસ્ત વળી કરીને,
રે'તી સુદૂર ભગિની મુજ પ્રાણપ્યારી
કિન્તુ મમત્વયુત શ્રેષ્ઠ સહોદરાશી

વર્ષાવતાં પુનિત મંગલ સ્નેહધારા
બોલી વળી વચન શાંતિછલેલ ન્યારાં
દે શાંતિ સાંત્વન મને નિજ સંગથી તું,
સૌભાગ્ય ઉત્તમ ગણું મુજ એટલું હું.

ભૂલી શકીશ ઉપકાર કદી ન તારો
આ લોકમાં અવર લોક મહીં મહારો
આત્મા સદાય ધરશે અનુરાગ કેરી
સોલ્લાસ અંજલિ તને અદકી અનેરી.

તારા થકી વિજન નીરસ વાટિકા આ
આશા તણા કિરણથી કમનીય લાગી,



સંતપ્ત અંતર મહીં સુખદા સ્વરોની
કોઈકવાર સુરદુર્લભ સૃષ્ટિ જાગી;
સંપત્તિમાં સુખ મહીં જયના પ્રતિષ્ઠા—
ના કાળમાં મનુજ કો' સહકાર અર્પે

કે સાથ દે પણ વિપત્તિ પરાજયે જે
દે સાથ તેમ સહકાર જનો મહા તે.

નિઃસ્વાર્થ પ્રેમમય એ વિરલા જનોમાં
તું અગ્રગણ્ય ચિરકાળ સુધી રહેશે,
પાવિત્ર્યની પરમ પ્રેમતણી કથાઓ
સંસારને સુખદ શાશ્વત કૈં કહેશે.

મંદોદરી કરુણ અંતરથી વદી કે
કોઈય સત્ય ઉપકાર નથી કર્યો મેં,
તારું પવિત્ર મધુ દર્શન શ્રેષ્ઠ પામી
સૌભાગ્ય ઉત્તમ ગણું મુજ જીવને એ. (૧૫૦)

નેત્રો થયાં પરમ ધન્ય તને નિહાળી,
દૈવી સુધારસ સુણી સ્વર શ્રોત્ર પામ્યા,
ઓ પ્રેમમૂર્તિ, તુજ પ્રેમતણી વિલોકી
નિષ્ઠા પદે પુનિત આ મુજ પ્રાણ નામ્યા.

સો કે સહસ્ત્ર વરસે પૃથિવી તણા આ
લોકો નહીં સકળ સત્વર માનશે કે

સીતાસમી પુનિત મંગલ એક નારી
જન્મી હતી અવનવા નિજ સ્થૂલ વેશે

દીધી મને પણ જગે વિભુએ ભગિની
તારારુપે હૃદય આ મુજ એમ માને,
ભૂલીશ ના મધુરમંગલ મૂર્તિ તારી,
તલ્લીન પ્રાણ બનશે દિનરાત ધ્યાને.

*

સીતા વદી પધાર્યા શ્રીરામ સાગરના તટે
સમાચાર મળ્યા એવા શાંતિદાયક છે મને,

આનંદ અંતરે મારા છવાયો તે છતાં કદી
ચમકે ચપલા વ્યોમે તેમ ચિત્તમહીં ઘડી
જાગે વિતર્ક કે યુદ્ધે જીતશે રામ કે નહીં,
ચિંતા કદીક આત્માને કરી દગ્ધ જરા રહી.

*



મંદોદરી તરત સ્નેહસમેત બોલી,
જ્યાં ધર્મ ને પરમનીતિ મનુષ્યતા છે
ત્યાં જ શાશ્વત વસે સુખશાંતિ-સિદ્ધિ
સમૃદ્ધિ ને સફળતા જયશ્રી અનેરી

શ્રીરામના વિજયમાં લવલેશ શંકા
એથી મને નવ થતી, ન જરીય ચિંતા
કો'દી થતી, પણ વિનાશ તણા વિચારો
કંપાવતા સ્વજનના પ્રિય માનવીના.

સીતા પ્રસન્નવદને શુચિ સ્નેહભાવે
જોઈ રહી અવનવી મધુમૂર્તિને એ,
ભાવો અનેક હૃદયે અભિરામ જાગ્યા,
વાણી પરંતુ ઉર વ્યક્ત કરી શકે શે ? (૧૮૦)

*****

## ૩૪. શિખામણ

કર્યું હરણ સૂર્યનું ગગનમંડળે એટલે
કર્યો પ્રખર શોકને પ્રકટ શ્યામ વસ્ત્રો ધરી
બની કુપિત કેટલો ગડગડાટ ઘેરો કર્યો,
પ્રચંડ પવને વિરોધ કરતાં મહાવીર શો

દિશા ક્ષણમહીં સમસ્ત અનલે અનોખા ભરી;
રચ્યું તરત ઘોર તાંડવ વિનાશ સંકેત શું
અસંખ્ય અભિજાત શૂર સમ વિદ્યુતો ટોળલે
મળી રિપુ પરાસ્ત સદ્ય કરવા ધરી શસ્ત્રને

અનેકવિધ ને પ્રદીપ્ત, ધરતી બની વ્યગ્ર આ,
અસહ્ય ઉરવેદના જલધિયે સહી ના શક્યો
તરંગ નિજ એટલે સતત તુંગ-ઉત્તુંગ સૌ
લઈ કરુણ ગીતને હૃદયથી વહાવી રહ્યો.

ઢળી વિષમ વૃષ્ટિધાર ગગડાટને સાંભળ્યા
છતાં નવ વિમુક્ત સૂર્ય અસુરે કર્યો એટલે;
નિસર્ગ કરુણાર્દ્ર ક્ષુબ્ધ અતિક્ષુબ્ધ ડૂબી ગઈ
મહાવિરહવેદના વમળમાં; ઘડી બે પછી

ક્ષમ્યા ગડગડાટ વાયુ; અતિઘોર વૃષ્ટિ શમી,
ભરી સકળ સૃષ્ટિનું અવનવીન દૈવી અમી
રહ્યો સુખદ શાંત સૂર્યે નભમંડળે ને રમી.



વદી ગહન દ્રશ્ય એ નિરખતાં જ મંદોદરી,
તમે અશુભ એક રોજ શુચિ જાનકીને હરી

પરંતુ ઘન ઘોર શાં તરત યુદ્ધનાં ઊમટ્યાં
પડી વિપદવિદ્યુતો અનિલ ને અનર્થો તણાં
થયા પ્રકટ ચૌદિશે, સકળ શાંતિ ચાલી ગઈ,
સદા મુદિત ભાગ્યની કુપિત છે વિધાત્રી થઈ. (૨૫)

તમે સમજતા નથી હજુય દેખતા ને નથી
મહાપ્રલયને સમીપ અવિરામ આવેલ આ
મળ્યાં જલદ સર્વનાશ વરસાદ વર્ષાવવા
સુરક્ષિત છતાં તમે સકળ જિંદગી જાણતા.

વિશેષ એથી કમભાગ્ય હોય શું
સંમોહનું લક્ષણ અજ્ઞતાનું,
સંમૂઢને આતમજ્ઞાન કોદી
લાગે નહીં સ્વપ્ન મહીં ય સારું

ગ્રહે નહીં ઔષધ વ્યાધિગ્રસ્ત
છાયા લહે તેમ ન તાપત્રસ્ત
હો શક્યતા તોપણ, તો શમે શે
સંતાપ, શે થાય શરીર સ્વસ્થ ?

સમીપમાં હો સરિતા છતાંયે
પાસે પહોંચી ન તૃષા મટાડે
તે પ્રાજ્ઞના અજ્ઞ મનાય કિન્તુ,
હાથે કરીને વિપદા વધારે. (૪૧)

ઉદ્યાન હો સંનિધિમાં છતાં યે
સુવાસ ના લે સુમનો તણી જે
દુર્ગંધમાં લીન રહે સદાયે
સાચે દયાપાત્ર ગણાય છે તે.

બની ગયો જે મૃતપ્રાય તેને
સંજીવની સાંપડવા તણો હો
સુયોગ તો યે નવ લાભ એનો
લઈ શકે, સૂર્યપ્રકાશ પાસે

તમિસ્ત્રમાં તોય વસે રમે ભમે,
એના સમો માનવ કો અભાગી
કથા અનોખી નિત નીતિની કરે
આશ્લેષ જે કિન્તુ અનીતિને ભરે !

ચેતો તથા શ્રેય કરો તમારું,
માનો કહ્યું ધ્યાન ધરી મહારું,
મોડું થયું તો હાથમાં છે,
બાજી તમારા હજુ હાથમાં છે.



એને સુધારો, વરસી રહેશે
સંગ્રામનાં વાદળ તે પછી ના
થઈ કશોયે શકશે ઉપાય,

વહી જશે વારિ સુવાસ પુષ્પની
સમીર કેરી લહરી જશે ખરી
કે વ્યોમથી તારક તેમ વીજળી
પાછી લવાશે નવ એમને કદી (૬૪)

કરે નહીં કાળ કદી પ્રતીક્ષા
દે માનવીને દિનરાત શિક્ષા;
માટે વિચારી હિત લો તમારું
યાચી રહી કેવળ એજ ભિક્ષા.

બે રાગ રંગ્યા કુમળાં રસીલાં
વિયોગ જે અંતરનો કરાવતા
ને એમના ઘોર વિયોગમાંહી
આનંદ કે જીવનશ્રેય જાણતા

એવા જનોથી વધુ અજ્ઞ હિંસક
નથી ખરે દોષિત માનવી કો;
એથી વધારે અપરાધ માનવી-
કેરો ગણાયે જગમાં કહોશો ?

વિહંગ નેહાળ નિસર્ગખોળે
રમી રહેલાં ચિરકાળથી રસે,
તમે કર્યાં દૂર સુદૂર તેમને
બની દયાહીન નૃશંસ કે ખરે. (૮૦)

તોડી દઈ પાંખ તમે રહ્યા હસી,
જે મૂર્તિ અંગાંગ મહીં ઉરે વસી
તે તોડવા યત્ન કર્યા ઘણાયે
તોયે શકી ના તિલમાત્રયે ખસી.

માટે હવે પીંજરથી વિહંગિણી-
ને મુક્તિ આપી જલદી વિહંગની
પાસે જવાનું સદ્ ભાગ્ય આપો,
સંતાપ મારા કપરા તમારા
લંકાતણા તેમજ સર્વ કાપો.

આ જિંદગીની પરબે મળેલા
પીયૂષ પીતા અણમોલ આત્મા
દુર્બુદ્ધિ સાથે અળગાં તમે કર્યા,
પ્રશાંતિના પાવન બીજને હણ્યા.

એ ઘોર સાથે અતિઘોર દોષનું
કરો હવે માર્જન સદ્ય ન્યારું
જેથી લભે જીવન શેષ શાંતિને



રહ્યા સહ્યા કે યશને તમારું. (૯૭)

અર્ધાંગિની સત્ય બની તમારી
શ્રેયસ્કરી છાંય સમાન ન્યારી,
એથી થઈ પીડિત પ્રાર્થના કરું,
સદ્ બુદ્ધિની કેવળ કામનાથી
મસ્તિષ્ક મારું ચરણો મહીં ધરું.

એવું વદીને પતિને નમીને
મંદોદરી પાયમહીં પડી રહી
છતાંય લંકેશતણા ઉરે ના
મંદાકિની માર્દવની શકી વહી.

ક્રોધે ભરાઈ અપમાન એનું
સંભાષણે તેમ લતાપ્રહારે
અસહ્ય એણે ક્ષણવારમાં કર્યું,
સૌભાગ્ય એથી સહુ એહનું ટળ્યું.

નારાયણીની પ્રતિમૂર્તિ જેવી
નારી સદાયે જગમાં મનાયે
એને ઉપાસે રસ સાથ સેવે
પ્રકાશ એમાં પરિપૂર્ણ પેખે
દૈવી વળી લોચનથી જનો એ
કૃતાર્થ થાયે સુખસિદ્ધિ મેળવે,

જે કિન્તુ એની કરતા ઉપેક્ષા
અને કરે છે અપમાન એનું
એ મેળવે ના સુખશાંતિ સિદ્ધિ
સમૃદ્ધિસાફલ્ય ન જિંદગીનો
કરી શકે ઉત્સવ, ભાગ્ય એમનું
ફૂટી જતું કે પ્રતિકૂળ સૌ થતું.

રે મંદબુદ્ધિ, મુજ પ્રાજ્ઞને તું
આપી શકે શું ઉપદેશ આવો,
કરી રહી મૂઢસમાન ધૃષ્ટતા
તો દંડ દીધો તુજને મજાનો;

લંકેશકેરાં વચનો સુણી એ
મંદોદરી સ્નેહસમેત બોલી,
આજે તમે લાત મને લગાવી
ભવિષ્યની વાત ભલે વિસારી

પદેપદે કિન્તુ કઠોર લાત કૈં
લગાવતું ભાગ્ય સદા તમોને
દુર્બુદ્ધિથી યુક્ત છતાં જરાયે
નથી તમે એ શકતા નિહાળી.

આઘાત લાગ્યો પદને તમારા
વિશેષ એથી ઉરને મહારા



છતાંય સૌભાગ્યવતી ચહું હું
સૌભાગ્ય અક્ષુણ્ણ રહે તમારું
એથી ભરીને કરુણા હજીયે
નેહે તમોને વિનવી રહી છું,
શ્રીરામની લેશ કૃપા લભો તો
તૂટે નહી બંધન પૂર્ણ પ્રીતનું. (૧૪૨)

સંસારમાં રામકૃપા જ સાર
લીધો કરી મેં શુભ વિચાર,
સાફલ્યનો શાંતિતણો પ્રતિષ્ઠા-
કેરો જણાયે શુભ એ ઉપાય;

ઉત્કર્ષ સૌએ નિજ સાધવો ને
બીજા તણા ઉન્નતિયજ્ઞ માંડ્યા,
શ્રીરામનું જીવન રામકાજે
પળે પળે વાપરવું રસે છલ્યું,

શ્રીરામ કાજે નિજ પ્રાણ ધારવા
ને રામને જીવન પ્રાણ જાણવા :
સંદેશ એ શાસ્ત્ર તણો અનેરો
શાસ્ત્રજ્ઞ વિદ્વાન થયા છતાંયે

ડૂબી જઈને અતિ ગાઢ મોહે
તમે કહો કેમ કરી વિસર્યો ?

લંકેશ બોલ્યો, મુજને જણાયે
સમીપ આવ્યો તુજ કાળ રામની
સાચે પહેલાં અવિરામ એટલે
પ્રલાપ આવા કટુ છે રહી કરી;

બોલીશ જો શબ્દ વિશેષ શક તો
લતાપ્રહારો કરતાં દઈશ હું
તને હવે મૃત્યુ સમીપ મોકલી.
અધર્મ ને ધર્મ તણા રહસ્યને

જાણી શક્યો છું પરિપૂર્ણ સત્ય હું,
અધર્મ શો જીવનમાં કર્યો મેં
હરી ભલે સુંદર જાનકીને
છતાં કરી શીલ તણી સુરક્ષા

એના સદાયે, વિષયી બનીને
મોહાંધની જેમ કદી કર્યો ના
પ્રયત્ન મેં ક્ષુલ્લક કામતૃપ્તિનો.
મહાનતા એ નવ દીસતી તને

પરંતુ કોઈ કવિ ભાવિ કેરો
દેખી મને દિવ્ય સહાનુભૂતિથી
હું યે તો માનવ શ્રેષ્ઠ માનવી
એવી કદી તો કવિતા કહેશે. (૧૭૬)



કુરૂપ મારી ભગિની કરેલી
રાત્રે મળીને નિજ બંધુ સાથે
તે રામને માનવશ્રેષ્ઠ માને
આસક્ત ના તેમ જરીય જાણે,

મોહાંધ ના હોત પરંતુ એ તો
સીતાતણી પાછળ હોત આવી
રીતે કદી સિંધુતટે પધાર્યા,
તે રામને ના પરિપૂર્ણ જાણ્યા.

માગે ક્ષમા એ ભગિનીતણી તો
છોડી દઉં સુંદર જાનકીને
બાકી નથી ભીતિ જરીય યુદ્ધની
છે યુદ્ધ મેં જીવનમાં ઘણાં કર્યાં
ડરુ પછી કાં વધુ એક યુદ્ધથી ?

છે વીર લંકાનગરે અનેક આ
કૃતાંતશા ભીષણ શત્રુકેરી
પછી મને ના પરવા કશીયે,
છો શત્રુ સર્વે સમજે સવેળા.
એવા વદીને વચનો સરોષ એ
આવી પહોંચ્યો ગૃહ કુંભકર્ણના,
પ્રસન્ન એને પ્રણયે કરીને
કહી બતાવી કરુણાતણી કથા. (૧૭૭)

વદ્યો તરત કુંભકર્ણ, અધુના જ નિદ્રાથકી
ઘણો વખત વીતતાં સહજ આંખડી ઊઘડી,
કથા સકળ સાંભળી અવનવી અનોખી વળી
અકલ્પ મનમાં વિચાર સહસા રહ્યા કૈં ફરી.

પ્રશસ્ય નવ તેં ખરે સુકૃત કો' કર્યું રામની
હરી પ્રિયતમા પવિત્ર અતિલોલ લક્ષ્મીસમી
અનંત વિષયી છલેલ જગમધ્ય શ્રીરામને
થયું પ્રકટ જાનકી હૃદયનું અનેરું અમી,

બની સકળ સૃષ્ટિ સાર્થ કૃતકૃત્ય એથી રહી,
તને ખબર એહની ક્યમ પડી જરીયે નહીં ?
મને પ્રથમથી જ હોત તુજ યોજના તેં કહી
જવા જ નવ દેત તો હરણ કાજ ત્યારે તને

પરંતુ વિધિને ગમ્યું સકળ તે થઈ છે ગયું,
જરાક પણ જ્ઞાન હોય તુજમાં હજીયે રહ્યું
વિમુક્ત કર જાનકી તરત સખ્ય તો રામનું
કરી પરમશ્રેય સાધ પળવારમાં પ્રાણનું.

અકારણ ભજી સદા કપટ સ્વાર્થ વિદ્વેષને
વિનાશપથનું લઈ સતત અંધ આલંબન
હવે મદદ માગવા મુજ સમીપ આવી ગયો,
વિચાર પડતાં પરંતુ તુજને ન કૂપે થયો.



પુલત્સ્યમુનિના કુલે પ્રકટ તેં થઈને કર્યો
અનર્થ તુજ જીવને અવનવીન ભારે ઘણો
અનર્થ પણ આ અનન્ય તુજ જિંદગીમાં થયો,
સમસ્ત યશ એ થકી તુજ રહ્યોસહ્યો છે મટ્યો. (૨૨૧)

દશાનન વદ્યો અતીવ વિનયે કરી પ્રાર્થના,
અનંત બળ છે ખરે ઉભય બાહુમાં રામના
છતાં તુજ અસીમ દિવ્ય અણમોલ સામર્થ્યનો
મને પ્રતિપદે સદૈવ જગમાં ભરોસો રહ્યો.

વહી પવનની ગઈ લહર તીવ્ર સંવેગથી,
ઝડી ગગનથી પડી અવનવીન વૃષ્ટિ તણી,
ફરી નવ શકે ઉપાય કરતાં પુનઃ સ્વસ્થળે,
વિષાદ નવ ભુતનો પરમપ્રાજ્ઞ કો'દી કરે.

અનેકવિધ યુક્તિથી પરમતુષ્ટ એને કરી
દશાનન ગયો સહર્ષ નિજ હર્મ્યમાંહી;
વદ્યો સ્વગત કુંભકર્ણ, નવ રામ સામે લડી
લભે વિજય કાળયે સકળ સૃષ્ટિ કે આ ઘડી;

દશાનન છતાં મને નવ લડ્યા વિના છોડશે,
લડી પ્રણયતંતુ તો હૃદય રામથી જોડશે.
નવા જનમમાં ફરી સુહૃદ રામનો હું બનું,
પવિત્ર પદ ચિત્તની વિમળ વૃત્તિઓને વણું,

અનિલ રાગ વિદ્વેષનાં મમત્વ તજતાં વૃથા
કરી સુકૃત ધન્યતા સકળ જિંદગીની કરું,
સ્વરૂપ હૃદયે અલૌકિક ભજું સદા રામનું. (૨૪૧)

સુતીવ્ર તપની જરીય મુજમાં નથી, યોગ્યતા,
નથી નિયમની તથા વ્રતતણી વળી માહિતી,
શકે સતત સાધના નવ થઈ મહ્રારા થકી,
ન ચિત્ત વિહરી શકે વિવિધ શાસ્ત્રસ્વાધ્યાયમાં,

ભલે મધુર રામદર્શનથકી બને ધન્ય આ
રણે મલિન લોચનો વિષયવાસનાથી ભર્યાં,
મળે ગતિ ભલે વળી પરમ રામના હ્રાથથી,
મને તનિક ભીતિભાવ ભવિતવ્ય કેરો નથી.

દશાનન ન માનશે મધુર નીતિના શબ્દને
છતાં પણ થતો નથી ખલુ વિષાદ આજે મને;
કરીશ મુજ જિંદગી સફળ યુદ્ધમાંહી લડી
પછી મનુજશ્રેષ્ઠના સુખદ શસ્ત્રપાતે મરી. (૨૫૩)

*

ગઈ પછી શૂર્પણખા મહેલમાં
લંકેશને શાંત સવારમાં મળી
વદી : હ્રવે શત્રુ જ દૂર દેશથી
આવી પહોંચ્યો નજદીક માગવા-



ને મૃત્યુકેરો ઉપહ્રાર આપવા
તને અનેરો યશ આ ત્રિલોકમાં.

મેં સાંભળ્યું કે નિજ સૈન્ય સાથે
પડાવ એણે નદના તટે છે
નાખ્યો અનુપ્રાણિત કાળથી થઈ
છોડાવવાને રતિતુલ્ય જાનકી

પરંતુ એના બળનો હિસાબ શો
તારા અનોખા બળ પાસ બંધુ હે,
આદિત્યની આગળ ક્ષુદ્ર કોઈ
સ્ફુલિંગની શક્તિતણી વિસાત શી,
વિશાળ કે વ્યોમ સમીપ વાયુની
એકાદ નાની લહ્રરી તણી વળી !

એ રામને લક્ષ્મણ સૈન્ય સાથે
તારા જ હ્રાથે ગતિ શ્રેષ્ઠ પામશે
ત્યારે જ મારો અતિ આર્ત આત્મા
પ્રશાંતિ પામી કૃતકૃત્યતાથી
સંગીતના સુસ્વરને સુણીને
કરી રહેશે નવજાત નર્તન. (૨૭૫)

વર્ષા કરીને અભિનંદનોની
ત્યારે તને આદરમાન અર્પી

ગાઈ અનોખી ગુણગાન ગાથા
ગ્રંથીશ માળા મધુ ઉત્સવોની.

દશાનને ઉલ્લાસિત સ્વરે કહ્યું.
પ્રારબ્ધના પૂર્વ અનુગ્રહે મળ્યો
સુયોગ આ શત્રુ વિનાશ કેરો
વિપાક સત્કર્મતણો અનેરો.

નથી મને ભીતિ જરાય યુદ્ધની;
મરી જશે નિર્બળ રામ યુદ્ધમાં
ત્યારે હઠીલી નિરૂપાય સીતા
જશે મહારી મધુ પ્રેયસી બની.

લંકાપુરીની અધિકારિણી કરી
કરીશ એને કૃતકૃત્ય એ પછી
કોઈ નહીં જીવનમાં કમી રહે.
સાર્થક્ય પામી પરિપૂર્ણ મારો
આહ્લાદભીનો મધુ અંતરાત્મા
ત્યારે રહેશે રસગીત ગાઈ

શુભાશિષ સમર્પતાં અવનવી વદી રાક્ષસી,
પ્રચંડ પ્રતિશોધપાવક જલી રહ્યો પ્રાણમાં
પછી જ શમશે સમસ્ત, મુજ ભાગ્યના દેવતા
અનુગ્રહતણી અનંત વરસી સુધાધારને
અચિંત્ય ધરશે અસંખ્ય વરદાન દૈવી મને.

કરું સફળતા તણી હ્રદયથી સદા કામના,
પળે પળ હશે ઉદાત્ત તુજ કામ સદ્ ભાવના,
મળે યશ અખૂટ શ્રી વિજય શાંતિ સિદ્ધિ તને. (૩૦૨)



*****

## ૩૫. યુદ્ધ

ઘોર જ્વાળા યુદ્ધની આખરે સળગી ગઈ
દૈવ રૂઠ્યું એટલે નૃપતિએ માન્યું નહીં
સર્વનાશ તણા રહ્યા સ્ફુલિંગો ઊડી બધે
જેમ ઉલ્કાઓ વધે વધ્યા તેમ પદે પદે.

માનવી મનની મહા લાલસા દર્દમ્ય જે
સૂક્ષ્મ લડવાની હતી સમય પામી પાંગરી
સર્વભક્ષિકા બની થઈ એ જ હવે છતી. (૧૪)

*

સમાચારો સાંભળી ભયંકર સંગ્રામના
દશાનન દર્દે ભર્યો અટ્ટહાસ્ય રહ્યો કરી,
બન્યાં વિસ્મિત કે વિકળ નગર કેરાં માનવી,
કિન્તુ યોદ્ધા યુદ્ધને માનતા પ્રિય પ્રાણથી

મહોત્સવ માણી રહ્યા, પરાજય રિપુસૈન્યનો
ચહી શૂર્પણખા રહી સમરને મંગલ કહી.
અમંગલ મંગલ તણા ભેદ સર્વ ગયા વહી. (૨૮)

*

સૂર્ય અગ્નિજ્વાળને સુધાકર પણ દાહને
વરસવા લાગ્યો પ્રબળ, સિંધુ છોડી સ્થૈર્યને
મહામૂલા ધૈર્યને વ્યથિત વેદનથી બની
ગર્જવા લાગ્યો અકળ; સમીરો નૈરાશ્યને



વહાવી છૂટી રહ્યા, પર્વતો પીડા કરી
પ્રકટ માંડ્યા પેખવા થઈ ભૂમિ સકળ અચલ.
યુદ્ધની માઠી પડી સકળ પ્રકૃતિ પર અસર. (૪૨)

*

માહિતી સંગ્રામની મેળવી અંતર રડ્યું,
વ્યથા ગાઢ વિષાદનું પડળ મધુવદને પડ્યું;
કાય લતિકાશી તરત શાંત સંવેદન થકી
કંપવા લાગી, વહ્યાં નીરમાં નેહે નયન.

શ્વાસ ઘૂંટાયો, બજી સિતારી કરુણા તણી
સરોદો શોકિત ભરી શાંતિ અંતરની હરી.
રામજય પ્રાર્થી રહી મધુરવી મંદોદરી. (૫૬)

*

રામજય ? શ્રી રામનો વિજય ? હા, શ્રી રામજય,
સદ્ય મુક્તિ જાનકી—તણી એ માગી રહી
મધુમયી મંદોદરી હૃદયથી ઈપ્સિત વર,
સત્યકેરો નીતિનો ધર્મમૂલ્યોનો વિજય

નાશ ના લંકેશનો પરાજય ના, પ્રાણનું
કિન્તુ પરિવર્તન ચહ્યું એહણે અદ્ ભુત અકળ,
થાય પરિવર્તન નહીં પરાજય તો તો પ્રખર. (૭૦)

*

સમાચારો સમરના સુણી સીતાને થયું
સમીપે સૌભાગ્ય શ્રી રામના આવી રહ્યું
સમાગમ કેરું હવે વિપત્તિ ને વેદના
વિષાદોના વહ્નિના શમનની વેળા થઈ.

વિજય માટે રામના પ્રાર્થના એણે કરી.
કિન્તુ મુખ મંદોદરીતણું દ્રષ્ટિપટે ફરી
રહ્યું, સ્મૃતિ વૈધવ્યની વીંધવા લાગી હૃદય. (૮૪)

*

મૃદુલ અંતરમાં થઈ એહના પીડા પ્રખર,
અંતરાત્મ બની રહ્યો નિમીષ સુધી તો અચળ;
અશ્રુધારાઓ વહી, સ્મૃતિ શકાઈ ના સહી,
કાય માંડી કંપવા, રોમ દગ્ધ થયાં સકળ.

પૂર્ણ પીડાથી વદી માત ત્રિજટા, રામના
ચહું છું સાફલ્યને કિન્તુ ના વૈધવ્યને
દિવ્ય એ મંદોદરીતણા લેશ વ્યથાભર્યા. (૯૮)

*

પ્રાણ ત્રિજટાનો બન્યો પરિપ્લાવિત પીડથી,
જણાવ્યું એણે, મને રામની શંકા નથી
સફળતાની, દશાનન નષ્ટ સંગ્રામે થયે,
કિન્તુ સમ્રાજ્ઞી બની વ્યથાતુર વિધવા જશે.

પ્રાર્થના છેલ્લી પળે એટલે લંકેશના



હૃદય પરિવર્તનતણી કામના સાથે કરું,
વ્યથાને નવ ભોગવે ભાગ્ય સામ્રાજ્ઞીતણું. (૧૧૨)

*

વદી સીતા પ્રાર્થના મૂક અંતરમાં કરી,
રામ લક્ષ્મણને કહે પરમ વિજયશ્રી મળી,
યશ સનાતન એમનો કલંકિત ન કદી બને
પ્રતિક્ષણે પ્રતિ કે પદે હણે રિપુઓને રણે.

પરાજય રાવણ તણો થાય પણ મંદોદરી—
તણા શુચિ સૌભાગ્યનો અંત ના આવી શકે
કરી દો એવી કૃપા દિવ્ય મારા પર તમે. (૧૨૬)

*

વ્યગ્ર કૌશલ્યા તણું ચિત્ત એ સમયે થયું,
સુમિત્રા ને ઊર્મીલા-એ વળી મનમાં કહ્યું
ક્યાંક કે આતંકનાં અભ્ર ઘોર રહ્યાં મળી,
વાદળાં વેદન ભર્યાં જાય વ્યોમમહીં સરી

રામલક્ષ્મણ જાનકીના સ્મરણથી અંતરે
અનેરા અનુરાગનો થયો આવિર્ભાવ ને
સુરક્ષાની કામના કરી સૌની એમણે. (૧૪૦)

*

અચાનક અભ્રો મળ્યાં આભમાં ટોળે કરી
ગર્જના, ચપલા વળી ચપલ કૈ ચમકી રહી,
સૂર્ય સંતાઈ ગયો ઘડીભર પણ આખરે
અભ્રગણને ભેદતાં વિજયસ્મિત રેલી રહ્યો.

વિજયસ્મિત રેલી રહો નષ્ટ વિઘ્નોનાં કરો
ઘોર વાદળ રામ પણ બંધુના સહયોગથી,
ભરત નંદીગ્રામમાં વચન એમ રહ્યા વદી. (૧૫૪)

અખૂટ રક્તધારથી લલાટને ભરી
અસંખ્ય માળ કંઠ હાડપીંજરો તણી
સજી વિનાશદૂત લક્ષ રોમરોમમાં
લઈ, કઠોર ક્રંદનો વિનાશ જ્વાળને
વહાવતાં દિગે દિગે અનંત અટ્ટહાસ
કરાળનૃત્ય કાળદેવતા રહ્યા કરી.

પ્રચંડચંડ પીડની પરંપરા
અનંત ભીતિની સુતીક્ષ્ણ શૃંખલા-
થકી સુસજ્જ સર્વનાશના સ્વરો
દિગંતમાં અનેકધા વહાવતાં,
વહાવતાં જમાવતાં દ્રઢાવતાં,

પ્રશાંતિ માનવી નિસર્ગની હણી બધી,
ક્ષણે ક્ષણે અકલ્પ્ય સૃષ્ટિ દ્વંદ્વની કરી,
પ્રસન્નતા હરી પ્રસન્નતા વળી ભરી
પરાજયે જયે અસ્વસ્થ અંતરાત્મને
અમીટ આશ ને નવીન ચેતના ધરી,
બની જઈ અતીવ ક્રુદ્ધ
નૃત્ય ઘોર કાળદેવતા રહ્યા કરી.



અનેક મસ્તકો ધડો જમીનપે પડ્યાં
અસંખ્ય રક્તના પ્રવાહ યુદ્ધમાં વહ્યા,
ઢળ્યા અનેક, અંગભંગ કૈં વળી બન્યા
થયા અચેત ચેત કૈંક વાતવાતમાં;

*

પિશાચના રમાયા રાસ;
પ્રાણમાં અસીમ પ્યાસ-
ને ભરી મહોત્સવે
સમસ્ત પૂરવાને આશ,

એકવાર જાડ્યને ફગાવતાં ફરી
કરાળ નૃત્ય કાળદેવતા રહ્યા કરી-
શત્રુની સેના તણા
નાશને નિરખી વધ્યા

દાશરથ, સંગ્રામને તમારા જ બળે ખરે
ઘોર આ છેડ્યો; તમે વીર યોદ્ધા શત્રુને
પરાજય કે મૃત્યુનાં પારિતોષિક અર્પતાં
આવરણને ભેદશો ભ્રાંતિનાં કે દર્પનાં.

તમારા સામર્થ્યમાં જ્ઞાનમાં ચાતુર્યમાં
પૂર્ણ શ્રદ્ધા છે મને પરમ ભક્તિભાવમાં.
એ જ સંપત્તિ મળી અનોખી મુજને ગઈ,
પુણ્યનો પરિપાક કો' પ્રકટ દિવ્ય રહ્યો થઈ. (૨૦૦)

તમારા સહયોગથી કાળનાયે કાળને
હરાવું સંગ્રામમાં ઈન્દ્રનેય નિમીષમાં
તો પછી લંકેશની શી વિસાત કહો જગે
વહે છે વિદ્વેષનું વિષમ વિષ જેની રગે.

સર્વનાશ કરી તમે રમતમાં તેનો શકો,
તમારાથી શ્રેષ્ઠ છે વીર વિશ્વ મહીં ન કો' ;
પૂર્ણ જય પામી તમે યશ સનાતન પામશો
મને ના સંશય જરી એ મહાન વિધાનનો.

દશાનન સેના તણાં નિહાળી સંહારને
થઈ શોક્તિ વ્યગ્રતા ભરી બોલ્યો વાણને: (૨૨૦)

આ જ જીવનના બધા વીર્યને દર્શાવવા-
નો સમય આવી ગયો પ્રાણની પરવા કર્યા
વિના કરવા યુદ્ધને તો હવે કૂદી પડો
પરાક્રમને દાખવી શત્રુસેનાને હણો,

છતાં પણ સેના ટકી શત્રુની આગળ નહીં,
દશાનન ત્યારે વદ્યા મેઘનાદ-ગૃહે જઈ,
ઘોર દુસ્સાહસ કરી દુશ્મનો આજે રહ્યા
શ્વાસ લે લંકા મહીં શૂર તારાશા છતાં



પરાભવ તેં ઈન્દ્રનો રમતમાં જ હતો કર્યો
તો પછી વિજયી બની શેં શકે વાનર ગણો;
રામલક્ષ્મણને ગણી ભક્ષ્ય કર સંગ્રામમાં
પ્રલયની ક્રીડા હવે એક પણ રિપુ જીવતો
ના જ કે પાછો ફરે,
ભરોસો કેવળ રહ્યો એક તારા પર મને. (૨૪૭)

મેઘનાદ વદ્યો, હવે રામલક્ષ્મણનો બની
કાળ શૌર્ય બતાવવા સૈન્ય સાથ જઉં રણે.
કાલ કાં તો હું નહીં. કે પછી દુશ્મન નહીં,
પ્રતિજ્ઞા મેં એમના પરાજય કેરી કરી.

દશાનન નિશ્ચિંતને થયો પૂર્ણ પ્રસન્ન એ
શૌર્યભીના શબ્દને પ્રેરણાત્મક સાંભળી,

જણાવ્યું એણે હશે જીવતો તું ત્યાં સુધી
ભીતિ લેશ નહીં મને થશે આશંકા વળી
પરાજય કેરી જરી, રામલક્ષ્મણ નાશમાં
સૈન્યના સંહારમાં આત્મના ઊંડાણથી
આજ અદભૂત રાતમાં
દઉં આશીર્વાદ કે સફળ થા તું શૌર્યથી. (૨૭૦)

*****

## ૩૬. હનુમાન અને ભરત

સૂર્યોદય થયો ત્યારે બીજે દિન પ્રભાતમાં
મેઘનાદ સજી સેના અસ્ત્રશસ્ત્ર અનેકધા
લઈ સંગ્રામમાં ચાલ્યો મદોન્મત્ત મહા બની
ક્યાં છે લક્ષ્મણ ને રામ હનુમાન વિભીષણ,
વળી સુગ્રીવ ક્યાં છે ને અહંતાગ્રસ્ત અંગદ,

સેના ક્યાં શત્રુની પેલી પડવા પ્રલયાગ્નિમાં
પ્રતીક્ષા કરતી મારી; આવ્યો હું રિપુ સર્વનો
વિનાશક અરે સાચો ઉદ્ધારક અનુગ્રહે
અર્પવા મુક્તિ સૌનેયે પુરસ્કારરુપે જરી,
પ્રવેશ્યો એમ સંગ્રામે અતિ વિદ્વેષથી વદી.



પ્રત્યુત્તર રુપે તૂટી પડી સેના સમસ્ત એ
મેઘનાદ પરે બોલી જયશ્રી રામ વીર ને
જય લક્ષ્મણ સ્વામીશ્રી વીર સુગ્રીવ અંગદ
વિભીષણ તથા વિશ્વે જયશ્રી હનુમાનનો,
આવ્યો સમય રિપુના સમીપે સર્વનાશનો.

પ્રયોગો અસ્ત્રશસ્ત્રોના કરી ભીષણ એહણે
ઉલ્કાપાત મચાવ્યો એ સંગ્રામે નિજશૌર્યનું
પ્રદર્શન કરી પૂરું છતાં વાનરસૈન્ય ના
હાર્યું હિંમત, ઉત્સાહ અનેરા બળથી લડ્યું.

દીપજ્યોતિમહીં જેવા જંતુઓ પ્રાણની પડે
પરવા કર્યા વિના યા તો લવલેશ ડર્યા વિના
વીર યોદ્ધા પ્રતિસ્પર્ધી એવા સુદ્રઢ સૈન્યના
સંગ્રામની મહાભારે ઘોર સર્વવિનાશિકા

જ્વાળામાં ઝંપલાવીને ડર્યા તેમ ડગ્યા વિના
પ્રલયંકર દેવોના જાણે સાક્ષાત દૂતશા
લડવા શૌર્યથી લાગ્યા સઘળા યુદ્ધક્ષેત્રમાં.
પડવા મૃત્યુના અંતે મુખમાં અથવા થવા
વિજયી વારુણી પીને બન્યા પૂર્ણ પ્રમત્તશા-
હોય તેવા પ્રપાતોને ન્યારા શસ્ત્રાશસ્ત્રના કરી
ઉદગારો કાઢતા વાયુવેગે બધે ફરી.

રથમાં કો’ક તો અન્ય કોઈ અશ્વપરે રહી
હસ્તિપે પગપાળા ને કોઈ ઉત્સાહથી ભરી
ઉરને, હાથમાં ધારી શૂલ તોમર બાણને
તલવાર ગદા જેવાં શસ્ત્રોને લલકારતા
રિપુને ન ચિંતા જાણે મહોત્સવતણો મહા
આનંદ મેળવી ત્યાગી ભીતિને મુખ કાળના.

*

કરવા લાગી નિસર્ગ તાંડવ રૌદ્ર રૂપ ધારી જાણે
પૃથ્વી કેરા પ્રલયની ભરી અભિલાષા અદ્ ભુત પ્રાણે.

સમીરના સુસવાટા ચાલ્યા કરી શૌર્યથી શંખધ્વનિ,
પાવક પ્રભાકરે વરસાવી વિદગ્ધ કરવા સર્વ મહી

કરી પ્રતિજ્ઞા ઝેરી જાણે બધે ઊડવા લાગી ધૂળ,
અવનીના અણુ અણુમાં ઉપડી અસહ્ય એકાએક જ શૂળ.
અરે લડે માનવ પણ માંડે નિસર્ગ પણ શાને સંગ્રામ,
ધરતી ગનનતણા અંતરમાં જાગ્યું શાને ઘર્ષણ આમ ?

અસ્ત્રો એકાએક ઊમટ્યાં ઢંકાયું ભાસ્કરનું ભર્ગ,
અસુરે અસ્ત્રપ્રયોગ કર્યો ત્યાં વિક્ષુબ્ધ બની સકળ નિસર્ગ.
વિષાદગ્રસ્ત થઈને ગરજી, સૂક્ષ્મ વ્યોમનો ભાવોદ્રેક
સ્વલ્પ બિંદુમાં વરસ્યો નીચે, ગરજ્યાં અતર વળી અનેક.(૯૦)



યોદ્ધો કો'ક ઢળ્યો ધરતી પર લડતાં લડતાં શસ્ત્ર થકી
નિસર્ગ શૂન્ય મનસ્કા સરખી આધાત થકી આ રડતી.
મેઘનાદ માયાવી માંડ્યો મનોરથો કરતો લડવા
લાગ્યું ભાસ્કરભર્ગ કલાંતશું પૃથ્વી પર પાછું પડવા.

એજ સમે લક્ષ્મણ પર એણે કર્યો શૌર્યથી શસ્ત્રપ્રયોગ,
મૂર્છા પામી લક્ષ્મણ એથી પામ્યો સૌનો સદ્ય વિયોગ.
હાહાકાર થયો સંગ્રામે, થયો તરત શોકે સૂર્યાસ્ત,
પૃથ્વી પણ મ્લાનમુખી બેઠી તજી ભૂષણોને રળિયાત.

પવન સ્તબ્ધ શોકે બની ગયો
જલદ ઊમટ્યાં વ્યોમના ગૃહે

અતિ કરુણ એ દ્રશ્ય દેખવા,
પ્રકૃતિ કાલિમાને મુખે ભરી
ગહન વેદના-શોકસાગરે
તરત ડૂબતાં ગાઢ મૌનમાં
વસવસો કરીને રહી મળી.

જલધિ દૂર થોડેક દેખતાં
પરમ વેદનાગ્રસ્ત દ્રશ્ય એ
મધુર ગીત ત્યાગી અશાંતિમાં
અનુભવી રહ્યો સ્વાદ ઓટનો

તરલ કૈં તરંગો પછાડતાં
હૃદયમાં ભરી રાગરાગિણી
પરમ પીડની; વ્યોમ ને ધરા
પ્રકટ વેદનાને રહ્યાં કરી. (૯૧)

સકળ શાંત સંગ્રામ એ થતાં
તરત રામ સૌમિત્રને મળ્યા,
તન અચેત જેવું નિહાળતાં
પ્રણયનાં મહાપૂર ઊમટ્યાં,
સુમન આંખથી અશ્રુનાં ખર્યાં.

વિકળ આર્ત આત્મામહીં અને
અણુમહીં અનોખી અશાંતિની

સતત ઘોર વર્ષા થઈ રહી,
ગડગડી રહ્યો અંતરાત્મ ને
વિવિધ વિદ્યુતો વિપ્રયોગની
ગરલ ગીતિકાને સુણાવતી
મન વળી ઘડીમાં ભમાવતી
કરુણથી કથાઓ રહી કહી.

*

સ્વજનને ગૃહને જનને વળી
પ્રિયતમા સહુને મુજ સ્નેહના
અવનવા અતિરેક મહીં તજી
ખલુ અકારણ તેં વનને ભજી

વિવિધ વિઘ્ન તથા ભય કષ્ટમાં
મુજ સમીપ રહી તુજ જિંદગી
સકળ ધન્ય કરી અમને ભરી.

સમરમાં રિપુને લલકારતાં
પરમ નાશક કાળ સમો બન્યો,
હજુ ન અંક સમાપ્ત થયો છતાં
રણ મહીં રિપુને સુખ અર્પવા
વિજયશ્રી તજતાં ક્યમ તું ઢળ્યો ?

વિજયશ્રી કરુણાર્દ્ર સ્વરે કરે
સતત શોક અચેત નિહાળતાં



સમર આજ તને રસ ના ધરે,
પરમ પીડ ભરે નિજ પ્રાણમાં. (૧૨૦)

ક્યમ ભરે નવ ? એ તુજ સંગિની
સકળ જીવનની સુખદા બની,
નવ હવે વિધવા બનવા ચહે,
અકળ પ્રીત ખરેખર આત્મની.

નવ બની વિધવા પણ એ શકે,
નયનને ક્ષણમાં જ ઉઘાડતાં
પરમ શાંતિ દઈશ ખરે જ તું
કઠિન કલેશ અમંગલ કાપતાં.

નયન કિન્તુ ખોલી નિહાળ તો
વ્યથિત પ્રાણ છે સર્વના થયા;
તન અચેત ક્યાંથી કર્યું, કરી
વિધિ શક્યું નહીં એટલી દયા !

હૃદય ભાવભીનું કહી રહ્યું
હજુય શીઘ્ર બેઠો થઈશ તું
સકળ શત્રુ સંહારવા વળી
જય લભી અયોધ્યામહીં જવા

યશ તણો પુરસ્કાર પામતાં,
ગગનમાં ગઈ સૂર્યની કલા

અવર દેશમાં, કિન્તુ ઊગતાં
મધુરવી ફરી મંગલા ઉષા

પ્રગટશે પુનઃ સૂર્ય શાંતિથી
નયન ખોલતાં તેમ તું ફરી
અચળ ઊઠશે કાળ નીંદથી
સુખ પ્રદાન સૌને સદા કરી. (૧૪૪)

ક્યમ જઈ અયોધ્યામહીં શકું
તુજ વિના કહે એકલો હવે;
રમત શૈશવે યૌવન રમ્યા
નિતનવી રહી સાથમાં ભવે,

અભિનયો રહ્યા શેષ આત્મના
તુજ વિયોગમાં શે શકું કરી,
સુખદ સાથ માંગલ્ય પ્રેરણા
સરસ કોણ શાને ગયું હરી ?

પ્રબળ પ્રેમની ઊર્મિલાતણા
મધુર દિવ્ય મંદાકિની વહી
તુજમહીં સમાવા શકે નહીં
પથ મહીં જ નૈરાશ્યને લહી.

પ્રણય ઊર્મિલાનો અનંત ને
વિમળ સાધના શાંત એહની



પરમ ત્યાગની ભાવના તથા
સતત યુદ્ધ કલ્યાણકામના
વિફળ ના થશે આમ, રક્ષશે
પ્રતિપળે તને આપદાથકી,
પ્રણયના પ્રતાપે જ એહના
નયન ખોલશે ભ્રાંત તું ફરી. (૧૬૪)

ક્યમ શુભાશિષો વ્યર્થ થાય સૌ
હૃદયના સુમિત્રાતણા કહે,
સુખ ન હોય તું તો ન સ્વપ્નમાં
પણ કદી સુમિત્રાતણું ટકે;

તુજ સિવાય જીવી શકે નહીં
અચળ શાંતિ ના એહની રહે,
ખબર એહને તેમ માતને
ક્યમ જ આપવા આત્મ આ ચહે ?

મધુર જિંદગી રંગથી ભરી
વર સમાન જેણે જગે કરી
કરુણ મૃત્યુ નિર્માણ કલ્પના
અસહ કેમ એના થકી થઈ ?

વિરહથી તપાવે અનેકને
વિવિધ શોક કલ્પાંતથી ભરે,

ટમકતાં જરી તારલા સમા
ગગન જિંદગીનું તજી ખરે
મુનુજ છેવટે વેદનાતણા
પરમ પાવકે પ્રાણના પડે

સુમન તે સમે એમ લાગતું
જટિલ મૃત્યુ કે જેહણે કર્યું
ઉર કઠોર તેનું હશે થયું
નવ દયાતણું બિંદુ ત્યાં મળે.

મુખ વિશીર્ણ સુગ્રીવ અંગદ
તરત અંજનીપુત્રનાં થયાં,
વચન વેદનાથી વિભીષણે
વ્યથિત સાંત્વનાનાં વળી કહ્યાં.

લઘુ સ્વરૂપ ધારી સ્વશક્તિથી
પવનપુત્ર લંકાપુરે પછી
ઝટ સુષેણને લાવવા ગયા,
અવનવી થઈ દૈવની દયા.

સુષેણ વૈદની પામી સૂચના રઘુનંદને
જણાવ્યું સર્વને લાવી કોણ સંજીવની શકે
ઉષઃકાળ પહેલાં આ રણમાં ગિરિમાળથી,
કથની ગુણદોષોની સુષેણે સઘળી કથી.



રાત્રિનો કાળ છે આ તો થાક્યા છે યુદ્ધમાં બધા,
નિદ્રાધીન થવાની છે વેળા સુંદર આ હવાં,
કર્તવ્ય કિન્તુ આવ્યું છે આપણી જિંદગીમહીં,
અનુષ્ઠાન કરે એનું કોણ હિંમતથી અહીં ?

એકમેકતણાં જોવા લાગ્યા સૌ મુખમંડળો
હનુમાન વદ્યા ત્યારે પ્રણમી પદમાં પ્રભો !
તમારો મેળવી મીઠો અનુગ્રહ કરીશ હું
કૃતાર્થ તમને સૌને, અસંભવ નથી કશું.

સેવાધર્મમહીં હોયે રાત્રી કે દિન ના કશું,
નિદ્રા અને અનિદ્રાનું શાંતિ તેમજ કલાંતિનું
મહત્વ; સાધના સેવાતણી સર્વક્ષણે સ્થળે
સાનંદ કરવી છાજે એ જ કર્તવ્ય ભક્તનું. (૨૧૦)

તમારી શુશ્રુષા માટે નિસ્સંશય અહર્નિશ
રહું તૈયાર જાણીને જાડ્ય આળસને વિષ
લાગે જીવનનો દૈવી લહાવો એમહીં મને;
તમારે કાજ કષ્ટોયે પડે ચિંતા વળી નડે,

વેદના વેઠવાની હો, કદી કાયાતણો ભલે
ઉત્સર્ગ કરવાનો હો, માનું એમાં મહોત્સવ,
તમારી અનુકંપાથી સ્ફુલિંગો હિમખંડ ને
રણમાં વનની સૃષ્ટિ સુમનો થાય કંટક.

રઘુનંદન બોલ્યા એ સાંભળી, કર્મયોગના
રહસ્યને તમે જાણ્યું પરિપૂર્ણપણે ખરે;
તમારા વિણ પૃથ્વીમાં કોણ આવો કરી શકે
નિસ્વાર્થ પ્રેમ કે ત્યાગ, કોણ આમ કહી શકે,

સહોદર સમા દીસો શ્રેષ્ઠ સન્મિત્ર સેવક,
થશો જીવનથી સૌને સદાને સારું પ્રેરક.

હનુમાન વદ્યા મારે તમારા પાદપદ્મના
જવું ભૃંગ બની, શ્વાસોશ્વાસે કેવળ સેવવા
સદાયે તમને પામી રસ જીવનનો મહા
સાફલ્ય મુક્તિનો મીઠો પુરસ્કાર કૃતાર્થતા.



નિસ્વાર્થ પ્રેમ કે ત્યાગ તમે એને શકો કહી
સ્વાર્થની ભાવના કિન્તુ અનોખી એમહીં રહીં,
પ્રત્યેક જીવ પોતાની શાંતિ માટે જ થાય છે.
પ્રવૃત્ત પરસેવામાં એમાં સંશય છે નહીં.

તમારી અનુકંપાથી લાવી સંજીવની અહીં
સહાયતા શકું સાચા સમયે સ્વલ્પયે કરી
સંતૃપ્તિ તો શકું પામી, દેહધારણ થાય આ
કૈંક સાર્થક સેવાનો હેતુ તેમ રહે સરી.

શુભાશીર્વાદ પામીને રઘુનંદનના પછી
હર્ષાશ્રુ સાથ ચાલ્યા શ્રીહનુમાન તમિસ્ત્રમાં
તેજસ્વી તારલા જેવા યોગની શ્રેષ્ઠ શક્તિથી
રામસીતાતણી તેમ નિત્યનૂતન ભક્તિથી.

ઘનમંડળની થઈ ગર્જના
જયકાર કરી એ સમયે,
ચપલાએ ચમકી ચમકીને
દર્શાવ્યો મધુમય પથને

ભાવવિભોર બનીને કોઈ
જલદ ધસી સહસા આવ્યું,
અમૃતવર્ષણ અલ્પ કરીને
સૂક્ષ્મ પ્રશસ્તિપુષ્પ ધરીને,
ગૌરવગીત જરા ગાયું.

સુધા સુધાકર સદ્ય લઈને
પ્રકટ્યો પથ કરવા પાછો
આલોક્તિ સઘળો સેવકનો,
હતો પહેલાં તો આછો

દર્શનથી કૃતકૃત્ય બનીને
કિન્તુ પછીથી પૂર્ણપણે
પ્રકટી ઊઠ્યો નાચી ઊઠ્યો
સંવેદનથી મુક્ત મને,
ઉન્મુક્ત કરી અંતરને. (૨૫૮)

માર્ગમહીં સરવર સુંદર ને આશ્રમ અવલોકી એકાંત
મારૂતસુત કૌતુકની સાથે ગયા જાણવાને વૃતાંત.
પ્રણામ મુનિ-ચરણોમાં કરતાં મુનિએ આશીર્વાદ ધર્યો,
વિસ્મયજનક શાંતિથી સઘળો યુદ્ધ તણો ઈતિહાસ કહ્યો.

સ્નાનપાન સરવરમાં કરવા મંત્રમુગ્ધ હનુમાન ગયા,
મકરિએ પકડ્યાથી પગને તજી દઈને સર્વ દયા
હણી એહને પણ એમાંથી દિવ્ય અપ્સરા પ્રકટ થઈ
બોલી વચનો, આશ્રમમાં એ મુનિવર કોઈ અન્ય નહીં,



કાલનેમિ રાક્ષસ રાવણનો મહાવિનાશક મિત્ર રહે.
વિનાશ કરવા આજ તમારો છળ કરતાં તત્કાળ ચહે.
હનુમાને પાછા પહોંચીને કાળનેમિને શીઘ્ર કહ્યું,
પ્રભાવ પેખીને આજ અનેરો ગુરૂ કરવા મન મારું થયું;

પરંપરાગત પ્રથા પ્રમાણે પ્રથમ દક્ષિણાને આપું,
જન્મમરણનાં બંધન તારાં કરુણાને કરતાં કાપું.
પછાડતાં પૃથ્વી પર એને નિજ શરીરથી મુક્ત કર્યો,
રામ હૃદયમાં રાખી ચાલ્યા અનુભતાં આનંદ ઘણો. (૨૯૦)

સંજીવની પહોંચી શૈલે દિવ્યદ્રષ્ટિથી પ્રાપ્ત કરી.
દિશામહીં લંકાનગરીની કૃતાર્થ ચાલ્યા ભક્ત ફરી.
નિશાચર હશે એમ માનતાં માર્ગમહીં ભરતે માર્યું
ફરા વિનાનું બાણ ભયંકર વાગ્યું સેવકને ન્યારું

રામરામ રઘુનંદન બોલી ઢળ્યા ધરિત્રી પર હનુમાન,
શ્રવણ-સુખદ સ્વર સુણતાંવેંત જ થયો ભરતનો વ્યાકુળ પ્રાણ
રાંચરણનો પ્રેમ હોય જો સાચો અંતરમાં મારા
વરસી રહી અખંડ રામની મારા પર અનુગ્રહ-ધારા

જાગ્રત થાવ અચેત ભક્ત તો એ જ પ્રાર્થના છે મારી,
એમ કહીને જોયું ભરતે લોચનમાં જલને ધારી.
હનુમાન થયા જાગ્રત ત્યાં તો બોલીને રઘુનંદન રામ
તમારું જ કરવાને આવ્યો પ્રેમ ભક્તિથી મંગલ કામ.

આકસ્મિક આપત્તિ આવી એને આશીર્વાદ ગણું,
પરમ ભાગ્યથી શકે સાંપડી દર્શનસુખ સત્પુરૂષ તણું.
સુંદર સરિતા તટપ્રદેશ પર પાવન પર્ણકુટી પેખી,
ભરતની નિહાળી ભક્તિને આજ અચાનક જ વિશેષી,

સુણી કથા સઘળી લોચનથી અશ્રુ ભરત કેરાં ચાલ્યાં,
પ્રસૂન ભાવોનાં અંતરમાં અનેકવિધ અદભુત ફાલ્યાં
ધન્ય ધન્ય હનુમંત તમે છો સંગતિ પામ્યા રામ તણી
મારું ભાગ્ય કઠોર એટલે નથી સાંપડી શક્યું અમી.

રઘુકુળમાં જન્મીને લાગ્યો કામ રામને જરી નહીં,
વિપત્તિ વેળા જીવન મારું એમનેમ આ જાય વહી.
સેવાનું સદ્ ભાગ્ય ન જાણે ક્યારે મુજને પ્રાપ્ત થશે,
અપનાવી લેશે અંતરથી રામચંદ્રજી વિશ્વ વિશે.

તપસ્યામહીં દિવસો મારા કરી પ્રતિક્ષા પૂર્ણ કરું,
સ્મરણ મનન ને નિદિધ્યાસનથી, કલેશ સમસ્ત અશાંતિ તરું.
રામ-સમાગમ સિવાય દીસે, જીવનમાં ના સાર મને,
કૃતાર્થતાને ક્યાંથી પામે વિરહી મન સંપૂર્ણપણે ?

દર્શન થયું તમારું દૈવી એકાએક મને આજે,
અમૃતવર્ષણ થઈ રહ્યું આ શુષ્ક ધરિત્રીને કાજે

એ પણ કૃપા રામની માનું
અમીદ્રષ્ટિ અંતરની જાણું,
તિમિર ભરેલા જીવનપથ પર-
કરતાં કાળકૂચને નિષ્ફળ,
ઢળી પડ્યું ભાસ્કરનું ભર્ગ.

*



હનુમાને સપ્રેમ જણાવ્યું ભાગ્યવંત છો ખરે તમે.
રામચરણના અનુરાગીને અવલોકી ઉર આજ નમે.
વિનાશશીલ વિશ્વમાં જેણે કર્યો રામની સાથે સ્નેહ
રામકૃપાની કરે ઝંખના જેમ ઝંખતુ ચાતક મેહ

એના સરખો બડભાગી ના અન્ય માનવી મહીમહીં
એના જીવનમાં કેમ શકે અશાંતિ શાશ્વત કાળ રહી ?
વિયોગનાં વાદળ વિખરાશે, સંયોગતણો સૂર્યોદય
થશે અનોખો જીવનનભમાં પ્રકાશ રેલી વિમળ ઘણો.

નિત્ય નિરંતર યાદ કરે છે તમને રસપૂર્વક શ્રીરામ,
આવી મળશે અવશ્ય પાછા એક દિવસ કરવા કૃતકામ
રઘુકુળમાં જન્મીને લાગ્યા કામ રામને જરી નહીં
એવી આશંકા કરશો ના, તમને ધારી ધન્ય મહીં. (૩૮૦)

બંધુધર્મ આદર્શ બજાવ્યો જીવનમાં નિસ્વાર્થ તમે,
ઉદાત્તતા અણમોલ તમારી હૃદય રામના રોજ રમે.
રામકાર્યનું સ્મરણ કરીને ચાલ્યા સદ્ય પછી હનુમંત.
રામકૃપાથી પરિશ્રમ કેરો આવ્યો સદાય માટે અંત

ગોપદ સરખો સિંધુ બને સૌ તેવો બન્યો સરળ એ પંથ;
અશક્ય કે મુશ્કેલ રહે શું અલ્પ કૃપા કરતાં ભગવંત ? (૩૯૨)

*

મધ્યરાત્રી પછી વીતી ગયો વખત કેટલો
હનુમાન છતાંયે ના પધાર્યા ગિરિમાળની
સંજીવની લઈ તેથી વિતર્કો રામને થયા,
નિહાળી ભ્રાતને શબ્દો શોકસંયુત એ વદ્યા :

કઠિન પંથ છે સત્યનો કહ્યો
પરમ પાવકે ચાલવા સમો
સ્વજન છોડવાં એમહીં કદી
પરમ મિત્ર કે બંધુને પડે.
વિપિનમાં જવું કષ્ટ વેઠવું
ગરલને અમી માનવું રહે,

અપયશો મળે કે પરાજયો
પ્રથમ પ્રાણ ના શાંતિને લહે.
કઠિન કાયરો કાજ એ કહ્યો
તદપિ પંથ વીરો તજે નહીં,

નવ કદીય નૈરાશ્ય સેવતા
ધૃતિ તજે ડગે હામ હારતાં,
સુખતણો સુધાસ્વાદ છેવટ
અવનવીન સાર્થક્ય પામતા. (૪૧૦)

પ્રિય વિશેષ કોઈ ન ભ્રાતથી
જગતમાં મને અન્ય દીસતું
હૃદય તારું તો દિવ્ય છે બન્યું
વિધિ પરંતુ જો એમ ઈચ્છશે

નવ જરીય જાગી શકીશ તું
મૃદુલ પ્રાણ પીડાભર્યો થશે
પણ ન પંથ ત્યાગી શકીશ હું
પરમ સત્યનો ન્યાય નીતિનો
મરણની મળે ભેટ તોય શું,

વિવિધ લાભ કે હાનિતર્કથી
નવ કદીય કર્તવ્યથી ડગું.



અબુધ લોક કે'શે જઈ વને
પ્રિયતમાતણા મુક્તિયુદ્ધમાં
વિમલ બંધુ ખોયો છતાં મને
વચન લાગશે એ કઠોર ના. (૪૨૬)

પ્રણય હો મુજ સત્ય પવિત્ર તો
વધુ વિલંબ થશે તુજને નહીં
ગહન નીંદથકી મધુ ખોલતાં
નયન શબ્દ સુખપ્રદ બોલતાં

પરમ શાંતિ ધરી સહુને રહી
મધુર મંગલ આ કરશે મહીં.

*

કસોટી આકરી કીધી વિધિએ એમ રામની
પૂર્ણાહુતિ થઈ અંતે કિન્તુ એની સુધામયી,
હનુમંત બધા વચ્ચે પધાર્યા વીરતાભર્યા,
સંતાપ સર્વ વીરોના વિલોકી એમને શમ્યા.

શર્વરી-હૃદયે વ્યાપ્યો પ્રકટી ચારુ ચંદ્રમા,
મળ્યું મંથનના અંતે અમી અવનવું મહા,
વિષાદવેદના વચ્ચે પારાવાર પ્રસન્નતા-
તણો જાગી ગયો, જાગી જડમાં દિવ્ય ચેતના. (૪૪૦)

*****

## ૩૭. અમૃતક્યારી

સમાચાર સાંભળતાં સર્વે વૈદેહીએ કર્યો વિલાપ,
બીજે દિવસે પુનિત પ્રભાતે વિષાદ એને થયો અમાપ.
મેઘનાદના શસ્ત્રપ્રપાતે લક્ષ્મણ છેક જ થયા અચેત
કંપ થયો કાયામાં ટપકી અશ્રુધાર એ સુણતાંવેંત.

વીણાઓ કારુણ્ય તણી કૈં રહી કાળજામાં વાગી,
ઊર્મિ અનોખી અંતરપટને ભેદીને વચને જાગી.
પાંખ કપાઈ કોશલેન્દ્રની થયો એમને શોક પ્રગાઢ
મુજને પણ ના શરીરધારણ પસંદ પડતું અમુલખ આજ.

માત ભ્રાત પત્નિને ત્યાગી આવ્યા પ્રેમથકી વનમાં
શીતોષ્ણ મહીં વસી સાથમાં વિપત્તિ ચિંતા વેદનમાં
છાયાની પેઠે રામતણી રક્ષા રાતદિવસ કરતાં,
સૂતા એ સંગ્રામ મહીં શે આશા સઘળી પરહરતાં ?

અરે વેદના તનેય દીસે જીવોની ના લેશ દયા,
ઘડી ઘડીમાં જાગી ઊઠે આનંદભર્યા અંતરમાં,
સહસ્ત્ર ધારે સહસા વરસે અભ્રોના ગગડાટ કરી
ચિંતા ચપલાના ચમકારે દિગદિગંત સર્વત્ર ભરી,

સંવેદન સ્ત્રોતો પ્રગટાવે ઝંકૃત કરી સમસ્ત ધરા,
થીજાવી દે અંતરાત્મને વરસાવી કો'દીક કરા

મારે માટે સહ્યા સંકટો રામલક્ષ્મણે વિપિન મહીં
તો પણ પીડા પરંપરાનો દીસે હજુયે અંત નહીં. (૪૦)

સુમિત્રા માતાને જ્યારે થશે એની જાણ;
હાથમાં રહેશે કેમ કરી ત્યારે પ્રાણ,
ઊર્મિલાના અંગે જશે વીજળી પડી,
શ્વાસ એનાથી લેવાશે સાચે ના ઘડી.

વહ્નિની જ્વાળામાં જશે વલ્લરી જલી,
હિમપાતને સહે શે કોમળ કળી,
પ્રેમની આરાધનાનો આવી જશે અંત,
આટલા કઠોર થયા શાને ભગવંત ?

રામચરણોમાં મારો સત્ય હોય સ્નેહ
અખંડ હો વરસતો મમતાનો મેહ;
અંતર ના ભજતું હો એમના વિના
અન્યને, જાગૃતિ તથા સ્વપ્નમાં સદા

માન્યા હોય એમને જ પૃથ્વીમહીં પ્રિય
ચેતના તો પામે સદ્ય સુમિત્રાના વીર.
અશોકવાટિકા મારો શોક દે હરી,
જીવનમાં અવનવી પ્રેરણા ભરી;

અંગાંગમાં આતમમાં લાગી ગઈ લ્હાય,
શમાવી દે એને કોઈ શોધીને ઉપાય;
જીવન મારું ભલે ને અલ્પ થઈ જાય,
લક્ષ્મણ જાગ્રત એના બદલામાં થાય. (૬૦)

મંદોદરી બોલી એનો સાંભળતાં શોક,
વિષાદ કરી રહી તું લક્ષ્મણનો ફોક;
દૂત દ્વારા મુજને છે માહિતી મળી,
પ્રાપ્ત થઈ લક્ષ્મણને ચેતના ફરી.

રામની અનુજ્ઞાથકી વીર હનુમાન
સંજીવની લેવા ગયા અગમ કો' ઠામ
પર્વતમાળામાં પામી અનોખું સામર્થ્ય,
પ્રભાત પહેલાં મટ્યું કાળનું આવર્ત.

સત્ય સ્નેહ તારો તથા રામનો થયો
વિજયી વિષાદ સારી સેનાનો ટળ્યો,
રિપુદળ સાથે ફરી છેડાયો સંગ્રામ,
જય વીર લક્ષ્મણ ને મહાવીર રામ

એવા એવા ધન્યતાના થાય છે ધ્વનિ,
કસોટી થઈ રહી છે વીરતાતણી;
મેઘનાદ કુંભકર્ણ લંકેશતણું
સંયુક્ત સામર્થ્ય ખરે ગણાય ઘણું,



મહાબળવંત માયા એમની કહી
જીતી ભલે એમણે આ આખીયે મહી,
ટકી શકશે નહીં એ દાશરથ પાસ,
અખંડ છે એવો મારો અનાદિ વિશ્વાસ. (૮૦)

અસત્યનો વિજય ના સદા સારુ થાય,
અનીતિ આખરે મળી માટી મહીં જાય,
અનાચાર શાશ્વત ના કદીયે બને,
હણાય સ્વયંને અનાચારીને હણે

તારાયે બંધનતણો આવી જશે અંત,
સાંપડશે અંતે તને આનંદ અનંત,
સુધામય સૂર્યોદય સુખનો થશે,
અસંતોષ અંતરનો સઘળો જશે.

અણમોલ અવસર આવી જતાં એ
અંતર આહ્ લાદી મારું ઊઠશે ખરે,
શત શત સંગીતના સમારોહની
સુરાવલિ પ્રકટશે એહની મહીં.

સીતા બોલી, કિન્તુ મને થાય છે વિચાર,
લંકેશનો પરાભવ થઈ જતાં નાશ
અવસ્થા તારી કફોડી કેટલી થશે,
રહેશે ના રસ તારા જીવન વિશે.

કલ્પના એ અતિશય કઠોર બની
હૃદય રહે છે મારું વેદને વણી,
એનાથી તો લંકેશનો થાય જ ના નાશ,
મન મને થતું એથી રાખવાને આશ. (૧૦૦)

આપણી ઈચ્છા પ્રમાણે ક્યાં કશું બને,
આપણી ગણતરીને કાળ ના ગણે,
મંદોદરી બોલી, થાય લંકેશનો નાશ,
ભાવના એવી ના જાગે અંતરે જરાય,

પંથ કિન્તુ વિનાશનો એમણે ગ્રહ્યો,
પ્રજ્ઞાનો પ્રકાશ નથી હૃદયે રહ્યો,
વિનાશને રોકી શકું કેમ હું કહે,
સુરક્ષિત રાખવાને ચિત્ત તો ચહે.

કરી જોયો યત્ન, હજુ કરીશ વળી,
હેતુ તદપિ શકશે મારો ના સરી,
વળશે કશું ના મારું કરીશ શું તો,
વિકલ્પ દેખાય મને અન્ય નહીં કો'.

નશ્વર છે સંબંધો સૌ સંસારતણા,
આજ સુધી કર્યા હશે જીવને ઘણા,
એમનો શો મોહ, શાને મમતા કરું,
અવિદ્યાનો અંધકાર જ્ઞાનથી હરું.



અહંતા ને મમતાની ગ્રંથીઓ અસંખ્ય
આણે નહીં વાસનાનો વેદનાનો અંત,
જન્મમૃત્યુ ચક્ર મહીં ફરે એથી જીવ,
પામી શકે સ્નેહે નહીં સ્વપ્નમાંયે શિવ. (૧૨૦)

ગ્રંથીઓનું ભેદન છે સરળ નહીં
સૂક્ષ્મ તથા સ્થૂળ રૂપે અનેક રહી,
પરમાત્માની કૃપાથી ભેદવા ચહું
જીવનનો સર્વોત્તમ લહાવો લહું.

વૈદેહીએ કહ્યું ભૂમિ આ પંકમયી લંકા કેરી,
પદ્મિની બની એમાં પ્રકટી પવિત્રતમ ચારુ અનેરી
પરિમલ પ્રસરાવી તું સાચે યશસ્વી કરી કુળ તારું,
મહિમાને જાણીને તારો નમી પડે મસ્તક મારું.

રામ અને રાવણની વાર્તા વખાણશે આ વિશ્વ બધું
પરંતુ તારી લોકોત્તરતા નભમંડળમાં પૂર્ણ વિધુ-
પેઠે પ્રકાશ રસ રેલીને ત્રિભુવનમાં વ્યાપક બનશે,
એક દિવસ ગુણગ્રાહી તુજને સામ્રાજ્ઞી સાચી ગણશે. (૧૪૦)

વદી શકી ના વચન વધારે
ભાવવિભોર બની મનમાં,
મંદોદરી મૂક બનીને
બેઠી એ મધુમય વનમાં.

એક બાજુ શીલવંતી સીતા
બીજી તરફ માધુર્યમયી
મંદોદરી, વિલોકી બેને
બની રહી કૃતકૃત્ય મહી,

વિચાર કરવા લાગી બંને
મહાન ને ગૌરવવાળી
અલંકાર અવનીની, રણમાં
અવનવીન અમૃતક્યારી. (૧૫૨)

*****

## ૩૮. રાવણનો નાશ

શમાવવા ક્ષુધાને આકરી યુગો તણી,
પ્રચંડ સર્વભક્ષિકા
કઠોર કાળદૂતિકા
અનંત જ્વાળ કાળજે કૃતાંતની લઈ
તજી દઈ સમસ્ત અંતરાત્મનું અમી,
કરાળ કાળ રાસ તાંડવે રહ્યો રમી.

વિનાશ રાક્ષસોતણો રહ્યો કરી
દિગંત ઘોર અટ્ટહાસ્યથી ભરી;
મહોત્સવોને માણતો પિશાચશો
ક્ષણે ક્ષણે નવીન રંગને ધરી;

નિસર્ગ સર્વ નાથવા
વિસર્ગ તેમ આપવા
પિપાસુ યુદ્ધમાં રહ્યો ભમી
અસંખ્ય શ્રેષ્ઠ શૂરવીરને દમી;
તજી દઈ સમસ્ત અંતરાત્મનું અમી,
કરાળ કાળ રાસ તાંડવે રહ્યો રમી.

અનેક ક્લૈબ્યવાન દર્શને ડરી રહ્યા,
તજીને યુદ્ધભૂમિને ગૃહે ફરી ગયા;



ઢળ્યા અનેક, અંગભંગ કૈં ગયા બની,
અનેક ખેલે જંગ તીવ્ર વેદના વણી.

નવીન પીડ વારસામાં કૈંકને મળી,
પુરાણી પીડ પ્રાણની અસંખ્યની શમી;
તજી દઈ સમસ્ત અંતરાત્મનું અમી,
કરાળ કાળ રાસ તાંડવે રહ્યો રમી.

પ્રમત્ત કુંભકર્ણ પેખતાં વિભીષણે
પ્રણામ પાસ આવતાં સમાદરે કર્યાં,
કહ્યું : સભામહીં ઘમંડયુક્ત રાવણે
પ્રહાર પાદનો મને ધૃણાથકી કર્યો
વિચાર શ્રેયનો ન લેશ ધ્યાનમાં ધર્યો,
તજીને એટલે જ રામની કૃપા
પામવા પ્રશસ્ત પંથ મેં ગ્રહ્યો. (૩૧)

પ્રસન્ન કુંભકર્ણ શાંતિથી વદ્યો:
તને તો ધન્યવાદ માત્ર આપવો,
બજાવ્યો ધર્મ તેં ઉદાત્ત આત્મનો;
દશાનને કરાળ કર્મ છે કર્યું,
કહેવું ધ્યાનમાં ન મારુંયે ધર્યું,

મને ન વાત યુદ્ધની જરા ગમી,
છતાં રહીશ રંગથી રણે રમી.
લડીને અસ્ત્રશસ્ત્રથી
અસીમ શ્રેષ્ઠ શૌર્યથી
અમોઘ રામચંદ્રના જ બાણથી
પ્રમત્ત કુંભકર્ણ યુદ્ધભૂમિમાં ઢળ્યો,
વિનાશ આખરે થઈ અધર્મનો ગયો.

*

સૌમિત્રના શર થકી સમરે પછીથી
પામ્યો વિનાશ મદથી ભર મેઘનાદ,
કાળે ગ્રહ્યા અસુર કોપ કરી વળી કૈં,
ચાખ્યો ભરી હૃદયને અણમોલ સ્વાદ.

ક્રીડાસ્થલી રણતણી રમણીય માની
ખેલી રહ્યો કુપિત એમ કરાળ કાળ,
બ્રહ્માંડને ભરખવા
આશ્ચર્ય કૈં સરજતાં
તૈયાર છેક જ થયો નવ હોય જાણે
તેવો સજી વિજયની મદમત્ત માળ
વ્યાપી રહ્યો પ્રતિપળે ગતિથી પ્રચંડ
સંસારના વિષયને કરતાં અસાર.

પામ્યા મહાસમરમાં ગતિ કુંભકર્ણ
ને મેઘનાદ સરખા બહુ મૂલ્ય વીર



એથી દશાનન ઘડીભર તો વિષાદે-
ડૂબી બની તરત છેક ગયો અધીર.

જેવી રીતે મણિ શિરતણો ઝૂંટવાતાં વ્યથાથી
થાયે ભારે વ્યથિત વનમાં નાગ તેવી જ રીતે
પામ્યો પીડા અતિશય ખરે નાથ લંકાતણો એ
જાગી જ્વાળા અસહ્ ઉરમાં એહના ગાઢ શોકે.

*

મંદોદરી વદન વ્યગ્ર વ્યથા ભરેલું
લંકેશનું તરત મ્લાનમુખે વિલોકી
પ્રેમાળ કિન્તુ અતિખિન્ન સ્વરે વદી કે
સંહારની પરમભીષણ યુદ્ધજ્વાળા
જાગી ગઈ સતત દુષ્કૃતથી તમારા
તેણે મહાન બલિદાન અસંખ્ય વીરો-
કેરું કરાળહૃદયે અવિરામ લીધું,

એ સર્વ પાતક તમે જ કર્યું, તમોને
લાગ્યું કલંક ખલુ કાયમ કાજ એનું
માનો હજીય, નિજજીવનને ઉગારો,
સીતાતણો તરત ત્યાગ કરી દઈને
સંહારને ક્ષણમહીં સહુનો શમાવો.

દોષો થતા મનુજથી પણ દોષ દેખી
જે સદ્ય દૂર કરતા પુરૂષો વિવેકી

તે પામતા યશ અને સુખ સંપદાને,
તે સર્વને જન સદા ગુણવાન જાણે,
માટે હવે વચન લો મુજ આજ ધ્યાને. (૮૦)

જે વીરની ગતિ લભ્યા બળવાન યોદ્ધા
તે તો લભ્યા પણ તમે પણ એ જ પંથે
શાને પ્રયાણ કરતા અવિવેક સાથે,
જ્વાળા મથો પકડવા ક્યમ ઘોર હાથે,

બોલ્યો દશાનન, વિનાશતણી અનોખી
જ્વાળા કરાળ જગવી રિપુ રામચંદ્રે
સીતાતણી અકળ અદભુત મોહીનીથી,
પૃથ્વી મહીં પરમ દોષિત એક છે એ.

એનું શકું શરણ સ્વપ્નમહીં લઈ ના
એણે હણ્યા સમરમાં નર કુંભકર્ણ
ને મેઘનાદ સમ અન્ય ભલે અનેક.

એ સર્વના અવનવા પ્રતિશોધભાવે
જ્યારે લડીશ મુજ શૌર્ય સમસ્ત સાથે
સાક્ષાત કાળ નિજ જીવનમાં પધાર્યો
એ રામ લક્ષ્મણ વિભીષણ મારુતી ને
સુગ્રીવ અંગદ જશે સમજી સવારે

પામીશને ગતિ કદાચિત દિવ્ય તોયે



લાગે મને ભય નહીં તિલમાત્ર એનો
સંસારમાં જનમ ને મધુ મૃત્યુકેરું,

છે ચક્ર શાશ્વત અનાદિ અને અનેરું,
એનો વિષાદ કરતા નવ પ્રાજ્ઞ મારા-
જેવા કદી ભય વળી મોહ ધારે. (૧૦૨)

કાલે અનંત મુજ કળા થકી હું
જ્યારે લડીશ સમરાંગણમાં સરોષ
ત્યારે ઘમંડ ગળશે રિપુસૈન્યકેરો,
ઉત્સાહ સર્વ શમશે સહુનો અનેરો

સંમોહ છોડ તજ તેમ વિષાદ એથી
ઉત્સાહ ધારણ કરી ઉરમાં હવેથી
મારા પરાક્રમતણું જયગાન ગાવા
તૈયાર થા અશુભ કલૈબ્ય ફગાવતાં આ.

સેવે વળી મરણનો ભય કેમ મારા,
તું સ્નેહ રામપ્રતિ ગાઢ સદૈવ રાખે,
મારું થશે મરણ તો પણ રામ કેરા
સંસર્ગનું સુખ તને મળશે વધારે.

મંદોદરી વિધિતણી ગતિને વિચિત્ર
જાણી વદી નવ વિશેષ પછી જરાયે,

બેચાર અશ્રુ ટપક્યાં કરુણાર્દ્ર એના
આત્મા થકી તનિક અંતર-આહ સાથે.

*

પ્રભાતમાં મદેભર્યા સુવર્ણના રથે ચઢ્યા
દશાનને પ્રવેશ યુદ્ધભૂમિમાં કર્યો,
પ્રકાશ પેખતાં જરીક એહને ઠર્યો,
અમંગલ થયા અસંખ્ય શકુનો બધે તે સમે
મહોત્સવ થઈ રહ્યો અવનવો વળી કાળને. (૧૨૪)

શત્રુઓની શસ્ત્રસજ્જ નિહાળતાં સેના
વદ્યો રાવણ રોમરોમે ભરાઈ રોષે
કોણ છે સમકક્ષ વીર ત્રિલોકમાં મારી,
નથી મારી વીરતાને યુદ્ધમાં ભાળી

રામલક્ષ્મણ ત્યાં સુધી છોને ઘમંડ કરે,
એમનો સંહાર છે ના અધિક દૂર હવે,
વધારે વીતે વખત તે પહેલાં જ તજી
યુદ્ધના મેદાનને સૌ જાય ઘેર હજી

હોય જીવન લેશ ના પ્રિય મૃત્યુના મુખમાં
ગ્રાસ બનવા મૂઢ મનના તો ભલે લડતા.
દયા આજ કરીશ ના કોઈ ઉપર થોડી,
વાયુવેગે સૈન્યમાં દુશ્મન તણા દોડી



સર્વનાશ કરીશ ક્ષણમાં ઘોર હાહાકાર
જગાવીને, હોય જાગ્યો સર્વભક્ષક કાળ
તેમ પલટાવી સ્મશાને સમરભૂમિ બધી
વિજયનૃત્ય કરીશ પામી યશ અનંત ઘડી. (૧૪૦)

યુદ્ધ કૈં જીવનમહીં ક્રીડાસમાન કર્યાં,
અનેકોને સ્વર્ગપદ તત્કાળ શ્રેષ્ઠ ધર્યાં,
તો પછીથી રામલક્ષ્મણ વિભીષણ સુગ્રીવ
યુવક અંગદ પવનસુતશા શત્રુઓ નિર્વીર્ય

કરી શેં પ્રતિકાર મારો સ્વપ્નમાંય શકે,
બુદ્ધિબળ આગળ મહારા રણે કોણ ટકે ?
અટ્ટહાસ્ય કર્યું પછી લલકારતાં એણે
કિન્તુ પ્રત્યુત્તરમહીં એના સકળ સૈન્યે

દુષ્ટ રાવણનો કરી દો સર્વનાશ હવે,
રામનો જયકાર હો, રિપુ લખે નષ્ટ બને,
પ્રબળ ધ્વનિ એવા જગાવી દિશા પ્રદિશામાં
આક્રમણ તત્કાળ પ્રારંભી પ્રખર પળમાં

એહને ઘેરી ચતુર્દિશ શિલા વૃક્ષ વળી
શસ્ત્રની વર્ષા ભયંકર શૌર્ય સાથ કરી;
તોય અડગ અને અભય એ રહ્યો સર્વ સહી,
સહે છે અતિવૃષ્ટિ પર્વત જેમ સ્વસ્થ રહી.

વદ્યો: દેવો દંડ આજે રામને મારે,
ક્યાં લપાયો એ ડરીને, હોય જો હિંમત
દ્વંદ્વયુદ્ધતણું કરું આહવાન તો એને,
ચૂકવે વિદ્વેષની એ બધીયે કિંમત. (૧૬૦)

વિલોકી રથમાં બિરાજેલા દશાનનને
વ્યથા પહોંચી પ્રેમથી ભીનાં વિભીષણને,
એટલામાં રથ સરસ સુગ્રીવનો આવ્યો,
દૂત એવા કૈંક રથને સ્વર્ણમય લાવ્યો,

વિરાજી એમાં વદ્યા શ્રીરામ, રથ ન્યારો
જિંદગીના જટિલ સંગ્રામે મળે જેને
પીઢ કે પ્રતિરોધવાળા આકરા પંથે
સાંપડે સાફલ્ય સર્વોત્તમ સદા તેને.

વિજયશ્રી એને વરે સુખશાંતિ તેમ મળે,
ભરાયે જીવન વળી એનું ઉદાત્ત વરે;
હોય સારથિ શ્રેષ્ઠતમ સદ્ બુદ્ધિનો જેનો,
રથ થયો સંયમ તણો રમણીય છે કેવો,

અશ્વ આત્મજ્ઞાનનો જોડ્યો સદા જેને
પતાકા પાવિત્ર્યની જેની ઉપર સોહે
આત્માનિષ્ઠાનાં અનોખાં આસનો જેમાં
છટાંને અવલોકતાં મુનિનાં મનો મોહે;



દિવ્ય શ્રદ્ધાભક્તિનાં પૈંડા થકી ચાલે
નીતિ ન્યાયતણા જ પંથે પ્રતિપળે કાળે,
એ રથતણી કરી પ્રાપ્તિ જીવને જેણે
કલેશ ચિંતા ના સતાવે બંધનો તેને. (૧૮૦)

*

પરાક્રમ સેનાતણું અવલોકતાં
પરમ ક્રુદ્ધ ગયો દશાનન એ બની,
પ્રલય કરવાને થઈ ઉત્સુક કરી
આકરી વૃષ્ટિ તરત બાણો તણી.

દિશાપ્રદિશાઓ છવાઈ એ થકી,
થયા ઘાયલ સૈન્યના યોદ્ધા ઘણા,
ક્રોધનો આવેગ ઊઠ્યો અંતરે
નિરખતાંવેંત જ મહા લક્ષ્મણતણા.

શક્તિપાત કર્યો તરત લક્ષ્મણ ઉપર
એ થકી મૂર્છિત થઈ લક્ષ્મણ ગયો,
મથ્યો રાવણ મદોન્મત્ત ઉઠાવવા
નાસીપાસ પરંતુ પૂર્ણપણે થયો.

વળી મૂર્છા આખરે લક્ષ્મણતણી
રાત પડતાં કિન્તુ સામગ્રી ઘણી
કરીને એકત્ર તૈયારી કરી
રાવણે જયકાજ ઉત્તમ યજ્ઞની

રામના આદેશથી હનુમાન ત્યાં
પહોંચી વીરોસહિત જલદી ગયા,
યજ્ઞ નષ્ટ કર્યો અતુલ સામર્થ્યથી,
દશાનન ત્યારે પરમક્રોધિત બની

યુદ્ધ કરવા વિજય વરવાને વળી
સર્પ પેઠે વેગથી ફૂત્કારતો
શત્રુસેનાને વળી ધુત્કારતો
પહોંચ્યો શસ્ત્રો સજી સંગ્રામમાં

રામ સાથે યુદ્ધ એણે આદર્યું
તે પહેલાં ક્રોધથી કંપી કહ્યું,
તેં હણ્યા યોદ્ધા અવર સંગ્રામમાં
કુંભકર્ણ સુલોચના સ્વામી સમા

કર્યો ના અપરાધ કૈં ખરદૂષણે
વાલિએ છળથી સૌને કર્યા
નષ્ટ એવો નથી નિર્બળ હું ખરે,
દેવતાયે દેખતાં મુજને ડરે,

જિંદગી તો રક્ત અંગ થકી વહે
મૃત્યુ મેળવતાં તને પરિતોષને
પ્રકટ કરતાં અનોખો ઉત્સવ કરે
તે પહેલાં મોહ સીતાનો તજી



સૃષ્ટિના સ્વામી સમા મુજને ભજી
વળી જા પાછો, નહીં કરુણા કરું,
પ્રાણ શસ્ત્રાસ્ત્રે સદા રિપુના હરું. (૨૨૦)

સ્તેન સરખો પ્રવેશી એકાંત એ
આશ્રમે ગોદાવરી તટના તદા
હરી તેં છળથી પ્રિયતમા જાનકી
માહિતી એની પછી મુજને મળી;

આપણે જો મળ્યાં ત્યારે હોત તો
જીવતો ના જવા દેત તને જરી
ભીતિથી ભાગી ગયો બળવાન તું
આત્મશ્લાઘા રહ્યો આજ કરી ફરી

કિન્તુ મસ્તક પર ભમે છે મૃત્યુ તે
વિમુઢ બની ભ્રાંતિવશ જાણે નહીં,
ઢળી પડશે સદ્ય આ સંગ્રામમાં
માણશે ત્યારે મહોત્સવને મહીં

બોલનારા લોક તો મળતા ઘણા,
એમની ના મહીમંડળમાં મણા,
કિન્તુ કરનારા વિરલ માનવ મળે,
ગરજતા ઘનઘોર વર્ષા ના કરે

એ વિરલ માનવમહીં હું એક છું

તને એની થાય આજ પ્રતીતિ છો,
એમ બોલીને તરત રઘુનંદને
શસ્ત્રનો ભીષણ પ્રયોગ શરૂ કર્યો.

શરપ્રતાપે અશ્વસારથિને હણ્યા
રથ વિનષ્ટ કર્યો અવર રથમાં છતાં
વિરાજીને દશાનન સંગ્રામમાં
રક્ત નીતરતા તને ઝૂઝી રહ્યો
લુપ્ત ના ઉત્સાહ થોડોયે થયો;

શર તણી વર્ષા કરીને રામના
ઘડીભર રથને તિમિરથી ઢાંકતાં
અટ્ટહાસ્ય કર્યું પ્રબળ વ્યામોહથી,
ઉત્તરોઉત્તર વિશેષ લડ્યો રોષથી,

કાપતા મસ્તક શરે રાઘવ છતાં
અન્ય મસ્તકની તરત સૃષ્ટિ થતી
અસ્ત્રશસ્ત્રોના પ્રચંડ પ્રયોગની
વેદના ના લેશ એને વ્યાપતી;
વિભીષણ સુગ્રીવની હનુમાનની
ભીતિ લક્ષ્મણની તનિક ના લાગતી.

*

એજ રાતે સ્વપ્નમાં સીતા રહી
સમાચારો યુદ્ધ કેરા સાંભળી



રડી, ત્યારે પ્રેમથી મંદોદરી
સાંત્વના એને સુખદ અર્પી વદી,

પરાજય ના સત્યનો કો'દી થતો,
વિલાપ કરે આજ તું ભારે છતાં
નાશ અંતે દશાનન કેરો થશે
નાભિસ્થાને બાણ એક જ વાગતાં.

*

આજ ના સંગ્રામમાં જાઓ તમે,
વદી વિનવીને વચન મંદોદરી,
આજ કાળ મને અમંગલ લાગતો,
મૃત્યુ છાયા આજ મસ્તક પર ભમે.

વદ્યો રાવણ, આજ રાઘવને હણી
જિંદગીની અનુભવી કૃતકૃત્યતા
રાજપ્રસાદે પુનઃ આવીશ હું,
વ્યર્થ વ્યાકુળ વિષાદે શાને બની ?

અમરતાને મેળવી વરદાનથી
એટલે ના મૃત્યુ સ્પર્શ કરે મને,
રામ મરશે આજ મારા હાથથી,
પ્રતીતિ થશે શક્તિની મારી તને.

ગર્વ રાવણનો પરંતુ ગયો ગળી
યુદ્ધમાં રઘુનંદને બાણો તણી

કરી વર્ષા, પ્રયોગો માયા તણા
એ સમે એણે ભયંકર કૈં કરી
ડરાવ્યા યોદ્ધા બધાયે સૈન્યના,
ભરાઈને રોષથી રામે તદા

શીશ કરને શસ્ત્રબળથી છેદતાં
નાભિમાં માર્યું ભયંકર બાણને
એજ વખતે ઘોર શબ્દ કરી પડ્યું
અંગ પૃથ્વી પર તજીને પ્રાણને.

સમાપ્ત થયો અંક એ અભિનયતણો
એટલે રામે પ્રશાંતિતણો લઈ
શ્વાસ સ્મિત સુખમય કર્યું સંગ્રામમાં
કલાંતિ સૌની કૃપાકિરણે કાપતાં.
રામ અભિનંદન દઈ સૌને રહ્યા,

તમારા સહયોગથી લંકેશનો
કરાયો સંહાર, એના યશતણી,
અમર કરતાં નામ તેમજ કામને
તમારા પ્રસરાવતાં સુપ્રકાશને,
વહેશે સૌરભ દિગંતમહીં ઘણી. (૨૯૧)

એકલે હાથે કરી ન શકાય કૈં,
ૠણી છું સાચે તમારો હું સદા,



તમારો સંસર્ગ જીવનમાં મને
વિષમ સમયે છે થયો સુખપ્રદ મહા;
નથી એવી વસ્તુ જે અર્પી શકું
એહના બદલામહીં ઉરમાં ભરી

પ્રકટ કરવાને સમસ્ત કૃતજ્ઞતા,
રામ ના બોલ્યા અધિક ગદ્ગદ થતાં.
શબ્દ એવા સુણીને વિનયે છલ્યા
નયન ભીજાયાં સકળ શૂરોતણાં;

વધ્યા સર્વે, પારિતોષિક સ્થૂળ ના
અમે સ્વપ્ને જિંદગીમાં ઝંખતા
તમારા સંપર્ક ને અનુગ્રહતણું
સદાયે સુખ ક્ષણ પ્રતિક્ષણ સાંપડે,

તમારી સેવાવળી કરવા તણું-
ભાગ્ય નિશદિન અમોને દૈવી મળે,
તમારો હો સ્નેહ ને સદ્ભાવ તો
બની જાયે જિંદગી ઉજ્જવળ વરે.

એ જ વરને અમે તો ઝંખી રહ્યા,
એથકી કૃતકૃત્ય જીવનમાં થયા,
તમારી લીલાતણો અમને ધરો
યશ છતાં મદ થાય ના, કરજો દયા.

## ૩૯. મંદોદરી અને રામ

માહિતી શીઘ્ર મંદોદરીને મળી
મૃત્યુની વીર લંકેશ કેરા,
ખિન્નતા ચિત્તમાં ગાઢ વ્યાપી ગઈ,
ઊર્મિકેરાં તરંગો અનેરાં

ઊછળી અંતરાત્મામહીં કૈં રહ્યાં,
કંપવા કાય કરુણાર્દ્ર લાગી,
અશ્રુનાં ઊમટ્યાં પૂર, વેદનતણી
લક્ષ વીણા રહી પ્રાણ વાગી,

સ્થૂલ મર્યાદને ત્યાગતાં રોમમાં
અવનવી જ્વાળ તત્કાળ જાગી.
મૂર્તિ માંગલ્યની ગાઢ કારુણ્યતા
રંગમાં તરત ડૂબી જઈને

એક બે ક્ષણ સુધી પરમ સંમોહથી
સ્તબ્ધ કે ભ્રાંત જેવી થઈને
સેવિકા સાથ સંગ્રામ સ્થાને જવા
નીકળી શાંતિથી હર્મ્ય છોડી;

સૂર્ય ડૂબી ગયો જલધિજલમાં પછી
સંધિકા વ્યોમમાં હાથ જોડી



કાળ કેરી પ્રશસ્તિ કરે પ્રેમથી
બંધ આસક્તિના સર્વ તોડી. (૨૦)

રણમહીં શીશ રાવણતણું દેખતાં
હૃદય મંદોદરીનું ઘવાયું,
અભ્ર એકાદ અવસાદનું આત્મથી
આવતાં અંગમહીં છવાયું;

વેદનાની રહી રાસ વિદ્યુત રમી,
ગડગડ્યાં ઘન વળી પ્રાણ કેરાં,
નેત્ર વરસી રહ્યાં કૈંક તલસી રહ્યાં
તમતણાં પડળ પ્રસરેલ ઘેરાં.

અવગણી વાત મારી સદાયે તમે
ફળ અમંગલ મળ્યું આજ એનું,
આ વિનાશી મહાવિશ્વમાં છે કહો
અમર જીવન સદા કાજ કેનું

કિન્તુ સૌરભ શુભાશુભ બને શાશ્વતી
જિંદગી જટિલ આ પ્રવાસે,
મધુર મકરંદ છોડી કશી ના ગયા
અંતકાળે મળીને વિનાશે.

જગતમાં જન્મને મૃત્યુ ફેરા ફરે
દેવદાનવ બધા દાસ એના,
મૃત્યુ તો પ્રકૃતિનો સહજ ક્રમ છે કહ્યો
શોક એનો અધિક છે મને ના; (૪૦)

કિન્તુ જે રીતથી મૃત્યુ પામ્યા તમે
સ્તુત્ય એ રીત લાગી મને ના,
એહનો વસવસો પ્રાજ્ઞને થાય તો
દોષ દીસે જરીયે ન એમાં

કામ ને ક્રોધની ઝેરજ્વાળા મહીં
સતત સ્વેચ્છાથકી ઝંપલાવી
કર્મદોષે થયા નષ્ટ અંતે, શક્યા
શકત હોવા છતાંયે ન ફાવી.

માનવી ક્ષુદ્ર સામાન્ય માની તમે
રામ સાથે કર્યું વેર ભારે,
સ્ફુલિંગો સ્વહસ્તે જ નાખ્યાં અવિદ્યાથકી
સુખદ ને શાંત સમૃદ્ધિક્યારે,

એટલે અવદશા ઘોર આવી થઈ
નાશ પામ્યા તમે કિન્તુ લંકા-
ના અનેકો થઈ નષ્ટ વીરો ગયા
દેવપુરી બની છેક રંકા. (૫૬)



આથમ્યો સૂર્ય અંતે પ્રતાપી મહા,
તિમિર રજનીતણાં સર્વભક્ષી
ભક્ષતાં સર્વને વેગથી દોડતા
પ્રસરતાં દર્દભીની દિશામાં

પ્રલય દૂત જેવાં, પ્રફુલ્લિત બની
વાયુની લહર લાખો વહેતી,
ગગનગોખે પ્રદીપો કરી ઉત્સવે
પ્રકૃતિ કેવી કથાઓ કહેતી !

આથમ્યો સૂર્ય અંતે પ્રતાપી મહા
જિંદગીનો તમારો રણે આ
કલાન્તિ પામી પરાજય થકી પીડથી,
ગાઢ મનમાં વિષાદો છવાયા,

કિન્તુ ઉત્સવ કરી શત્રુસેના રહી,
પ્રકૃતિ તેમ જ મધુરવી હવા આ.
સ્વાદુ સંગીતની છોળમાં નાચતું
રસતણી રેલના રંગમાં રાચતું

ગૂઢ ગૌરવતણા ઘેનમાં ગાજતું
અબ્ધિ અંતર અચાનક જ તૂટી ગયું
બીનના તારશી તીક્ષ્ણ તૂટી
વીચિમાળા, તરત ઓટ આવી ગયો

રંગ રસરેલ નર્તન અનોખાં
સૂર પણ છે સનાતન સદા ક્યાં ?
સ્વાદુ સંગીતની છોળમાં નાચતું
હૃદય એવું અચાનક જ તૂટ્યું,

વીચિમાળા શમી છેક સઘળી ગઈ
ઓટ અર્ણવ મહીં આજ આવી
તાલ તૂટ્યાં, મટ્યાં નર્તનો પ્રાણનું
મધુર મંગલ મહાગીત ખૂટ્યું. (૮૪)

વૃક્ષ ને વલ્લરીના પ્રણયથી ભર્યો
મધુરતાથી મઢ્યો સ્ત્રોત કેરા
અભિસરણની, વિહંગો તણા ગીતથી
ગૂંજતો સુમન સૌરભ છલેલો

રેલતો હૃદયરસને ફુવારામહીં
ઝીલતો સૂર્ય ને સોમરશ્મિ
બાગ ઉજ્જડ બન્યો ઘોર હિમપાતથી
અવનવા રૂપરંગે રસેલો.

પુષ્પ તૂટી પડ્યાં વૃક્ષ ને વલ્લરી-
નો પ્રણય અંત પામ્યો, વિહંગો
કાળનિદ્રામહીં સર્વ પોઢી ગયાં,
સ્ત્રોત સુખનાં શમ્યા સૌ, ફુવારા



પ્રેરણાના પ્રફુલ્લિત ન ઊડે હવે,
દગ્ધ દીસે બધું વેદનામાં. ૯૮
સ્પર્શ ઉસ્તાદનો શાંત સંજીવની-
સભર પામી વિવિધ વાદ્ય કેવાં

દિવ્ય ઝંકૃતિ થકી બોલતાં, ડોલતાં
ચિત્ત શ્રોતાજનોનાં અનેરાં.-
શીઘ્ર કૃતકૃત્યતાના પ્રસાદે બની
પરમ પુલકિત, સમારોહ કેવો

શ્રેષ્ઠ સંગીતનો સુખદ સરજાયલો
શાંતિદાયક સુધાથી છલેલો.
સ્પર્શ ઉસ્તાદનો દૂર બનતાં હવે
સૌ સમારોહ સંગીત કેરો

છેક ખંડિત બન્યો, વિવિધ વાદ્યો તણા
શાંત સૂરો થયા જિંદગીના,
સાંજ છે સ્થાન છે કિન્તુ ઉસ્તાદવિણ
સ્વાદુ સ્વરસૃષ્ટિની શક્યતા ક્યાં ? (૧૧૨)

*

આપણો જીવનકવિતા ઘાટ
બની ગયો કદરૂપો કેવો, ક્યાં છે નીર અગાધ,
તાલ છંદરસ ઉત્તમ છે ક્યાં રૂપ વળી રળિયાત ?
પિંગળ ક્યાં, કડી મધુરવો મંગલ માત્રામેળ,

અર્થભાવ ગાંભીર્ય મળે ના, મેળ ગમે તે પેર
લાવીને ખડકી દીધી છે શબ્દોની ભરમાર,

દેહ દીસતો પરંતુ એમાં આત્માનો ન સાર,
મલિન ને ક્ષુલ્લક એની જાત
મઠારાય મહાકવિને હાથે તો જ નવા આકાર
રસને તાલછંદ પિંગળ ને પ્રાસ તથા અનુપ્રાસ

પામી શકે, પછી ન રહે એ અક્ષરની ભરમાર
પ્રેરક ઠરે પ્રકાશ પાથરે શિલ્પીને સુખ હાથ
પડી કરે અભિનવ પોતાની કાયાપલટ સદાય,
બની અમૃતમય અમૃત અર્પે, તૂટે નહીં કદાય. (૧૨૯)

*

તમે કિન્તુ ભૂલ્યા ધ્રુવપદ એ સાર જિંદગીકેરો
સ્વાદ શક્યા ના એથી કવિતા કેરો લભી અનેરો.
મહીં મંડળે જન્મ્યા દૈવી યોગ્યતા ઘણી પામી
સફળ કરી ના શક્યા છતાંયે કૃતાર્થ અમુલખ ફેરો.

શોક છતાંયે નહીં કરું હું, શાને માટે શોક,
પરંપરા જીવનમૃત્યુની ચાલ્યા કરે અમોઘ,
મદોન્મત્ત મોહાંધ બનીને તમે પ્રાણને ખોયો,
જાગ્રત બને વિચારીને એ ભલે બધાયે લોક

જીવન ઉજ્જવળ થાય જે થકી મૃત્યુ વળી મંગલમય
શરીરધારણ સાર્થક તેમજ સઘળુંયે ઉત્સવમય.



મધુર ને મૂલ્યવાન જે જીવન જગમાં દીધું
આરાધી એને કૈં આત્મે અમૃત અક્ષય પીધું.
તમે કિન્તુ સોમલના સ્વાદે વિસંવાદની સૃષ્ટિ
કરી અંતરાત્મ પર કરતાં સતત વિષમતા-વૃષ્ટિ.

ગૂઢ ઉદ્ ગાર એવા બધા કાઢતાં
મ્લાન મંદોદરી રામ પાસે
શીઘ્ર પહોંચી પ્રણયની લઈ પ્રાણમાં
પુષ્પમાળા પરમ શાંતિ-આશે.

પ્રબળ પ્રેમે પડી પાદપદ્મે પછી
સજલ નેત્રે નિહાળી વદી એ,
આજ લોચન બની ધન્ય મારાં ગયાં
દીર્ઘ સમયે તમોને મળીને.

સાધ જીવનતણી સફળ સઘળી બની
શરીર-ધારણ થયું સાર્થ મારું,
સૂર છૂટ્યા સુખદ શાંતિના અંતરે
સરજતાં સ્વર્ગની સૃષ્ટિ ચારુ.

આત્મ આનંદના અર્ણવે આખરે
નેહપૂર્વક નિમજ્જન કરીને
પૂર્ણ પરિતોષ પામ્યો પ્રસાદી થકી
ક્લેશને કાળજાના હરીને

દીપ્તિ અંગાંગમાંહે ભરીને
સૂર્ય સોળે કળાએ પ્રકાશી રહ્યો
પૂર્ણ સૌભાગ્ય કેરો અનેરો
જિંદગીનો કરી સફળ ફેરો. (૧૬૦)

પાંથ સ્વગૃહને આજ પામ્યો પુનઃ
પૂર્ણ સાફલ્ય પામી પ્રવાસે;
રાજહંસી તણો પ્રાણ પ્યાસે
દગ્ધ બનતાં મધુર માનસરવર તણો

સલિલનો સ્વાદ લેવા હુલાસે
આજ પહોંચી પુનિત તટપ્રદેશે ગયો,
લલિત લહરીતણો સ્વાદ પામી
વેદના સર્વ એની વિરામી.

ગુણ ઘણા સાંભળ્યા મેં તમારા
થયો પ્રેમ પ્રાણે પુનિત જે તમારો
તે ફળ્યો આજ, ચાતકતણી સાધના
સફળ સાચે થઈ સ્નેહભીની

શાંત સુખમય સુધાવર્ષણે મેઘના,
કલાંતિ સર્વે મટી વેદનાની,
સૂર-સ્વામી સિતારી લભી શૂન્ય આ
દિવ્ય કવિને જ શબ્દાર્થ કે કાવ્યના;



આજ મન-મંદિરે ઉત્સવોનાં
વાદ્ય વાગી રહ્યા ગીત જામી રહ્યાં
ધ્વનિ વળી વ્યાપતા ધન્યતા,
નવલ ચૈતન્ય દીસે હવામાં. (૧૮૦)

મેહુલો મિષ્ટ સૂકી ધરા પર ઢળ્યો,
શવ મહીં ચેતના દિવ્ય જાગી,
પૂર્ણ પ્રાકટ્ય અંતે થતાં દીપનું
તિમિર દોડી ગયું જાડ્ય ત્યાગી.

ધન્યતાને કહું કેમ શબ્દો મહીં
ભાવના શ્રેષ્ઠ ને અલ્પ ભાષા રહી,
સુખદ દર્શન થકી આ તમારા
એમ લાગે મને સર્વ આવી મળ્યું.

દુઃખ કે દૈન્ય બંધન બધુંયે ટળ્યું,
શાંતિ સરિતા સરસ સિંધુ પામી
પરમ કૃતકૃત્યતાથી ભરાઈ
શકળ સંપત્તિ સાથે સમાઈ.

સાધના સાર્થ સાધક તણી થાય ને
સાંપડે સાધ્ય સંસારમાહી,
અનુભવી પૂર્ણ આનંદ ત્યારે રહે
અંતરાત્મા નવરસે ભરાઈ,

પ્રાપ્ત તમને કરી એમ જીવનમહીં
અનુભવું દિવ્ય આનંદ આજે,
સાધના ના કરી એ છતાં અવનવા
પ્રાણ પુલક્તિ બન્યો છે પ્રસાદે.

હનુમાન-વિભીષણે કર્યા
પ્રણયાર્દ્ર પ્રણામ એહને,
વચનો શુભ સાંત્વનાતણાં
બહુમૂલ્ય કહ્યાં વ્યથા સ્વરે.

રઘુનંદન એ પછી વદ્યા
સ્મિત સ્વલ્પ સુધાભર્યું કરી,
હનુમંત વિભીષણે વળી
બહુવાર પ્રશસ્તિ પ્રેમથી
મુજ આગળ જે કરેલ તે
સઘળીય યથાર્થ છે ઠરી.

નવ પૂર્ણ હતી પ્રશસ્તિ એ
મુજને પણ એમ લાગતું,
તુજ ખાતર માન અંતરે
નિરખી સવિશેષ જાગતું.

શુચિ શીલમયી મુખાકૃતિ
પ્રતિબિંબિત પ્રાણને કરે



અતિ આદરભાવ ભક્તિથી
ઉરને શુભ દર્શને ભરે.

તુજ સુંદર સાંત્વનાથકી
વિરહાતુર ખિન્ન જાનકી
તન ધૈર્ય થકી ટકાવતાં
મુજથી અળગી શકી રહી.

તું અનેકગણી મહાન ને
મધુમંગલ અન્ય સ્ત્રી થકી,
તુજ અંતરમાં સદા ભર્યું
અવની પરનું બધું અમી

ગગને જ્યમ તારિકામહીં
રસથી ભર ચારું ચંદ્રિકા
પૃથિવી પર એમ સ્ત્રીમહીં
તુજ જીવન શોભતું મહા. (૨૩૦)

ઘોર સંહાર લંકેશકેરો થતાં
આજ વૈધવ્ય તું ક્લિષ્ટ પામી,
વહ્નિવર્ષા થઈ અંતરાત્માપરે
સુકૃતમાંહી રહી કૈંક ખામી

એટલે આ અમંગલતણી જીવને
ઘોર આંધી અચાનક જ આવી,

માનવીની બધી ગૌણ ઈચ્છા ગણી
દૈવ સાચે રહ્યું સર્વ ફાવી

નાશ લંકેશનો ના કરત કિન્તુ ના
અન્ય એકે જણાયો વિકલ્પ,
કર્મથી થાય છે સતત અભ્યુદય
ને પમાયે અધઃપતન અંત;

નાશ કોઈ તણો ના શકે કો’ કરી,
માનવી માત્ર માધ્યમ બનીને
જીવતાં જગતમાં અભિનયોને કરે
રાગ ને દ્વેષ પ્રાણે વણીને.

વચન મંદોદરીએ કહ્યાં, એમના
અંતનું દુઃખ અલ્પે મને ના,
પૃથિવીકેરા પદાર્થો સદા સારું સૌ
એક સરખા સનાતન રહે ક્યાં ?

કિન્તુ મહિમા તમારો ન જાણ્યા થકી
આતતાયી બન્યા વિપથગામી,
શ્રેય સાધી શક્યા જિંદગીનું નહીં
નાશ પામ્યા બની છેક કામી;

વેદનાનો વિષય એ મને લાગતો,
આત્મ એથી થયેલો અશાંત



વ્યગ્રતા દીર્ઘકાલીન ત્યાગી દઈ
ના બને એક પળમાં પ્રશાંત

તોયે અનુગ્રહથકી જ્ઞાનની દીપિકા
પ્રાણમાં પ્રકટ પાવન થઈ જે
ભેદતી વ્યગ્રતા મોહને શોકને
એજ અમુલખ શુભાશિષ બનીને,

જ્ઞાન ને ભક્તિ આવા સમે આવતાં
મદદમાં મોહમય માનવીની
અર્પતાં સાંત્વના શાંતિ શ્રેયસ્કરી
રક્ષતાં ભ્રાંતિ ચિંતા વ્યથાથી.

એય પરમાત્મકેરી કૃપાથી મળે
અલ્પ કે સ્વલ્પ સંસારમાં આ,
મોહમદમાં પડ્યા માનવો એહના
અનુભવે દિવ્ય આસ્વાદને ના.

સર્વ જીવો તણા નાથ પરમાત્મ છે
એટલે કોણ વૈધવ્ય પામે,
સાથ પરમાત્મનો સર્વને સાંપડ્યો
સર્વ કાળે તથા સર્વ ઠામે,

કિન્તુ વિસ્મૃતિ થતાં એહની આત્મ આ
લિપ્ત બનતાં પરમગાઢ તમિસ્ત્રમાં

ક્લેશ ને બંધનોમાં ફસાય,
સ્વસ્થતા શાંતિ સંવાદિતા એહની

આત્મની જ્યોતિ દૈવી વિલાય,
પ્રલયનાં અભ્ર આભે છવાય.
પ્રબળ માયા પરબ્રહ્મની વર્ણવી
મુક્ત એથી થતું એ જ જગમાં

પ્રેમ પરબ્રહ્મ કેરો વહે પાવન
જેહની રાગથી મુક્ત રગમાં.
માનવીનો પરબ્રહ્મના આસને
દિવ્ય અભિષેક છોને કરું ના

સૃષ્ટિ ઉત્પત્તિ સ્થિતિ પ્રલયના સૂત્રને,
એહના કરકમળમાં ધરું ના,
એહને એક માનું મહામાનવ
તોય એની અમલ જિંદગીથી

પાઠ છે કેટલા શીખવાના રહ્યા
અવનવા ભાવનાથી ભરેલા !
સકળ જીવન તમારું સુખદ સત્યના
શ્રેષ્ઠ સંદેશ જેવું ઉદાત્ત,

પતિતપાવન પરમપૂજ્ય પ્રેરક વળી
પાથરે પ્રાણમાંહે પ્રકાશ. (૨૯૬)



અસંખ્ય કર્યા ભલેને અપરાધ મેં
પ્રજ્ઞા નથી પાવની મળી જરી મને
ડગલે પગલે કરું ક્ષતિઓને કૈં
મંદબુદ્ધિ ભયંકર ભ્રાંતિવશ થૈ,

છતાંયે લીધું છે આજે તમારું શરણ,
સ્નેહ થકી સ્થાપ્યાં મારા હૃદયે ચરણ,
અપનાવો અનુરાગે આજ તો મને
કરી મારા અંતરનું અનોખું ગ્રહણ.

અલ્પજ્ઞ આતમ શકે સમજી નહીં
મહિમા કથા તમારી વેદોએ કહી,
અવજ્ઞા કરી દે એથી વિરોધ કરે
સાગર સંસારનો ના સહેજે તરે,

અનુગ્રહવર્ષા વરસાવી દો છતાં
જુગજૂના જાડ્યકેરાં પડળો બધાં
નષ્ટભ્રષ્ટ જાય બની નિમીષમહીં,
ઉત્સવો છો આનંદના અદકા થતા

શિવ થકી દૂર પડ્યો પ્રવાસીશો જીવ
ઓળખે ના અંતરમાં વિરાજેલ શિવ
ત્યાં સુધીના સ્થિરતાને મેળવી શકે,
ધન્યતા ના ચિરકાળ એહની ટકે.

પતિતપાવન તમે સદા માટે છો
આનંદથી આજ મને અપનાવી લો
જીવનસરિતા પામે શાંતિતણું સ્થાન,
પ્રેરણા પ્રકાશકેરું નિત્ય મળે ધામ.

મંદોદરી એવું કહી ગદ્ ગદ બની
ઊભી રહી નિહાળતી ચરણો મહીં;
રઘુનંદને જણાવ્યું તારાસમી સ્ત્રી
પૃથિવીના પ્રવાસમાં મને ના મળી

પ્રેમની પ્રતિમા, શિવે તારા જીવને
કૃપા પરિપૂર્ણપણે ક્યારની કરી,
એ વિના પ્રજ્ઞાની આવી જ્યોતિ ના જલે,
આતમ આસક્ત બને વિષયમલે.



અભિનંદુ પુનપુનઃ પ્રેમથકી હું,
બડભાગી બ્રહ્માંડમાં સાચેસાચ તું.
તારાસમી મહાદેવી પ્રેમમૂર્તિની
પ્રશસ્તિ કરી શકાય મારા થકી શું ?

*

રામની આંખથી અશ્રુધારા વહી
કંઠ કુંઠિત બન્યો ભાવનાથી,
ધન્યતાના સ્વરો સેવકોએ કહ્યા,
લલિત લહરી વહી કૈં હવાની,

સિંધુ ગંભીર સંગીત છોડી રહ્યો,
આભનો આત્મ આનંદભીનો
તારલામાં થઈ વ્યક્ત રેલી રહ્યો
કરુણ ને શાંત રસને અમીનો. (૩૪૦)

*****

## ૪૦. ખજાનો

રામે જણાવ્યું સમરે તમારા
ઉત્સાહ-સામર્થ્ય થકી હરાયા
યોદ્ધા બધા શત્રુતણા અનેરા
સંપન્ન માયાબળથી ઘણેરા,

વિનાશ પામ્યો જલદી દશાનન
એના અનોખા અપરાધ કારણ;
એ સર્વ માટે અભિનંદનોની
વર્ષા તમારા પર હું રહ્યો કરી

યુગો સુધી અંજલિ પ્રાજ્ઞ પ્રેમની
દૈવી રહેશે તમને ખરે ધરી.
હવે કરી દો અભિષેક પ્રેમથી
સિંહાસને રાવણબંધુ કેરો,

સુયોગ્ય છે સર્વપણે વિભીષણ,
પ્રજાજનોનો અતિ શોક ઘેરો
જેથી શમે સ્થૈર્ય મળે પ્રજાને
ચૈતન્ય પામે અણમોલ પ્રાણે.

સુગ્રીવ ને અંગદ વાયુપુત્રને
આદેશ આપ્યો અભિષેક કેરો



સંતોષ સાથે રઘુનંદને એ
આનંદ પામ્યા સઘળા સુણીને. (૨૦)

પરન્તુ બોલ્યા પ્રણયે વિભીષણ,
નથી અપેક્ષા અભિષેકની મને,
મેં જિંદગીનું ચરણે તમારા
દીધું કરી સ્નેહથકી સમર્પણ.

સામ્રાજ્યની ના લવલેશ લાલસા
ને ભોગ કેરી ન જરીય કામના,
સેવી કદી લૌકિક પારલૌકિક
સ્વપ્નેય મિથ્યા નવ ક્ષુદ્ર વાસના.

સ્વર્ગીય કે સત્ય સુખપ્રદાયક
સાનિધ્ય અર્પો મુજને તમારું,
કરો કૃપાથી અભિષેક અન્યનો
સૌભાગ્ય સાચું સમજું મહારું.

ત્યારે વદ્યા રામ ન કામના કો’
પ્રાણે તમારા પ્રકટી શકી છે,
વિશુદ્ધ છો કંચનશા તમે તો
છતાં વિચાર્યું અભિષેક માટે.

આદર્શ નિઃસ્વાર્થજનો તમારા
સમા બને શાસકશ્રેષ્ટ કેમ કે
કલ્યાણ થાયે જનનું સદા તો
શંકા રહે ઉન્નતિની નહીં કો'. (૪૦)

અનીતિમાનો નહિ તો અખાડો
અનર્થનો અનૃતનો બનાવી
દે એહને ને અભિશાપ કેરી
વર્ષા કરે, ક્લેશ શકે શમાવી

સમાજના ના નવ સ્થૈર્યને ધરે,
સંવાદિતાને નિજ દુષ્કૃતે હરે.
એથી તમે રાજ્ય કરો સુખી કરો
પ્રજાજનોને હથિયાર ઈશના
માની તમોને કરુણાર્દ્ર હાથમાં,
શુભાશિષો ને વરદાનને વરો.

વિષાદ ઘેરો તજતાં વિભીષણે
આજ્ઞા ચઢાવી અણમોલ મસ્તકે
સમસ્ત સેના જયકારનાદથી
નાચી રહી હર્ષ સમેત ત્યારે

કૃતાર્થ માની નિજ જિંદગીને,
નવીન આત્મા પ્રકટી રહ્યો તને.

*



તમારા મહિમાને મેં જાણ્યો.
શરણ તમારું સ્નેહે લઈને અનુગ્રહ માગ્યો તમારો,
એના પ્રભાવે શાંતિ મળી મને અનુભવ લાધ્યો ન્યારો.
અલ્પ ગુણોને અધિક અવગુણો તો પણ મુજને વખાણ્યો.
તમારા મહિમાને મેં જાણ્યો.

વિભીષણ સુગ્રીવ અંગદ કેરો તાપ હૃદયનો ટાળ્યો,
સાર્થક ને સંપન્ન બનાવી જીવનપંથ ઉજાળ્યો;
કૃતકૃત્ય કરી દીધો આત્મા મંદોદરીનો ન્યારો.
તમારા મહિમાને મેં જાણ્યો.

શરણતણા મહિમાને વેદે વારંવાર વખાણ્યો
વિષયી માનવ કિન્તુ ન માને, માણે રસ ન મજાનો,
હનુમંત વદ્યા વંદન તમને હે રઘુનાથ હજારો.
તમારા મહિમાને મેં જાણ્યો.
જાણ્યો તેમજ માણ્યો.

*

આદેશ પામી રઘુનાથ કેરો
ગયા પછી લક્ષ્મણ સાથ સેવકો
લંકાપુરીમાં વિધિસાથ ને ધર્યું
લંકેશકેરું પદ સુપ્રતિષ્ઠિત.

વિભીષણે પૂર્ણ કૃતજ્ઞતાથી
શ્રીરામને સ્નેહછલ્યા સ્વરે કહ્યું,

અમોઘ દૈવી વરસ્યો અનુગ્રહ
આજે તમારો મુજપે ખરેખરો
એથી જ સૌભાગ્ય અસીમ સાંપડ્યું
દુર્દૈવ અજ્ઞાનતણું વળી ટળ્યું

હવે ખજાનો સઘળો તમારો
માની તમે સુંદર પારિતોષિકો
પ્રદાન સર્વે શુરવીરને કરો
સંગ્રામકેરા શ્રમને તથા હરો.

રામે જણાવ્યું સઘળો ખજાનો
પ્રજાજનોનો નવ છે મ્હારો
તથા તમારો; નવ પારિતોષિકો
અર્પી શકું સુંદર એ મહીંથી.

એનો પ્રજાનો હિતકાજ યોગ્ય
ભલે કરાતો ઉપયોગ સર્વદા,
સદ્ ભાવના સાથ વળી કપાતાં
અસંખ્ય કષ્ટો વિવિધ પ્રજાના. (૯૨)

મંદોદરી આદર સાથ બોલી,
ભાવો તમારાવિણ કો' ઉદાત્ત
સેવી શકે પૂર્ણ પવિત્ર આવા;
પ્રણામ લાખો તમને મ્હારા



પ્રજા બધી પ્રાપ્ત કરી પ્રસન્નતા
કરી રહી ઉત્સવ કૈં અનેરા,
પરંતુ જીવે અતિ વેદનામાં
અનાથ જેવી સુપવિત્ર સીતા

કરી પ્રતીક્ષા પ્રણયે પળેપળે
અનન્યભાવે વિષવાટિકામાં
પદે તમારા સઘળું સમર્પી,
એને હવે સત્વર શાંતિ અર્પી

કરો પુનર્જિવિત કે કૃતાર્થ
એ પ્રાર્થના ધ્યાન ધરો મ્હારી
વિહંગિણી વહ્નિ થકી ઉગારી
દે ચેતના નૂતન ગીતિ મંગલા

એને પછી નેહથકી નિહાળતાં
મારુંય કે જીવન થાય સાર્થ.
મંદોદરીના વચનો સુણીને
રામે કહ્યું વ્યાકુળ જાનકી એ

મને ચહે છે મળવા મ્હારો
એવો જ છે આતુર અંતરાત્મા
નિહાળવા નેહસમેત એને,
એના વિના શાંતિ મનેય છે ક્યાં ?

વિમુક્ત એને કરવા વિપત્તિઓ
વેઠી સ્મિતે દૂર સુદૂર આવ્યો,
પીયૂષ પાવા રસહીન ભૂમિને
મલ્હાર ગાતાં મધુમેઘ લાવ્યો.

નથી હવે વાર વિયોગરાતની
સમાપ્તિની, આ સુરતા ઉષાની
પ્રતીચિના લોલલલાટમાં મળી
છાયા ધરે જ્યોતિસ્વરૂપ સૂર્યની.

*****

## ૪૧. અગ્નિપરીક્ષા

અશોકવાટિકા તારા નામને કર સાર્થક
વિદીર્ણ વેદના મારા કરતી નિત્ય આત્મને
ભરે શોકથકી ઘેરા ગાઢ ઉદ્વિગ્નતાથકી
પ્રભાત પ્રગટાવી દે પુનર્મિલનનું મહા

પુણ્યવંત રસેભીનું દિવ્ય મંગલ વ્યોમમાં
જડ જીવનના મારા, કાપી કાયમકાજ દે
અશાંત અંતરાત્માના ક્લેશ કષ્ટ નિરર્થક,
સાનિધ્ય સાંપડ્યું તારું કો'ક કર્માનુબંધથી



સાફલ્ય એહનું તારે છેવટે કરવું ઘટે,
તૃષાર્ત શે રહે આત્મા સદાયે સરિતાતટે ?
મિથિલેશકુમારીએ કહ્યું કારુણ્યથી ભર્યા
સ્વરમાં પ્રેમનાં પુષ્પો લોલ લોચનથી ખર્યાં.

*

માતરીશ્વા ! વહો આજે નવ્ય માંગલ્યમંત્રને
રેલતાં રંગથી ભીની દિશા ને પ્રદિશામહીં
રાસલીલા રચી પત્રો પુષ્પો ને વિટપો તથા
વૃક્ષો ના વલ્લરી સંગે નેહમગ્ન નિસર્ગના

અણુઓ અંતરાત્માની સાથ શાંતિ બધે ભરી
ઉલ્લાસ ચેતના રેલી વિષાદો સર્વના હરી,

અલંકૃત કરી અંગોઉપાંગોને નવા રસે
પંકજો ય નવી પામી તાજગી સરમાં હસે.
ઉલ્લાસ ઉરમાં મારા નવો રસ નવી પ્રભા
તાજગી રાસલીલાની કમનીય નવી કળા

કોણ જાણે જશે ક્યારે પ્રકટી મુજ અંતરે
અણુ આ દિવ્ય આનંદે આપ્લાવિત વળી થશે
પ્રાણનો કોણ જાણે આ પાંચ પૃથ્વી પ્રવાસમાં
પ્રશાંતિનો જશે પામી ક્યારે પ્રેમળ પંથને !

*

નથી સૃષ્ટિમહીં કૈંયે સાચે શાશ્વત આપણી,
વિયોગ યોગમાં અંતે પામે પર્યવસાન ને
વિયોગમાં વળી યોગ પરિવર્તન પામતો;
ભરતી ઓટ આવે છે ક્રમશઃ સાગરે સદા

ખીલે સુમન ને પાછાં કરમાઈ ખરી પડે
પ્રકટે ત્યાં નવાં પાછાં; જોડલી દિનરાતની
ઉષા સંધ્યાતણી જોવા મળે સંસારમાં સદા
છાયા શીળી ઢળે જાગે ત્યાં વળી તીક્ષ્ણ તાપણી.

દ્વંદ્વયુક્ત જગે એવા ધૈર્યને ધારવું ઘટે,
મનોબળ સદા માટે શ્રેષ્ઠ સંભાળવું પડે,

વિયોગનાં રહેશે સૌ વાદળાં જલદી હઠી
આલોકિત થશે આત્મા અભિજાત પ્રકાશથી,
મિથિલેશકુમારીનાં વચનોને વ્યથાભર્યાં
સુણીને સહસા પાસે આવી મંદોદરી વદી. (૪૨)

રાજ્યાભિષેકની સર્વે સુણી સંગ્રામની કથા
બંધનો અંતરાત્માનાં તૂટ્યાં સીતાતણાં બધાં,
અશ્રુધારા રહી એના કપોલદ્વય ભીંજવી
કારુણ્યમૂર્તિ કારુણ્યે ભર શબ્દ રહી કહી:

જાણ્યું કે રામ જીત્યા છે, નાશ રાવણનો થયો,
મહોત્સવ ફરી પાછો આખાયે નગરે કર્યો
રાજ્યાભિષેકના સર્વે સમાચાર મળ્યા મને
ક્યારથી ત્રિજટા દ્વારા થયો આનંદ એટલે;

પરંતુ શાંતિ મુજને અર્પનારી સદાય તું
સ્વયં અશાંતિમાં ડૂબી દુઃખ એનું થતું હવે.
નિમિત્ત હું બની બેઠી તારા દારુણ દુઃખમાં,
સ્વપ્ન સેવ્યાં સદાયે તેં મારી શાશ્વત શાંતિનાં

વૈધવ્ય સાંપડ્યું કિન્તુ મારે લીધે હવે તને
એનો વસવસો સાચે નથી અલ્પ થતો મને. (૫૬)

*

મંદોદરી વદી, સર્વે કર્મનાં ફળ ભોગવે
હોય વાવેલ બી તેનો લણે છે પાક સર્વદા,



માટે દોષ તને કે ના કોઈને આપવો ઘટે,
વૈધવ્ય વ્યાપતું કો'દી નથી અદ્‌ભુત આત્મને.
પરમાત્મતણો જેણે સાધ્યો સબંધ જીવને
સાચે સનાથ પોતાને સમજે તે ક્ષણેક્ષણે,

રામદર્શનથી પામી શાંતી કેરો પ્રસાદ હું
અનુગ્રહથકી લાગ્યું દુઃખ ના મુજને કશું.
માધુર્યમૂર્તિ એનું છે મધુરું સઘળું ખરે,
સંપદા મધુરી છે તો વિપદા મધુરી બધી,

સંયોગ ને વિયોગમાં લાભહાનિ પરાજયે
જયે વેદન આનંદે એ જ માધુર્યબિંદુનો
માણતા રસજ્ઞાનીઓ એમ પ્રાજ્ઞજનો કહે,
માધુર્ય એમના આત્મા અવનીમાં સદા લહે. (૭૦)

*

વિભીષણ લઈ આવ્યા એટલામાં જ પાલખી
અનુજ્ઞા રામની પામી સેવકો સાથ, જાનકી
વિરાજી કિન્તુ ના એમાં રામદર્શનકાજ હું
પદયાત્રા કરી પ્રેમે પહોંચું, એહણે કહ્યું.

વિલોકી રામને એનાં લોચનો વરસી રહ્યાં
શુચિ સ્નેહતણી ધારા, કંઠ કુંઠિતશો થયો,
વચનો પ્રાણમાંથી ના વહી વાણીમહીં શક્યાં,
સમાધિસુખમાં મગ્ન આત્મા તદરૂપશો બન્યો,

આવશ્યકતા જણાઈ ના શબ્દની અનુરાગને,
સમસ્ત સમજી આત્મા શક્યો આત્મિકભાવને;
આદિ સંસારનાં માતાપિતા સાકાર હો થયાં
એવા અનુભવ્યા ભાવો દર્શકે મધુરા મહા

દિવ્ય દર્શનથી સૌનાં થયાં સાર્થક લોચનો,
ઊઠ્યો અર્ણવ આત્મામાં અનેરા અનુરાગનો,
દેહધારણનું સાચું લાગ્યું સાફલ્ય સર્વને,
પ્રાણ પ્રાપ્ત કરી નાચ્યો અતિઅદ્ભુત પર્વને. (૮૯)



રામે પવિત્રતાકેરો મૂક્યો પ્રસ્તાવ એ પછી:
તારી વિશુદ્ધિમાં શંકા તિલમાત્ર મને નથી
લોકાપવાદને મિથ્યા કિન્તુ સર્વ શમાવવા
આદર્શ અવનીને આ વિશુદ્ધિનો બતાવવા

પ્રવેશ પાવકે તારે કરવો પડશે હવે
વૈદેહી, પ્રેમ છે તારે માટે પૂર્ણપણે મને
અપવિત્ર છતાં જીવે એથી પાવકમાં બને
ભસ્મિભૂત ભલે; તારા દિવ્ય પાવિત્ર્યના બળે

તને પાવકની જ્વાળા કરી ના શકશે કશું,
વિશ્વાસ છે છતાં આવા શબ્દોને સ્નેહથી કશું.

*

અભ્રપડળે સૂર્ય ઢંકાઈ ગયો.
વાયુ વ્યક્ત વિષાદને કરતાં જરા
મંદ વેગે વહેવા લાગ્યો અહા !
ધૈર્ય છોડી સ્થૈર્ય સહસા ત્યાગતાં
સૂક્ષ્મ સંવેદનતણો અનુભવ કરી
અવાક્ બનતાં અવનવા અવસાદથી
અશ્રુને ટપકાવવા લાગી ધરા.

ગડગડાટ થયા ગગનમંડળમહીં
વ્યક્ત કરવાને વિરોધો વેગથી
ચમકવા લાગી તરત ચપલા વળી.
તેજને ત્યાગી નિસર્ગ તમિસ્ત્રના
ક્ષણિક વસનોને બધી ધારી રહી.

વિભીષણ હનુમાન લક્ષ્મણ શોકથી
વધ્યા, સીતાની પરીક્ષા હોય ના,
જન્મજાત પવિત્રતાની મૂર્તિને
પાવકે પડવું પડે સ્વપ્નેય કાં ?

જણાવ્યું મંદોદરીએ શાંતિથી,
વિયોગતણા સૂક્ષ્મ સંયમશુદ્ધિના
વ્રતનિયમના તીવ્રતમ તપના વળી
વહ્નિમાં સીતા રહી નિશદિન જલી.

તમારાથી જ્યારથી છૂટી પડી
ત્યારથી ના શાંતિથી સુઈ શકી,

જેમ તેમ કરી ક્ષણેક્ષણ જીવતી
સ્મરીને તમને તમારી પ્રીતથી;
તમારા વિણ અન્ય ના અંતરમહીં
એહના કોઈય ના પ્રિયજન કહીં,

મમત્વ નથી અલ્પ અન્યતણું રહ્યું,
મેં નિહાળ્યું એહનું દિવસો સુધી
વિશદતમ વ્યક્તિત્વ સંનિધિમાં રહી
સ્વાનુભવ એથી જ નિસ્સંશયપણે
લેશમાત્ર રહી તમોને વર્ણવી.

કિસલય થકી સુકોમળ સીતા કહો
સ્થૂલ પાવકમાં પ્રવેશી શે શકે,
આત્મ એનો અનેરા અનુરાગથી
પુષ્ટિ પામે કૈં સમયથી ને ટકે,

નથી અગ્નિપ્રવેશ આવશ્યક હવે
શીલવંતી જાનકી કાજે રહ્યો,
શુદ્ધિ સાધી શાશ્વતી એણે સદા
અલંકૃત આત્મા કરી અવની બધી
અસાધારણ અનોખો એનો થયો.

શુદ્ધિની શંકા કરી આદર્શને
અવનવો કે વિશ્વને દર્શાવવા



સ્ત્રી કદી ના પુરૂષને આવું કહે
લોકનો અપવાદ વ્યર્થ શમાવવા,
પુરૂષ પણ આદેશ પત્નીને ધરે
નથી એ આશ્ચર્ય અવનીનું મહા ?

જાનકીએ જણાવ્યું આજ્ઞા કરી
શિરોધાર્ય સદા તમારી જીવને
શ્વાસ લીધો મેં, હવે આજ્ઞાતણો
વિચારું સ્વપ્ને ય કરવા ભંગ શે ?

પ્રજ્વલિત પાવકમહીં હું પ્રેમથી
પ્રવેશીશ, પ્રકટ કરો પાવક ભલે,
રોમરોમ પવિત્રતાના પ્રેમના
પાવકે મારું અનવરત આ જલે.

જલી એ શકશે નહીં પાવકતણી
સ્થૂળ જ્વાળામાં, નથી સંશય મને.
અશ્રુ લાવી લોચનોમાં એ પછી
અન્ય એકેય વિકલ્પ રહ્યો નહીં
લક્ષ્મણે ત્યારે જગાવી જ્વાળને,
જાનકી પ્રાર્થી રહી કિરતારને. (૧૫૬)

મારા અંતરમાં સદાય વસતી શ્રીરામની મૂર્તિ જો
સેવી અન્ય ન વ્યક્તિ હો તનમને જાણ્યેઅજાણ્યે ય કો'

માન્યા કેવળ રામને પ્રિય અને સંસારમાં શ્રેષ્ઠ હો
જ્વાળા ચંદનશીતળા સકળ આ અગ્નિતણી થાવ તો.

મારું આ મન નિત્ય હોય રમતું નેહે નિદિધ્યાસને
દૈવી રામતણી જ અદ્ ભુત થતી આરાધના અંતરે
આત્મામાં બસ એમનો જ મધુરો રંગેભર્યો રાસ હો,
જ્વાળા ચંદનશીતળા સકળ આ અગ્નિતણી થાવ તો.

દૈવી કે અતિઆસુરી સ્થળમહીં હર્ષે વિષાદે વળી
સામ્રાજ્યે શુભ સંપદા વિપદમાં યોગેવિયોગે રહી
સેવ્યા કેવળ રામને જ નિત મેં નિષ્ઠા થકી સત્ય હો
જ્વાળા ચંદનશીતળા સકળ આ અગ્નિતણી થાવ તો.



પ્રણામ કરી પ્રેમથી પાવકતણી
પ્રવેશી ને જાનકી જ્વાળામહીં
કિન્તુ જ્વાળા એહને માટે અહા
અધિક શીતળ સ્નિગ્ધ ચંદનથી થઈ

જલાવી એને જરીયે ના શકી,
આંચ આવી અલ્પયે એને નહી,
ધ્વનિ થઈ જયકારનો સઘળે રહ્યો,
ચમત્કૃતિ ત્યારે અનોખી ત્યાં થઈ.

અગ્નિદેવે પ્રકટ પાવકથી બની
શુભાશિષ અણમોલ સીતાને ધરી

જ્વાળા શાંત કરી નિમીષમહીં વળી
મધુમયી વંદન કરી વાણી કહી:

રામ સીતા છે પવિત્ર સદૈવ આ,
મલિનતા કે વાસના એને જરા
શકી ના સ્પર્શી, તમારા ધ્યાનમાં
લીન બનતાં એ નિરંતર પ્રાણનાં

પ્રસુનો તમને ચઢાવી પ્રેમથી
જીવતી કેવળ તમારી નેમથી
ગ્રહણ એનું હવે નિસ્સંશય કરો,
મધુરતાની મૂર્તિને મનથી મળો;

સૃષ્ટિમાં સ્ત્રીઓ અસંખ્ય થઈ ગઈ
કિન્તુ નભની ચંદ્રિકા જેવી ખરે
એક છે સીતા અનોખી એહની
શકાયે સમતા ન કોઈથી કરી.

તમારી લીલા તમે જાણો બધી,
મનુષ્યો એથી પડે આશ્ચર્યમાં
કિન્તુ શ્રેયસ્કર સદાયે હોય છે
પ્રદાન કરે નિત્ય નૂતન પ્રેરણા.

ચરિત્રો માનવસમાં કરતા તમે
અસાધારણતા છતાં એમાં રહી,

કોણ સમજે એમને વેદો રહ્યા
સૌ અનિર્વચનીય જેઓને કહી ?

પૂર્ણ પુરૂષોત્તમ સનાતન સત્ય છો
તમે તારક કે ચિરંતન તત્વનો
શ્રેષ્ઠ આવિષ્કાર નિત્ય નિરંજન
એકમાત્ર અનન્ય અદ્‌ભુત સત્વ છો.

આદિદેવ અનંત અક્ષર આત્મ ને
અખિલ અવનીના અધીશ્વર એક છો,
પ્રકૃતિના પતિ સૃષ્ટિના સ્વામી તથા
પ્રાણજીવન જાનકી-આધાર છો.

સદાશિવ પ્રેમે પ્રકટ ત્યારે થયા
ને વદ્યા, સીતા પ્રવિત્ર સદા રહી,
તમારાવિણ અન્ય કોઈયે નથી
રહ્યું એના હૃદયમાં રોમે રમી,

પરીક્ષા પાવકમહીં એની થઈ
સત્યનિષ્ઠા છતાં નષ્ટ બની નહીં;
શુભાશિષ તમને ધરું અંતરથકી
રહો પાવન પ્રેરણા સૌની બની.

રામસીતા પ્રેમથી પદમાં પડ્યાં,
અશ્રુપુષ્પ ખરી પડ્યાં અનુરાગનાં;



પ્રશસ્તિભાવે ભરાઈને કરી,
મન મહોદધિમાં રહ્યાં રસના મળી.

સદાશિવ પરમાત્મ આત્મ વળી તમે
સકળ સૃષ્ટિના સ્વરૂપે છો રહ્યા,
શરણ પામીને તમારું સાધકો
શાંતિ-સુખ-સંપત્તિ પામે સર્વદા.

દેવ, કરૂણાના નિધાન અમોઘ છો,
આશુતોષ, શરણમહીં આવ્યા અમે,
અનુગ્રહની વૃષ્ટિ વરસાવો ભલે,
તેજ કિરણો રેલતાં શાશ્વત તમે.

તમારાવિણ વિશ્વમાં કૈંયે નહીં
હે મહાયોગીન્દ્ર મુનિ કેરા પિતા !
જ્યાં સુધી જીવન અમારું હોય આ
તમારો સંસર્ગ શુચિ હો વિશ્વમાં

દિવ્ય વર દો નાથ જીવનના બની
ઈન્દ્રિયો સંયમતણા સૂત્રે વણી
શ્રેય સાધીએ સદા સૃષ્ટિતણું;
અલ્પધન ભાવો તણું માનો ઘણું.

સૃષ્ટિની આદ્યશક્તિશી સીતા સાનિધ્ય સાંપડ્યે
રામનું સ્વર્ગસુખ જે ભોગવી એ ક્ષણે રહી,

વર્ષા પ્રાપ્ત કરી મેઘ ચંદ્રિકા તેમ ચંદ્રને
નિમજ્જન રહી દૈવી અમૃતાર્ણવમાં કરી. (૨૪૦)

મંત્રમુગ્ધ શૂર્પણખા સ્નેહે રામપદે પ્રણમી બોલી,
અંતર મારું અંધકારમય પૂર્ણ તમે નાખ્યું ખોલી.
હવે મને સમજાયું માનવ તમે સર્વસામાન્ય નથી
કથા તમારી રાવણને મેં અજ્ઞાનથકી વ્યર્થ કથી

વિદ્વેષ કર્યો ઊભો એના અંતરમાં સંઘર્ષતણો
ભાવ જગાવ્યો વિનાશ માંડ્યો, હવે થાય છે શોક ઘણો.
અમી વિધાતાએ અર્પેલું તમારા રુપે કૃપા કરી
ઓળખી શકી નહીં અજ્ઞ હું સોમલ એને ક્ષુદ્ર ગણી

દૂર રહી સેવનથી એના અધમાધમ વ્યવહાર કર્યો,
સાંપડી ગયો સુવર્ણ રાશિ ભંડાર નહીં તોય ભર્યો.
જીવનના આ પુન્ય પ્રવાસે શીતળ છાયા સહજ મળી
સરિતા સ્વાદુ સ્નેહની સુંદર સહસા વિના પ્રયાસ વળી

કિન્તુ લાભ એનો ના લીધો અરે અવજ્ઞાથી એને
નિત્ય નિહાળી કર્યું અમંગલ, સુખ ના પ્રાપ્ત કર્યું કેમે.
માનવજીવન મહામૂલું આ પામી ના પ્રભુને પામી
અહંકારમાં અટવાઈને બની રહી ક્રોધી કામી,

વિભિન્ન વિષયોમાં લિપ્ત થઈ ધ્યેય જિંદગીનું વિસરી,
પારસ ત્યાગી કાચ ગ્રહીને વ્યથા પૂર્ણ પામી કપરી.

ક્ષમા મને અપરાધતણી સૌ અનુકંપા કરતાં આપો,
અશાંતિ અંતરતમની મારા અમૃતદ્રષ્ટિથી કાપો. (૨૮૦)

પ્રસન્ન રામ બોલ્યા કે જીવ અલ્પજ્ઞ આ જગે
માહાત્મ્ય નવ પોતાનું પરનું કે કળી શકે
પરિપૂર્ણપણે પામે પથભ્રાંત બની વ્યથા
અશાંતિ એટલે, એની મટે ના કરુણા-કથા.

પૂર્વના સુકૃતોથી કે કૃપાથી પરમાત્મની
દિવ્યદ્રષ્ટિ મળે એને પ્રજ્ઞાપાવન ચેતના
અવિદ્યાના હઠે સર્વે અવગુંઠન, આત્મની
પ્રકટી પરમી ઊઠે સ્વાભાવિકી બધી કળા,

કૃતકૃત્ય બને ત્યારે પરિપૂર્ણ પ્રકાશથી
સત્યના સહેજે પામે નિમજ્જન પ્રશાંતિમાં.
પરિપૂર્ણ નથી કોઈ માનવી આપણા જગે;
અપૂર્ણ અર્ધ કે પૂર્ણ કોઈ સંપૂર્ણતાતણી

સીમાએ, કો'ક સીમાનું અતિક્રમણ ઝંખતા,
ક્ષતિપૂર્ણ બધા જીવો એક બે અપવાદને
કરતાં બાદ, ભૂલોની આવૃત્તિઓ કર્યા કરે;
પશ્ચાત્તાપ કરે તોયે એમને ના ક્ષમા મળે

ઉત્કર્ષ શક્ય તો કો'દી બને ના જિંદગીમહીં,
ક્ષમાપ્રદાનમાં એથી વાર લેશ કરું નહીં

હવે નવલ ભાવોની ભરી સૌરભ ચિત્તમાં
નવા ખાતરથી બીજે સુધાસિંચનથી વળી

નવાં રશ્મિ થકી તારી શુષ્ક જીવનવાટિકા
સજાવી દે નવાં પત્રે પુષ્પે નૂતન સૌરભે
સમર્પે સાંત્વના જેથી કોઈ સંતપ્ત પ્રાણને
એનાથી બોજ કોઈની યાત્રાનો હળવો બને.

ક્ષમા સીતાતણી યાચી પછી શૂર્પણખા વદી

વ્યથા નારીતણી નારી થઈ તોયે કળી નહીં,
પ્રવાહ નહિ તો આવો લંકાની ઘટનાતણો
પ્રતિકુળ બનીને ના દૂત થાત વિનાશનો.

મંદોદરી પ્રશંસાને પાત્ર છે પૂર્ણરૂપમાં
નિષ્ઠા સત્યતણી એણે સાચવી અનુરાગના
કરી અર્ણવમાં સ્નાન સાંત્વના સર્વદા ધરી,
અનન્ય અવિનાશી ને અનેરા યશને વરી. (૩૧૨)

*****



## ૪૨. વિમાનમાં

શરદઋતુ રસીલી સૃષ્ટિ સારી કરીને
અભિનવ સુખછોળો રોમરોમે ભરીને
મધુમય પ્રસરાવી મોહિનીને દિશામાં
સુખદ નિજ રમે છે રાસ સાર્થક્ય કેરા.

તુમુલ તિમિરકેરા ગાઢ ભેદી થરોને
અમૃતમુખ પ્રકાશે ચંદ્ર એના અનેરા
અપ્રતિમ યશ જેવો શાંતિ ચૈતન્ય અર્પી
નવલ રસ સમર્પે પ્રેરણા સ્ફુર્તિ શક્તિ.

શરદઋતુથકીયે રંગભીની રસીલી
અધિક સુખદ સીતા કો'ક દેવાંગનાશી
અમૃતમય અનોખી ઓપતી રામ સાથે
અધિક મધુરતાથી મંડિતા રામ કેરો

પરમપુનિત પામી સંગ સાર્થક્યકેરા
સુમધુર સ્વર રેલે કાપતાં ક્લેશકલાંતિ. (૧૪)

*

સત્યના શોધકો સતત સાધન કરી
અવનવી કૈંક અગ્નિપરીક્ષા
થી થઈ પાર વેઠી વિષમ વેદના
તેમ વિપરીતતાને અનોખી



ચિત્તચાંચલ્યથી મેળવી મુક્તિને
શાંતિ સંસિદ્ધિ સંપૂર્ણ પામે
કેટલાયે દિનોની તપસ્યા પછી
એમની વેદનાઓ વિરામે.

શરદના દિવસ એવા જ સોહામણા
અવનવા સર્વ આહ્લાદવાળા
ગગનમંડળથકી દેવના ઊતર્યા
દિવ્ય અનમોલ વરદાન જેવા

પ્રકટ સંપૂર્ણ સીતાસ્વરૂપે થઈ
દીસતા આજ કૃતકૃત્ય જેવા. (૨૮)

*

પવન ફેરા ફરે નવલ સંગીતના
સૂર રેલી નિજાનંદકેરી
દિવ્ય મસ્તીમહીં, સુમન સૌરભ ધરે
કમળ ખીલે સરે, નૃત્યમાંહી

વ્યક્ત ઉલ્લાસને કૈં કલાપી કરે,
વસન ધારી નવાં આ ધરિત્રી
સકળ સોહે નવોઢાસમી નેહથી
વૃક્ષવેલી રહ્યાં સૌ નહાઈ.

એમ ઉત્સવ કરે અંતરાત્મા નવો
આજ પ્રિયતમતણો સંગ પામી,
આજ અંગાંગમાં પૂર અનુરાગનાં
ઊમટ્યાં ને રહ્યાં વાદ્ય વાગી

રોમરોમે રસીલાં, પરમચેતના
ધન્ય આત્માતણી પૂર્ણ જાગી. (૪૨)

*

રામના મધુર આદેશથી તરત ત્યાં
દિવ્ય આવી પહોંચ્યું વિમાન,
નિરખતાં એહને સર્વ વિસ્મિત બન્યા,
પ્રેમપુલકિત થયા ભક્તપ્રાણ.

મધુર વચનો કહી સેવકોને પછી
રામ સીતાસહિત એ વિમાને
શાંતિ સાથે વિરાજ્યા અયોધ્યા જવા
કષ્ટ હરવા વિયોગી પ્રજાનાં. (૫૦)

*

સુગ્રીવ અંગદ વિભીષણ વાયુપુત્ર
મંદોદરી પ્રણયથી ભર એ વિમાને
બેઠાં પછી ગગનમાર્ગમહીં વધ્યું એ
એકાદ સુંદર શુભ ગ્રહની સમાન.

લંકાપુરી—જલધિને સુવિશાળ છોડી
આવી પ્રશાંત ગિરિમાળપરે પહોંચ્યું



ત્યારે વદ્યા તરત રામ, વિયોગકેરી
ઘેરી વ્યથા અનુભવી પ્રિય જાનકીને

શોધી રહેલ વિપિને સઘળે અમે બે
ત્યારે અહીં ગિરિપરે અમને મળેલા
સુગ્રીવ સેવકસમેત પછી અનોખા
આ સ્થાનમાં પણ અમે દિન કૈં રહેલા.

*

મંદોદરી તેમજ જાનકીની
સંતોષવા સૂક્ષ્મ વિશુદ્ધ ભાવના
વિમાનમાંથી ઉતરી પડીને
સર્વે ચઢ્યા એ સુવિશાળ પર્વતે

ત્યારે કહેવા હનુમાન લાગ્યા,
પ્રખ્યાત આ પર્વત ઋષ્યમૂક,
શ્રીરામનો મંગલ સ્પર્શ પામી
થયો યશસ્વી વધુ ને વિશુદ્ધ. (૭૦)

સૌથી પહેલાં નિજ બંધુ સાથે
અહીં પધાર્યા રસમૂર્તિ રામ
ત્યારે પહેલા જ પવિત્ર દર્શને
મેં ઓળખેલા સુખના નિધાનને.

ખભે ચઢાવી ગિરિમાળપે હું
લાવ્યો પછી એક નિમીષમાંહી,

અનુગ્રહે અદ્ ભુત અલ્પ એમના
અસાધ્ય છે સૃષ્ટિમહીં ન કાંઈ.

સંસ્પર્શથી દિવ્ય અમોઘ રામના
આ ભૂમિનાં સૌ પરમાણુ ધન્યતા
ધારી રહ્યા, નૂતન ચેતનાથી
સંપન્ન સાચે ચિરકાળથી થયાં

સંસારમાં તીર્થ અસંખ્ય છે કહ્યાં
પરંતુ આ અદ્ ભુત ભવ્ય તીર્થ
આનો ખરે છે મહિમા અનેરો
શ્રીરામ જેવા વિચર્યા વસ્યા જ્યાં

શ્રીરામ ને લક્ષ્મણની પવિત્ર ના
મળી શકે ખૂલી બધીય ભૂમીને,
વિહાર જ્યાં જ્યાં ઉભયે કર્યો ત્યાં
વૈકુંઠ જેવું સુખ દીસતું મને. (૯૦)

મંદોદરીએ અનુરાગથી એ
ધરાતણી ધૂલી શિરે ચઢાવી,
વદી શકાયાં વચનો વિશેષ ના,
પ્રાણે છવાયા કૃતકૃત્યતાના

સરોદ મીઠા અભિરામ એના,
નેત્રે ભરાયું નવજાત પાણી.



કથા સુણી સુંદર ભૂતકાળની
સુગ્રીવ ને વાલીતણી અનોખી

વિભીષણે તેમજ જાનકીએ
મંદોદરીએ કરૂણાર્દ્ર ચિત્તે
ભાવોર્મિ કેરી અનુભૂતિ સાથે
શ્રીરામને અંજલી અશ્રુની ધરી.

પંપા સરોવરતણો પ્રણયાર્દ્ર પેલો
આવ્યો પછી સુખદ આશ્રમ રામ ત્યારે
સંવેદનાસભર મંગલ વાણ બોલ્યા
આ પુણ્યસ્થાન શબરીનું પ્રશાંત શુદ્ધ
એણે જ દિવ્યતમ દ્રષ્ટિથકી કહેલી
સીતાતણી શુભ કથા નિજ અંતરેથી
અર્પી શુભાશિષ વિયોગતણી ક્ષણોમાં

*

સિદ્ધો સુસાધક થયા જગમાં અસંખ્ય
ભક્તો મહામુનિવરો શુચિ સ્નેહમગ્ન
ના કિન્તુ સામ્ય શબરીનું કરી શકે કો',
નારી બને તપ થકી પ્રભુની કૃપાથી
નારાયણી પ્રતિપળે પ્રણયે ભજે તો

એ ભૂમિને પ્રણયપૂર્ણ કર્યા પ્રણામ
રામે કરી સ્મરણ શાંત તપસ્વિનીનું

અંતે કહ્યું, પુનિત પ્રેમથકી પમાય
કૈવલ્ય અંતર ઠરે વિષયે અશાંત.

આ ગાઢ શાંત વનમાં મધુ જાનકી હે,
તારા વિયોગરસની વિષમ વ્યથામાં
રોજે થઈ વિકળ હું વિહર્યો ઘણોયે,
જ્વાળા લઈ પ્રણયની પરિતપ્ત ચિત્તે (૧૨૨)

*

સ્નાન ગોદાવરીમાં કરીને કહ્યું,
હરણ સીતાતણું આજ વનમાં
રાવણે અશુભ એ દિવસ છળથી કર્યું
પકડવા જ્યારે મૃગને ગયો હું.

સઘન આ વૃક્ષની સ્નિગ્ધ છાયામહીં
વિહરતાં શાંત સરિતાકિનારે
ટોળલે મૃગ મળી નેહથી નિરખતાં,
દિવસ એ દિવ્ય સૌ યાદ આવે.

ચારુ પૂર્ણેન્દુ કેરા પ્રકાશે મઢી
રસભરી રંગથી પૂર્ણ રાતે
સકળ આ સ્થાન સૌંદર્યથી શોભતું
દીસતું સ્વર્ગથી સુખદ સાચે

સ્થૂળ કોઈ પરમધામ જેવું પુનિત
પ્રાણને પૂર્ણ ભરતું હુલાસે,



ચેતના નવલ અંગાંગમાં જાગતી
હૃદય રસ રેલતું રસિક રાસે.

શાંત ગિરમાળ આ, ને વિહંગોતણા
સુસ્વરો, લલિત કૈં લાસ્યનૃત્યે
મગ્ન લહરી સુખદ સુમન સૌરભભરી
પંક્તિ સારસતણી ને અનેરી

ક્રીડતી કુંજમાં કેમ ભૂલી શકું,
કાળ વીતી ગયો કેટલોયે
કિન્તુ સ્મરણો મટ્યાં એ મધુરવાં નહીં;
સ્નેહ સવિશેષ સીંચી સદાયે

સલિલસંતૃપ્ત આ વાટિકાને કરી
હર્ષતી જાનકી નિત્ય ત્યારે
આત્મનાં કૈંક અભિનંદનો અર્પતાં
નાચતી નેહભીની હવાયે. (૧૫૦)

*

આ દિવ્ય શુદ્ધ પ્રિય પંચવટી પ્રસિદ્ધ
આવાસસ્થાન મધુમંગલ આ અમારાં,
એયે થયાં વ્યથિત શુષ્ક વિયોગ વેઠી
ભાવોતણી પ્રતિક્રિયા જડને તજે ના.

મંદોદરી પવનપુત્ર વિભીષણે ને
સુગ્રીવ અંગદ તપોધન લક્ષ્મણે એ

દેવી પવિત્ર પ્રણમી ઉરથી ધરાને
સંવેદનો અનુભવ્યાં વિવિધ પ્રકારે;

સીતાનું હૈયું હરખ્યું ક્ષણમાં વિષાદે
પાછું બન્યું સભર, નેનન અશ્રુધારે
ભીના થયા, સ્મરણ કૈં ગતકાળકેરાં
જાગી રહ્યાં જગવતાં મૃદુભાષ ઘેરાં.

મંદોદરી પુનિત એ સ્થળધૂલિ પ્રેમે
લેતાં વદી સુભગ છે સ્થળ કેટલું આ !
કોઈ કર્યાં સુકૃત મેં ગત જન્મમાંહે
એથી મળ્યો વિરલ દર્શનયોગ આવો

મીઠો અનુગ્રહ રહ્યા વરસી વિધાતા
અર્પી પવિત્રતમ આજ મને લહાવો
આ દેહધારણ સનાતન પ્રેમ પામી
દેખાય સાર્થક મને કૃતકૃત્ય મારું,

શ્રીરામની સુખદ સંનિધિમાં જણાયે
કૈવલ્ય સ્વર્ગસુખ મૂર્ત થયેલ ન્યારું. (૧૭૨)

*

વિમાનમાંથી શુચિ ચિત્રકૂટને
વિલોકતાં રામ વદ્યા, અહીં અમે
મંદાકિનીના તટપે રહેલાં



સૌથી પહેલાં વનમાં વસીને,
છાયા ધરી કામત પર્વતે તદા
ને અત્રિ જેવા મુનિએ સમર્પી
સાનિધ્યથી શ્રેષ્ઠ અસીમ સાંત્વના.

અહીં જ પેલી કુટિરે મનાવવા
પ્રયત્ન ભ્રાતા ભરતે કરેલો
હું સ્નેહસાથે ગિરિકંદરામાં
કૈકેયીને પ્રેમથકી મળેલો

આભાર એનો વિચરી શક્યો કે
વને કર્યું દર્શન મેં પ્રજાનું;
સંતોતણા દર્શન ધન્ય સાંપડ્યાં
વ્રતો કર્યાં તેમ તપો અનોખાં.

એ માતને ના વિસરી શકું કદી
પ્રણામ એને પદ પ્રેમથી કરું,
કૃતજ્ઞતાની દિનરાત એને
અમોઘ કૈં અંજલિ આત્મની ધરું.

આરાધના જે ભરતે કરી તે
બ્રહ્માંડમાં શ્રેષ્ઠ અજોડ સાચે,
એવા મહામાનવ વિશ્વમાં ના
યુગાંતરે પાવનપ્રાણ પાકે;

આત્મા હશે આતુર છેક એનો
વિલોકવાને મુજને ખરેખર
સંલગ્ન તીખા તપમાં હશે એ
વર્ષો થકી સર્વ કરી સમર્પણ
જતી હશે કલ્પ સમી પળેપળ.

વિમાનમાંથી ઉતરી બધાંયે
મંદાકિનીસ્નાન કર્યું પવિત્ર,
પ્રણામ એ પર્વતને કરીને
કારુણ્યભીની કુટિરો નિહાળી.

મંદોદરીનાં નયનો ભરાયાં,
બની રહી ઝંકૃત આત્મકેરી
વીણા, વદી મંગલ શબ્દને એ,
આવાં સ્થળોમાં વસવાતણું મળે
સૌભાગ્ય તો જીવન થાય ધન્ય.

આ પર્વતો આ સરિતા અરણ્ય
એકાંત આ પુષ્પ પ્રફુલ્લવાટિકા,
શ્રીરામસીતા પદસ્પર્શ પામી
ધરા વળી તીર્થમયી કૃતાર્થ,

પવિત્ર એનાં પરમાણુ દૈવી
ફરી રહેલાં જડ તેમ ચેતને



આહ્લાદ અર્પે અણમોલ આત્મને
પ્રસાદ ને નૂતન પ્રેરણા ધરે.

પ્રસિદ્ધ આ પર્વત-ચિત્રકૂટ
શમાવતાં સર્વ વિકલ્પ ચિત્તના
પ્રશાંતિના પાવન કો' પ્રદેશે
પ્રવેશ અર્પે અદકો અતીન્દ્રિય. (૨૨૨)

*

સીતાય સર્વે કુટિરો નિહાળી
પરિચયો કૈં સ્થળના કરાવી
મંદોદરી સાથ ફરી વદી ત્યાં
આવે મને યાદ પ્રણમ્ય એ પિતા
સૌ સાથ આ પર્વત પે પધાર્યા,

હશે હવે તો તન એમનું કે
હશે નહીં કેમ કહી શકાયે
પરંતુ વાત્સલ્ય અપાર જ્ઞાનનો
પ્રકાશ એ પાવન યાદ આવે
માતાપિતાના સ્મરણો અનેરાં
સુદીર્ઘકાળે પણ શાંતિ આપે

રામે જણાવ્યું જનની અમારી
આવી હતી આ સ્થળમાં બધીયે
આનંદશે એ મળતાં અમોને,

ને લક્ષ્મણે યાદ કરી અનોખી
તપસ્વનીશી પ્રિય ઊર્મિલાને
એ ના પધારી સહુ સાથ આ સ્થળે,
વર્ષો થયાં એ મુખને નિહાળ્યે

છતાંય એ દીપ્તિ પવિત્ર પ્રેમની
સૌંદર્યની શાશ્વત શાંત છાયા
કાયા ધરીને હૃદયે રમી રહી
સત્કારવાને અતિ આતુરા બની
ઊભી લઈને કર પુષ્પમાળા. (૨૪૫)

*

બે અશ્રુ ઊર્મિભર આંખથી ખર્યા
કહ્યું ઉરે, ખેલ વિયોગ યોગના
ચાલી રહ્યા શાશ્વત કાળથી જગે,
ના અશ્રુ કે હાસ્ય કદી સનાતન.

પ્રવાહ આ કાળ તણો પ્રચંડ
વહી રહેલો નિત વાયુવેગે
કરે કદી સર્જન તો ઘડીમાં
પ્રશાંતિ આનંદતણું વિસર્જન,
મહાજનોયે નવ એ થકી પર.

બોલ્યા મહાવીર વિનમ્રતાથી,
આજ્ઞા તમારી અણમોલ હોય તો



સૌથી પહેલાં પ્રિય બંધુને મળું
ને માહિતી સર્વ ધરી વ્યથા હરું,
એયે પ્રતીક્ષા કરતાં હશે ત્યાં,
પામે ભલે પ્રેમળ વલ્લરી તરૂ. (૨૬૦)

*

રામ બોલ્યા મનેયે ભરતનું થતું
સ્મરણ કૈં દિવસથી સ્નેહભીનું,
પ્રથમ મળવા કરું કામના ભરતને
મન હશે એહનું અતિ અધીરું

કિન્તુ મુજ આત્મયે છેક આતુર થયો,
એહના સુખદ સાનિધ્ય કાજે
ચૌદ વરસો તણી અવધિ વીતી જશે,
વાર કરવી જરાયે ન છાજે.

સર્વ આવ્યા પ્રયાગે પછી પ્રેમથી
ધન્યતા દર્શને પ્રાપ્ત કરવા
મુનિવર શ્રી ભરદ્વાજના આશ્રમે
શીઘ્ર આવી ગયા એક ક્ષણમાં,

પ્રાપ્ત આશિષ કરી એ મુનિશ્રેષ્ઠની;
માહિતી ત્યાં જ મળતાં નિષાદે
સેવકો સાથ વંદન કર્યાં આવતાં
ચરણને ભીંજવ્યા ભાવ સાથે

કૈં મહોત્સવ પુનર્મિલન કેરા થયા
એમ વર્ષો પછી પ્રાણ કેરા;
કાળ દેખાય પકડાય ના તે છતાં
ફેરવે ને ફરે ગૂઢ ફેરા.

શરદઋતુ રસીલી પૂર્ણ વ્યાપી બધેયે
પ્રકૃતિહૃદય દૈવી દીપ્તિ ને રંગ રેલી,
શરદ મનુજ કેરા અંતરોમાંય એવી
સુભગ સુખદ વ્યાપી શાંતિ કેરી અનેરી. (૨૮૪)

*****

## ૪૩. પુનર્મિલન

વાદળાં વર્ષા તણાં વિખરાઈ સૌ ગયાં,
વિદ્યુતો કેરી છટા જરી ના જોવા મળે.
ગડગડે ઘન ના હવે વૃષ્ટિ બિંદુ પડે નહીં,
બાહ્ય જગમાં શરદના અવનવા સામ્રાજ્યના
વિલોકી વિસ્તારને મનમહીં ભરતે કહ્યું,
રામના સંયોગ વિણ સુખ નથી શરદર્તુનું.

*

નવા રસ કેરા વહે પ્રવાહો ક્યાં પ્રાણને
કરી પરિપ્લાવિત, નવા રંગનો સંસ્પર્શ ક્યાં,
ગીત ધન્ય વિહંગનાં ક્યાં સુખદ શ્રવણે પડે,
ક્યાં મહોત્સવ આત્મના કરી વાયુ વિમળ વહે,

પ્રાણધન પ્રકૃતિતણું પૂર્ણ હજીયે ક્યાં ઢળ્યું,
એહને સાર્થક્ય કે પરમધ્રુવપદ ક્યાં મળ્યું ?
તમિસ્ત્રે પ્રકટ્યું પુનિત ભર્ગ ના ભાસ્કરતણું. (૨૮)

*

શરદ બાહ્ય જગે છતાં અંતરાત્મે તો કરે
વૃષ્ટિ વર્ષાવાદળી વ્યથાની ગરજે ઘનો,
પવન ફૂંકાયે પ્રખર સ્થૈર્ય તેમજ ધૈર્યની
કસોટી કરતાં બધે ચમકતી વિદ્યુતગણો.



વિયોગી અંતરમહીં બાહ્ય પ્રકૃતિનાં સુખો-
ના પ્રતિધ્વનિ ના પડે; મહોત્સવ સઘળું કરે
મહીંમંડળ તે છતાં હૃદય એ રોજે રડે.

*

અવધિ સીતારામના થઈ છે લક્ષ્મણતણા
હવે તો વનવાસની ભરત તર્ક રહ્યો કરી,
એટલે વર્ષા હવે વિપ્રયોગતણી જશે
શુભાગમન શરદ તણું સુખદ કે સાર્થક થશે.

કિન્તુ ક્ષણ સૌ વીતતી તપ્ત અંતરને કરી
જગાવી અણુ અણુમહીં અગ્નિજ્વાળ અશાંતિની,
વર્ષ વીત્યાં વિરહનાં વિપળ પણ વીતે નહીં. (૫૬)

*

રામ મુજને કે પછી નથી ભૂલી તો ગયા ?
ક્ષતિ નિહાળીને જરા કુપિત મારા પર થયા ?
મને મળવાનું ગણી ગૌણ આતુર માતને
અયોધ્યામાં એકલા શીઘ્ર મળવાને ગયા ?

રામ ભૂલે તો નહીં, ક્ષતિ નિહાળીને કદી
કુપિત ના જ બને વળી જાય ના એકલ પુરે,
પતિતપાવન પ્રેમને ગૌણ ના સ્વપ્ને ગણે. (૭૦)

*

કિન્તુ દિન આ આજનો એમનેમ વહી રહ્યો,
દિવ્ય—દર્શન—લ્હાવ ના લોલ લોચનને મળ્યો,
જિંદગીની સિતારી સુખદ સ્વર સાર્થક્યના
રેલતી હજુયે નહીં, બંધન બધે જાડ્યનાં.

બંધનો એ રામના મિલનથી તૂટી શકે;
પદ્મદલ તંદ્રિત બને અલંકૃત આહ્ લાદથી
પ્રભાકર-પ્રાકટ્યથી તિમિરનાં દળ ના ટકે. (૮૪)

*

પ્રભાકર એ ક્યાં ગયા મહારા જીવનતણા ?
ભલેને તારક મળે વિશદ વ્યોમમહીં ઘણા
કિન્તુ ખિન્ન વિભાવરીને શશાંક વિના ધરે
કોણ ચેતન હૃદયમાં કવણ રસ એના ભરે ?



રામવિણ જીવન નભે ના ચમક કે ચારુતા
મધુરરસ-મંદાકિની પવન પૂર્ણ પ્રસન્નતા-
તણો ના દીસે જરી નથી જીવન ચેતના (૯૮)

*

ભરતના ચિત્તમાં એવા તરંગો તર્કના ચાલ્યા;
અનવરત અશ્રુ અંતર ઊભરાઈ આંખમાં આવ્યાં,
નિરાશા-આશના રાસો રચાયા તાપ-છાંયાતણા,
અચાનક અનિલ સૌરભથી ભરેલા ત્યાં સરસ વાયા.

શ્રવણ જયકાર રામતણો સુણીને સ્વર્ગસુખ પામ્યા,
નયન નાચ્યાં અને અંગાંગ અનુરાગે સભર નામ્યાં,
ઢળી સ્વર્ગંગની ધારા પરમ પુલકિત કરી ઉરને
મહોત્સવ સાંપડ્યો જાણે વ્યથાતુર મ્લાન કે મનને.

વિમાનથકી તરત ઉતરી પરમ પ્રણયાર્દ્ર શ્રીરામે
પ્રવેશ કરી કુટિરમાં ભરતને ભેટ્યા મહાભાવે,
નયનથી અશ્રુ ચાલ્યાં શબ્દ એકે વદન ના આવ્યા,
સમાધિમહીં મળ્યાં મન બની એથી અચળશી કાયા. (૧૧૦)

*

શબ્દ કોઈવાર તો સ્નેહની અભિવ્યક્તિમાં
કરે કંઈક સહાયતા અને અવરોધક બને
કો'કવાર, પરંતુ ના, કરે કાર્ય કદીક તો
ગાઢ સ્નેહ બની જતાં ઊર્મિ બળવત્તર થતાં.

સ્નેહ ને સૌંદર્યનો શોર્ય ને માધુર્યનો
કરૂણતા મૃદુતાતણો સુખદ હો સંયમ થયો
એમ લાગ્યું એ સમે એક આત્મા ધારતાં
અવનવાં બે રૂપને રહ્યો મધુર કરી કળા

કલાપી સરખો બની જીવ તેમજ ઈશના
દ્વિવિધ સુભગ સ્વરૂપમાં પ્રકાશિત સ્વેચ્છા થકી.
કુશળ પૂછ્યા ભરતને રામચંદ્રે ભાવથી
વદ્યો ત્યારે ભરત કે કુશળ કોણ જ માનવી

તમારા વિણ વિશ્વમાં સદા સારું શકે રહી,
તમારા સંસર્ગ વિણ કુશળતા ટકતી નહીં.

જીવ જંજાળી બની ભૂલતાં તમને ભમે
ભ્રાંત સંમોહિત સમો વિષમ વિષયોના વને
કરો અનુગ્રહ એહની ઉપર તો ગ્રહતાં શરણ
સ્નેહ કરતાં સનાતન હૃદયમાં ધારી ચરણ

તમારાં પામે પછી સુખદ શુચિ સાનિધ્યને
સ્થૈર્ય શાશ્વત મેળવે અભયને સાર્થક્યને.
ભાવભર પ્રાણે પછી મળ્યો લક્ષ્મણ જાનકી
ઉભયને વંદન કરી ભરત કરૂણાની છબી,

પ્રશંસા હનુમાનની કરી પ્રેમ થકી વળી
પામતાં પરિચય મળ્યો અન્યને આનંદથી
જગાવી સંવેદના સર્વના અંતરમહીં.

*



અયોધ્યામાં જઈને યોજના પરિપૂર્ણ સ્વાગતની
કરીને રામને લેવા અમાત્યો સાથ એ આવ્યો;
પ્રથમ તો રામ-લક્ષ્મણ-જાનકીએ ગુરૂતણા પદમાં
કર્યાં વંદન ત્રણેયે માતને સૌજન્ય સાથ મળી

જણાવ્યું, અમારે લીધે વિવિધ કષ્ટો પડ્યાં તમને
અમે ના સુશ્રુષાને કરી સૌની કદી પૂર્ણપણે,
હવે અવસર મળ્યો દૈવી તમારા મધુર દર્શનનો
કરીશું સ્નેહથી સેવા ક્ષણેક્ષણ આપ્તકામ અમો.

પ્રકટ શબમાં થઈને પ્રાણ જીવનચેતના જગવે
જગાવ્યાં તેમ જીવન માતનાં એ મધુરવા મિલને,
નવા અંકુર તરત ફૂટ્યા, રસ તણા કિસલયો કોમળ
નવલ પ્રકટી પ્રકટ પુષ્પો થયાં અભિરામ મનમોહન.

જલાંધ પૂર્ણેન્દુને પેખી પ્રમત્ત બની તરંગોની
ધરીને અંજલિ સુમનોતણી કૃતકૃત્ય ઊછળતો,
નગરજનનાં હૃદય માંડ્યાં રસેભર એમ ઊછળવા
નિહાળી રામલક્ષ્મણ જાનકીને એક બે ક્ષણમાં.

લલિત લહરી પવનની વહેવા લાગી કૃતાર્થસમી
પ્રકૃતિએ પુનિત પ્રસરાવ્યું અચાનક દિગદિગંતઅમી;
વિમલ લાગી વધારે વેગથી સરસા સુખી સરિતા,
રહ્યાં વરસી ઘડીભર મળી ટોળે વાદળાં નભમાં. (૧૮૦)

*

નમી શત્રુઘ્ને કહ્યું, ધન્ય દર્શનથી થયો,
લહાવો વનનો મને સુખદ ના સૌનો મળ્યો
કિન્તુ સેવા માતની વળી જનતાની મળી
વિધાતાએ એટલી કૃપા મારા પર કરી.

સર્વ કૈકેયીપદે નમ્યાં કૈકેયી છતાં
શુભાશિષને અર્પતાં વદી ના સંકોચમાં.

*

ઊર્મિલાને લક્ષ્મણે પ્રથમ મેળાપે કહ્યું,
શુભેચ્છાથી વનગમન સફળતા મારું વર્યું
સ્વાનુભવ સાર્થક થયા વિવિધ ને આત્માતણી
પરમમંગલ સાધનાના પથે પુણ્યે ભર્યું

પ્રયાણ કર્યું એહનો ઘટે યશ તુજને ખરે
કિન્તુ મેં વનમાં કર્યું તે થકી સવિશેષ તેં
શ્રેય સાધ્યું ઘરમહીં સાધનાને પથ વળી
અનેકો અભિનંદનો આજ એ માટે ધરું.

અરણ્યે એકાંતમાં વસીને સરિતાતટે
કે પછી ગિરિગહ્વરે ત્યાગ કે સંયમતણાં
શુચિ સુમેરૂ શૃંગપે કરે આરોહણ મહા
મુનિજનો યોગીવરો, રાજપ્રસાદે વસી



કિન્તુ તેં તો પ્રેમની માધુરીને માણતાં
અવસ્થા અદકી લભી સાર્થ જીવનને કર્યું.
આપણા યુગમાં અને ગત યુગોમાં ભાવિમાં
સ્નેહની માધુર્યની સમર્પણ કે ત્યાગની

પૂર્ણ પ્રતિમા તુજ સમી નથી, ન હતી, ના હશે,
મને સંશય સ્વલ્પ ના રહ્યો સાચે એ વિશે.
યુગયુગોલગ માનવી—આત્મ અનુપ્રાણિત બની
એહની સંસ્મૃતિ થકી પામતાં સુપ્રકાશને

પંથ પર ઉત્કર્ષના રહેશે આગળ વધી,
કાલિમાને કાપશે અખિલ અવનીની બધી.
હવે હું સમજી શક્યો મર્મ જીવનનો જરા
અનુગ્રહને મેળવી અવનવો તારો મહા. (૨૪૦)

હવે મેં જાણ્યું સરળ બાહ્ય શાસન કિન્તુ છે
કઠિનતર આભ્યંતર; સાધતાં તેં એહને
ભરયુવાનીમાં અહીં કર્યો જીવનનો જય.
ઊર્મિલા સંકોચથી વદી, મેં કોઈ નથી

તપસ્યા કે સાધના તીવ્રતમ આરાધના
અર્પતી કૃતકૃત્યતા અવનવી ભારે કરી
સ્ત્રીસહજ સદ્ ધર્મના અનુષ્ઠાનતણો કર્યો
યજ્ઞ કેવળ તે છતાં રહ્યા છો મહિમા ધરી.

તમારી જ મહાનતા એ કૃપા શ્રીરામની
સરિત સિંધુદિશે વહે ચમત્કૃતિ એમાં નહીં.
પ્રશંસા મારી કરો કિન્તુ પ્રાણમહીં નરો
તમારાયે પ્રેમ જે રામને માટે ભર્યો

નહીં તુલના એહની કશાથીય થઈ શકે;
લહાવા યૌવનતણા ગૌણ ગણતાં અન્ય સૌ
પદાર્પણ કીધું તમે શુશ્રુષાકેરા પથે
એ મહાઘટના તણી નોંધ ઈતિહાસે લઈ

શાસ્ત્રકારો કવિજનો શ્રેષ્ઠ સ્નેહાંજલી ધરી
રહેશે તમને સદા, એમહીં સંદેહ ના.
માનવી સ્થિતપ્રજ્ઞતા મેળવી સંવેદના-
નો કરે અનુભવ નહીં કહે એમ જનો ઘણા,

કિન્તુ ના સ્થિતપ્રજ્ઞતા જાડ્ય કે સંવેદના-
હીનતા: અંતરતણા દ્વાર કરવાં બંધ ના:
અનુભવી સંવેદના વિપથગામી ના થવું
કે ભ્રમિત કે ચલિત ને લાગણી સ્વામી થઈ

વહીને એમાં બની પૂર્ણ ના પરવશ જવું,
મહાપુરૂષો પાસથી શાસ્ત્ર એ શીખી નવું-
વસી હર્મ્યમહીં મહા અનુભવી સંવેદના
સદાયે આગળ વધી પરમ પંથે સત્યના. (૨૯૮)

*

કહી કથની બધી વનની વિગતથી લક્ષ્મણે ત્યારે
ભરાઈ લોચનો એ સુંદરી કેરાં સરસ આવ્યાં,
વદી એ, ધન્ય સૌ પળ એ દિવસ એ ધન્ય તેમ બધા,
કરી સેવા સતત શ્રીરામની કૃતકૃત્ય એ કાયા.

મને તો રાજપ્રાસાદે પરમ સુખ સાંપડ્યું સાચે,
વિપિનમાં વિપત્તિ વેઠી વિવિધ કિન્તુ કરાળ તમે
થયા અગ્નિપરીક્ષાથી પસાર સફળપણે અંતે
અનેકાનેક અભિનંદન તમોને આજ એ માટે.

જણાવ્યું લક્ષ્મણે અભિનંદનો તો ઘટે માત્ર તને,
કર્યો પ્રેરિત પ્રશસ્ત પથે ધરી પ્રોત્સાહ નિત્ય મને.
ન સંમતિ હોત અર્પી તેં મને વનમાં જવા માટે
કરી હઠ ભોગને કાજે ચઢી અધિકારની વાતે

કથા તો ભિન્ન હોત ગ્રથિત થઈ રઘુવંશમાં સઘળી,
મને ના હોય જીવનની ક્ષણો એ સાંપડી મધુરી.
મારા તો દિવસો ગયા વિપિનમાં શ્રીરામ-સાનિધ્યમાં
આહ્લાદે, દિવસો પરંતુ તુજ શે એકાંત હર્મ્યે ગયા ?

આત્માથી અનુવિદ્ધ તું વિરહમાં શે હર્ષને પામતી ?
બોલી સત્વર ઊર્મિલા, મનમહીં એ મૂર્તિને ધારતી
પ્રાસાદે વનની કરી નિતનવી સદ્ ભાવના વાસતી
તેથી સ્વલ્પ વ્યથા વિયોગજનિતા ચિંતા ન કે વ્યાપતી.

*

અંગ વસતું હર્મ્યમાં કિન્તુ આત્મા સંગમાં
તમારા શ્રી રામના જાનકીના વનમહીં
નિત્ય વસતો અવનવા લીન બનતાં ધ્યાનમાં.
દેશકાળ ન સ્નેહને કદી અવરોધી શકે.
વિયોગે પણ અર્પતાં નિત્યનૂતન રસ ટકે.

ઊર્મિલા ! સાચે કહું તન સુદૂર હતું છતાં
મન હતું મારુંય આ ક્રીડતું તુજ સાથમાં
વદ્યો લક્ષ્મણ જાણ હો તને કે ના હો ભલે

વર્યો એથી પ્રતિપદે શાંતિ યશ સાફલ્યને.
સ્નેહથી શ્રુતકીર્તિને માંડવી સૌને મળી
લલિત લહરી શાંતિની સુખમયી સઘળે વહી,

સકળ નગરે ધારતાં અવનવા આહ્લાદને
પ્રેમ પરિપ્લાવિત પુનઃ પ્રદર્શાવ્યો આત્મને. (૩૪૨)

*****

## ૪૪. ઊર્મિલા અને મંદોદરી

મંદોદરીએ મધુ ઊર્મિલાને
પ્રેમે જણાવ્યું, બહુયે પ્રશસ્તિ
મેં સાંભળેલી તુજ રામસીતા
સૌમિત્રના શ્રીમુખથી અનોખી

ત્યારે જ તારી શુચિ કલ્પનાછબી
દ્રષ્ટિસમીપે રસ સાથ આદરે
ધારી વિચારો કરતી વિભિન્ન હું
આહલાદ એમાં મળતો મને શું !

કોઈ દિને દર્શન ધન્ય તારું
થશે મને સુંદર સ્વપ્ન સેવી
એવાં રહેતી શુચિ ભાવના ભરી;
આજે મળી છે ક્ષણ આ અનેરી
સંસિદ્ધિની સ્વપ્નતણી સહેતુક.

જાણી વિચારો તુજ શુદ્ધિ ગૂઢ
પ્રતીતિ પૂરી મુજને થઈ કે
શ્રીરામ સૌમિત્ર તથા પવિત્રા
સીતાતણી પ્રેમપ્રશસ્તિ તો હતી

સુયોગ્યતાના તુજ અલ્પ અંશશી
અબ્ધિતણી કેવળ વીચિમાળા,



ના પુષ્પ કે ના મધુપુષ્પમાળા
પરંતુ બેચાર સુપત્ર પુષ્પનાં.

સિતારના સ્વાદુ સરોદને સુણી
બની રહેતાં મન મંત્રમુગ્ધ
પરંતુ એવા સ્વર તો સિતારના
શરીરમાં કૈંક સહસ્ત્ર છે ભર્યા,

એ સર્વની સૃષ્ટિ કરી શકે શે
કદી કલાકાર મહાનનાં યે
એવાં મનો, વર્ણન પૂર્ણ એમનું
પ્રેમી જનોથી ય ખરે કરાય ના. (૨૯)

મહામુનીન્દ્રોય વને વસીને
સાધી સદા સંયમ ઈન્દ્રિયોના
નિરોધને સિદ્ધ કરી શકે ના,
પંચાગ્નિના સેવનથી તપસ્વી
તપે છતાંયે ન પ્રશાંતિ પામે,

તેં કિન્તુ તારુણ્યમહીં તિલાંજલિ
વિભિન્ન આપી વિષયોપભોગને
પ્રાસાદમાં શ્વાસ લઈ અસંગના
શસ્ત્રે હણી અંતરના તમિસ્ત્રને

પ્રશાંતિનો સ્વાદ અનન્ય પામી
સાફલ્ય સાધ્યું નિજ જિંદગીતણું
સામાન્ય એને ઘટના નહીં ગણું.

તારા સરીખી નવયૌવનાનો
સંસર્ગ છે દુર્લભ સૃષ્ટિમાં આ,
કોઈ મહાભાગ જ પ્રેરણાભર્યું
સાનિધ્ય એનું અણમોલ પામતા

કોઈક એને સમજી શકે ને,
કોઈ જનો અંજલિ અલ્પ અર્પતા
કોઈક ભાવે ગુણગાન ગાતાં
આદર્શ એના કૃતિમાં ઉતારતાં.

છે પદ્મિની પ્રેમસરે પ્રકાશી
પાવિત્ર્યભીની રઘુના કુલે તું
કે ચંદ્રિકા ચારુ સુધા સમર્પતી
અધ્યાત્મના ઉત્તમ આભથી શું !

દુર્વાસનાથી ભર વિશ્વમાં તું
છે વાસનામુક્ત વિશુદ્ધ સત્વ,
પ્રકાશ પામ્યું તુજ દેહ ધારી
લાગે મને એમ જ અંતરે કે,
વેદે વખાણ્યું શુચિ સ્નેહતત્વ.



પ્રણામ મારા તુજને અનેક હે
સંશુદ્ધિના શૃંગ પરે વિરાજી
દેવી અનેરી, તુજ દર્શને ભલે
દે પ્રેરણા નિત્યનવીન સૃષ્ટિને. (૬૨)

બોલી પછી ભાવવિભોર ઊર્મિલા,
અત્યુક્તિથી પૂર્ણ પ્રશસ્તિ તેં કરી,
એકાદ તેજેભર તારિકાને
કહી બતાવી મધુ ચંદ્રિકા સમી,

તરંગને અર્ણવમાં ખપાવ્યું
સમીર માની લહરી રસીલી
સરોદને કે સમજી સિતારી.
જીવાત્મને કે પરમાત્મમાં ગણી
સંતૃપ્તિને અદ્ ભુત અંતરે વણી.

મહાજનોનાં મનડાં જ એવાં
પેખે ગુણોને અતિઅલ્પ જેવા
વિરાટશા, આદર અન્યને ધરે,
ના અર્ધ્ય અર્પે અનુરાગનો કો'
છતાંય અર્પે શુચિ અર્ધ્ય અન્યને.

મહાન તું ઉત્તમ એટલે તો
મહાનતાની મુજમાં કરી શકી

ઝાંખી, રહી અંજલિ શુદ્ધ સ્નેહની
ગુણાનુરાગે મુજને વળી ધરી. (૮૦)

અસાધારણ કર્મ કોઈ ના કર્યું
જિંદગીમાં મેં મહારી જાણમાં,
બજાવ્યું કર્તવ્ય કેવળ પ્રેમથી,
સુયોગ્ય મને જે જણાયું તે બધું

કરી છૂટી સમજપૂર્વક શાંતિથી
પ્રશંસા એની ઘટે કરવી નહીં.
જિંદગીના ભોગ માટે કિન્તુ છે
યોગ માટે સ્વાર્થ ના સેવા તથા

વિલાસ નહીં કિન્તુ સંયમકાજ આ
એમ જાણી કર્મને કોઈ કરે
ચમત્કૃતિ આશ્ચર્ય તો લવલેશ ના
લાગતું એમાં ઘડી માટે મને.

પ્રશસ્તિ મારી કરી તેં કિન્તુ મેં
રામલક્ષ્મણ જાનકી દ્વારા સુણી
મહત્તાની વાત તારી જે બધી
તે પછી મુજને પ્રતીતિ થઈ રહી

બિંદુ સિંધુ સમીપ હું તો માત્ર કે
પ્રશસ્તિને પાત્ર તું જ સદાય છે.



આસુરી લંકાપુરીમાં તેં સદા
વિષમ વાતાવરણમાં જાગ્રત રહી
સત્યના પથ પર કર્યું પ્રસ્થાન જે
અનાસક્ત પવિત્ર રાખી પ્રાણને

એ અસાધારણ ચમત્કાર જ ખરે
અલ્પ આત્માથી કદાયે ના બને
મહત્તા તારી બતાવે એ બધી,
મોહરૂપે રહી ના મોહે પડી.

મંદોદરીએ વિનયે જણાવ્યું,
શ્રી રામના અલ્પ અનુગ્રહે કે
વિરૂદ્ધ વાતાવરણેય જાગ્રત
અલિપ્ત કે સ્વસ્થ રહી શકી હું

પ્રશસ્તિને પાત્ર ન લેશ એટલે
પરંતુ શ્રીરામ જ પૂર્ણકામ,
સન્માન સિદ્ધો પણ એમનું કરે
યોગી તપસ્વી સ્તવતા તમામ.

છે આપણી આંતર શક્તિ કેટલી
સંશુદ્ધિની સૌરભ તેમ આપણી,
મહાનતાનું પણ માપ કેટલું
ગુમાન એનું નવ યોગ્ય હું ગણુ.

સ્નેહાર્દ્ર આ સર્જનના સરોવરે
ખીલેલ બે પદ્મ મળી પરસ્પર
અર્પી રહ્યાં સૌરભ એમ દૈવી
પેખી રહ્યો પ્રેમળ એ પ્રભાકર. (૧૨૨)

*****

## ૪૫. ઉપહાર

રાજ્યાભિષેકની સર્વે તૈયારી કરવા કર્યો
અધ્યાદેશ વસિષ્ઠે સૌ મંત્રીઓની સલાહથી
પરામર્શ કરીને કૈં પ્રજાનાયક સાથમાં
સમસ્ત જનતા ત્યારે પરિતોષે સુખે રસે

આહ્લાદે ઊભરાઈને મહોત્સવ કરી રહી,
મંદોદરી સમાચારો સુણતાંવેંત રામને
અભિનંદન આત્માનાં અનેકાનેક અર્પવા
પહોંચી પ્રેમથી ત્યારે પરિપ્લાવિત પ્રાણથી.

જણાવ્યું શાંતિથી એણે, તમારાશા વિશુદ્ધ ને
સંયમી જનતાપ્રેમી સેવાભાવી અલિપ્ત જો
મહાપુરૂષ સત્તાનાં સૂત્રો ધારણ સૌ કરે
જનતા શાંતિને પામે સુખસમૃદ્ધિપંથ તો.

શીલવાન સદાચારી ધર્મનીતિપરાયણ
મહાપુરૂષનું પામે માર્ગદર્શન રાષ્ટ્ર તો
ઉત્કર્ષના મહામૂલા શૃંગે આસીન થાય ને
યશસ્વી બનતાં દૈવી પદને નિત્ય મેળવે.

*

રામ બોલ્યા, મને ના સામ્રાજ્યની
લાલસા, ભોગોતણી ના ભાવના,



પહોંચાડે સ્વલ્પયે પીડા નહીં
પારલૌકિક તેમ લૌકિક કામના. (૨૦)

મહેચ્છા જનતાતણી સેવા તણી;
થાય કે જીવન સમસ્ત કરી રહું
નિર્ગમન સંસારની સેવામહીં
સ્નેહ ને સંવેદના પ્રાણે વણી

ઉષઃકાળ પ્રકટ નવો પૃથ્વીતણા
પ્રાણમાં શુભ ભાવના કર્મે કરું
નવા ચેતનથી તથા દીપ્તિથકી
જિંદગી જડચેતને નૂતન ભરું.

શાંતિના યુગનો ભલે આરંભ હો,
વાસનાનાં ભલેને તાંડવ ટળે,
દિવ્યતાથી અલંકૃત અવની બને,
બદ્ધ અજ્ઞ અશાંત દીન રહે ન કો'

વસિષ્ઠે આદેશ આપ્યો ને કરી
પ્રાર્થના ભરતે અમાત્યે અન્ય ને
અગ્રગણ્ય પ્રજાજને પ્રેમે મને
એટલે આ દેવદુર્લભ દેશને
થવા ઉપયોગી થયો તૈયાર હું.

મહાપુરૂષોની પવિત્ર પરંપરા-
ને અધિક ઉજ્જવળ કરું મહિમા ધરું
યશસ્વી નૃપમંડળીની શ્રેણીમાં
ભર્ગ નૂતન ભાવના સાથે ભરું,

અશ્રુ લૂછું અન્યનાં પીડા હરું
અન્યની ચિંતાતણું ઔષધ કરું,
પૂર્વજોના મધુરતમ માહાત્મ્યને
દ્રઢાવું, ના ભ્રાંતિથી કો'દી હણું;

પ્રકટ પુરૂષોત્તમસમા સંસારને
યજ્ઞભાવે પેખતાં ને સેવતાં
સ્નેહની અવિરામ અંજલિ અર્પતાં
અભિપ્સા છે એટલી અંતરમહીં
શ્રેષ્ઠ કે વરદાનને સહેજે વરું. (૫૦)

વિરાજે સત્તાતણા સિંહાસને
પ્રસાદે તો પણ પરમ પરમાત્મના
પ્રાજ્ઞ, લિપ્ત બને અહં મનમાં નહીં;
વિરોધાભાસી વિષમ વિપરીત હો

વિષમ વાયુ અનંત વાતા ચોદિશે
છતાંપણ હાલે નહીં નવ કે ચળે
આત્મ એને લીન આત્માના વિશે



આપણી અવનીમહીં એવા જનો
સેવકો ને નાયકો કર્તવ્યનાં
સર્વ ક્ષેત્રોમાં બને બહુસંખ્ય તો
સર્વ હિતથી રહે વંચિત ના જ કો':

સ્વપ્ન સુંદર આપણાં ને આપણા
પૂર્વજોનાં શાંતિ સર્વોદય તણાં
સર્વ રીતે મૂર્તિમંત બને બધાં
માનવી કલ્યાણની જ કથે કથા
વ્યર્થ જીવનમાં પછી ન રહે વ્યથા.

વાયુમંડળ વિશ્વનું બનતાં વિશદ
સાત્વિકી વૃત્તિથકી મનને ભરે,
માનવીયે એમહીં સત્કર્મની
સુધા સીંચી મુક્ત જેમ સુખે ફરે :

માનવીનું સર્વકાંઈ અન્યના
સમુત્કર્ષતણું થઈ સાધન રહે,
ઘર્ષણો શોષણ ગુલામી યંત્રણા
કુકર્મો મિથ્યાભિમાન મમત્વનાં

રહે નામનિશાન ના; આદર્શ ને
વાસ્તવિક્તા વિચારો આચારના
સમન્વયથી જોમ જીવનનું વધે,

મટે તાંડવ અનૃત તેમ અનર્થનાં
યુગ યુગાંતરથી અનવરત ચાલતાં
વહે કરૂણાપ્રીતિ માનવતા હૃદે. (૮૦)

સ્વપ્નની સંસિદ્ધિ સારુ શુભાશિષો
આજ તારા સમી સન્નારીતણી
હૃદયથી યાચું; શુભાશિષ શ્રેષ્ઠની
વિફળ ના બનતી કદી જીવનમહીં

શુભાશિષ અર્પી તમોને શે શકું,
વિનયથી મંદોદરી શબ્દો વદી,
તમારા સંકલ્પ સાર્થ થઈ જશે
અલ્પ આશંકા નથી એની મહીં.

દેહધારણ તમારું પૃથ્વીતણા
પુનિત છે પરિત્રાણને માટે થયું,
નિત્યનૂતન રશ્મિ રસનાં પ્રેરણા—
તણાં રેલી વિશ્વના હૈયે નવું
પ્રભાત કરી પ્રકટ ધન્ય બની જશે,

સુદીર્ઘ સમય સુધી સુખકારક થશે.
તમે ને સીતા નથી સામાન્ય જન,
આત્મ ઉભયતણા વિમળ તેમજવિરલ
પુરૂષ ને પ્રકૃતિ બન્યાં સાકાર બે



સૃષ્ટિ હિત માટે સનાતન શાંતિને
સજી અંગાંગે યુગમહીં આપણા
સ્વાનુભવથી એમ સમજાયે મને.

*

અભિષેક થયો અંતે રસપૂર્વક રામનો
માધુર્યમૂર્તિનો સ્નેહ શોભાના શુચિધામનો;
પ્રજાજન અયોધ્યાના અને પ્રકૃતિતત્વ સૌ
ઉલ્લાસ વ્યક્ત કરવા લાગ્યાં સત્વ લભી નવું.

મૂર્તિમંત થઈ જાણે વેદ વિદ્વાનવેશમાં
પ્રશસ્તિવચનો બોલ્યા પ્રણામો પ્રેમથી કરી,
તમે સૃષ્ટિતણા ધાતા વિધાતા વિશ્વરૂપ ને
વિશ્વવ્યાપક છો સાચે બન્યા હરિ વળી હર,

મહીમાંગલ્યને માટે સ્વેચ્છાથી તન ધારતા,
જાણે ના અજ્ઞ કે પ્રજ્ઞ પામ્યા વિણ અનુગ્રહ.
માહાત્મ્યને તમારા ના પરિપૂર્ણપણે સ્તવી
શકે વેદાદિશાસ્ત્રો ને સંતો સિદ્ધ સમસ્ત કે,

વિરંચી શારદાનું ના ગજું પૂર્ણ ગણેશનું
અમે કેમ કરી ત્યારે સ્તવીએ તમને પ્રભુ !
મહામાનવ છો સારી સૃષ્ટિના સૂત્રધાર છો,
જડચેતનના આત્મા આપ્તકામ અનંત ને,

સંસિદ્ધિશૃંગપે પૂર્ણ પહોંચ્યા પૃથિવી મહીં,
પ્રકાશ પ્રકટ્યો પ્રાણે તમારા ભગવંતનો.

યોગિન્દ્ર મુનિ જ્ઞાનીના ધ્યેય શાશ્વત સત્ય હે,
અનાદ્યનંત ને શ્રેષ્ઠ પૂર્ણ ચિન્મય તત્વ હે !
હૃદયસ્થ પિતા સૌના સ્વામી પ્રકૃતિના વળી
અમારા આદરે આત્મા વારંવાર પદે નમે. (૧૨૨)

રામસીતાસાથ સ્વર્ણ સિંહાસને
સોહતા કંદર્પશા રતિસાથમાં
શીલ હો સૌન્દર્યના પરબ્રહ્મ કે
પરાપ્રકૃતિના સુખદ સાનિધ્યમાં

પૂર્ણ વર્ણન એમનું ક્યાંથી બને,
નયન નિરખે કૈંક ત્યાં તો ભાવમાં
કરી અવગાહન અખંડ સમાધિમાં
થાય ચિત્ત વિલીન દિલ-દરિયાવમાં.

સેવકોને સ્નેહથી રામે કહ્યું,
તમે મારી સુશ્રુષા પ્રેમે કરી,
સ્વજન ગૃહસંપત્તિસુખ સર્વે તજી
સ્વર્ગસુખ સાનિધ્યમાં મારા લહી

સર્વ લૌકિક પારલૌકિક આશને
ગૌણ ગણતાં રહ્યા માત્ર મને ભજી



પ્રતિપદે કરતાં સમસ્ત સહાયતા,
વચન ના મળતાં મને આભારનાં.

કેમ ભૂલી શકું તમને, ભૂલવા-
નો વિચાર કદીય કેમ શકું કરી ?
સર્વ ભૂલાયે વિશદ પણ સ્નેહનાં
સંસ્મરણોથી રહ્યો જીવનને ધરી.

પુરસ્કાર ન પ્રેમનો હોઈ શકે
છતાં મારા અલ્પશા ઉપહારને
હવે સ્વીકારો કરી ઉપકૃત મને
સુણી લોચન ભરાયાં સૌનાં જલે.

વિભીષણ સુગ્રીવ નલ ને નીલને
વળી અંગદ જામવંત નિષાદને
ઉત્તમોત્તમ ભૂષણો સૌમિત્ર ને
ભરત પાસે અપાવ્યાં રામે પછી

કહ્યું સદ્ય હવે ગૃહે જાઓ બધા
પ્રાણ ત્યારે થઈ ઝંકૃત સર્વના
સહી એ વચનો શક્યા ના શાંતિથી
ગાઢ જાગ્યાં ચિત્ત જાણે ભ્રાંતિથી

સર્વ ચાલ્યા વિનય કૈં અંતે કરી,
અયોધ્યામાં રામસીતાની લઈ

અનુજ્ઞા સંનિધિમહીં કેવળ રહ્યાં
વિભીષણ હનુમાન ને મંદોદરી

અશ્રુ અંગદનાં શમ્યાં કેમે નહીં
જણાવ્યું એણે, પિતાના મૃત્યુની
થઈ ચિંતા ના મને રઘુનાથ હે,
હૂંફ આજ સુધી તમારી મેળવી.

હવે સોનેરી સમય પૂરો થયો
કિન્તુ પામી પ્રેરણા આગળ વધું,
ધર્મનીતિપથે પ્રયાણ કરી સદા
દૈન્ય ટાળું યુગયુગોકેરું બધું.



તમે છો મારા હૃદયમાં શી પછી
મને ચિંતા ભીતિ આશંકા વળી ?
રક્ષશો પ્રતિપળ મને મુજ જીવને
અંતરાત્માને કૃતાર્થ સદા કરી. (૧૭૦)

સંસ્મરણ હનુમાનની સેવા તણાં
યાદ કરતાં જાનકીએ એમને
માળ મૌક્તિકની ધરીને કંઠની
કહ્યું, સ્વીકારી પરમ ઉપહારને

કરી અનુગ્રહ અર્પતાં કૃતકૃત્યતા
બનો પૂર્ણ પ્રસન્ન; દશરથનંદને

પણ વસન-ભૂષણ-સુવર્ણ ધરી કહ્યું,
તમારું છે સ્થાન મારા પ્રાણમાં

કહ્યું હનુમાને અચળ એ સ્થાનથી
પુરસ્કાર વિશેષ ના દીસે કશો,
ના ચહું લૌકિક પદાર્થો સંપદા
પ્રતિષ્ઠા પદ રાજ્ય સ્વપ્નમહીં કદી,

અમીદ્રષ્ટિથી કૃતાર્થ કરી ઉભય
હૃદયમાં શુચિ રેલતાં સ્મિતને વસો.
કરી સેવાકાજ મેં સેવા સદા
શાંતિ એથી અનોખી છે સાંપડી,

અવનવા પરિતોષની પ્રાપ્તિ થઈ
મળ્યો દિવ્યપ્રકાશ આતમને વળી.
અપેક્ષા ના સ્થૂળ ઉપહારોતણી
એટલે મેં ક્યાંય કે ક્યારે કરી,

તમારા અનુગ્રહથકી કૃતકૃત્યતા
મને છે જીવનમહીં સહેજે વરી.

મિથિલેશકુમારીએ જણાવ્યું, જ્યાં સુધી જગે
રામનામ તથા દૈવી કથા રામતણી થશે
રહેશો ત્યાં સુધી શક્તિ પ્રેરણા નવ્ય રેલતાં
તમે અમર પામીને રામકેરી કૃપાસુધા.

શરણાગતના સાચા થશો તારક પાલક
હર્તા બંધનના સર્વે દુઃખદૈન્ય વિદારક
સ્વભક્તોના; યશસ્વી હો યાવચ્ચંદ્રદિવાકરૌ
એજ અર્પું તમોને હું આજે આદરથી વર.

જણાવ્યું પ્રેમથી રામે, કલેન્દુકેરી કળાસમી
સાફલ્યની મહામૂલી તેમ સાર્થક્યની કળા
પામતાં અભિવૃદ્ધિને પૂર્ણતા આખરે વરો
તમારા જીવને દૈવી આશીર્વાદ બધા મળો. (૨૦૪)

*****

## ૪૬. પૂર્વસ્મૃતિ - ૧

રામસીતાના સુખદ સાનિધ્યમાં
શુભાશિષશો સમય સૌ વીતી રહ્યો,
કેટલાયે દિવસને અંતે અમુલ
જિંદગીનો લહાવો સૌએ લહ્યો.

એક દિન મંગલ પ્રભાતે પ્રેમથી
મધુરતાની મૂર્તિશી મંદોદરી
જઈ કૌશલ્યાસમીપે રામનાં
જાણવાને જન્મકર્મોને વદી,

ભાગ્યશાળી માત એ સંસારમાં
રામસરખા પુત્ર જેને સાંપડે,
દેવતાયે એહના સદ્ ભાગ્યની
પ્રશસ્તિ સાદર સહર્ષ સદા કરે.

રામની જીવનકથાને જાણવા
અભિપ્શા સ્વાભાવિકી મુજને થતી,
તમારા મુખથી સુણું થોડીઘણી
ભૂત ઘટના રસભરેલી રામની. (૧૬)



ભાવથી ભરપૂર કૌશલ્યા વદી વદને,
વહેતી સંજીવની નૂતન અનિલ લહરે
પૂર્ણ પ્રકટેલો પ્રભાકર ચૈત્ર શુકલ મહી
નવમનો કૃતકામ મુનિશો કરી મધુર મહી
ધરાપર અવતીર્ણ ત્યારે રામચંદ્ર થયા
દેવના વરદાન જેવા વિશ્વપ્રાણ સમા.

નિસર્ગે સ્વાગત કર્યું તત્કાલ દીપ્તિ નવી
અવનવા શૃંગાર ધારી પરમ હર્ષ લહી
ઓળખી નિજ અધીશ્વરને, સ્નેહનો સંબંધ
સ્મરી શીઘ્ર વસુંધરા રેલી રહી મધુગંધ.

રામપ્રાદુર્ભાવથી રઘુવંશ ધન્ય બન્યો,
વિરલ મહિમા અયોધ્યાને એક સાથ મળ્યો,
અમે તો આનંદભીનાં ને થયાં ઘેલાં,
પ્રજાજન સઘળાય પામ્યા પર્વની વેળા.

વિરલ એ પળ આ અખિલ અવનીતણી સાચે
યાદ કરતાં અંતરાત્મા એહને નાચે;
અંધકાર નિવારવા અજવાળવા અવની
વિરલ કો’ કાળે પ્રકાશે પૂર્ણ પ્રેમપ્રદીપ,

એ પ્રદીપોમાં વિરલતર રામ આ જગમાં,
વહેતું શોણિત અવનવું એમની રગમાં. (૩૬)
આપણી અવની મહીં રામસરખા માનવી
યુગોમાં એકાદયે ખરેખર ભાગ્યે મળે

જે સ્વયં સંકટ સહે પાન સોમલનાં કરે
સ્વસ્થ કિન્તુ સદા રહી અન્યને અમૃત તણી

તાપ વેઠી છાંયની દે અમોઘ લહાણને-
વિવિધ કર્મો જેમનાં મહીના માંગલ્યની
પ્રેરણા સાથે થતાં સજીને નિસ્વાર્થતા;
યુગયુગાંતર જેમના પ્રેરણા જીવન ધરે
સર્વ માનવજાતને પદ્મના સરખાં સરે.

એમના પ્રાકટ્યનો મહોત્સવ માનવ કરે
એમહીં આશ્ચર્ય ના લગારે લાગે મને
અમે પણ તલ્લીન એ મહોત્સવમાં ચિત્તને
કરીને કૃતકૃત્યતા જિંદગીની અનુભવી.



મહત્તા રઘુનાથની પહેલાં જાણી નહીં
છતાંયે ભરતી ચઢી અંતરે વાત્સલ્યની
ભીંજવી સઘળું રહી ધન પરમ જીવનતણું
અન્ય પળ ના એ થકી મધુર ગૌરવમય ગણું.

માન્ય રાખી પ્રાર્થના મહામાન્ય વસિષ્ઠની
યજ્ઞ શૃંગીએ કર્યો
ચાર શિશુએ એ પછી જન્મ રઘુકુળમાં ધર્યો.
મહાભાગ મુનીંદ્ર કૈં આવતા અવલોકવા
તે કહેતા બાળ આ તમારા સામાન્ય ના,

રામ તો સૌના ઉરે રહેલા નિશદિન રમી
તપસ્વી જેને સ્તવી પામતા દૈવી અમી,

રમે જેમાં જગત આ સત્ય શિવ એ સુંદર
પ્રેમઘન પરમાત્મના છે પ્રતીક ચિરંતન.
પરમ હિત પૃથ્વીતણું એમની દ્વારા થશે
યુગયુગાંતરનાં તિમિર
એમના સત્કર્મની પ્રેરણા દ્વારા જશે.

સર્વ એ દિવસો હતા અવનવા આહ્લાદના
પ્રેમ ને માધુર્યના વહેતા નિર્ઝરસમા.

*

ટકી મધુરતા નહીં અધિક કિન્તુ આ જીવને,
સહી સતત ના શક્યો કુટિલ કાળ એ પ્રીતને,
મુનીંદ્ર દિન એક શ્રેષ્ઠ નિજ યજ્ઞને રક્ષવા
ગયા વિપિનમાં લઈ ઉભય રામ ને લક્ષ્મણ.(૧૦૦)

યજ્ઞ વિશ્વામિત્રકેરો શૌર્યથી રક્ષી,
અશુભવૃત્તિ રાક્ષસોને ગતિ પરમ બક્ષી,
રામ લક્ષ્મણ ગયા મુનિ સાથે પુરી મિથિલા
સ્વયંવર સીતાતણો યોજાયલો શુભ જ્યાં

માર્ગમાં ગૌતમતણો આશ્રમ સરસ આવ્યો,
સમીપસ્થ સમીર સરિતાનો વિમલ વાયો;

અહલ્યાનો આત્મ શાપિત પ્રતીક્ષા કરતો
સૂક્ષ્મતમ સંસ્પર્શ સાથે ચેતન ધરતો.

થયો જાગ્રત અવનવો અવતાર શીઘ્ર ગ્રહી,
પ્રસન્ન બની એ નિરખતાંવેંત મ્લાન મહી.

પૂર્વની પ્રીતે કર્યો ત્યાં પંથ રમ્ય સ્થળે;
પ્રથમ મિલને રામસીતાના વિમળ હૃદયે
સ્નેહની વાગી સિતારી પરમપુણ્યમયી
રોમરોમે રસતણી સરિતા પ્રસન્નવહી.

*

પ્રવેશી ઉપવનમહીં સીતા
સખી સાથે ભવાની કેરા
મંદિરે આરાધના કરવા
નિહાળ્યા શ્રીરામ એણે ત્યાં
પુષ્પ લેવા બંધુ લક્ષ્મણની
સંગ શાંત સવારમાં આવ્યા. (૧૨૦)

નિહાળીને મંત્રમુગ્ધ બની
મૂર્તિ ચિત્રાંકિત સમાન થઈ
પ્રેમ પરિપ્લાવિત ઉરે ઊભી
કંઈક ભૂલી કે કશું ખોઈ.
રામની પણ અવસ્થા એવી;
એય જોતાંવેંત આકર્ષણ



અનુભવી સહસા અમોઘ રહ્યા,
વિપથગામી છતાંયે ન થયા

ભવાનીમાતા સમીપ જઈ
જાનકીએ પ્રાર્થના કરતા
જણાવ્યું માતા, કર્યું જેણે
મુગ્ધ મારા મધુરવા મનને

માત્ર દર્શનથી કરો એવો
અનુગ્રહ કે આજ જીવનમાં
નાથ એ મારા બને સાચા,
ગઈ વિરમી મહારી વાચા.

*

સ્વયંવરના સ્થાનમાં રામ લક્ષ્મણને લઈ
સુનિશ્ચિત સમયે સુખે મુનિપ્રવર ગયા પછી. (૧૪૦)

વિરાજેલા મંડપે
વીરજનને રામ એ
જણાયા બલવીર શા;
પ્રાજ્ઞ પંડિત સર્વને
શ્રેષ્ઠ ને પરબ્રહ્મશા;
ભક્તને ભગવાન ને
ધ્યેય યોગીને મહા,
નૃપતિને નૃપશ્રેષ્ઠશા,

જનકને આત્મા સમા,
અન્યજનને સુહૃદ શા
ભાવનાને અનુસરી;
અસુરને ભાસ્યા મહા-
કાળસમ દૈવી હરી.

કામદેવે કાયને
અવનવી ધારેલ હો
નિહાળી નારી રહી
એમ ત્યાં બેઠેલ કો' ;

જાનકીના આત્મને
અવનવા આકર્ષણે
અને અનુરાગે થયું
અલગ આ સ્વામી થકી
કૈં દિવસથી હું પડી

વિશ્વની યાત્રામહીં
મહામિલન થશે પુનઃ
અનોખા સંજોગમાં
એટલે પાછી મળી,

શંભુકેરા ધનુષને અનાયાસે એ પછી
ઉપાડી રામે તરત ક્ષણ મહીં તોડ્યું હસી. (૧૭૦)



એ સમે સીતા તથા
મહારાજા જનકના
અંતરે આહ્લાદનો
ઊછળી અર્ણવ રહ્યો
ભીંજવી અંગાંગને,

સાધ જીવનની ફળી,
ધન્યતા કેરી ઘડી
એમ લાગ્યું એમને
સનાતન અંતે મળી.

કરી આરોપિત પછી
કંઠમાં વરમાળને
જાનકીએ નિજ ધરી
ધન બધુંયે રામને
અવનવા પરિતોષથી,

પ્રકૃતિ પુરૂષ અભિજ્ઞ ને
અંતરંગ અનાદિ બે
વેશ અભિનવ ધારતાં
હસ્તમેળાપે કરી
મહીના માંગલ્યની
ભાવનાને જગવતાં
પુનઃ એક બની ગયાં.

જગતના જીવનમહીં
એથકી સવિશેષ કો'
અન્ય ક્ષણ સાર્થક નહી
પરમ પાવન પ્રેરક,

અમારા યે આત્મના
અધિક ના આહ્લાદનો
અવર અવસર એ થકી
અનોખો ઉત્તમ હતો.

પ્રવેશી મિથિલાપુરી—
માં અમેયે એમને
કૈં શુભાશીર્વાદથી
અમુલ ઉપહારો ધરી.

*

પરશુરામે પ્રકટ એ સમયે થઈ
અતિવિચિત્ર સકોપ કૈં વચનો કહી
શાંતિ સર્વેની હણી; રઘુનંદને
વિનયથી માધુર્યથી ને સ્નેહથી

શૌર્યથી અંતે પરમ વિજયી બની
સર્વને સાંત્વન સમર્પ્યું ક્રુદ્ધ ને
મુનિવર પાછા ફર્યા પદમાં પડી. (૨૧૦)



અયોધ્યામાં એ પછી આવ્યા અમે
નિતનવા ઉત્સવથકી આનંદની
સતત અભિવ્યક્તિ કરીને માનવી
આત્મ સાર્થક સફળ તેમજ જાણતા

રામ સીતા ઊર્મિલા શ્રુતકીર્તિ ને
માંડવીના દર્શને નિશદિન રહ્યા
સંમતિ મુનિશ્રેષ્ઠની પામી પછી
રામના આનંદમય અભિષેકની

કરી તૈયારી નૃપે પુરના જને,
નિમજ્જી રસના રહ્યાં સરમાં અમે.
કિન્તુ એ આનંદના દિવસો ટક્યા
અધિક સમય સુધી નહીં વરદાનશા.

મંથરાએ કરી કૈં ભંભેરણી
એટલે કરુણાર્દ્ર કૈકેયી બની
કુલિશથીય કઠોર નૃપની આગળ
રામના વનવાસના ને ભરતના

અનોખા અભિષેકના વરદાનને
જગાવી આઘાત પ્રત્યાઘાતની
પ્રખર પીડાજનક ક્લિષ્ટ પરંપરા
અમંગલ ભાવે અહા માગી રહી. (૨૩૦)

ના શકી સમજી કશું સમજાવતાં;
મોહમમતા અવિદ્યાનાં વાદળાં
અંતરે એના છવાયેલાં ઘણાં
થયા મુર્છિત રાજવી તોયે ચળ્યું
લેશ અંતર એહનું ના પીગળ્યું

*

જીવ દશરથ આ દશેન્દ્રિયના રથે
વિરાજેલો યુગોથી મુક્તિપંથે
વધે આગળ, કિન્તુ એ ત્રિગુણાત્મિકા
સુમિત્રાદિ અસીમ સંમોહનમયી
ઈશની માયામહીં મમતા કરી
બની જાયે બદ્ધ શિવને વિસ્મરી;

રામ આત્મારામ એના હૃદયમાં
રહી કેમ શકે વસે સીતા વળી
શાંતિની એના વિવશ શે જીવને,
અનુભવી અંતર અનંત અશાંતિને
બને મૂર્છિત એ વિષયવિષમાં મરે.

રામ વનમાં જવાને તત્પર થયા
હૃદય ત્યારે અમારાં સૌનાં રડ્યાં;
એ ક્ષણો મંદોદરી, અદ્ ભુત બધી
અક્ષરે આલેખવી કેમ જ કરી;



થશો ના વનવાસ કોઈનો જગે,
વહેતો હો રાગ કોઈની રગે
આત્મ એવાનો વિયોગ થશો નહીં,
અને થાય વિયોગ તો જીવનતણી

રહેજો ઘટમાળ પર પડદો પડી.
એ સમય એવો હતો સંવેદના-
સભર મૃત્યુતણી અશુભ આવૃત્તિશો.
ચેતના સૌની હણાયેલી બધી

ધૂલીધૂસર આભશા અંતરમહીં
પ્રકાશતણી રેખ એક ન દીસતી. (૨૬૦)
ટકે કાયા સ્થૂલ પ્રાણ વિના નહીં
છાંય તરૂવર વિના, સ્થળ વિણ સ્ત્રોતના,

તેમ સીતા રામ વિણ ક્યાંથી રહે ?
જ્યોતિ ઝંખે દીપના આધારને,
એય તત્પર જવાને વનમાં બની
સાથમાં લક્ષ્મણ થયો તૈયાર ને

પૂર્ણ અનુમતિ ઊર્મિલાકેરી મળી.
કહ્યું રામે જાનકીને શુશ્રુષા
રાજપ્રાસાદે રહી માતાતણી
ઘટે કરવી, કર્મયજ્ઞ મહાન એ;

કિન્તુ સીતા શકે માની એમ શે ?
ઊર્મિલાની ઉચ્ચતા એથી વધી,
સ્નેહથી સૌમિત્રને એણે કહ્યું,
રામસીતાની સુખદ સેવામહીં

જવા છો તૈયાર તો જાઓ ભલે,
તમે વિપિનમહીં વસો, ઘરમાં રહી
માતની સેવા નિરંતર હું કરૂં.
તીવ્ર તપશો સંકટો સહશો તમે

પ્રાણ મારો વિપિન સમજીને ગૃહે
તેમ તપશે વેદના સઘળી સહી;
સાધનાની ભૂમિકા મારી અહીં.
વનગમન તમને જણાય મહત્વનું

કિન્તુ ગૃહજીવન સુખદ શ્રેયસ્કર
વિશેષે ઉપયુક્ત દીસે છે મને.
તમે જાઓ શાંતિ વનમાં મેળવો,
મને મળશે શાંતિ ચિરસ્થાયી અહીં

આત્મસંયમમાં, પુનિત કર્તવ્યના
અનુષ્ઠાને, મુક્તિ મારી તો રહી
સહજ કર્મોના નહીં પરિત્યાગમાં.
આપણી પાર્થિવ પૃથ્વીથી ઉપર



સ્થૂળ જગના ગુરૂત્વાકર્ષણથકી
દૂર, ઈન્દ્રિયો તથા મનપ્રાણની
મુક્ત સીમાઓ થકી આત્માતણું
વસે જગ; ત્યાં અહં-મમ-આસક્તિની

ગ્રંથિ ના, ના તાંડવો તૃષ્ણા તથા
નિમ્ન પ્રકૃતિનાં જઘન્ય અનેકધા
શ્રેષ્ઠ એ જગમાં જવા કેરી કળા
પ્રાપ્ત જે બડભાગ આત્માને થઈ

તે ગુરૂત્વાકર્ષણો સંસારની
વાસનાનાં અનુભવે લેશે નહીં.
ઊર્મિલા એવી ઉદાત્તમના હતી
વચન એવાં ઉચ્ચરી એથી શકી.

વિરલ કોઈ એહને સમજી શક્યા
ભ્રાંતિમાં ભમતા વધારે ભાગના
એહના સંબંધમાં માનવ હજી.

ઊર્મિલાનો ત્યાગ છે સામાન્ય ના
અખિલ અવનીના પ્રણય-ઈતિહાસમાં
સ્વર્ણ અક્ષરમાં હશે અંકિત થયો
યુગયુગાંતર સુધી અનુપ્રાણિત કરી
રહેશે માનવતણી ચિતિશક્તિને

જગવતાં નિષ્કામ નિર્મળ પ્રીતિની
પુણ્યસલિલા જાહ્નવીને જીવને.
અશ્રુ લક્ષ્મણનાં નયનને ભીંજવી
ધરિત્રી પર તરત ત્યાં ટપકી પડ્યાં.

મૂક કૈં અભિનંદનો અંતરતણાં
ઊર્મિલાને આદરે એણે ધર્યાં
જણાવ્યું, મુજને હતી ના માહિતી
ઉદાત્ત હશે આત્મ તારો આટલો

મને ના અફસોસ કોઈ જાતનો
વ્યથાનો કે વનગમનનો ત્યાગનો
કિન્તુ તારા સમી સન્નારીતણો
સંગ પુણ્યે પૂર્વકેરા સાંપડ્યો

એહનું માહાત્મ્ય સ્વલ્પ શક્યો કળી
ત્યાં જ એનાથી વિલગ વસવાતણો
વસવસો છે એ જ એકલ વાતનો
પુષ્પ ખીલેલું ભર્યું પરિમલથકી

આત્મની આરાધ્યદેવીને લભી
બનું ચરણે ચારૂ ઉત્સુક અર્પવા
તે પહેલ કાળ એને ઝૂંટવી
કરી દૂર સુદૂર એનાથી મને



કોણ જાણે ક્યાં જવા ઉપડ્યો લઈ.
ઊર્મિલા ત્યારે પ્રશાંત સ્વરે વદી,
સ્નેહનાં સુમનો કદી કરમાય ના,
કાળ નાશ કરી શકે ના એમનો.

આપણે પાછાં અયોધ્યામાં મળી
નવા રૂપે નવ્ય રંગે ને રસે
સજાવીશું સ્નેહસંયુક્ત જિંદગી. (૩૩૭)

વિરહ ને મિલનો રચી કાળ ક્રીડાઓ કરે
અવનવી આખા જગે હર્ષ તેમ વિષાદથી
અહર્નિશ અંતર ભરે, સ્થૈર્ય ક્યાં દીસે બધે ?

આપણે એ કાળની અનોખી ક્રીડામહીં
અલિપ્ત રહેતાં સદા જીવશું સઘળે સ્થળે,
એ જ જીવનશ્રેયનો મહામાર્ગ મને મળ્યો,

પ્રસાદ મહા પામશું એમ શાશ્વત શાંતિનો.
કાળ આપણને ભલે અલગ સ્થૂળપણે કરે
આત્મ અનુરાગે ભર્યાં અલગ કિન્તુ નહીં બને.

સંસ્મરણ સૌ સ્નેહનાં અનુપ્રાણિત આત્મને
અહર્નિશ કર્યા કરી નવલ ચેતન આપશે,
વિપ્રયોગતણી વ્યથા ક્લેશ સઘળા કાપશે.

રામ લક્ષ્મણ જાનકીની સાથમાં
અયોધ્યાનો ત્યાગ કરતાં નીકળ્યા,
જડ અયોધ્યા અંતરે જાગી ગઈ
એ નિહાળીને અકલ્પ્ય મહાવ્યથા.

ચેતના ચાલી નિસર્ગતણી ગઈ,
પ્રલયના દોડ્યા પ્રમત્ત પવન બધે,
રામલક્ષ્મણ રામલક્ષ્મણ જાનકી
અણુ અણુ રડ્યું વદી શોકછલ્યા સ્વરે. (૩૬૯)

*****

## ૪૭. પૂર્વસ્મૃતિ - ૨

કઠોર ધરતી પર ચરણોને મૂક્યાં જેણે મૃદુલ નહી.
સુમન સમાન સુકોમળ સીતા ચાલી એવી માર્ગમહીં
અંતર આક્રંદીને ત્યારે આર્ત અતીવ બની બેઠાં,
પીડા-કટક અનંત એ સમે મારા પ્રાણમહીં પેઠાં.

મંદોદરી, સમય એ કેવો વ્યથાજનક કે હતો વિચિત્ર
કૌશલ્યાએ કહ્યું, સ્વસ્થતા સમસ્ત ખોઈ બેઠું ચિત્ત.
કૈકેયીની કઠોરતાની કલ્પના શકે કોણ કરી,
બુદ્ધિ એની મલિન ચિત્તની મંથરા ગઈ છેક હરી;



સીતા-રામ-લક્ષ્મણે લીધી વિદાય વંદીને પ્રેમે
તોપણ હૈયું લેશ ન હાલ્યું એનું ઊર્મિથી કેમે.
હતું કાળજું કૈકેયીનું આવું છેક કઠોર નહીં;
વિધાતા કરે ક્યારે કેવું પ્રથમથી શકે કોણ કહી ?

રડી અયોધ્યાનગરી આખી કિન્તુ અશ્રુ એની આંખે
આવિર્ભાવ ન પામ્યું એકે કે તિલમાત્ર ન વ્યથા વહી.
માર્ગ કરી ધરતી આપે તો સમાવિષ્ટ બનવા એમાં
તાલાવેલી જાગી ઉરમાં તજવાને તનને ક્ષણમાં.

પ્રથમ પ્રીત પ્રકટાવી પ્રાણે વિપ્રયોગના વેદનની
જીવનનાશક જ્વાળ જગાવી અનંતશી અજ્ઞાતપણે

પલટાવી પરિતોષ પીડમાં શાંતિ અશાંતિમહીં દૈવી
ચિંતામાં નિશ્ચિંતતા બધી લાભહાનિમાં જન્મતણી
મૃત્યુમહીં મહેફિલને સુસૂક્ષ્મ સંસ્કારો સૌ કર્મતણા
જાગે ક્યાંથી કોણ જગાવે સમજી ન શકે મહામના.

પરંતુ એ સંસ્કારો અથવા સૂત્રધારિણી કો' શક્તિ
કાર્ય કરે પોતાનું જગમાં પ્રતિપદ પ્રતિપળને બદલી.
વિધાન સર્વ શુભાશુભ એનાં શિરોધાર્ય કરવાં ઘટતાં
સમજે મન તોપણ ના રમતું સ્થૈર્ય સુદીર્ઘ સમય ભજતાં.

અશ્વો રથના રડવા લાગ્યા, લલિત લહર કલ્પાંત કરી
દોડી, ધરતી સમસ્ત શોકે સદ્ય રહી સંતપ્ત બની,
ગયો રથ વને સુણતાં એવું અચેત પૂર્ણ થયા મહારાજ
રામ રામ રઘુનાથ બોલતાં મણિના વિના જેમ કો' નાગ.

પહોંચ્યા સઘળાં પછીથી શૃંગવેરપુરે.
ત્યાં વિમળ ભાગીરથીના કરી સ્નાન જલે
પ્રેમપૂર્ણ પ્રશસ્તિપૂર્વક ગયાં ધન્ય બની,
માર્ગનો શ્રમ વ્યથા ચિંતા અંતરસ્થ ટળી.

મધુરવી મંદાકિનીએ દેવને દુર્લભ
મળ્યે દર્શન શાંતિ પામી સૂક્ષ્મ સ્વાગતના

લીન ભાવમહીં બનીને ધન્યતા માની
યુગોની અવિરામ સાર્થક સાધના જાણી.

માહિતી મળતાં જ આવ્યો તરત ભક્ત નિષાદ;
અવસ્થા અવલોકતાં વ્યાપ્યો અનંત વિષાદ;
પદમહીં પ્રેમે પડીને રામના એણે
અશ્રુની માળા ચઢાવી સ્તુતિ કરી કેમે

કહ્યું, કોમળ કાય આ વનવાસને ક્યાંથી
સહી શકશે, અનોખી આપત્તિની આંધી
આવતાં શે ટકી શકશે એહની સામે
કહ્યું ત્યારે સ્નેહસંયુત સ્વરમહીં રામેઃ



જિંદગીનો આપણી ઈચ્છાનુસાર પ્રવાહ
ના વહેતો એકધારો એક રંગભર્યો,
ક્યાંક વિરમે વેગ એનો કરે કે વિશ્રામ;
પહોંચ્યા પહેલાં સનાતન સ્થાન તેમજ ધામ

વિવિધ વિક્ષેપો અનુભવે, કદી શાંતિથકી
તો કદીક અશાંતિકેરી જ્વાળને જગવી
ધપે આગે, કદી તો મૃતપ્રાય છેક બને,
કદી નુતન ચેતનાને રોમરોમ વણે

વહેતાં એમાં વિવેકે ભૂલવું ના ભાન,
રાખવું કર્તવ્યનું ને ધ્યેયકેરૂં જ્ઞાન;

ભલે આંધી આવતી, તજવો નહીં ઉલ્લાસ.
નગરમાં છોને વસાયે કે મળે વનવાસ. (૧૪૮)

નિષાદરાજે કહ્યું પધારો નગરમહીં પ્રેમે મારા,
સ્નેહથકી સત્કારૂં તમને મહોત્સવ કરીને ન્યારા.
ચૌદ વરસના વનવાસ મહીં પુરમાં થાય પ્રવેશ નહીં
રામ વદ્યા કે પ્રતિપદ મુજને ઉત્સવપૂર્ણ જણાય મહી.

નિષાદકેરાં નયનમહીંથી ચાલ્યાં નેહતણાં નિર્ઝર,
દર્શન તેમ સમાગમ પામી થઈ પુણ્યશાળી પ્રતિપળ.
નથી વખત આ વનવાસતણો તોય કઠોર બની જેણે
વનમાં વસવા આજ્ઞા આપી અહિત કર્યું ભારે એણે.

તિરસ્કારને પાત્ર એ ખરે અપરાધી લાગે મુજને,
સ્ફુલિંગને નાખ્યા વિદ્વેષે એણે સ્નિગ્ધ સરસ સુમને.
દુઃખતણો દાવાનલ જગવી ચારે કોર અહા નાખ્યો
માર્ગ શાંતિનો પ્રજાજનોને માટે ના મંગલ રાખ્યો.

હિતાહિત કરે ના કોઈનું કોઈયે સંસારમહીં
સુખદુઃખને ના અર્પે કોઈ શાસ્ત્રવિદે એ વાત કહી.
મંદોદરી કર્મબીજના થાય શુભાશુભ કૈં અંકુર,
એવું સમજી તિરસ્કાર કે મોહ ઉભય કરવાં નિમૂર્ળ. (૧૮૦)

સ્થિતપ્રજ્ઞસમા રામ એટલે દર્શાવી ના દ્વેષ શક્યા,
પરંતુ એ દિવસો કારુણ્યે ક્લિષ્ટ ક્લેશમય હતા બધા.

ભક્તિભાવથી પૂર્ણ કેવટે નૌકાથી સેવા કીધી,
સૌમિત્રે એ પ્રસંગકેરી મને રૂપરેખા દીધી.

રામ ગંગાપાર કરવાને થયા તૈયાર
કેવટે ત્યારે સમીપે છેક લાવી નાવ
કહ્યું, ચરણોનો તમારો સુણ્યો પરમપ્રભાવ
સ્પર્શમાત્ર થકી જ પામી દિવ્ય જીવન નાર.

નાવ મારી સ્પર્શથી જો નાર એમ બને
ખોટ મોટી જાય તો વ્યવસાયમાં મુજને,
રહે રંકતણો નહીં આધાર રઘુનંદન !



તમારે મન માત્ર લીલા મૃત્યુથી મારે
વિપત્તિ-વરસાદ વસમો કિન્તુ વરસી જાય,
સ્મિત તમારૂં ઘોર મારે વજ્રપાત જ થાય.

નાવમાં નેહે વિરાજો બનાવી બડભાગ
કિન્તુ ચરણોને પખાળું પ્રથમ પુષ્પપરાગ
કે ચમત્કૃતિજનક કાંઈ હોય તે ધોઈ,
વિમળ વસને પછી નાખું ચરણદ્વય લોઈ.

હસ્યા રઘુનંદન હૃદયના ભાવને જાણી.
કેવટે પદને પખાળી પ્રેમથી લોઈ
કર્યાં વંદન વદ્યા ત્યારે વળી રઘુનંદન,
આપશું સામે કિનારે અમે ઉતરાઈ.

કેવટે હસતાં જણાવ્યું, આપણે બંને
એક રીતે જીવશિવશા એક ભિન્નપણે
કરીએ લીલા છતાં; સૌને સરિતની પાર
હું કરું ને તમે કરતા ભવજલાધની પાર

તમારા શરણાગતોને, સામ્ય છે એવું
આપણું અદ્ ભુત અનેરું, શુલ્ક શું લેવું ?
કરૂં સરિતાપાર તમને એહને બદલે
કરો ભવની પાર અનુગ્રહ કરી દિવ્ય મને.

સજલ નયને રથ સુમંત્રે નગર પ્રતિ વાળ્યો.
એ દિને વટવૃક્ષ નીચે કર્યો વાસ ત્રણે.
યાદ એ સઘળું કરીને વ્યથા થાય મને.
વિશ્વ આ વટવૃક્ષ સરખું વિસ્તર્યું સઘળે

વિવિધ શાખા પ્રશાખામાં ભિન્ન રૂપ રસે
તેમ રંગે સભર એમાં જીવ ભિન્ન વસે.
આદિ એનો અંત તેમજ શકે કોણ કળી,
કોણ જાણે કયા સાધનથી હશે પ્રકટ્યું

તથા પુષ્ટ થયું વિવિધ વિષયે સભર સઘળું,
અજ્ઞ પ્રાજ્ઞ સમસ્તને છે રહ્યું હર્ષ ધરી.
તીર્થરાજ પ્રયાગમાં પહોંચી પછી સર્વે
પ્રણામ કરી ભરદ્વાજતણા પુનિત ચરણે

શુભાશિષ પામ્યા અને ચાલ્યા વળી આગળ
ભરદ્વાજે કહ્યું ત્યારે સ્નેહના સાગર
બ્રહ્મ પોતે તમારા વેશે પરમ પ્રકટવા
સનાતન પરિત્રાણને માટે સકળ જગના.

સાધનાકેરું સુફળ આ સાપડ્યું,
યુગયુગોકેરું તિમિર ઉરનું ટળ્યું,

તમારા દર્શનતણો ત્યારે મળ્યો
અનેરો આહ્લાદ જીવનનો ખરો:

પરમપ્રાજ્ઞ મુનિમંડળભૂષણ
વાલ્મીકિ તણા આશ્રમમાં
પછી પ્રવેશ્યાં ત્રણે શાંતિથી
આદરભાવ ભરી મનમાં. (૨૩૮)

*****

## ૪૮. પૂર્વસ્મૃતિ - ૩

પ્રાકટ્ય પૂર્ણેન્દુતણું નભે થતાં
તમિસ્ત્ર કેરા થર સૌ વસુંધરા-
તણા વિલાતા, લહરી સમીરની
નૃત્યાંગનાશી રસપૂર્ણ નાચતી

સુદૂર ને શાંત સમાધિમગ્નશા
અબ્ધિતણા અંતરમાં અનોખી
સહસ્ત્ર વીણા અનુરાગ કેરી
અખંડ કેવી કૃતકૃત્ય વાગતી !

સ્નેહીજનોનાં હૃદયો રસીલાં
સ્નેહતણી સંનિધિથી સિતારી
સાર્થક્યની એમ અનંત રેલતાં
બજી રહેતાં અવિરામ નર્તતાં

નવા પ્રકારો નવરંગ કે રસે
ભાવાબ્ધિમાં લીન બની ભરાતાં.

વાલ્મીકિનું અંતર એમ ઊછળ્યું
શ્રીરામ ને લક્ષ્મણ જાનકીની
ઝાંખીથકી દિવ્ય કરી મહોત્સવ.
મંદોદરી, માનવ છે અસંખ્ય



સંસારમાં તારકશા વિભિન્ન
અજોડ છે એક જ કિન્તુ રામ તો
પૂર્ણેન્દુશા પૂર્ણ પ્રકાશથી ભર્યા
માધુર્યથી મંડિત શીલવંત.

કૌશલ્યાએ કહ્યું, વેઠી શક્યા ના વિપ્રયોગની
વેદના એટલે કાયા મહારાજે અહા તજી;
વિષાદવહ્નિની જ્વાળા ચતુર્દિશ જલી રહી,
અમારાં અંતરોકેરું સ્થૈર્ય એથી ટક્યું નહીં

ભરતે નગરે આવી કૈકેયીને અનેકધા
ઉપાલંભતણા શબ્દો વ્યથા તેમજ રોષમાં
સંભળાવી કહ્યું મારે લક્ષ્મીની લાલસા નથી,
રાજ્યની વાસના સ્પર્શી નથી અંતરને શકી;

ચિત્ત લીન બન્યું મારું રામના ચરણોમહીં
છૂટી ના શકશે ત્યાંથી કોઈ કારણથી હવે;
વિધાતાએ લગાડ્યો આ દોષ ક્યાંથી મહા મને,
પ્રાણ હાથે કરી નાખ્યો બની ક્રૂર મહાદેવે.

સીતા વિના લક્ષ્મણ રામના વિના
સૂની અયોધ્યા સઘળી સ્મશાનશી

દીસે મને; મંદિર હોય કોઈ
પરંતુ ના મંગલમૂર્તિ એમહીં,

પ્રદીપિકા હોય પરંતુ જ્યોતિ ના,
સ્રોતસ્વિની કિન્તુ ન વારિ એમાં,
માળા છતાં સૌરભ પુષ્પવંચિત,
કાયા છતાં આત્મતણો પ્રકાશ ના

એમાં જરીયે; નગરી અને આ
લાગે મને જીવન વ્યર્થ મારું
એના સમું નીરસ કે અકારું.

શ્રીરામ વાસે વિચરે વને ને
હું હર્મ્યમાં ભોગમહીં મહાલું
સ્વપ્નેય એ શક્ય બની શકે નહીં,

શ્રીરામ તો જીવન દિવ્ય મારું
સર્વસ્વ સર્વોત્તમ ધામ કે પદ,
પ્રશાંતિ લાગે મુજને સમાઈ,
શ્રીરામની સંનિધિમાં જ કેવળ.

એ રામને લક્ષ્મણ જાનકીને
લાવીશ પાછાં પુર પ્રાર્થતાં હું
ત્યારે જ મારા અતિતપ્ત આત્મને
મળી રહેશે અણમોલ સાંત્વના



કૃતાર્થ જેવી મુજ જિંદગી થશે
અને અયોધ્યા અભિરામ આભા-
થકી અનાયાસ થઈ અલંકૃત
માણી રહેશે નિજ ધન્યતાને

તજી દઈ જાડ્ય સમસ્ત ગ્રીષ્મનું
વર્ષાથકી પૂર્ણ બની પુરસ્કૃત.

નિમિત્ત દૈવે મુજને બનાવ્યો
શ્રીરામ ને લક્ષ્મણ જાનકીની
વિપત્તિનો તોપણ જાણતી પ્રજા
નિર્દોષતાને સઘળી મહારી

વસિષ્ઠ જેવા ગુરૂની અનુજ્ઞા
પામી જઈ સત્વર રામ પાસે
પાછાં લઈ એ ત્રણનેય આવું
જીવી રહ્યો એકલ એ જ આશે.

મંદોદરી, એ રઘુવંશ કેરા
શૃંગાર જેવા ભરતે કહેલા
શબ્દો શકી ના વિસરી હજી હું.

*

શ્રીરામ ને ભરતની અણમોલ જોડી
જે સ્થાન કે કુળમહીં કૃતકામ જન્મી

એ સ્થાન કે કુળ તણો મહિમા અનેરો,
એને સ્તવે નિત નમે મુનિ તેમ દેવો.

બે ચક્ષુસા ભરત ને રસમૂર્તિ રામ,
બે ખંડશા હૃદયના, રવિચંદ્ર જેવા,
બે અંગ આત્મ પણ એક જ એમના તો,
પાણી અને સલિલમાં વધુ ભેદ છે શો ?

શ્રીરામલક્ષ્ણ સમાન જ સ્નેહકેરા
ઉદ્રેકથી ભરત કાજ ભરાય મારું
હૈયું; મળે મનુજ વિશ્વમહીં અસંખ્ય
કિન્તુ જડે ભરતશા નરરત્ન કોઈ
એકાદ કોટિ જનમાં શુચિ શીલવંત.

આવિર્ભાવથકી એના અયોધ્યા અવનીમહીં
અલંકૃતા બની પામી મહિમા દેવદુર્લભ
યશસ્વિની થઈ સૌથી વધારે અમરાપુરી-
થકી વૈંકુઠથી ન્યારી મધુમંગલ મુક્તિથી. (૯૦)

અનુજ્ઞા મેળવી અંતે કૃતકામ વસિષ્ઠની
પુરીની જનતા સાથે ભરતે પ્રેમથી કર્યું
પ્રસ્થાન વનની વાટે એ શુભાવસરે મને

સુયોગ સાંપડ્યો પાછો રામ-લક્ષ્મણ-જાનકી-
તણા સાનિધ્યનો સ્વલ્પ; એના સ્મરણથી બને



આનંદમગ્ન આજેયે અંતરાત્મા કૃતાર્થતા—
તણું પાન કરી દૈવી, એ ક્ષણો અદકી હતી,

ગંગાને યમુનાકેરા શાંતસંગમશો હતો
કર્યો સંગમ કારુણ્યે ગાઢ માધુર્ય સાથ એ
પ્રાણે ભરતના, એના સ્નાન ને પાનથી થતા
અનેક ધન્ય આત્માઓ, અને સૌજન્ય રામના

વ્યવહારમહીં કેવું હતું, કેવી ઉદાત્તતા
હતી ટપકતી, એનું પૂર્ણ વર્ણન થાય ના.
ભેટ્યા ભરતને જ્યારે રામ ત્યારે અમે બધાં
નિમજ્જન કરી નાચ્યાં દિવ્ય આનંદઅર્ણવે,

સૌંદર્યસ્નેહ માધુર્ય તેમ પાવિત્ર્ય શીલને
સત્યની શ્રેષ્ઠ નિષ્ઠાનો સમન્વય થઈ ગયો
મંદાકિનીતટે ત્યારે અનેરા ચિત્રકૂટમાં
કરુણારસ કાવ્યોનો શરીરો સજતાં વહ્યો.

કૈકેયીને મળ્યા સૌથી પહેલાં રામ એ સ્થળે
પૂર્ણપ્રેમથકી પૂછી સમાચાર પિતાતણા
પશ્ચાત્તાપતણા ત્યારે પાવકે પીગળી હતું
મુલાયમ બન્યું હૈયું એહનું આખરે ઘણું.

ટપકી આંખડી એની, ક્ષમાની યાચના કરી,
કંપી કાયા નવાં રશ્મિ રેલી ને પ્રેરણા રહી,

કૈકેયીએ જણાવ્યું મેં અપરાધ કર્યો મહા,
પાછા ફરો અયોધ્યામાં હવે ભરત સાથમાં
પ્રતિષ્ઠિત બનો પ્રેમે રિક્ત રાજ્યસિંહાસને
સેવે ભરત આત્માના અનોખા અનુરાગથી,
સૌથી અધિક સંતૃપ્તિ તેમ શાંતિ મળે મને. (૧૨૦)

વદ્યા રામ, તમારો છે અનુગ્રહ ખરે થયો
એથી અરણ્યનો પામ્યો પરમાનંદ આટલો,
દિવ્ય દર્શન સંતો ને મહર્ષિશ્રેષ્ઠનાં મળ્યાં,
પ્રકટી જીવને મારા નવજીવનની પ્રભા.

તમે મંગલ છે મારું કર્યું; રાજ્યસિંહાસને
બેસે ભરત છો, મારે માત્ર આત્મિક આસને
વિરાજી કરવી શીલે સંયમે ધન્ય જિંદગી,
સત્યપાલનથી સ્વપ્ને ચળવા કામના નથી.

*

ભાવે ભરાઈ ભરતે ઘણીયે
કરી પછીથી સહુ સાથ પ્રાર્થના,
જ્ઞાની વસિષ્ઠે જનકે સુમંત્રે
ને અન્ય કૈં સત્પુરૂષો નવા નવા

વિચારને વ્યક્ત કરી પ્રયત્નો
ચળાવવાને અતિ એમને કર્યાં



સ્નેહે છલેલાં સ્વજનો પ્રજાજનો
વિયોગથી વિહ્વળ આખરે બન્યાં
વર્ષર્તુમાં વાદળ ઘોર ગાજે
ને વીજળીઓ ચમકે, તમિસ્ત્રના

થરો રમે રાસ, અનંત વાયુનાં
દળો કરે તાંડવ, વૃષ્ટિના થતા
આઘાત, તોયે ગિરિ લેશ ના ડગે
ડગ્યા ન એવા બળવાન રામ એ. (૧૪૨)

ઉદ્વિગ્ન ત્યારે ભરતે જણાવ્યું,
છે જન્મ મારો ખલુ ક્લેશકારક,
મેં દેહ ધારી હિત તો કર્યું ના
અમંગલોની જ પરંપરાને

પરંતુ સર્જી; મુજને વિધાતા
કલ્યાણકેરા વિનિયોગ માટે
નિમિત્ત અદ્યાપિ ન જો બનાવે
તો ધારવું જીવન ના રૂચે મને,

એ જન્મ તો મૃત્યુ સમાન કિલષ્ટ છે.
નેત્રોમહીંથી રઘુનાથ કેરાં
વર્ષર્તુના પુણ્યપ્રવાહ ચાલ્યા,
આત્મામહીં સુંદર ઈન્દ્રચાપનાં

થઈ રહ્યાં સર્જન ને રસાળાં,
અર્પી અનોખી ક્ષણવાર સાંત્વના
મીઠા સ્વરે લોચનને લુછી કહ્યું,
છે જન્મ તારો અણમોલ સર્વના

માંગલ્ય માટે મહિમાભર્યો ઘણો,
ધારી તને ધન્ય બની ધરિત્રી
માતા બની ધન્ય નૃવંશ આખો
બન્યો યશસ્વી ધનવાન સાર્થક.

પુનઃ અયોધ્યાનગરે પધારો
ના ત્યાં સુધી હું પુરમાં પ્રવેશું
ના રાજ્યના વૈભવભોગ ભોગવું,
એવું કહીને ભરતે વિદાય એ

લીધી અનેરા શુચિ સ્થાનકેરી
ત્યારે અમારા ઉરમાં વિષાદની
નૈરાશ્યની ઉત્કટ વિપ્રયોગની
બજી રહી તીવ્ર અનંત તંત્રી.

ત્યાં ઊર્મિલાએ પ્રણમી પદોમાં
શ્રીરામના લક્ષ્મણને જણાવ્યું,
સેવા તમે ઉત્તમ રામસીતા-
તણી કરો જીવનમાં સદાયે



ને હું વસીને ગૃહમાં તમારા
સત્સ્નેહથી સૌરભને વધારું
વિશેષ એથી નવ જિંદગીનું
સાર્થક્ય દીસે મુજને ખરે કશું.

પાછાં ફર્યાં સુંદર ચિત્રકૂટથી
અંતે અમે, ને રઘુનાથ જાનકી
સૌમિત્ર સાથે દિન કૈં પછીથી
ગોદાવરીના તટપે વિરાજ્યા

લીલા બધી અદ્ ભૂત એમ એમની
સંક્ષેપમાં મેં તુજને રસે કહી;
વિશેષ એથી પ્રિય જિંદગીમાં
બીજું કશુંયે મુજને ખરે નહીં.

મંદોદરી સ્નેહસમેત બોલી,
શ્રીરામના અદભુત જન્મ-કર્મની
કથા સુણી શાંતિ અસીમ સાંપડી,
બની અનુપ્રાણિત અંતરાત્મા

પામ્યો પુનર્જીવનના પ્રસાદને,
સૌભાગ્યની પ્રાપ્ત થઈ બધી ઘડી.
જે ભૂમિએ ઉત્તમ પુણ્યશ્લોક
જ્યોતિર્ધરોને અવતાર આપ્યો,

અનેકના અંતરની અશાંતિને
ટાળી વળી ભીષણ કલેશ કાપ્યો
એ ભૂમિને વંદન ભાવથી કરું,
સામાન્ય કો'દી નવ એહને ગણું,
પવિત્ર એની રજ મસ્તકે મૂકી
સાફલ્ય માનું મુજ સાધનાતણું. (૨૦૦)

*****

## ૪૯. મંદોદરીની વિદાય

વ્યતીત દિવસો થયા સુખદ એમ મંદોદરી-
તણા અવનવીન સ્વર્ગસમ સ્વાદુ એ સ્થાનમાં
અતીવ દ્રુતવેગથી ક્ષણસમા બધાયે અને
વિદાયદિન આખરે પ્રિયજનોતણો આવતાં

વદી કરુણ કાળજે વ્યથિત ચિત્ત એ રામને
પ્રણામ કરતાં, હતો દિવસ ધન્ય એ મંગલ
મળ્યું મધુર શાંતિદાયક તમારું કે દર્શન
ધની મુજ બની ગઈ સકળ જિંદગી નિર્ધન.

અનંત યુગથી ફરે સતત કાળનું ચક્ર આ
વિયોગ નિત યોગનો પરમયોગ વિશ્લેષનો
કરી, સુખ ધરી કદી અકળ વેદનાથી ભરી;
થતો પ્રકટ ભાનુ ત્યાં જ વધુ રશ્મિને રેલતો;

સનાતન નથી કશું પ્રકૃતિમાં અહીં આપણી,
કદીક વિષપાન તો મધુર પ્રાપ્ત થાયે અમી.
કોણ જાણે સૃષ્ટિમાં સ્વજનના સંયોગ ને
વ્યથાપૂર્ણ વિયોગની રમત આ કોણે કરી

હર્ષ તેમ વિષાદના ભાવ સંમિશ્રિત ઉરે
માનવીના જગવવાનું ઉચિત માન્યું અહીં.



તમારા સાનિધ્યને છોડવા મન ના થતું
તૃપ્તિ પૂર્ણ વળી નથી મિલનની મધુરી હજુ.
છતાં કાળ વિદાયની લઈને આવ્યા ઘડી,
એહને માનવતણાં સુખદુઃખોની ના પડી.

ત્યાગ જો કે તમારો પ્રાણ ના શકશે કરી,
અંતરાત્માને મધુર તમારી મૂર્તિ મળી
કાળ એને કોટિ ના પ્રયત્ને શકશે હરી
રોમરોમે તમારી ભાવનાઓ છે ભરી.

નથી રઘુનંદન, મને કામના કોઈ જગે,
વિશુદ્ધ વહે પ્રેમની જાહ્નવી નિશદિન રગે.
તમારાથી ના કદી શકું હું છૂટી પડી,
ચરાચરમાં ચેતના તમારી વ્યાપક બધી.

દેહ દૂર થશે ભલે કિન્તુ વીણા આત્મની
જગાવી મંગલ ધ્વનિ વિરોધાભાસી અને
વિષમ વાતાવરણમાં અર્પશે આહ્લાદના
અવનવા આસ્વાદને સદા અનુપ્રાણિત કરી.

ચરાચરમાં છો વસ્યા તમે પર્વત પર વને
મંદિરે નગરે તથા સ્મશાને નીરસ વળી

રસીલા વિષયો મહીં, વ્યોમમાં સરિતા જલે
સૌરભે સુમનો તણી તમારી જ પ્રતિચ્છબી

ક્યાં તમે છો એ નહીં કિન્તુ ક્યાં ના એ જ છે
પ્રશ્ન જો હોય પ્રશ્ન તોઃ સર્વ વ્યાપક છો છતાં
અંતરાત્મામાં રહ્યા નિત્ય ધરતાં ચેતના.
સ્થૂળ રીતે એટલે વિપ્રયોગ થશે છતાં

સૂક્ષ્મ આત્મિક દ્રષ્ટિથી વિપ્રયોગ નહીં બને.
સંનિકટ સર્વત્ર ને સદાયે રહેશો તમે
વ્યથાનો વહ્નિ નહીં જલાવી શકશે મને.
ભાગ્ય સીતાના સમું માત કૌશલ્યા તણું

ભરત લક્ષ્મણનું મને નથી સુંદર સાંપડ્યું
શુશ્રુષા કે સુખદ હું તમારી કરતી રહું
અનોખા સાર્થક્યના અસ્ખલિત રસને લહું
છતાંયે અનુગ્રહ કરી ભાગ્ય મિષ્ટ મને ધર્યું

વિધાતાએ તમારા શાંતિપ્રદ સાનિધ્યનું
એહને અમુલખ ગણી પ્રેરણા પામી રહું,
નિરંતર સાનિધ્ય તો સ્વજનને યે ક્યાં મળ્યું ?
તમોને છોડી જવા માનતું મન આ નથી

અસંતોષ તણી છતાં ગીતિ વધુ ગાવી નહીં,
અનુજ્ઞા માંગું હવે એ જ ભૂમિમહીં જવા



આસુરી લંકાતણી સમર્પિત સૌને થવા.
સ્વર્ગમાં વસવાતણો અનેરો આનંદ છે,

નરકના વસવાટની કોણ તૈયારી કરે ?
સુમનની સૌરભ ગમે સર્વને, રસહીન પણ
ઉપવને ઉજ્જડ વસી એહના માળી બની
પસંદ પડે કો'કને અર્પવાનું ચેતના.

અયોધ્યા ઉત્તમ અને દિવ્ય આહ્લાદે ભરી
કિન્તુ લંકાને શકું સ્વપ્નમાં ના વિસ્મરી;
ત્યાં જઈને સર્વની શુશ્રુષામાં જિંદગી
સમર્પિત કરી દઉં એ જ આકાંક્ષા રહી.

સુસંસ્કારોથી કરૂં એમને સંપન્ન હું
એ જ સાચી સાધના સુખદ જીવનમાં કરૂં.

એમ બોલી રામના પદપંકજે મંદોદરી
પ્રણિપાત કરતાં ભક્તિભાવે એમને જોઈ રહી;
અંતરતણાં અભિનંદનો અર્પી પછી રઘુનંદને
પ્રેમે જણાવ્યું ભાવ આવા હર્ષ પ્રકટાવે ઉરે.

જન્મે અસંખ્ય જનો જગે પણ ભાવનાના જગતમાં
જીવનારા માનવો પદે પદે વિશેષ મળે નહીં,
ઘેરા તમિસ્ત્રે ચંદ્રિકાશા કમલિનીશા કર્દમે
વિરલ આત્મા દીસતા વિશ્વે તહારાશા કહીં.

ધન્ય ધરતી અખિલ તારાથી અલંકૃત કે થઈ
તેં વિરલ મહિમા એહને અર્પણ કર્યો સત્કર્મથી;
ભૂલી શકીશ નહીં તને આ શ્રેષ્ઠ પુણ્યપ્રવાસમાં
પ્રેરક થશે તારી સદાયે સ્મૃતિ રહીને સાથમાં,

વિભીષણ વદ્યા, કૃપા અનુભવી તમારી નવી
કરીશ જનતાતણા હિતતણાં બધાં કર્મને,
વસીશ તનથી સુદૂર પણ અંતરાત્મા ભજી
અખંડ તમને થશે પુનિત પામતાં મર્મને.



વિષણ્ણ હનુમાનયે પદમહીં પડ્યા પ્રેમથી,
શુભાશિષ ધરી રહ્યા તરત રામ ને એમને,
કહ્યું, યુગયુગો સુધી અમર નામ ને કાર્ય હો
વિકાસ શુભ ઉત્તરોત્તર થજો વળી આત્મનો.

વખત એ વિશ્લેષનો સંનિકટ આવી ગયો
પ્રાણ ત્યાં કારુણ્યનો પ્રકટ પૂર્ણપણે થયો
રામ લક્ષ્મણ જાનકી ઊર્મિલા ને માત સૌ
શુભાશિષ વર્ષી રહી,
વિશિષ્ટ વ્યથા સર્વથી શાંત સીતાને થઈ

એહનું અંતર રડ્યું ભાવથી એણે કહ્યું.
પ્રેમ તારો ના કદી લેશ પણ ભૂલી શકું,

મહામૂલું તું જગે પરમ મૌક્તિક પ્રેમનું
ખરે વખતે તેં મને અવનવો આશ્રય ધર્યો
નિત્યનૂતન દીપ્તીથી અંતરાત્માને ભર્યો
એ બધા દિવસો નહીં અલૌકિક મંદોદરી !

વિસ્મરાશે; વિધાતા કદા મેળવશે ફરી ?
વદીને મંદોદરી, સુદુર્લભ દિવસો હતા
સર્વ એ મુજ જીવને
પ્રેમમય પરમાત્મના દિવ્ય અનુગ્રહથી મળ્યા
તન જુદાં પડશે છતાં આત્મ ના પડશે કદી,

બંધનો શકશે નહીં દેશકાળ તણાં નડી.
વિશ્વની યાત્રામહીં અંગ સંગ રહે નહીં,
ગીતિકા કર્તવ્યની જગવવી પ્રતિસ્થળ અહીં
કિન્તુ જે મંગલ સુણ્યું નિહાળ્યું કે અનુભવ્યું

પ્રતિક્રિયા એની સુખદ બની શાશ્વત સંગિની
જીવતી જીવન મહીં પ્રેરણા સઘળે ભરી.
પ્રેરણા બડભાગ એ અંતરાત્માને મળે.
ક્લેશમુક્ત કરે તથા સફરના શ્રમને હરે.

વિમાન પછી વ્યોમની વાટ લાગ્યું ઊડવા,
નિમીષમહીં તો ગયું ક્યાંય દેશે દૂરના. (૧૯૩)

*****

## ૫૦. પૃથ્વીપ્રવેશ

તમસા તટપે રોકી રથને લક્ષ્મણે કહ્યું
કારુણ્યપૂર્ણ સ્વરથી સીતાને, રઘુનંદને
આદેશ મુજને આપ્યો તમને ઋષિશ્રેષ્ઠશા
વાલ્મીકિના સ્થળે લાવી રથમાંથી ઉતારવા.

વનવાસ ધર્યો પાછો એમણે તમને કર્યો
વિરોધ મેં ઘણો તોયે સુણી લોકાપવાદને,
મને નવ રુચી ચેષ્ટા એ છતાં નિરુપાય હું
અરણ્યમાં લઈ આવ્યો તમને આર્ત અંતરે;

સુખના દિવસો થોડા આવેલા પરમાત્મના
અનુગ્રહથકી માણ્યા ના માણ્યા શીઘ્ર ત્યાં બધા
થયા અદ્રશ્ય ને અંતે વડવાગ્નિ વિયોગના
નિકળ્યા તીવ્ર કૈં ફાટી ફૂંકતા મંત્ર મૃત્યુના.

સ્થૈર્ય ના જીવને દીસે પૂર્ણ સ્વાતંત્ર્યયે નહીં
કરે શાસન સૌનાપે શક્તિ સૂક્ષ્મરુપે રહી.
કઠોર કાળજું તૂટી રામનું કેમ ના ગયું,
વનવાસ તણો અર્પ્યો કેમ આદેશ એમણે,

લોકાપવાદની પાસે ગૌણ સ્નેહ ગયો બની,
કથા અગ્નિપરીક્ષાની ગયા છેક જ વિસ્મરી



આટલી સહેલાઈથી; માલિન્યે માનવીમન
ભરેલું હોય છે એની આશંકા લક્ષમાં લઈ

પ્રિયનો ત્યાગ કરવો નથી ઉચિત લાગતો.
છતાં ત્યાગ કર્યો રામે, મને દુષ્કરકાર્ય આ
સોંપ્યું, જાગી નહીં સ્વલ્પ એમના દિલમાં દયા;
એમ લક્ષ્મણ બોલીને ઊભો ગાઢ વિષાદમાં.

આકસ્મિક સમાચારો સીતાએ સાંભળી કહ્યું,
કઠોર ના શકે કો'દી બની શ્રી રઘુનંદન;
લોકાપવાદની પાસે ગૌણ સ્નેહ બને નહીં,
પ્રતીતિ મુજને એની પરિપૂર્ણ પુરી થઈ;

બાહ્ય ત્યાગ કર્યો રામે છતાં આંતરત્યાગ ના
કરી આત્માતણો સ્વપ્ને શકે; ભાગ્ય વિયોગના
વહ્નિને પ્રકટાવીને પહોંચાડે મહાવ્યથા
છતાંય કાળજાં એનાં કહેશે સ્નેહની કથા.

દોષ ના આપવો મારે રઘુનંદનને જરી,
અન્ય તેમજ કોઈ યે વ્યક્તિને ભ્રાંતિથી નહી;
પ્રારબ્ધ માનવી કેરાં શાંતિ તેમ અશાંતિનાં
સુખદુઃખતણાં સર્જે બહુધા હાનિલાભનાં

વિરોધી ઘટનાચક્રો વિસર્જે એમને વળી;
અપાર કરુણા પ્રીતિ રામના હૃદયે ભરી.
સુખના દિવસો થોડા આવેલા પરમાત્મના
પુરસ્કારરુપે માણ્યા ના માણ્યા ત્યાં સમાપ્તિએ

પહોંચ્યા સઘળા શીઘ્ર, વડવાગ્નિ વિયોગના
નીકળ્યા ઘોર કૈં ફાટી ફૂંકતાં મંત્ર મૃત્યુના,
તેમાં કર્મ થયાં મારાં ખરે કારણભૂત સૌ
નિમિત્તમાત્ર છે રામ, એથી અધિક શું કહું ?

થશો વ્યથિત ના લેશ એવું સમજતાં હવે,
કહેજો રામને મારી ચિંતા તનિક ના કરે;
મટી અગ્નિપરીક્ષાઓ મારા જીવનમાં નહીં,
સુરક્ષિત રહી એમાં ચિરશાંતિ વળી લહી

પુનર્મિલનની પામી પ્રસાદી પ્રેમનો જય
કરીશ એકદા સાચે સર્વ સંકટનો ક્ષય.
આ જન્મે અને જો ના એમને મેળવી શકું
પુનર્જન્મમહીં પાછી પ્રેયસી એમની બનું

વિપ્રયોગ વિના સેવું ચરણો ચારુ એમના,
આકાંક્ષા એટલી મારા, રાખું છું અંતરાત્મમાં.
એક બે જન્મ કેરો આ, નથી સંબંધ સ્નેહનો
અભિષેક થયો પ્રાણે કલ્પોથી પ્રેમદેવનો



દેશકાળ નહીં એને છિન્ન ભિન્ન શકે કરી
કલ્પાંતેય રહેશે એ પ્રાણને પ્રેરણા ધરી.
કહેજો રામને ભૂલી મુજને રાજ્ય કાર્યમાં
પરોવી મનને રાખી પ્રજાનું હિત ધ્યાનમાં

રહે આનંદમાં મારી કરી સંસ્મૃતિ સ્નેહની,
કાલિમાની કરાયે ના આશંકા શુદ્ધ હેમની.
વિદાય લક્ષ્મણે લીધી કરી વંદન આદરે
વૈદેહી સ્મરતાં બઠી રામને તમસા તટે

અરણ્યે એકલી ત્યારે સંધિકા-સમયે સુણી
ઉદ્ ગાર એહના આવ્યા સમીપે ઋષિ શાંતિથી.
વદ્યા વાલ્મીકિ પુત્રી, હું ઓળખી તુજને ગયો,
દિવ્યદ્રષ્ટિ થકી તારી માહિતી સઘળી મળી,

પ્રજાહિતેચ્છુ રામે જે સમર્પણ મહા કર્યું
વેઠવું તુજને તેથી તથા છે તેમને પડ્યું
પરંતુ મહિમા એથી વધ્યો અધિક એમનો,
આતિથ્યનો મહામૂલો લાભ આજે મને મળ્યો.

મને જનકના જેવો જાણી આતિથ્ય માહરું
સ્વીકારી ચાલ મારા આ સમીપરથ શુભાશ્રમે.
ભૂમિ આશ્રમની સર્વે સુપવિત્ર જશે બની
વિશેષ મહિમાવંતી અનોખા પાદસ્પર્શથી

સર્વે આશ્રમવાસીઓ સુશ્રુષા સ્નેહથી કરી
ધન્યતા માણશે મારું થશે સાર્થક જીવન
સંતોષ સ્વલ્પ સેવાનો રામની મળશે મને
તપસ્યા અન્ય ના ભારે થાય જર્જરશા તને.

આર્ત સીતા આશ્રમે ત્યારે ગઈ
ચિત્ત ના લાગ્યું તરત ત્યાં એહનું
કિન્તુ પ્રકૃતિગોદમાં ઋષિસંગમાં
નિવસતાં કે વિહરતાં કાળાંતરે
સાંત્વના થોડીઘણી એને મળી.

પંક્તિ પર્વતની છવાઈ ચોદિશે,
લલિત લહરી દોડતી રમતી રસે,
ઉષા સંધ્યાના અવનવા રંગ ને
ચાંદનીથી રસેલી રાતો, નદી,

વાટિકા પુષ્પોતણી, વૃક્ષો સઘન,
અનવરત આહલાદથી ગાતાં ઝરણ,
વિમલ વર્ષા ને વિશાળ વનસ્થલી,
સુરભિ સુંદર, હરખતાં હેતે હરણ.

સુખદ સામગ્રી સમસ્ત નિસર્ગની
શાંતિ શાશ્વત કિન્તુ ના આપી શકી,
સ્થૈર્યને જ્ઞાને ટકાવ્યું સ્નેહની



અચળ નિષ્ઠાથી શકી શ્રદ્ધા ટકી,
સંસ્મરણથી તે છતાં સ્વામીતણા
રડી હૃદયે રોમરોમે જાનકી.

દિવસ એ કરુણાતિકરુણ હતા બધા,
વર્ણવાયે જાનકીની ના વ્યથા;
હૃદય એક રસેછલ્યું છુટું પડ્યું,
મીન નીરબહાર કોઈ દુર કે
માનવે સહસા નિમીષમહીં કર્યું.(૧૭૪)

કાળ વર્ષાશો સતત વીતી રહ્યા
વિવિધ વાદળગર્જના ચપલાતણા
ઘોર ચમકારે ભર્યો, વિપદાતણી
વૃષ્ટિવાળો તિમિરદળથી, આવર્યો.

તાપછાયાના રમંતો રાસને;
ઈન્દ્રધનુશા પુત્ર બે જન્મ્યા પછી,
હૃદયમાં સુંદર રહ્યા સૌના વસી,
એમનો સંસ્કાર ઋષિશ્રેષ્ઠે કર્યો

નામ લવકુશ એમને અર્પણ કર્યાં
સ્નેહને સૌન્દર્ય શૌર્ય તણો કરી
સમન્વય પ્રકટેલ હો પૃથ્વીપરે
એમ એ બંને કિશોર પ્રકટ થયા.

એમને ઋષિએ અમર-શિક્ષા ધરી
વેદવેદાંગે પ્રવીણ પરમ કરી
સુસંસ્કારોથી કર્યા સમલંકૃત
એમને દેખી સદા સીતાતણું

હૃદય રસમય રામની સ્મૃતિઓ થકી
થતું સંવેદન અનુભવી ઝંકૃત
રામ પણ સીતાતણા વિરહાનલે
પ્રજ્વલિત કરતાં નિરંતર પ્રાણને

રાજ્યકાજતણી અનોખી સાધના-
માં બની સંલગ્ન સંયમશીલના
સ્નાન કરતાં સરવરે આસક્તિની
ગ્રંથિઓને ભેદતાં જીવી રહ્યા

એક પળ એવી હતી ના સ્નેહની
મૂર્તિ સીતા એમના કે અંતરે
રાસ ના રમતી ભરીને પ્રેરણા.
એ સકળ વિપરીતશા વ્યવહારમાં

યજ્ઞાનુષ્ઠાનના દૈવી સમયે સ્નેહથી છલ્યા
હૃદયે સ્વર્ણપ્રતિમા સ્થાપી સીતાતણી બધી
પરિપૂર્ણ ક્રિયા કીધી ત્યારે એ શુદ્ધ સ્નેહનો
મળ્યો આભાસ અત્યલ્પ પુણ્યવંત પ્રવાહનો.



સભામાં એકદા આવી લવ ને કુશ રામના
ભૂતજીવનની ગાથા ગાવા માંડ્યા સનાતન,
પ્રસન્ન રામને અર્પી માહિતી વનની બધી,
પ્રતીતિ એમને કિન્તુ પરિપૂર્ણ થઈ નહીં

ત્યારે વાલ્મીકિ સીતાની સાથે આવી સભામહીં
વદ્યા શાંતિ થકી ઊંડા સંવેદન-છલ્યા સ્વરે
રામ, આ પુત્ર બંનેયે તમારા જ મહાન છે
આશ્રમે એમને અર્પી શિક્ષાદીક્ષા પવિત્ર મેં

કંઠસ્થ છે કરાવી આ તમારી સઘળી કથા-
યશસ્વી જિંદગીકેરી; સ્વીકારો એમને તમે
અને પવિત્ર સીતાને આટલા વખતે હવે
સાંત્વના અર્પતાં મને.

પરંતુ રામ સહસા શક્યા નિર્ણય ના કરી,
મંત્રમુગ્ધ સમા જોઈ રહ્યા રાજ્યસભામહીં,
ત્યારે કારુણ્યની વ્યાપી લહરી સઘળે ગઈ,
સભાજનોતણાં હૈયા ભરાયાં મૂક અશ્રુથી,

સીતાના અંતરે ઊઠી આંધીઓ અનુરાગની
વ્યથા વિષાદની; ડોલી જાણે સંતપ્તશી મહી.
બોલી સીતા, સદા મારું મન શ્રી રઘુનાથના
સ્વરૂપમાં જ લાગ્યું હો, આત્મા કેવળ રામના

બન્યો હો ધ્યાનમાં મગ્ન પ્રીતિ પાવન કે કરી,
રઘુનંદનથી કોઈ વધુ ના પ્રિય હો જગે,
વહેતો એમનો હોયે અનુરાગ વળી રગે,
ધરિત્રી માત તો પ્રેમે અપનાવી હવે મને
ચિરશાંતિ ધરો ભલે,

નથી જીવનની ઈચ્છા સવિશેષ જરી ખરે.
માતરીશ્વા વહેવાને લાગ્યો, વિદ્યુલ્લતા વળી
વ્યોમે વિહરવા માંડી, ઘોર ગર્જનને કરી
જલદો ઊભરાયાં કૈં, પ્રલયંકર દ્રશ્યની
કરાવી સ્મૃતિ, ચિત્કારી ઊઠી વેદનથી મહી.

ધરિત્રી એટલામાં તો ફાટી માત્ર નિમીષમાં
દેવી સ્વર્ણમયી બેસી બહુમૂલ્ય સિંહાસને
આવી બહાર આલિંગી સીતાને ધરતીમહીં
સૌના વિસ્મયની વચ્ચે સમાવિષ્ટ વળી થઈ.

હાહાકાર થયો સારી સભામાં રામના ઉરે
લવ ને કુશનાં નેત્રો ભરાયાં શોકના જલે;



વાલ્મીકિએ કહ્યું, શુદ્ધિ સીતાની રઘુનંદન,
નિહાળી સર્વ લોકોએ, રહ્યો ના લેશ સંશય.
પુનર્મિલનને પામી સીતા મંગલ માતનું
અમોઘ શ્રેયને સાધી સ્નેહથી નિજજાતનું.

વિલાપ કરવા લાગ્યા રામ, ક્યાં જાનકી ગઈ
સમાઈ ધરતીમાં આ કરી વિસ્મૃતિ સ્નેહની ?
ધરતીમાત, લાવી એને પ્રેમથકી પુનઃ
મારાથી નવ છોડાશે કદી સંગતિ એહની.

પડછંદા પડી સર્વે વાતાવરણમાં રહ્યા,
સભાજનોતણાં હૈયા વેદનાગ્રસ્ત સૌ થયાં;
ઋષિએ સાંત્વના અર્પી રાગથી ભર રામને
છતાં પ્રશાંતિ ના પૂરી સાંપડી તપ્ત પ્રાણને.

સમાચાર સુણી સર્વે આર્ત મંદોદરી વદી,
વેદનામાં જ સીતા તો જીવી ને વેદના લઈ
થઈ, વિદાય, કિન્તુ આ સૃષ્ટિને સારું શાશ્વત
સંદેશને ગઈ છોડી જીવવાને યુગોયુગ. (૧૮૮)

*****

# [સમાપ્ત]

## About the Author



(Aug $15^{th}$ 1921 - Mar $18^{th}$ 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly and blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

## Yogeshwarji's handwriting



Life - a flower;
Let's make it fragrant and offer other its fragrance.
Life - a river;
Let's inundate it (with knowledge) and quench others thirst.
Life - a lamp;
Let's be enlightened and remove others darkness (ignorance).
Life - a pilgrimage, a grand one;
Let's be its pilgrim and guide others (on the path of realization).

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ કૃષ્ણ રુકમિણી ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

For more information
on
life and works
of

# Shri Yogeshwarji



Please visit

# **www. swargarohan.org**

[ A Gujarati supersite for spiritual aspirants ]